પાનાં : ૧૨ રૂા.૬ તા.૪ સપ્ટેમ્બર ૨૦૨૬ શુક્રવાર

૨૧ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૮ ● શ્રાવણ વદ આઠમ સંવત ૨૦૮૨

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)

AHMEDABAD ●●● SINCE-1991

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૯૪.૫૫ |
| પાઉન્ડ | ૧૨૭.૭૯ |
| યુરો | ૧૦૯.૮૬ |
| સઉદી રિયાલ | ૨૫.૩૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૧,૫૮,૬૦૫ |
| ચાંદી (૧ કિલો) | ૨,૫૦,૦૦૦ |

Regd. No.Guj.168/2026-2028 Valid up to Dt. 31-12-2028 permitted to Post at Ahmedabad Unaccountable L1 on Everyday & Published on Everyday ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૬ અંક-૩૬ ● તંત્રી : અઝીઝ ટંકારવી

# મોદી અને ઈરાની રાષ્ટ્રપતિની મુલાકાતથી અમેરિકાના પેટમાં તેલ રેડાયું : ટ્રમ્પના મંત્રીએ ભારતને ધમકાવ્યું

**અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ઈરાન સાથે વેપાર કરનારા દેશોને કડક પ્રતિબંધોની ખુલ્લી ચેતવણી આપી છે, વડાપ્રધાન મોદી અને ઈરાનના પ્રમુખ પેઝેશ્કિયાન વચ્ચે બિશકેકમાં SCO સમિટ દરમિયાન થયેલી બેઠક બાદ આ નિવેદન આવ્યું છે, અમેરિકાએ સ્પષ્ટ કર્યું કે કોઈ દેશે ઈરાનને આતંકવાદ કે પરમાણુ હથિયારો માટે મદદ ન કરવી જોઈએ, અન્યથા તેઓ પણ સમાન પ્રતિબંધોનો સામનો કરશે**

(એજન્સી) તા.૩

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભારે વિવાદ અને તંગદિલી વચ્ચે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ વિશ્વના દેશોને ખુલ્લી ચેતવણી આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે ઈરાન પર લાદવામાં આવેલા અમેરિકન પ્રતિબંધોમાંથી તેને બચાવવાનો પ્રયાસ કરનાર કે તેની સાથે વેપાર કરનાર કોઈ પણ દેશ પર ટ્રમ્પ પ્રશાસન કડક પ્રતિબંધો લગાવતા ખચકાશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન વચ્ચે થયેલી તાજેતરની બેઠક બાદ આ નિવેદન સામે આવ્યું છે. બિશકેકમાં SCO સમિટ દરમિયાન વડાપ્રધાન મોદી અને ઈરાની પ્રમુખ પેઝેશ્કિયાન વચ્ચે થયેલી બેઠક અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે, ભારત અને ઈરાન વચ્ચે હાલ કોઈ નવી ટ્રેડ ડીલ થઈ હોય તેવું તેમને લાગતું નથી. પરંતુ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નીતિ સ્પષ્ટ કરી છે કે કોઈ પણ દેશે ઈરાનને અમેરિકન પ્રતિબંધોથી બચાવવામાં મદદ ન કરવી જોઈએ. અમેરિકન વિદેશ મંત્રીએ ઉમેર્યું હતું કે ઈરાન કમાણી કરી શકે અને તે પૈસાનો ઉપયોગ આતંકવાદને પ્રોત્સાહન આપવા કે પરમાણુ હથિયારો બનાવવા માટે કરે તેવી કોઈ વ્યવસ્થા બનાવવામાં કોઈ દેશે મદદ ન કરવી જોઈએ. જો કોઈ દેશ ઈરાન સાથે આવો વેપારી કરાર કરવાનો નિર્ણય કરશે, તો અમેરિકા તે દેશ પર પણ આકરા પ્રતિબંધો લાદવા મજબૂર બનશે. કિર્ગિસ્તાનની રાજધાની બિશકેકમાં યોજાયેલી 'શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન' (SCO) પરિષદ દરમિયાન પીએમ મોદી અને ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ



પશ્ચિમ એશિયાની પ્રવર્તમાન પરિસ્થિતિ અને ક્ષેત્રમાં વધી રહેલા વિવાદ પર ચર્ચા કરી હતી. ચર્ચા દરમિયાન વડાપ્રધાન મોદીએ ભારતનું વલણ પુનરાવર્તિત કરતા કહ્યું હતું કે તમામ વિવાદોનો ઉકેલ યુદ્ધના બદલે માત્ર વાટાઘાટો અને કૂટનીતિ (ડિપ્લોમસી) દ્વારા જ લાવવો જોઈએ. આ ઉપરાંત તેમણે દરિયાઈ વાહતુક અને મુક્ત વેપારની સુરક્ષાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો અને સામાન્ય નાગરિકો તેમજ જહાજો પર કામ કરતા નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી. બીજી તરફ, ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને તાજેતરના સંઘર્ષ સમયે ભારતે આપેલા સહયોગની પ્રશંસા કરી હતી અને ક્ષેત્રમાં શાંતિ સ્થાપવા માટે ભારત પોતાની કૂટનીતિક ક્ષમતાઓનો ઉપયોગ કરે તેવી વિનંતી કરી હતી. આ સાથે જ તેમણે અમેરિકા પર આરોપ લગાવ્યો હતો કે કૂટનીતિનો માર્ગ અપનાવવાના બદલે અમેરિકાએ યુદ્ધ અને અશાંતિનો રસ્તો પસંદ કર્યો છે.

### અમેરિકા સાથે ટ્રેડ ડીલ મુદ્દે ભારતની સ્પષ્ટ વાત

## હરીફ દેશો કરતાં સસ્તો ટેરિફ આપો તો જ સહી કરીશું

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ભારત-અમેરિકા વચ્ચે થનાર વેપાર સમજૂતી કરાર અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે આ મામલે ભારતનું સ્પષ્ટ વલણ જણાવી કહ્યું કે, જો અમેરિકા આપણા પ્રતિસ્પર્ધી દેશો (જેમ કે, વિયેતનામ, બાંગ્લાદેશ, ચીન વગેરે)ની સરખામણીમાં ભારતને વધુ અનુકૂળ ટૅરિફ દર આપશે, તો જ સમજૂતીને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. ગોયલે 'ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ' અંગેના એક કાર્યક્રમમાં કહ્યું કે, 'જ્યારે અમેરિકા આપણા સ્પર્ધક દેશોની સરખામણીમાં ભારતને વધુ ટૅરિફ આપવા માટે તૈયાર થશે, ત્યારે અમે BTA (વેપાર કરાર)ને અંતિમ સ્વરૂપ આપીશું અને તેની સંપૂર્ણ વિગતો જાહેર કરીશું. ભારત દ્વારા અંતિમરૂપ અપાયેલ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી સ્થાનિક વેપારીઓને નિકાસની મોટી તક મળશે. આ ઉપરાંત કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, 'ભારત આગામી મહિનાઓ અથવા વર્ષોમાં કેનેડા, મેક્સિકો, ચિલી, મર્કોસુર, એસએસીયુ, જીસીસી અને ઈઝરાયેલ સાથે પણ વેપાર સમજૂતી કરાર કરશે.' મર્કોસુર દક્ષિણ અમેરિકાનું મુખ્ય પ્રાદેશિક આર્થિક અને વેપારી સંગઠન છે, જ્યારે એસએસીયુ દક્ષિણ આફ્રિકી સીમા શુલ્ક સંઘ અને જીસીસી ખાડી સહયોગ પરિષદ છે. જીસીસીમાં પશ્ચિમ એશિયાના ૬ દેશો સામેલ છે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે ૨ સપ્ટેમ્બરે કહ્યું હતું કે, પીયૂષ ગોયલ આ મહિનાના અંતમાં અમેરિકાનો પ્રવાસ કરશે. તેઓ ત્યાં G20 વેપાર મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે.

## 'ચાલો આપણે બંને આપણી ડિગ્રીઓ બતાવીએ' : બોસ્ટન યુનિવર્સિટીના શિક્ષણ અંગેના નવા વિવાદ વચ્ચે અભિજીત દિપકેએ PM મોદીને પડકાર ફેંક્યો

(એજન્સી) તા.૩

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દિપકેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમની શૈક્ષણિક ડિગ્રીઓ જાહેર કરવા પડકાર ફેંક્યો છે, જેનાથી બોસ્ટન યુનિવર્સિટીમાં દિપકેના શૈક્ષણિક પ્રમાણપત્રો પર ફરી વિવાદ શરૂ થયો છે. ગુરૂવારે X પર એક પોસ્ટમાં દિપકેએ કહ્યું કે, જો વડાપ્રધાન મોદી પણ તેમની શૈક્ષણિક લાયકાત જાહેર કરવા સંમત થાય તો તેઓ યુએસ યુનિવર્સિટીની તેમની ડિગ્રી બતાવવા તૈયાર છે. 'લોકોની ખરેખર મારી ડિગ્રી જોવાની રાહ જોવાની ધીરજ ખૂટી રહી છે. મને આશ્ચર્ય થાય છે કે, તેઓ ૧૨ વર્ષ સુધી વડાપ્રધાનની ડિગ્રી જોયા વિના કેવી રીતે રહ્યા,' દિપકેએ કહ્યું. ત્યારબાદ તેમણે મોદીને સીધો પડકાર ફેંકતા લખ્યું, 'ચાલો આપણે બંને આપણી ડિગ્રીઓ બતાવીએ અને આનો અંત લાવીએ. દિપકેના બોસ્ટન યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હોવાના દાવા પર સોશિયલ મીડિયા પર નવા પ્રશ્નો વચ્ચે તાજેતરની વાતચીત આવી છે. પ્રખર ગુપ્તા દ્વારા તાજેતરમાં યોજાયેલા પોડકાસ્ટ પછી આ મુદ્દો ફરી ઉભરી આવ્યો હતો, જેમાં કાર્યકર્તા સોનમ વાંગચુક સાથે વાતચીત કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર ફરતી પોડકાસ્ટની એક કથિત ક્લિપમાં ગુપ્તા એક નજીકના મિત્રની ચર્ચા કરતા દેખાય છે, જે તેમના મતે બોસ્ટન યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે અને દિપકેના સીજેપી સાથે સંકળાયેલા વિરોધ પ્રદર્શનોમાં ભાગ લે છે. ગુપ્તાએ દાવો કર્યો હતો કે, તેના મિત્રએ પાછળથી દિપકેના શૈક્ષણિક પ્રમાણપત્રોની તપાસ કરી અને કથિત રીતે યુનિવર્સિટીમાંથી સ્નાતક થયાનો કોઈ રેકોર્ડ મળ્યો નથી. આ પોડકાસ્ટમાં કરવામાં આવેલા દાવા છે અને સ્વતંત્ર રીતે સ્થાપિત થયા નથી. દિપકેએ અગાઉ ભારપૂર્વક જણાવ્યું છે કે, તેણે બોસ્ટન યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હતો અને તેનું શિક્ષણ શિષ્યવૃત્તિ દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવ્યું હતું. દિપકેના શિક્ષણ અને તેને કેવી રીતે ભંડોળ પૂરૂં પાડવામાં આવ્યું તે અંગેના પ્રશ્નો અગાઉ પણ સામે આવ્યા હતા. સુરત સ્થિત RTI કાર્યકર્તા અમિત તિવારીએ દિપકેના પિતા ભગવાનરાવ દિપકે, જે મહારાષ્ટ્ર સરકારના નિવૃત્ત કર્મચારી છે, તેમની નાણાકીય સ્થિતિની તપાસ કરવાની માંગ કરી હતી. તિવારીએ પ્રશ્ન કર્યો હતો કે, દિપકેના પિતા મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (MIDC)માં જુનિયર એન્જિનિયર તરીકે નોકરી કરતા હતા ત્યારે તેમનો પરિવાર અમેરિકામાં શિક્ષણ કેવી રીતે પરવડી શકે છે. મેં મહારાષ્ટ્ર સરકારને ફરિયાદ કરી છે કે, ભગવાનરાવ દિપકે MIDCમાં જુનિયર એન્જિનિયર હતા. તેથી જો તેમને



રૂા.૬૦,૦૦૦-૬૫,૦૦૦નો પગાર મળતો હતો, તો તેઓ અમેરિકામાં તેમના બાળકોનું શિક્ષણ કેવી રીતે પરવડી શકે ? તિવારીએ ANIને જણાવ્યું. દિપકેએ પત્રકાર બરખા દત્ત સાથેની એક મુલાકાત દરમિયાન આરોપોને નકારી કાઢતા કહ્યું કે, તેમનું શિક્ષણ બોસ્ટન યુનિવર્સિટીની શિષ્યવૃત્તિ અને શિક્ષણ લોન દ્વારા પૂરૂં કરવામાં આવ્યું હતું. CJPના સ્થાપકે અગાઉ પ્રધાનમંત્રીને નિશાન બનાવવા માટે શૈક્ષણિક ડિગ્રીના મુદ્દાનો ઉપયોગ કર્યો છે. X પરની બીજી પોસ્ટમાં દિપકેએ પ્રશ્ન કર્યો કે દિલ્હી હાઈકોર્ટે મોદીની ડિગ્રી જાહેર કરવાનો ઈન્કાર કેમ કર્યો, જેમાં ભાજપ દ્વારા શૈક્ષણિક પ્રમાણપત્રોની કથિત ચકાસણીનો કટાક્ષ કર્યો. દિલ્હી હાઈકોર્ટે પીએમની ડિગ્રી જાહેર કરવાનો ઈન્કાર કેમ કર્યો ? દિપકેએ લખ્યું. 'છેલ્લા કેટલાક દિવસોમાં IT સેલમાંથી મને જે જાણવા મળ્યું છે તેના પરથી જે કોઈ પોતાની ડિગ્રી બતાવતું નથી તે દેખીતી રીતે છેતરપિંડી કરનાર અને જૂઠો છે. વિપક્ષી નેતાઓ દ્વારા વર્ષોથી મોદીની શૈક્ષણિક લાયકાત અંગે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. ભાજપે કહ્યું છે કે, આ મુદ્દો પહેલાથી જ ઉકેલાઈ ગયો છે અને અગાઉ મોદીની ડિગ્રી જાહેરમાં પ્રદર્શિત કરી છે. આ દરમિયાન CJPએ દિપકેના શિક્ષણ અંગેના પ્રશ્નો સામે તેમનો બચાવ કર્યો છે. પાર્ટીના પ્રવક્તા વૈષ્ણવી ગૌરે પણ RTI તપાસની ટીકા કરતા કહ્યું કે, જે લોકોએ ખાનગી વ્યક્તિના શિક્ષણ ખર્ચ પર પ્રશ્ન ઉઠાવ્યો છે તેમણે PM CARES ફંડની પણ તપાસ કરવી જોઈએ.

## 'મોહન ભાગવતના કાર્યક્રમ અંગે અંધારામાં રખાયા' : ન્યૂયોર્કના ધાર્મિક આગેવાનોએ RSSના કાર્યક્રમમાં હાજરી આપવા બદલ 'ખેદ' વ્યક્ત કર્યો

**મેડિસન સ્ક્વેર ગાર્ડન ખાતે યોજાયેલા 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન'માં છેતરાઈને ભાગ લીધો હોવાનો દાવો; રિવરસાઇડ ચર્ચના પાદરી, કેથેડ્રલના ડીન અને ઈમામે જાહેરમાં માફી માંગી**

(એજન્સી) તા.૩

ન્યૂયોર્કના ત્રણ અગ્રણી ધાર્મિક આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે, શનિવારે મેડિસન સ્ક્વેર ગાર્ડન ખાતે યોજાયેલા 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન' કાર્યક્રમમાં તેમને ''છેતરીને'' અને અંધારામાં રાખીને સામેલ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ધાર્મિક નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે, જો તેમને સંઘ કે મોહન ભાગવતની હાજરી અંગે અગાઉથી જાણ હોત તો તેઓ ક્યારેય આ આયોજનમાં સહભાગી થયા ન હોત. ન્યૂયોર્કના ઐતિહાસિક રિવરસાઇડ ચર્ચના સિનિયર મિનિસ્ટર રેવરન્ડ એડ્રિઅન થોર્ને સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કરીને ભાગવતની બાજુમાં તેમની ઉપસ્થિતિને એક ''ભૂલ'' ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, ''મારી હાજરીથી એવી ખોટી છાપ ઊભી થઈ છે કે રિવરસાઇડ ચર્ચ અથવા હું પોતે મોહન ભાગવત, આરએસએસ કે તેમની વિચારધારાનું સમર્થન કરીએ છીએ, જે બિલકુલ સત્ય નથી.'' થોર્ને દાવો કર્યો હતો કે, તેમને વર્લ્ડ કાઉન્સિલ ઓફ રિલીજિયસ લીડર્સ દ્વારા એક આંતર-ધાર્મિક શાંતિ સંમેલન તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું અને મોહન ભાગવત મુખ્ય અતિથિ છે તે માહિતી તેમનાથી છુપાવવામાં આવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, તેઓ કોઈપણ પ્રકારની ધાર્મિક કટ્ટરતા કે સાર્વભૌમત્વની વિચારધારાને નકારે છે. આ સિવાય કેથેડ્રલ ઓફ સેન્ટ જહોન ધ ડિવાઈનના ડીન વિની વર્ગીસ અને ન્યૂયોર્કના જાણીતા મુસ્લિમ ધાર્મિક નેતા ઈમામ શમસી અલીએ પણ આ કાર્યક્રમમાં પોતાની હાજરી બદલ ઊંડો અફસોસ અને ખેદ વ્યક્ત કર્યો છે. ઈમામ શમસી અલીએ આ હાજરીને ''નિર્ણય લેવામાં થયેલી ગંભીર ભૂલ'' ગણાવતા કહ્યું હતું કે, તેઓ આ કાર્યક્રમ અથવા તેનાથી સંબંધિત કોઈપણ સંયુક્ત નિવેદનમાંથી પોતાનું નામ પાછું ખેંચે છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, ઈવેન્ટમાં મોહન ભાગવત દ્વારા શાંતિ અંગે કરવામાં આવેલી વાતો માત્ર દંભ છે, જે તેમની વિચારધારાના વાસ્તવિક પાયા સાથે મેળ ખાતી નથી.

## ૯૦ અમેરિકી રાજકારણીઓએ મોહન ભાગવતના ન્યૂયોર્ક કાર્યક્રમ બાદ RSS સંબંધિત ફંડ ફગાવવાનો સંકલ્પ લીધો

**રો ખન્ના અને પ્રમિલા જયપાલ જેવા અગ્રણી ભારતીય મૂળના સાંસદો સહિત ૯૦ નેતાઓએ RSS સાથે જોડાયેલા ફંડને ના પાડવાનો નિર્ણય કરતા વિવાદ; હિન્દુ-અમેરિકન સંગઠનોએ આ ઝુંબેશને ભેદભાવપૂર્ણ અને હિન્દુ વિરોધી ગણાવી**

(એજન્સી) તા.૩

અમેરિકાના રાજકારણમાં એક નવો વિવાદ સર્જાયો છે. ભારતીય મૂળના અગ્રણી કોંગ્રેસપર્સન રો ખન્ના અને પ્રમિલા જયપાલ સહિત ઓછામાં ઓછા ૯૦ અમેરિકી રાજકારણીઓએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે જોડાયેલી તમામ નાણાકીય સહાય કે ફંડ અસ્વીકાર કરવાનો સંકલ્પ લીધો છે. RSSના વડા મોહન ભાગવતના ન્યૂયોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં યોજાયેલા કાર્યક્રમ બાદ આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જોકે, આ પગલાનો અમેરિકાના હિન્દુ સંગઠનો દ્વારા સખત વિરોધ કરવામાં આવી રહ્યો છે અને તેને હિન્દુ-અમેરિકન દાતાઓ સાથે ભેદભાવ અને વફાદારીની પરીક્ષા સમાન ગણાવવામાં આવ્યો છે. ગત ૨૯ ઓગસ્ટે ન્યૂયોર્ક શહેરના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં RSSના શતાબ્દી વર્ષના આંતરરાષ્ટ્રીય સંપર્ક કાર્યક્રમના ભાગરૂપે 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોહન ભાગવત મુખ્ય વક્તા હતા. આ મુલાકાતના વિરોધમાં 'હિન્દુઝ ફોર હ્યુમન રાઈટ્સ એક્શન' અને 'સેક્રેડ એક્ટ્સ' (SACRED Acts) નામના નાગરિક અધિકાર સંગઠનોએ ૩૧ ઓગસ્ટે એક આંતર-પક્ષીય સંકલ્પ જાહેર કર્યો હતો.



આ આઠ અમેરિકી રાજ્યોના સાંસદો, રાજ્યના ધારાસભ્યો, મેયર અને સ્થાનિક નેતાઓને RSS સાથે જોડાયેલા વ્યક્તિઓ કે સંસ્થાઓ પાસેથી ફંડ ન લેવા અને ભૂતકાળમાં લીધેલું ફંડ પરત કરવા અથવા લોકશાહીના સમર્થનમાં વાપરવા અપીલ કરે છે. આ સંકલ્પ પર હસ્તાક્ષર કરનારાઓમાં પ્રમિલા જયપાલ અને રો ખન્ના જેવા પ્રભાવશાળી નેતાઓ સામેલ છે. જયપાલે RSSને "જમણેરી સંગઠન" ગણાવીને લોકશાહીને અસ્થિર કરવાનો આરોપ મૂક્યો હતો. બીજી તરફ, રો ખન્નાએ RSSને ગાંધીજીની હત્યા પાછળનું સંગઠન ગણાવી અમેરિકી ચૂંટણીઓને પ્રભાવિત ન કરવા દેવાનું નિવેદન આપ્યું હતું. તેમણે તાજેતરમાં મળેલું $૬,૬૦૦નું ફંડ દાનમાં આપી દેવાની પણ જાહેરાત કરી હતી. જોકે, એક રિપોર્ટ અનુસાર ૨૦૨૩માં તેમણે હિન્દુ રાષ્ટ્રવાદી જૂથો પાસેથી મોટું દાન મેળવ્યું હોવાનો ઉલ્લેખ પણ સામે આવ્યો છે. આ સંકલ્પ ઝુંબેશ સામે હિન્દુ-અમેરિકન સમુદાયે ભારે વિરોધ નોંધાવ્યો છે. 'હિન્દુ અમેરિકન પોલિટિકલ ઍક્શન ગ્રૂપ' (HAPAC)એ આ પગલાને "અંતિવાદી ફાર-લેફ્ટ જૂથોનું હિન્દુ વિરોધી કાવતરૂં" ગણાવ્યું છે. HAPAC અનુસાર, આ ઝુંબેશ દ્વારા માત્ર હિન્દુ-અમેરિકન દાતાઓને લક્ષ્ય બનાવવામાં આવી રહ્યા છે, જે સ્પષ્ટપણે અસમાનતા અને ભેદભાવ દર્શાવે છે. તેવી જ રીતે, 'હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન'ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સુહાગ એ. શુક્લાએ સોશિયલ મીડિયા પર આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, માત્ર હિન્દુ-અમેરિકન નાગરિકોના જ રાજકીય ફંડની તપાસ કરવી અને તેમની વફાદારી પર શંકા કરવી એ અમેરિકી મૂલ્યોની વિરૂદ્ધ (અન-અમેરિકન) છે. આ સંકલ્પે અમેરિકાના રાજકીય વર્તુળોમાં ધાર્મિક ઓળખ અને રાજકીય ફંડિંગ અંગે નવી ચર્ચા છેડી દીધી છે.







## રાહુલ પોલીસ કાર્યવાહીનો ભોગ બનેલા બિહારના યુવાનોને મળ્યા, તેમની પડખે ઊભા રહેવાનું વચન આપ્યું

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરૂવાર, ૩ સપ્ટેમ્બરના રોજ બિહારના વિદ્યાર્થીઓ અને યુવાનોને સમર્થન આપ્યું હતું, જેમણે પરીક્ષા પ્રણાલીમાં અનિયમિતતાઓ સામે વિરોધ કરવા બદલ પોલીસ બર્બરતાનો સામનો કરવો પડ્યો હોવાનું જણાવ્યું હતું, જ્યારે મહારાષ્ટ્રમાં આદિવાસી વિદ્યાર્થીઓ સાથેની તેમની તાજેતરની વાતચીત વિદ્યાર્થીઓની ફરિયાદો પર તેમના વિસ્તૃત ધ્યાનને રેખાંકિત કરે છે. X પરની એક પોસ્ટમાં, ગાંધીએ કહ્યું હતું કે તેઓ બિહારના વિદ્યાર્થીઓ અને યુવાનોને મળ્યા હતા જેમણે પરીક્ષાઓમાં અનિયમિતતાઓ સામે અવાજ ઉઠાવવા બદલ ‘ભયંકર પોલીસ બર્બરતા’નો સામનો કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો અને AK-47 અને પિસ્તોલ ફાયરિંગથી કેટલાક ઘાયલ થયા હતા. ‘ન્યાયી તકો અને પારદર્શક પરીક્ષાઓની માંગણી માટે લાઠીઓ અને ગોળીઓની જરૂર કેમ છે ?’ ગાંધીએ પોલીસ કાર્યવાહી માટે બિહાર સરકારને જવાબદાર ઠેરવીને પૂછ્યું. તેમણે કહ્યું કે સરકાર નીચલા સ્તરના અધિકારીઓને દોષી ઠેરવીને જવાબદારી ટાળી શકતી નથી, દલીલ કરે છે કે બળનો ઉપયોગ કાં તો ઉપરના આદેશો અથવા વહીવટની ગંભીર નિષ્ફળતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે વિરોધ કરી રહેલા યુવાનોને ટેકો આપવાનું વચન પણ આપ્યું અને ચેતવણી આપી કે યુવાનોને દબાવવાનો પ્રયાસ કરતી સરકારોએ લોકોને જવાબ આપવો પડશે.

## દિલ્હી જલ બોર્ડ ભ્રષ્ટાચાર કેસમાં AAP નેતા સત્યેન્દ્ર જૈનને જામીન મળ્યા

નવી દિલ્હી : દિલ્હી જલ બોર્ડ (DJB) સાથે સંકળાયેલા ભ્રષ્ટાચાર કેસમાં દિલ્હી કોર્ટે આમ આદમી પાર્ટી (AAP) નેતા અને પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનને જામીન આપ્યા છે. રાઉઝ એવન્યુ કોર્ટના સ્પેશિયલ જજ (PC એક્ટ) ડીઆઈજી વિનય સિંહે જૈનની જામીન અરજી પર આદેશ આપ્યો હતો. ‘તમારી જામીન અરજી મંજૂર છે,’ ન્યાયાધીશે જણાવ્યું હતું, IANSના અહેવાલ મુજબ. કોર્ટે જૈનને ૨ લાખ રૂપિયાના વ્યક્તિગત બોન્ડ પર જામીન આપ્યા હતા. વરિષ્ઠ AAP નેતાને ૧૮ ઓગસ્ટના રોજ શહેરમાં સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP)ના વિસ્તરણ અને અપગ્રેડેશન સંબંધિત કથિત ભ્રષ્ટાચાર અને ટેન્ડર-હેરાફેરી કેસના સંદર્ભમાં ભ્રષ્ટાચાર વિરોધી શાખા (ACB) દ્વારા પૂર્વ DJB CEO ઉદિત પ્રકાશ રાય, એક IAS અધિકારી અને ચાર અન્ય લોકો સાથે કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ૧૯ ઓગસ્ટના રોજ કોર્ટે તેમની ધરપકડ ગેરકાયદેસર જાહેર કરવાનો ઈન્કાર કર્યો હતો અને તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા હતા. જો કે, તેમણે તેમની જામીન અરજીની સુનાવણી ૨૫ ઓગસ્ટના રોજ નક્કી કરી હતી.

## ભાજપે મુખ્યમંત્રી માન અને તેમની પત્ની પર પંજાબમાં ‘બળાત્કારના કેસોની પતાવટ’ માટે ૫ કરોડ રૂપિયા સુધીની ખંડણી માંગવાનો આરોપ લગાવ્યો

ભાજપે ગુરૂવારે AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને તેમની પત્ની ગુરપ્રીત કૌર પર ૫ કરોડ રૂપિયા સુધીની લાંચના બદલામાં બળાત્કારના કેસોનો ઉકેલ લાવવા માટે વચેટિયાઓ દ્વારા ભ્રષ્ટાચારનું નેટવર્ક ચલાવવાનો આરોપ લગાવ્યો. ભાજપે આ કથિત વ્યવસ્થાને આમ આદમી પાર્ટીનું ‘લૂંટ મોડેલ’ ગણાવ્યું. AAPએ તાત્કાલિક આરોપોનો જવાબ આપ્યો ન હતો. આ આરોપો રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC) દ્વારા ફરિયાદની તપાસનો આદેશ આપવાના પગલે આવ્યા છે જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે કૌરે બળાત્કારનો કેસ રદ કરવા માટે ૫ કરોડ રૂપિયાની માંગણી કરી હતી. ૨૧ ઓગસ્ટના રોજ, NHRCએ પંજાબના મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકને આરોપોની તપાસ કરવા અને બે અઠવાડિયામાં કાર્યવાહી રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો. એક પત્રકાર પરિષદને સંબોધતા, ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ કથિત વચેટિયાઓ સાથે સંકળાયેલા કથિત ઓડિયો રેકોર્ડિંગ વગાડ્યા અને દાવો કર્યો કે તેઓ માન, કૌર અને કેજરીવાલની સંડોવણી તરફ ઈશારો કરે છે.

# ‘માત્ર કાશ્મીરી પંડિતોને જ કેમ ધમકીઓ મળી રહી છે ? અન્ય હિન્દુ અધિકારીઓને કેમ નહીં ?’ ફારૂક અબ્દુલ્લાહે ષડયંત્રની આશંકા વ્યક્ત કરી

### નેશનલ કોન્ફરન્સના વડાએ આરોપ લગાવ્યો છે કે, કાશ્મીરી પંડિતોમાં ભય ફેલાવીને જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો પરત આપવાની પ્રક્રિયા અટકાવવાનો પ્રયાસ છે

(એજન્સી) તા.૩

નેશનલ કોન્ફરન્સના વડા અને જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાહે કાશ્મીરી પંડિત સરકારી કર્મચારીઓને મળેલી ધમકીઓ અંગે સવાલો ઉઠાવતા તેને એક ષડ્યંત્ર ગણાવ્યું છે. તેમણે સવાલ કર્યો છે કે, જો આતંકવાદીઓ ખરેખર કાશ્મીરમાં હિન્દુ અધિકારીઓને નિશાન બનાવી રહ્યા છે, તો જમ્મુ-કાશ્મીરમાં ફરજ બજાવતા વરિષ્ઠ હિન્દુ અધિકારીઓને આવી ધમકીઓ કેમ આપવામાં આવી રહી નથી ?

અબ્દુલ્લાહે આરોપ મૂક્યો છે કે, કેન્દ્રશાસિત પ્રદેશના ઉપરાજ્યપાલના નેતૃત્વ હેઠળનું વહીવટીતંત્ર ભયનું વાતાવરણ ઊભું કરીને જમ્મુ-કાશ્મીરને ફરીથી રાજ્યનો દરજ્જો આપવાની પ્રક્રિયા અટકાવવા માંગે છે. જો કે, તેમના આ દાવા અંગે કોઈ સ્વતંત્ર પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી. આ નિવેદન બાદ રાજકીય વિવાદ ઊભો થયો છે. ભારતીય જનતા પાર્ટીએ ફારૂક અબ્દુલ્લાહ પર કાશ્મીરી હિન્દુઓને મળતી આતંકવાદી ધમકીઓને અવગણવાનો આરોપ મૂક્યો છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ અબ્દુલ્લાના નિવેદનને ‘આતંકવાદીઓને સમર્થન’ ગણાવ્યું છે.

અનંતનાગમાં ફારૂક અબ્દુલ્લાહે કહ્યું કે, કાશ્મીરમાં અનેક વરિષ્ઠ હિન્દુ અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે. તેમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને વહીવટી અધિકારીઓનો સમાવેશ થાય છે. જો આતંકવાદીઓ હિન્દુઓને ધમકી આપી રહ્યા છે તો આ અધિકારીઓને કેમ નિશાન બનાવવામાં આવતા નથી ? અબ્દુલ્લાહે દાવો કર્યો કે કાશ્મીરી પંડિત કર્મચારીઓને મળેલી ધમકીઓ પાછળનું સત્ય તપાસવાની જરૂર છે. તેમણે જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહા પર પણ સવાલ ઉઠાવ્યો અને કહ્યું કે, પોલીસ તથા કાયદો-વ્યવસ્થા તેમ ઉપરાજ્યપાલના વહીવટ હેઠળ છે, તેથી ધમકીઓ ક્યાંથી આવી રહી છે તેનો જવાબ આપવાની જવાબદારી પણ તેમની છે.

અબ્દુલ્લાહે આ સમગ્ર મામલાને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાના મુદ્દા સાથે જોડતા કહ્યું કે, ભયનું વાતાવરણ ઊભું કરવામાં આવે તો જમ્મુ-કાશ્મીરની સ્થિતિ અંગે ફરીથી અસુરક્ષાની છાપ ઊભી થાય છે અને રાજ્યને દરજ્જો પરત આપવાની પ્રક્રિયા વિલંબિત થઈ શકે છે. તેમણે સવાલ કર્યો કે જો સરકાર કહે છે કે, કાશ્મીરમાં શાંતિ છે અને આતંકવાદમાં ઘટાડો થયો છે તો પછી આવી ધમકીઓ ક્યાંથી આવી રહી છે ?

ફારૂક અબ્દુલ્લાહના આ નિવેદન પહેલાં ઓગસ્ટ મહિનામાં કાશ્મીરી પંડિત કર્મચારીઓને નિશાન બનાવતા બે ધમકીભર્યા પત્રો સામે આવ્યા હતા. આ પત્રો યુનાઈટેડ લિબરેશન કાઉન્સિલ નામના ઓછા જાણીતા સંગઠનના નામે બહાર પાડવામાં આવ્યા હતા. સુરક્ષા એજન્સીઓને શંકા છે કે, આ સંગઠન પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલ હોઈ શકે છે. જો કે, પત્રોના સ્ત્રોત અંગે સુરક્ષા એજન્સીઓ તપાસ કરી રહી છે. ૭ ઓગસ્ટના પ્રથમ પત્રમાં કાશ્મીરી પંડિત સમુદાયના છ સરકારી કર્મચારીઓના નામ જાહેર કરવામાં આવ્યા હતા. તેઓ મહેસૂલ વિભાગમાં કામ કરતા હોવાનું જણાવાયું હતું. પત્રમાં તેમના સંપર્ક નંબરોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

પત્રમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ધમકી આપનારાઓને તેમના પરિવાર, ઘર અને કામના સ્થળ અંગે માહિતી છે અને તેઓ જમ્મુ સ્થળાંતર કરે તો પણ તેમને નિશાન બનાવી શકાય છે. ત્યારબાદ ૨૩ ઓગસ્ટે બીજો પત્ર સામે આવ્યો. તેમાં પણ છ કાશ્મીરી પંડિતોના નામ સાથે તેમના વિશે વધુ વ્યક્તિગત વિગતો જાહેર કરવામાં આવી હતી. સુરક્ષા કારણોસર આવી વ્યક્તિગત વિગતો જાહેર કરવી જોખમી બની શકે છે. આ બંને પત્રો પર અહમદ બિલાલ નામની વ્યક્તિએ હસ્તાક્ષર કર્યા હતા, જે સંગઠનનો ‘માધ્યમ સંયોજક’ હતો.

ભાજપે ફારૂક અબ્દુલ્લાહના નિવેદનની આકરી ટીકા સાથે તેને નકારી કાઢ્યું છે. પ્રદીપ ભંડારીએ આરોપ મૂક્યો કે અબ્દુલ્લાહ આતંકવાદી ધમકીઓ અંગે શંકા ઊભી કરીને કાશ્મીરી હિન્દુઓના દુ:ખની અવગણના કરી રહ્યા છે.



ભાજપનો દાવો છે કે, ૧૯૯૦ના દાયકામાં આતંકવાદી હિંસા અને લક્ષિત હત્યાઓના કારણે મોટી સંખ્યામાં કાશ્મીરી પંડિતોને ખીણ છોડવી પડી હતી. હજારો પરિવારો પોતાના ઘરો અને મિલકતો પાછળ છોડીને દેશના અન્ય ભાગોમાં વિસ્થાપિત થયા હતા. ભાજપના જણાવ્યા મુજબ કાશ્મીરી પંડિતોની વતન પરત ફરવાની અને પુનર્વસનની પ્રક્રિયા આતંકવાદી સંગઠનોને સ્વીકાર્ય નથી. તેથી તેમને ધમકાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. ભાજપે એવો પણ આરોપ મૂક્યો કે ફારૂક અબ્દુલ્લાહનું નિવેદન કાશ્મીરી હિન્દુઓએ ભોગવેલા ઐતિહાસિક દુ:ખને અવગણે છે.

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદના ઉદય સાથે ૧૯૯૦ આસપાસ કાશ્મીરી પંડિતો સામે લક્ષિત હુમલા, ધમકીઓ અને હત્યાઓની ઘટનાઓ બની હતી. તેના પરિણામે મોટી સંખ્યામાં કાશ્મીરી પંડિત પરિવારો ખીણમાંથી બહાર નીકળી ગયા હતા. કાશ્મીરી પંડિત સંઘર્ષ સમિતિના અંદાજ મુજબ ૧૯૯૦થી ૨૦૧૧ વચ્ચે આતંકવાદીઓ દ્વારા ૩૯૯ કાશ્મીરી હિન્દુઓની હત્યા કરવામાં આવી હતી. આમાંથી મોટી સંખ્યામાં હત્યાઓ આતંકવાદી બળવાખોરીના શરૂઆતના વર્ષોમાં થઈ હતી. આ ઐતિહાસિક પૃષ્ઠભૂમિને કારણે હાલ કાશ્મીરી પંડિત કર્મચારીઓને મળતી કોઈપણ ધમકી સમુદાયમાં સ્વાભાવિક રીતે ચિંતા છે.

ફારૂક અબ્દુલ્લાહના તાજેતરના નિવેદનો તેમના પુત્ર અને જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહના અગાઉના વલણ કરતાં અલગ દેખાય છે. ઓગસ્ટમાં પ્રથમ ધમકીપત્ર સામે આવ્યા બાદ ઓમર અબ્દુલ્લાહે પોલીસ અને ગુપ્તચર એજન્સીઓને આ ધમકીઓને ગંભીરતાથી લેવા અને જવાબદાર લોકોને શોધવા સૂચના આપી હતી. તેમણે કહ્યું હતું કે, લઘુમતીઓ સામે લક્ષિત હત્યાઓ ભૂતકાળમાં થઈ ચૂકી છે અને તેથી કાશ્મીરી પંડિત કર્મચારીઓને મળતી ધમકીઓને હળવાશથી ન લેવી જોઈએ. તેમણે કર્મચારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

## આશિષ જોશી કેસ : જ્ઞાનેશ કુમાર વિશેના ટ્વિટ અંગે FIR દાખલ, પરંતુ પૂછપરછનું ‘ફોકસ’ અમિત શાહ વિશેની પોસ્ટ પર

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

બુધવારે દિલ્હી પોલીસે તેમની પૂછપરછ દરમિયાન ભૂતપૂર્વ અમલદાર આશિષ જોશી દ્વારા કરાયેલા ત્રણ અઠવાડિયા જૂના ટ્વીટને નોંધપાત્ર મહત્ત્વ મળ્યું. આ ટ્વિટમાં જંતર-મંતર પર પ્રદર્શનકારીઓ સામે પોલીસ કાર્યવાહીને લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ગૃહ સચિવ વચ્ચે થયેલા કથિત "ઘર્ષણ"નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જોશીને શહેરના એક પાર્કમાંથી કથિત રીતે ઉપાડીને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. પોલીસે ૨૬ ઓગસ્ટના રોજ કરેલા ટ્વિટના આધારે દાખલ કરાયેલી FIRનો ઉલ્લેખ કર્યો નથી કે તેમને અટકાયતમાં લેવામાં આવ્યા છે અને થોડા સમય માટે ઘરે પાછા ફરી શકશે નહીં. પાછળથી, જ્યારે તેમની પત્નીએ ફોન કર્યો, ત્યારે તેમને ફોનનો જવાબ આપવાની મંજૂરી આપવામાં આવી, પરંતુ તેઓએ તેમને કહ્યું નહીં કે પોલીસે તેમને અટકાયતમાં લીધા છે. ત્યારબાદ પોલીસે તેમનો ફોન જપ્ત કર્યો અને તેમને અનલોક કરવાનું કહ્યું. ત્યારબાદ તેઓએ તેને ફ્લાઈટ મોડમાં મૂકી દીધો, જેનાથી વધુ કોલ અટકાવી શકાય. જોશીના જણાવ્યા મુજબ, તેમણે પૂછપરછ કરતા અધિકારીઓ પાસેથી FIRની નકલ માંગી, પરંતુ તે તેમને આપવામાં આવી ન હતી. જ્યારે તેમણે પૂછ્યું કે ફરિયાદી

**પૂર્વ અમલદાર આશિષ જોશીએ જણાવ્યું હતું કે દિલ્હી પોલીસ દ્વારા મોર્નિંગ વોક દરમિયાન અચાનક તેમને પકડી લેવામાં આવ્યા બાદ તેમની પૂછપરછ દરમિયાન, તેમણે તેમની સામે દાખલ કરાયેલી FIRની નકલ માંગી હતી, પરંતુ તે આપવામાં આવી ન હતી. જોકે, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિશેની તેમની પોસ્ટ માટે દાખલ કરાયેલા કેસ અંગે પૂછપરછ દરમિયાન, તેમને ગૃહમંત્રી અને ગૃહ સચિવ વચ્ચેના "ઘર્ષણ" વિશેની પોસ્ટના સ્ત્રોત વિશે પણ પૂછપરછ કરવામાં આવી હતી**

હતો. તે ટ્વિટમાં તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર સામે ન્યુરેમબર્ગ શૈલીની ટ્રાયલની માંગ કરી હતી. જોશીએ ધ વાયરને જણાવ્યું હતું કે પોલીસ પૂછપરછનો મુખ્ય ઉદ્દેશ ૧૩ ઓગસ્ટના રોજ અમિત શાહ વિશેના તેમના ટ્વીટ પહેલાના બે દિવસમાં તેમની પ્રવૃત્તિઓ અને સંપર્કો નક્કી કરવાનો હતો. નોંધનીય છે કે ગૃહમંત્રી અને ગૃહ સચિવ ગોવિંદ મોહન વચ્ચેના કથિત મતભેદને લગતા ટ્વીટને મોદી સરકારના આદેશથી ઠ દ્વારા ભારતમાં બ્લોક કરવામાં આવ્યો છે. જોશીના જણાવ્યા મુજબ, બુધવારે સવારે બે સાદા પોશાક પહેરેલા પોલીસકર્મીઓએ તેમને નહેરૂ પાર્ક ખાતે રોક્યા હતા અને તેમને જાણ કરી હતી કે મુખ્ય ચૂંટણી કમિશનર વિશેના તેમના ટ્વિટના સંદર્ભમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૧૯૨ હેઠળ FIR નોંધવામાં આવી છે. આ કલમ "હુલ્લડો ફેલાવવાના ઈરાદાથી ઈરાદાપૂર્વક ઉશ્કેરણી"ને ગુનાહિત ગણે છે. પોલીસકર્મીઓએ તેમને FIR ધરાવતી ફાઈલ ટૂંકમાં બતાવી, પરંતુ પછી તેને પાછી ખેંચી લીધી. જોશીને કહેવામાં આવ્યું હતું કે તેમણે ગૃહમંત્રી વિરૂદ્ધ ટ્વિટ કર્યું છે અને પૂછપરછ માટે પોલીસકર્મીઓ સાથે પોલીસ સ્ટેશન જવું પડશે. તેમને એક કલાકથી વધુ સમય સુધી પોલીસ સ્ટેશનમાં રાહ જોવાની ફરજ પાડવામાં આવી હતી. તેમને કહેવામાં આવ્યું હતું કે તેઓ તેમની પત્નીને ફોન કરીને પણ જાણ કરી શકતા કોણ છે, ત્યારે તેઓએ કહ્યું કે પોલીસે ૨૮ ઓગસ્ટના રોજ મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) અંગેના તેમના ટ્વિટના આધારે સુઓમોટુ કેસ દાખલ કર્યો છે. જોશીએ કહ્યું, "તેઓએ મને પૂછ્યું હતું કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે ‘ન્યુરેમબર્ગ-શૈલીના ટ્રાયલ’નો અર્થ શું છે." પરંતુ તેમણે મને આપેલી પ્રશ્નાવલી અને પછી પૂછેલા પ્રશ્નોથી સ્પષ્ટ થયું કે તેમની વાસ્તવિક તપાસ અમિત શાહ અને ગૃહ સચિવ વચ્ચેના મોટા મુકાબલા વિશે મને કેવી રીતે ખબર પડી અને મેં તેના વિશે શા માટે ટ્વિટ કર્યું તેના પર કેન્દ્રિત હતી. તેમણે આગળ કહ્યું, "તેઓ મને પૂછતા રહ્યા કે તે ટ્વીટ માટે મારી માહિતીનો સ્ત્રોત કોણ છે. મેં નૈતિક ધોરણે તે જાહેર કરવાનો ઈન્કાર કર્યો હતો." તેમને એમ પણ પૂછવામાં આવ્યું કે તેમણે ફોન પર વિવિધ લોકો સાથે, ખાસ કરીને નિવૃત્ત IAS અને પોલીસ અધિકારીઓ સાથે, શા માટે વાત કરી હતી અને તે ફોન કોલ્સ દરમિયાન શું વાતચીત થઈ હતી. જોશીએ કહ્યું કે તેમની નમ્રતા અને આદરપૂર્વક પૂછપરછ કરવામાં આવી હતી. પૂછપરછ પૂરી થયા પછી, પોલીસે આગ્રહ કર્યો કે તેઓ તેમને ઘરે છોડી દેશે. જ્યારે જોશીએ તેમને યાદ અપાવ્યું કે તેઓ તેમની સાથે તેમની પોતાની કારમાં પોલીસ સ્ટેશન આવ્યા હતા, ત્યારે પોલીસે કહ્યું કે તેઓ તેમને ઘરે પણ છોડી દેશે.

## ‘દિલ્હીના મંત્રીએ તેને જેલમાં જવાથી બચવામાં મદદ કરી હતી’ : CJP વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા કરનાર ગૌરક્ષકનો ખુલ્લેઆમ દાવો

### ૨૦ જુલાઈના રોજ વિરોધ પ્રદર્શન દરમિયાન ભારદ્વાજે CJP પ્રદર્શનકારી નીતુના પિતા પર ક્રૂર હુમલો કર્યો હતો, જેના કારણે દલિત વ્યક્તિનું લગભગ મૃત્યુ થઈ ગયું હોત

(એજન્સી) નવી દિલ્હી, તા.૩



સ્વયંઘોષિત ગૌરક્ષક, ભારદ્વાજે ગર્વથી દાવો કર્યો હતો કે, તે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના વિરોધ પ્રદર્શન દરમિયાન મુક્તપણે ફરતો હતો અને તેમણે હત્યાનો પ્રયાસ કર્યા પછી પણ દિલ્હી પોલીસે મંત્રી કપિલ મિશ્રાના ફોન આવતા તેને છોડી દીધો હતો. ૨૦ જુલાઈના રોજ વિરોધ પ્રદર્શન દરમિયાન ભારદ્વાજે CJP પ્રદર્શનકારી નીતુના પિતા પર ક્રૂર હુમલો કર્યો હતો, જેના કારણે દલિત વ્યક્તિ મૃત્યુની નજીક પહોંચી ગયો હતો. ભારદ્વાજે પોડકાસ્ટ હોસ્ટ નેહાસિંહ રાઠોડને કહ્યું કે, અમે નીતુના પિતાનું માથું ફોડી નાખ્યું. શું તમને ખબર છે કે, આમાં કયો આરોપ લાગુ પડે છે ? તે હત્યાનો પ્રયાસ - કલમ ૩૦૭ છે. ભારદ્વાજે તે દિવસનું વર્ણન કરતા કહ્યું કે, નીતુના પિતાના માથા પર સાત ટાંકા આવ્યા હતા અને તેમને એમ્બ્યુલન્સમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તેમની પુત્રી પોલીસ સ્ટેશનની બહાર ઊભી હતી, જો તેના પિતાને ન્યાય નહીં મળે તો તે ઝેર પી લેશે તેવી ધમકી આપી રહી હતી. છતાં બીજા જ દિવસે હું બહાર હતો; હું જેલમાં પણ ગયો ન હતો. ભારદ્વાજ નામના આ ગૌરક્ષકે કહ્યું કે, તે શહેરમાં ‘આખી રાત મુક્તપણે’ ફરતો હતો. તેમણે સમજાવ્યું કે તે જેલ જવાથી કેવી રીતે છટકી ગયો હતો, પહેલા ભગવાન હનુમાનનો આભાર માન્યો અને પોલીસ અધિકારીઓને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળની દિલ્હી સરકારમાં કાયદો અને વ્યવસ્થા મંત્રી તરીકે સેવા આપતા કપિલ મિશ્રાનો ફોન આવ્યો હોવાના અહેવાલ છે. કપિલ મિશ્રા મારા માટે મોટા ભાઈ જેવા છે, કેન્દ્રીય મંત્રી ચિરાગ પિસ્વાન પણ તેમના ‘બડે ભૈયા’ જેવા છે. મોદીજી પણ મારા માટે મોટા ભાઈ જેવા છે. મને બધાનો ટેકો છે. દિલ્હી પોલીસે રાજકીય દખલગીરીના આરોપોને નકારી કાઢ્યા, કહ્યું કે, આરોપીઓ સાથે કાયદા અનુસાર કાર્યવાહી કરવામાં આવી હતી. નવી દિલ્હીના ડેપ્યુટી પોલીસ કમિશનર સચિન શર્માએ જણાવ્યું હતું કે, ઝપાઝપીમાં ભાગ લેનારાઓમાંના એક દ્વારા પહેરવામાં આવેલા કડાથી કુમાર ઘાયલ થયા હતા. ૨૩ જૂનના રોજ, જંતર-મંતર પર, CJP વિરોધ પ્રદર્શન દરમિયાન ગાઝિયાબાદના રહેવાસી ૩૮ વર્ષીય સંજય કુમારને ઝપાઝપી દરમિયાન એક કથિત હુમલાખોર દ્વારા પહેરવામાં આવેલા કડાથી માથામાં ઈજા થઈ હતી. આ મામલામાં અયોગ્ય પ્રભાવ અથવા દખલગીરીનો કોઈપણ આરોપ ખોટો અને પાયાવિહોણો છે. આ મામલાને કાયદા અને પ્રક્રિયાઓ અનુસાર કડક રીતે કાર્યવાહી કરવામાં આવી છે.

## CJP વિભાજીત : બળવાખોરોએ ‘ડેમોક્રેટિક’ જૂથ બનાવ્યું, દિપકે પર વિદ્યાર્થી આંદોલનનું ‘રાજકારણ’ કરવાનો આરોપ લગાવ્યો

### CJP(D)ના સ્થાપક મનીષ બ્રહ્મભટ્ટે દિપકેના નેતૃત્વ હેઠળના CJP પર આમ આદમી પાર્ટી (AAP) અને તેના સુપ્રીમો અરવિંદ કેજરીવાલના ઈશારે કામ કરવાનો આરોપ લગાવ્યો છે

(એજન્સી) તા.૩

અભિજીત દિપકેના નેતૃત્વ હેઠળના કોકરોચ જનતા પાર્ટી (CJP)ને ગુરૂવારે મોટો ફટકો પડ્યો છે. જંતર-મંતર પર NEET વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા સ્વયંસેવકો અને વિરોધીઓના એક મોટા જૂથે અલગ થઈને કોકરોચ જનતા પાર્ટી (ડેમોક્રેટિક)-CJP(D)ની રચના કરી છે. CJPની વધુ વિરોધ પ્રદર્શન શરૂ કરવાની યોજનાઓ માટે આ એક આંચકો છે, જેનાથી તેના કાર્યોમાં અવરોધ ઊભો થયો છે.




જે લોકો અલગ થઈ ગયા છે તેઓએ કહ્યું કે, તેમણે આ નિર્ણય વિદ્યાર્થી આંદોલનના કેન્દ્રીકરણ અને રાજકીયકરણને કારણે લીધો છે અને કારણ કે, તે સામાન્ય વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકો દ્વારા સંચાલિત લોકશાહી આંદોલનને બદલે વ્યક્તિત્વલક્ષી બની રહ્યું હતું. CJP(D)ના સ્થાપક મનીષ બ્રહ્મભટ્ટે દિપકેના નેતૃત્વ હેઠળના CJP પર આમ આદમી પાર્ટી (AAP) અને તેના સુપ્રીમો અરવિંદ કેજરીવાલના ઈશારે કામ કરવાનો આરોપ લગાવતા કહ્યું કે, આજે અમે ‘કોકરોચ જનતા પાર્ટી ડેમોક્રેટિક’ શરૂ કરી રહ્યા છીએ... અમારે આ કેમ કરવું પડ્યું ? આ આંદોલન રાષ્ટ્રનું હતું; તે સફળ થયું કારણ કે, લોકોએ તેમાં પોતાનું લોહી અને પરસેવો રેડ્યો હતો. જો કે, આંદોલન સફળ થયા પછી તેનું રાજકીયકરણ કરવામાં આવ્યું. તે હવે ‘ટીમ કેજરીવાલ’ બની ગયું છે કારણ કે, અભિજીત દિપકે અને અન્ય લોકોએ તેમના ઘરોમાં આરામથી બેસીને ૧૨ સભ્યોની ટીમ બનાવી હતી.

તેમણે CJP નેતૃત્વ પર AAP સાથે સીધા જોડાણ ધરાવતા કેટલાક પસંદગીના લોકો માટે NEET વિરોધ પ્રદર્શનને સફળ બનાવનારા સ્વયંસેવકોને અવગણવાનો આરોપ લગાવ્યો છે. આંદોલનની સફળતા પછી એક પણ સ્વયંસેવક કે વિરોધકર્તાને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું કે, તેમનો અભિપ્રાય જાણવા માટે તેમની સલાહ લેવામાં આવી ન હતી. સોશિયલ મીડિયા કે ઈન્સ્ટાગ્રામ દ્વારા જોડાયેલા લોકોને જરૂરી માપદંડો વિશે પૂછવામાં આવ્યું ન હતું; તેના બદલે તેમણે આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા આઠ લોકો, એક મહિલા મિત્ર અને કોલેજના મિત્રોનો સમાવેશ કરીને ટીમ બનાવી હતી. અમે ઈચ્છતા હતા કે આ એક રાષ્ટ્રીય ટીમ હોય - જેમાં દરેક રાજ્યમાંથી પાંચ લોકોનો સમાવેશ થાય, ખાસ કરીને તે પ્રદેશોમાંથી વિરોધીઓ અને સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવે.

તેમણે કહ્યું કે, અમે ઈચ્છા વ્યક્ત કરી હતી કે, પસંદગી પ્રક્રિયા કોઈ ‘હાઈ કમાન્ડ’ અથવા મનસ્વી અધિકારી વ્યક્તિ દ્વારા નક્કી ન થવી જોઈએ; જો કે, તેમણે આ ઈચ્છાને નકારી કાઢી અને મનસ્વી રીતે ટીમ બનાવી. આ ટીમ બનાવવા પાછળનો વિચાર પણ અરવિંદ કેજરીવાલનો હતો કારણ કે, તેઓ શરૂઆતથી જ કપટી વ્યક્તિ રહ્યા છે. જ્યારે અન્ના આંદોલન શરૂ થયું, ત્યારે તેમણે અન્નાનું શોષણ કર્યું હતું.

બ્રહ્મભટ્ટે, સીજેપીના અલગ થયેલા જૂથને એક નવા સંગઠન તરીકે રજૂ કરતા દાવો કર્યો હતો કે, આ આંદોલનમાં મોટાભાગે કોઈ મોટો ચહેરો ન હતો અને સોનમ વાંગચુકના અવિરત ઉપવાસે ધર્મેન્દ્ર પ્રધાનને કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય તરીકે રાજીનામું આપવાની ફરજ પાડવામાં ચળવળની સફળતામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી પરંતુ પાછળથી આંદોલનનું રાજકીયકરણ કરવામાં આવ્યું છે. આપણે એક લોકશાહી દેશમાં રહીએ છીએ જ્યાં પક્ષો અને આંદોલનો ફક્ત ત્યારે જ સફળ થાય છે જો લોકશાહી રીતે ચલાવવામાં આવે. જ્યારે કોકરોચ જનતા પાર્ટી એકાઉન્ટ બનાવવામાં આવ્યું હતું, ત્યારે તે મુખ્ય ચહેરા વગરનું હતું. કોઈને ખબર નહોતી કે તેની પાછળ કોણ છે પરંતુ જેમ-જેમ લોકો જોડાયા, અભિજીત એક મુખ્ય ચહેરા તરીકે સામે આવ્યા. લોકો કોઈ ચહેરાને કારણે જોડાયા નહીં; તેઓ મુખ્ય ન્યાયાધીશની ટિપ્પણીને કારણે જોડાયા જેમાં યુવાનો, બેરોજગારો અને RTI કાર્યકરોને ‘કોકરોચ’ કહેવામાં આવ્યા હતા. તેનાથી ગુસ્સો ભડક્યો, એક વ્યંગ આંદોલન શરૂ થયું જેમાં ૨૦થી ૨.૫ કરોડ લોકોએ ભાગ લીધો. બાદમાં અભિજીત જોડાયા અને સોનમજીની ૧૫-૨૦ દિવસની ભૂખ હડતાળને જાહેર સહાનુભૂતિ મળી, ખાસ કરીને પોલીસ હસ્તક્ષેપ અને માર્ચ જ્યાં લાઠીચાર્જ થયો, જેના કારણે ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું. સ્વયંસેવકો, વિરોધીઓ અને સોનમજીના કારણે તે આંદોલન સફળ થયું. જો કે, તેની સફળતા પછી તેઓએ તેનું રાજકારણ કરવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન તેમનું સંગઠન વિપક્ષના ઈશારે કામ કરી રહ્યા હોવાના આરોપોના બચાવમાં CJPના સ્થાપક દિપકેએ કહ્યું કે, ‘મહારાષ્ટ્રના મુખ્યમંત્રી કહે છે કે, હું કોંગ્રેસની ‘બી’ ટીમ છું; કેટલાક લોકો કહે છે કે, હું આમ આદમી પાર્ટીની ‘બી’ ટીમ છું. મને લાગે છે કે, આ લોકોએ સાથે બેસીને આ અંગે નિર્ણય લેવો જોઈએ. મારા મતે, અમે વિદ્યાર્થીઓની ‘એ’ ટીમ છીએ.

## પૂર્વ અધિકારી આશિષ જોશીને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા X પોસ્ટ મુદ્દે ઉઠાવવામાં આવ્યા : કોંગ્રેસ નેતા

(એજન્સી) તા.૩

પૂર્વ અધિકારી આશિષ જોશીને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલના કર્મચારીઓએ મોર્નિંગ વોક પર જતા હતા ત્યારે ઉપાડી લીધા હતા. સાંજે તેમને ઘરે છોડી દેવામાં આવ્યા હતા. કોંગ્રેસના નેતા સંદીપ દીક્ષિતે અગાઉ જણાવ્યું હતું કે તાજેતરના ટ્વિટ પર બે કોન્સ્ટેબલ જોશીને પૂછપરછ માટે લઈ ગયા હતા.

પૂર્વ અધિકારી આશિષ જોશીને મોર્નિંગ વોક પછી નહેરૂ પાર્કમાંથી દિલ્હી પોલીસે ઉપાડી લીધા હતા. તેઓ બાદમાં ઘરે પાછા ફર્યા. તેમણે બુધવારે સાંજે ટ્વિટ કર્યું.

મોડી રાત્રે, તેમણે ફરીથી ટ્વિટર પર દાવો કર્યો કે તેમને પૂછપરછ માટે લઈ જવામાં આવ્યા હતા અને તેમના પરિવારને તેમના ઠેકાણા વિશે જાણ કરવાની તેમની વારંવાર વિનંતીઓ ઉપરની “સૂચનાનું પાલન” કરવામાં આવ્યું હતું. તેમણે પોસ્ટમાં દિલ્હી પોલીસ કમિશનર અનુરાગ કુમારને ટેગ કર્યા. “પૂછપરછ કે અટકાયત દરમિયાન વ્યક્તિના પરિવારને જાણ કરવી એ કાનૂની આદેશ છે, વૈકલ્પિક શિષ્ટાચાર નથી. ગઈકાલે, મને મારા મોર્નિંગ વોક પછી ખૂબ ઓછો સમય લાગશે તેવી ખાતરી સાથે પૂછપરછ માટે લઈ જવામાં આવ્યો હતો. જોકે, જેમ જેમ કલાકો લંબાતા ગયા તેમ તેમ મારી પત્નીને મારા ઠેકાણાની જાણ કરવાની મારી વારંવારની વિનંતીઓ પર, સંબંધિત પોલીસ અધિકારીઓએ ફક્ત એટલું જ કહ્યું કે તેઓ “સૂચનાઓનો પાલન કરી રહ્યા છે.” મને ફક્ત સાંજે ૬:૩૮ વાગ્યે ફોન કરવાની મંજૂરી આપવામાં આવી હતી, જેના કારણે મારા પરિવાર અને મિત્રો આખો દિવસ ગભરાટમાં રહ્યા. હું વિનંતી કરૂં છું કે તમે બધા એકમોને સ્પષ્ટ સૂચનાઓ આપો કે અધિકારીઓ પૂછપરછ માટે લેવામાં આવેલા કોઈપણ વ્યક્તિના પરિવારને તાત્કાલિક જાણ કરવાની કાયદેસર ફરજનું કડક પાલન કરે, જેથી કોઈ પણ નાગરિકના પરિવારને મારા પરિવારને જે તકલીફ સહન કરવી પડે તે સહન ન કરવી પડે,” તેમણે ટ્વિટ કર્યું.

## પુરીના જગન્નાથ મંદિર પાસે બેંકમાં રૂા.૧,૯૧૨ કરોડ અને ૬૦,૮૨૧ એકર જમીન છે

### મંદિર હૂંડી દાનની દરરોજ ગણતરી કરવામાં આવે છે, પારદર્શિતા માટે રકમ સોશિયલ મીડિયા પર પ્રદર્શિત અને શેર કરવામાં આવે છે

(એજન્સી) તા.૩

શ્રી જગન્નાથ મંદિર વહીવટીતંત્ર (SJTA) દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર, ઓડિશાના પુરીમાં શ્રી જગન્નાથ મંદિર પાસે લગભગ રૂા.૧,૯૧૨ કરોડની બેંક થાપણો છે અને દેશભરમાં ૬૦,૮૨૧ એકર જમીન છે.

SJTAએ જણાવ્યું હતું કે ૩૧ ઓગસ્ટ સુધીમાં મંદિર પાસે રૂા.૧,૮૧૧.૧૦ કરોડ ફિક્સ્ડ ડિપોઝિટમાં હતા. આમાંથી રૂા.૧,૩૧૧.૧૦ કરોડ વિવિધ જાહેર ક્ષેત્રની બેંકોમાં જમા હતા, જ્યારે અન્ય રૂા.૫૦૦ કરોડ ઓડિશા સરકાર દ્વારા પૂરા પાડવામાં આવતા કોર્પસ ફંડનું પ્રતિનિધિત્વ કરે છે અને મંદિરના નફા-નુકસાનના ખાતામાં રાખવામાં આવે છે. મંદિરમાં બચત, ચાલુ અને ફ્લેક્સી ખાતાઓમાં રૂા.૧૦૦.૭૧ કરોડ હતા, જેનાથી તેની કુલ બેંક થાપણો આશરે રૂા.૧,૯૧૧.૮૦ કરોડ થઈ ગઈ. SJTAના મુખ્ય પ્રશાસક અરબિન્દા પાધીના જણાવ્યા અનુસાર, મંદિરની આવક મુખ્યત્વે ભક્તોના દાન, મંદિરની માલિકીની ખાણો અને ખાણોમાંથી થતી કમાણી, ફિક્સ્ડ ડિપોઝિટ પર મળેલા વ્યાજ, જમીન સંબંધિત વ્યવહારો અને સરકારી અનુદાનમાંથી આવે છે. આવકનો એક ભાગ કોર્પસ અને ફાઉન્ડેશન ફંડ તરીકે રાખવામાં આવે છે, જ્યારે બાકીની રકમ મંદિર ફંડમાં રાખવામાં આવે છે. દૈનિક ખર્ચ આ ફંડમાંથી પૂર્ણ કરવામાં આવે છે, વધારાની રકમ ફિક્સ્ડ ડિપોઝિટમાં મૂકવામાંઆવેછે. SJTAએ કહ્યું કે તેની પ્રાથમિક જવાબદારી મંદિરની સંપત્તિનું રક્ષણ અને યોગ્ય રીતે જાળવણી કરવાની છે. મંદિરના હુન્ડી દાનની ગણતરી દરરોજ કરવામાંઆવેછે, માહિતી બોર્ડ પર પ્રદર્શિત થતી રકમ સાથે અને પારદર્શિતા જાળવવાના પ્રયાસોના ભાગ રૂપે સોશિયલ મીડિયા દ્વારા શેર કરવામાં આવે છે. મંદિરે ૧૫ જુલાઈના રોજ રથયાત્રાના થોડા સમય પહેલા શરૂ કરાયેલ ‘સમર્પણ’ દ્વારા તેની ડિજિટલ દાન પ્રણાલીનો પણ વિસ્તાર કર્યો છે. આ પ્લેટફોર્મ ભારત અને વિદેશમાં ભક્તોને ઓનલાઈન દાન કરવા અને ડિજિટલ રસીદો મેળવવા માટે સક્ષમ બનાવે છે. SJTA અનુસાર, ૩૧ ઓગસ્ટ સુધીમાં, પ્લેટફોર્મ દ્વારા દાન રૂા.૫૬.૭૧ લાખ સુધી પહોંચી ગયું હતું.

## નેપાળમાં નવા પૂરના ભય વચ્ચે મૃત્યુઆંક વધીને ૧,૨૭૦ થયો

### ભોટેકોશી નદીના ઉપરવાસના વિસ્તારોમાં સતત વરસાદ પડી રહ્યો હોવાથી, નદીઓમાં પાણીનું સ્તર વધવાની શક્યતા છે

(એજન્સી) કાઠમંડુ, તા.૩

નેપાળમાં આવેલા વિનાશક પૂરને કારણે મૃત્યુઆંક ૩ સપ્ટેમ્બર, ગુરૂવારના રોજ વધીને ૧,૨૭૦ થયો છે, કારણ કે અસરગ્રસ્ત વિસ્તારોમાંથી વધુ મૃતદેહો મળી આવ્યા છે, જ્યારે ભોટેકોશી નદીના ઉપરવાસના વિસ્તારોમાં સતત વરસાદને કારણે નવા પૂરનું જોખમ ઊભું થયું છે. ૨૬ ઓગસ્ટના રોજ નેપાળ-તિબેટ સરહદ નજીક બરફના પથ્થરોના હિમપ્રપાતને કારણે આવેલા અચાનક પૂરે ઉત્તર અને મધ્ય નેપાળના નગરો અને ગામડાઓને તબાહ કરી દીધા હતા, જેના કારણે વિનાશનો દોર શરૂ થયો હતો. ગુરૂવારે ભોટેકોશી નદીના ઉપરવાસના વિસ્તારોમાં સતત વરસાદ પડી રહ્યો હોવાથી, ભોટેકોશી અને ત્રિશુલી નદીઓ તેમજ રસુવા અને નુવાકોટ જિલ્લામાં વહેતી નાની નદીઓ અને નાળાઓમાં પાણીનું સ્તર વધવાની શક્યતા છે, એમ જળવિજ્ઞાન અને હવામાનશાસ્ત્ર વિભાગના પૂર આગાહી વિભાગના ટેકનિશિયન સરસ્વતી બિષ્ટાએ જણાવ્યું હતું. નદીની આસપાસના વિસ્તારોમાં અને નીચે તરફ રહેતા લોકોને સતર્ક રહેવા વિનંતી કરવામાં આવી છે, એમ તેમણે જણાવ્યું હતું. નેપાળના નુવાકોટ જિલ્લાના બિદુરમાં બુધવાર, ૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ અચાનક પૂર પછી, ત્રિશુલી નદી પાર કરવામાં લોકોને મદદ કરવા માટે રહેવાસીઓ નવી સ્થાપિત ઝિપલાઈન ખેંચી રહ્યા છે.

ગુરૂવાર, ૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ, નેપાળના કાઠમંડુમાં પશુપતિનાથ મંદિરમાં, નેપાળી હિન્દુ વિધિ અનુસાર, તેમના પ્રિયજનોના પ્રતીકાત્મક અંતિમ સંસ્કાર દરમિયાન પરિવારના સભ્યો વરસાદ વચ્ચે ધાર્મિક વિધિઓ કરે છે.

## પંજાબ SIR : ડ્રાફ્ટ યાદીમાં નામ ન આવતા રાઘવ ચઢ્ઢાએ બદલો લેવાનો આરોપ લગાવ્યો; AAPએ કહ્યું : ચૂંટણી પંચ જવાબદાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) હેઠળ તૈયાર કરવામાં આવેલી પંજાબ ડ્રાફ્ટ મતદાર યાદીમાં રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાનું નામ શામેલ નથી. ચઢ્ઢા ૨૦૨૨માં આમ આદમી પાર્ટી (AAP)ના ઉમેદવાર તરીકે રાજ્યસભામાં ચૂંટાયા હતા અને આ વર્ષે એપ્રિલમાં ભાજપમાં જોડાયા હતા. યાદીમાંથી બાકાત રાખવા પર તેમના નામથી રાજકીય પ્રતિક્રિયાઓ ફેલાઈ છે. ચઢ્ઢાએ પંજાબમાં AAP સરકાર પર ‘રાજકીય બદલો લેવાનો’ આરોપ લગાવ્યો છે. દરમિયાન, પંજાબ સરકારના એક વરિષ્ઠ અધિકારી અને AAPએ આનો વિરોધ કરતા કહ્યું છે કે SIR ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવે છે અને રાજ્ય સરકારની તેમાં ‘કોઈ ભૂમિકા’ નથી. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, ચૂંટણી પંચના રેકોર્ડ મુજબ, ચઢ્ઢાનું નામ ૧૩ ઓગસ્ટના રોજ પ્રકાશિત પંજાબની ડ્રાફ્ટ મતદાર યાદીમાં કાઢી નાખવામાં આવેલા મતદારોની યાદીમાં સામેલ છે. આ ASDD યાદી છે, જેનો અર્થ થાય છે ‘ગેરહાજર, સ્થાનાંતરિત, મૃત અને ડુપ્લિકેટ’ તરીકે ચિહ્નિત થયેલ મતદારો. ચઢ્ઢાના નામ સામેનું કારણ ‘કાયમી રૂપે સ્થાનાંતરિત’ છે. SIR પહેલાં, ૨૦.૬૬ લાખ મતદારો, અથવા પંજાબના કુલ મતદારોના ૯.૭ ટકા, ના નામ દૂર કરવામાં આવ્યા હતા. ચઢ્ઢા આમાંનો એક છે.

# 'મે એક શખ્સની ખોપરી તોડી નાખી, તો પણ મને જેલ થઈ નહીં' : હિન્દુત્વવાદી કાર્યકરે પોતાના ઉપર ભાજપના 'આશીર્વાદ' હોવાનો દાવો કર્યો

## જંતર-મંતર વિરોધ દરમિયાન પોલીસ કાર્યવાહી અંગે સ્વતંત્ર ભારદ્વાજના ચોંકાવનારા દાવા કરતાં કહ્યું કે, 'મોદીજી પણ મારા મોટા ભાઈ છે, મને બધાનો સહકાર મળે છે'

(એજન્સી) તા.૩

દિલ્હીના જંતર-મંતર ખાતે થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન એક વ્યક્તિ પર હુમલો કર્યાનો દાવો કરનાર સ્વયંઘોષિત હિન્દુત્વવાદી કાર્યકર સ્વતંત્ર ભારદ્વાજે પોલીસ કાર્યવાહી અને રાજકીય રક્ષણ અંગે કરેલા દાવાઓથી રાજકીય વિવાદ ઊભો થયો છે. એક પોડકાસ્ટમાં ભારદ્વાજે દાવો કર્યો કે તેણે વિરોધ પ્રદર્શનમાં આવેલા એક વ્યક્તિના પિતાના માથામાં ગંભીર ઈજા પહોંચાડી હતી, છતાં તેને જેલમાં જવું પડ્યું ન હતું.

ભારદ્વાજે પોતાના નિવેદનમાં દાવો કર્યો કે આ ઘટનામાં ભારતીય દંડ સંહિતાની હત્યાના પ્રયાસ સંબંધિત કલમ લાગુ થઈ શકે તેવી સ્થિતિ હતી અને ઘાયલ વ્યક્તિને માથામાં અનેક ટાંકા આવ્યા હતા. તેમ છતાં તે બીજા જ દિવસે બહાર હતો અને આખી રાત મુક્તપણે ફરતો રહ્યો હતો. તેણે પોતાના પ્રભાવ વિશે વાત કરતાં દાવો કર્યો કે ભારતીય જનતા પાર્ટીના નેતા કપિલ મિશ્રા તેના 'મોટા ભાઈ' જેવા છે. તેણે ચિરાગ પાસવાન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ પોતાના નજીકના સંબંધો હોવાનો દાવો કર્યો છે.

ભારદ્વાજે પોડકાસ્ટમાં કહ્યું કે તેને 'બધાનો સહકાર' મળ્યો છે અને ભગવાન હનુમાનના આશીર્વાદ છે. જોકે તેના દ્વારા કરવામાં આવેલા આ રાજકીય સંબંધોના દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી. પોડકાસ્ટ દરમિયાન ભારદ્વાજે જંતર-મંતર વિરોધ દરમિયાન બનેલી ઘટનાનું વર્ણન કરતાં કહ્યું કે ગંભીર ઈજા છતાં તે જેલમાં ગયો નહોતો. તેણે આ વાતને પોતાના રાજકીય અને સામાજિક પ્રભાવના ઉદાહરણ તરીકે રજૂ કરી હતી. તેના જણાવ્યા મુજબ, ઘટનામાં પોલીસ કાર્યવાહીનો સામનો કર્યા બાદ પણ તે બીજા જ દિવસે બહાર આવી ગયો હતો. તેણે એવો પણ દાવો કર્યો કે રાત્રે તે મુક્તપણે ફરતો રહ્યો હતો. આ નિવેદન સામે વિરોધ પ્રદર્શનના આયોજકો અને વિપક્ષી નેતાઓએ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમનો પ્રશ્ન છે કે જો કોઈ વ્યક્તિ સામે ગંભીર ગુનાનો આરોપ હોય અને તેને કાયદેસરની કાર્યવાહીથી બચાવવામાં આવી હોય તો તેની જવાબદારી કોની છે?

કોકરોચ જનતા પાર્ટીના નેતા સૌરવ દાસે આ ઘટનાને લઈને દિલ્હી પોલીસ સામે ગંભીર આરોપો કર્યા છે. તેમના જણાવ્યા મુજબ, જંતર-મંતર ખાતેના વિરોધ દરમિયાન સંજય નામના વ્યક્તિ પર ભારદ્વાજે હુમલો કર્યો હતો અને તેને ગંભીર ઈજા થઈ હતી. દાસનો દાવો છે કે ઘટનાની ફરિયાદમાં હત્યાના પ્રયાસ જેવી ગંભીર કલમ ઉમેરવાની માંગ કરવામાં આવી હતી, પરંતુ પોલીસે તે કલમ ઉમેરવાનો ઇન્કાર કર્યો હતો.

તેમણે આરોપ મૂક્યો કે જો આ કલમ લાગુ કરવામાં આવી હોત તો આરોપીની તાત્કાલિક ધરપકડ થઈ શકતી હતી. દાસના જણાવ્યા પ્રમાણે પોલીસે ગંભીર ઈજા સંબંધિત કલમ ઉમેરવાની માંગ પણ સ્વીકારી ન હતી. તેમણે દિલ્હી પોલીસના અધિકારીઓ સાથે થયેલી ચર્ચાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે તેમને કોર્ટનો આદેશ લાવવાનું કહેવામાં આવ્યું હતું.



દાસે એવો પણ દાવો કર્યો કે ઘટનાની તબીબી નિષ્ણાતની અંતિમ નિષ્કર્ષ હજુ સુધી તેમને મળ્યું નથી કે હુમલામાં સામેલ અન્ય લોકોની પણ ઓળખ કરવામાં આવી નથી. ભારદ્વાજના પોડકાસ્ટમાં કરાયેલા દાવાએ સમગ્ર ઘટનાને રાજકીય બનાવી દીધી છે. તેણે દાવો કર્યો કે કપિલ મિશ્રા સાથે તેના નજીકના સંબંધો છે અને તેમના રાજકીય પ્રભાવને કારણે તેને પોલીસ કાર્યવાહીમાંથી રાહત મળી છે. આ દાવાને આધારે સૌરવ દાસે સવાલ કર્યો કે જો કોઈ રાજકીય નેતાએ પોલીસની કામગીરીમાં ગેરકાયદેસર રીતે હસ્તક્ષેપ કર્યો હોય તો શું તેની સામે પણ જવાબદારી નક્કી થવી જોઈએ? દાસે એવો પણ સવાલ ઉઠાવ્યો કે શું ભારતીય જનતા પાર્ટીનું નેતૃત્વ આવા વર્તનને સમર્થન આપે છે?

આ આરોપો અંગે સંબંધિત નેતાઓ અને પોલીસ તરફથી શું સત્તાવાર જવાબ આપવામાં આવ્યો છે તે સમગ્ર મામલામાં મહત્ત્વનું બની શકે છે. માત્ર પોડકાસ્ટમાં કરવામાં આવેલા દાવાના આધારે કોઈ વ્યક્તિને કાયદેસર રીતે દોષિત ઠરાવી શકાય નહીં; પરંતુ જો દાવાઓ સાચા હોય તો પોલીસ અને રાજકીય હસ્તક્ષેપ અંગે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. જંતર-મંતર ખાતેના વિરોધ પ્રદર્શન દરમિયાન સાદા કપડાંમાં રહેલા કેટલાક લોકો લાઠીઓ સાથે જોવા મળ્યા હતા. વિરોધ પક્ષ અને આયોજકોએ આરોપ મૂક્યો હતો કે આવા લોકો પોલીસ સાથે મળીને પ્રદર્શનકારીઓ સામે કાર્યવાહી કરી રહ્યા હતા. બીજી તરફ દિલ્હી પોલીસે સુપ્રીમ કોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે સાદા કપડાંમાં તૈનાત પોલીસકર્મીઓ હતા. પોલીસના જણાવ્યા મુજબ તેઓ વિશેષ શાખા, વિશેષ સેલ, ગુના શાખા અને સ્થાનિક પોલીસમાંથી આવ્યા હતા. પોલીસે દલીલ કરી હતી કે મોટા જાહેર કાર્યક્રમોમાં સાદા કપડાંમાં પોલીસકર્મીઓની તૈનાતી અસામાન્ય કે ગેરકાયદેસર નથી. સ્વાતંત્ર્ય દિવસ અને પ્રજાસત્તાક દિવસ જેવા મોટા કાર્યક્રમોમાં પણ આવી વ્યવસ્થા કરવામાં આવે છે. પરંતુ વિરોધ પ્રદર્શન દરમિયાન આ પોલીસકર્મીઓની ભૂમિકા અને તેમની કામગીરી અંગે હજુ પણ સવાલો ઊભા છે. કોકરોચ જનતા પાર્ટી અને સામાજિક કાર્યકર સોનમ વાંગચુકના આહ્વાન પર ૨૦ જુલાઈએ હજારો લોકો સંસદ તરફ કૂચ કરવા નીકળ્યા હતા. આ દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ જેવી સ્થિતિ સર્જાઈ હતી. પોલીસે લાઠીચાર્જ કર્યો હતો અને આંસુગેસ છોડ્યા હોવાના અહેવાલો સામે આવ્યા હતા. કેટલાક પ્રદર્શનકારીઓએ પોલીસ દ્વારા બળના અતિરેકનો પણ આરોપ મૂક્યો હતો. આ કાર્યવાહીમાં સાદા કપડાંમાં રહેલા કેટલાક લોકો પોલીસ દ્વારા ઉપયોગમાં લેવાતી લાઠીઓ સાથે જોવા મળ્યા હતા. આ દૃશ્યોને લઈને પોલીસની ભૂમિકા અંગે પણ પ્રશ્નો ઉઠ્યા હતા. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દિલ્હી હાઈકોર્ટે ૨૨ જુલાઈએ દિલ્હી પોલીસને ૨૦ જુલાઈની કાર્યવાહી સંબંધિત વીડિયો પુરાવા સુરક્ષિત રાખવા માટે નોટિસ આપી હતી. દિલ્હી પોલીસે સુપ્રીમ કોર્ટ સમક્ષ પોતાના સાદા કપડાંમાં રહેલા કર્મચારીઓનો બચાવ કર્યો હતો. પોલીસનું કહેવું હતું કે પરિસ્થિતિની તાકીદને ધ્યાનમાં રાખીને આ કર્મચારીઓને પ્રદર્શનકારીઓની ભીડમાં વ્યૂહાત્મક રીતે સામેલ કરવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે આવા કર્મચારીઓ કોઈ ગેરકાયદેસર તત્વો ન હતા, પરંતુ ભીડની હિલચાલ પર નજર રાખવા માટે તૈનાત કરવામાં આવેલા પોલીસકર્મીઓ હતા. બીજી તરફ વિરોધ પ્રદર્શનના આયોજકોનો આરોપ છે કે આ જ વ્યવસ્થાનો ઉપયોગ કરીને રાજકીય રીતે જોડાયેલા લોકો અથવા જમણેરી તત્વોને પોલીસની ભીડમાં સામેલ કરવામાં આવ્યા હતા. આ બંને પક્ષના દાવાઓ વચ્ચે સાચી હકીકત જાણવા માટે વીડિયો પુરાવા અને સ્વતંત્ર તપાસ મહત્વપૂર્ણ બની શકે છે. ૧ સપ્ટેમ્બરે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી તથા વી. મોહનાની ખંડપીઠે બંધારણની કલમ ૧૪૨ હેઠળ જંતર-મંતર ખાતે ૨૦ જુલાઈના વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન સંબંધિત નોંધાયેલી કેટલીક પ્રથમ માહિતી અહેવાલોને રદ કરવાનો આદેશ આપ્યો હતો. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ કોર્ટને ખાતરી આપી હતી કે પ્રદર્શનકારીઓ સામેના કેસ આગળ ધપાવવામાં નહીં આવે અને એ જ ઘટનાઓ અંગે નવી ફરિયાદો પણ નોંધવામાં નહીં આવે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની આ ખાતરી પણ નોંધાવી કે નીટ-યુજી ૨૦૨૬ સાથે જોડાયેલા આત્મહત્યાના બનાવોમાં મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓના પરિવારજનો માટે સમગ્ર દેશમાં લાગુ પડે તેવી વળતર નીતિ ઘડવાની દિશામાં પગલાં લેવામાં આવશે. આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે સ્વતંત્ર ભારદ્વાજના પોડકાસ્ટમાં કરાયેલા દાવાઓએ પોલીસની કામગીરી, રાજકીય પ્રભાવ અને કાયદાના સમાન અમલ અંગેની ચર્ચા છે. સવાલ હવે માત્ર એક વ્યક્તિના દાવાનો નથી. સવાલ એ છે કે વિરોધ પ્રદર્શન દરમિયાન કાયદો સૌ માટે સમાન રીતે લાગુ થયો હતો કે નહીં? જો કોઈ રાજકીય ઓળખ ધરાવતો વ્યક્તિ ગંભીર આરોપો છતાં ઝડપથી મુક્ત થઈ શકે અને પોતે જ તેનો શ્રેય રાજકીય 'આશીર્વાદ'ને આપે, તો કાયદો અને સત્તા વચ્ચેના સંબંધ અંગે સ્વાભાવિક રીતે પ્રશ્નો ઊભા થાય છે. આ દાવાઓની સત્યતા તપાસવાનો અધિકાર તપાસ એજન્સીઓ અને અદાલતોનો છે.

# બાર કાઉન્સિલ તેના ચેરમેનનો કાર્યકાળ બે વર્ષથી વધુ લંબાવી શકતી નથી : સુપ્રીમ કોર્ટ

## બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન મનનકુમાર મિશ્રાના બે વર્ષના કાર્યકાળને પાંચ વર્ષ સુધી લંબાવવાના નિર્ણયને નકારી કાઢતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, મિશ્રા ફક્ત એક પ્રોટેમ (કામચલાઉ) ચેરમેન છે અને તેમના પદની તુલના લોકશાહી રીતે ચૂંટાયેલા અધિકારી સાથે કરી શકાય નહીં, સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે, બાર કાઉન્સિલ પાસે કાયદાના વિદ્યાર્થીઓ સામે શિસ્તભંગના પગલાં લેવાનો કોઈ વૈધાનિક અધિકાર નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩

સુપ્રીમ કોર્ટે બુધવારે (૨ સપ્ટેમ્બર) જણાવ્યું હતું કે, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન માટે કાયદા દ્વારા નિર્ધારિત બે વર્ષના કાર્યકાળમાં કોઈ પણ ઠરાવ બદલી શકતો નથી. કોર્ટે એપ્રિલ ૨૦૨૫માં બાર કાઉન્સિલ દ્વારા ચેરમેન મનનકુમાર મિશ્રાને પાંચ વર્ષનો કાર્યકાળ આપવા માટે પસાર કરાયેલા ઠરાવને ફગાવી દીધો હતો. કોર્ટનો આદેશ બાર કાઉન્સિલની કામગીરી અને મિશ્રાના કાર્યકાળને લંબાવવાના નિર્ણયની માન્યતા પર પ્રશ્ન ઉઠાવતી બે જાહેર હિતની અરજીઓ (PIL)ને અનુસરે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ અરજદારોએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, શું ૨૦ લાખથી વધુ વકીલોનું નિયમન, કાનૂની શિક્ષણનું સંચાલન, ઓલ ઈન્ડિયા બાર પરીક્ષાનું સંચાલન, શિસ્ત બાબતો પર અધિકારક્ષેત્ર ધરાવતું અને કાનૂની વ્યવસાયની સ્વતંત્રતાનું રક્ષણ કરવા માટે જવાબદાર વૈધાનિક સંસ્થા નિયમનકારી સત્તાઓને લાંબા સમય સુધી એક જ વ્યક્તિના હાથમાં કેન્દ્રિત રહેવાની મંજૂરી આપી શકે છે, ખાસ કરીને જ્યારે સતત કાર્યકાળ વર્ચ્યુઅલ રીતે પડકારવામાં ન આવે. અરજદારોએ સન્માન સમારોહ અને સેમિનાર પરના મોટા ખર્ચનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે, બાર કાઉન્સિલે વિવિધ રાજ્યોમાં લો કોલેજો ખોલવા માટે તેના ભંડોળનો દુરૂપયોગ કર્યો હતો અને સંસ્થાના ખર્ચની તપાસની માંગ કરી હતી. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી. મોહનાની બનેલી બેન્ચે ચુકાદો આપ્યો હતો કે, મિશ્રાનો કાર્યકાળ ૨૦૨૭થી વધુ લંબાવી શકાય નહીં કારણ કે, તેઓ ફક્ત પ્રોટેમ (કામચલાઉ) પ્રમુખ છે અને લોકશાહી રીતે ચૂંટાયેલા અધિકારી નથી. લાઈવ લૉના અહેવાલ મુજબ નવી કાઉન્સિલની રચના ન થાય ત્યાં સુધી મિશ્રા બાર કાઉન્સિલના રોજિંદા કામકાજમાં સામેલ રહી શકે છે પરંતુ તેમનું પદ લોકશાહી રીતે ચૂંટાયેલા પ્રમુખની સમકક્ષ ગણી શકાય નહીં. લાઈવ લૉ અનુસાર જસ્ટિસ બાગચીએ કહ્યું, 'સામાન્ય રીતે, આપણે રોજિંદા કામકાજ પ્રો-ટેમ પ્રમુખ પર છોડી દઈએ છીએ પરંતુ જ્યારે પણ કોઈ નીતિગત નિર્ણય લેવામાં આવે છે, ત્યારે એટર્ની જનરલ અને સોલિસિટર જનરલ જેવા કાયમી સભ્યોનો સમાવેશ કરવો જરૂરી છે.' બેન્ચે નોંધ્યું હતું કે, તાજેતરની રાજ્ય બાર કાઉન્સિલની ચૂંટણીઓ પછી તરત જ નવી બાર કાઉન્સિલની રચના કરવામાં આવશે. નવા ચૂંટાયેલા રાજ્ય બાર કાઉન્સિલના સભ્યો સાથે પરામર્શ કર્યા પછી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશો દ્વારા મહિલા સભ્યોને સહ-ઓપ્ટ કરવાની પ્રક્રિયા બે અઠવાડિયામાં પૂર્ણ કરવામાં આવશે. આ પછી રાજ્ય બાર કાઉન્સિલના સંપૂર્ણ માળખાની સૂચના જારી કરવામાં આવશે. એક અઠવાડિયા પછી રાજ્ય બાર કાઉન્સિલ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં તેમના પ્રતિનિધિઓની પસંદગી કરશે. આ પછી નવા પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી કરવામાં આવશે. ત્યાં સુધી વકીલોની નિયમનકારી સંસ્થા પ્રો-ટેમ સિસ્ટમ હેઠળ કાર્ય કરશે અને નીતિગત નિર્ણયો લેશે નહીં. NALSAR વિવાદ બાદ મિશ્રાના વિસ્તૃત કાર્યકાળને પડકારતી આ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. આ મુદ્દો મિશ્રાના આદેશનો હતો જેમાં વિદ્યાર્થીઓને CJI સૂર્યકાંતના દીક્ષાંત સમારોહમાં આમંત્રણનો વિરોધ કર્યા બાદ બારમાં નોંધણી કરાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. મિશ્રાએ તેમની ટિપ્પણી માટે વ્યાપક આક્રોશ અને ટીકા બાદ પાછળથી માફી માંગી હતી. સુપ્રીમ કોર્ટે એ પણ ટિપ્પણી કરી હતી કે, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને રાજ્ય બાર કાઉન્સિલ પાસે કાયદાના વિદ્યાર્થીઓ સામે શિસ્તબદ્ધ કાર્યવાહી કરવાનો કોઈ કાનૂની અધિકાર નથી. બાર કાઉન્સિલ કાયદાના વિદ્યાર્થીઓ વકીલ તરીકે નોંધણી કરાવ્યા પછી જ તેમના પર શિસ્તબદ્ધ નિયંત્રણ મેળવે છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે વિદ્યાર્થીઓ સામે શિસ્તબદ્ધ કાર્યવાહી કરવાનો અધિકાર ફક્ત તેમની સંબંધિત સંસ્થા અથવા તે સંસ્થાના નિયમો અથવા બાયલો હેઠળ નિર્ધારિત સત્તા પાસે છે. આ આધારે કોર્ટે ૨૦૨૬માં હૈદરાબાદની NALSAR યુનિવર્સિટી ઓફ લૉમાંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવા અને CJI વિરુદ્ધ વિદ્યાર્થીઓના અભિયાન માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકો સામે તપાસની માગણી કરતો બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ દ્વારા જારી કરાયેલ નિર્દેશ કાયદેસર રીતે અમાન્ય હોવાનું ઠરાવ્યું.




# ત્રિપુરામાં 'ઢોર ચોર' હોવાના આક્ષેપ સાથે મુસ્લિમ વેપારીની ટોળા દ્વારા ગોઝારી હત્યા : ખરીદેલા પશુઓ લઈને પરત ફરી રહેલા આધેડ પર જીવલેણ હુમલો

## પરિવારનો ચોરીનો આક્ષેપ ફગાવી ન્યાયની માંગ : બચાવવા ગયેલા પત્ની અને સસરા પર પણ હુમલો, પોલીસ તપાસ તેજ

(એજન્સી) તા.૩

ત્રિપુરાના કલ્યાણપુર પોલીસ સ્ટેશન હેઠળના બાગબેર ગામમાં એક અત્યંત ચકચારભરી અને દુઃખદ ઘટના સામે આવી છે. જેમાં ૪૬ વર્ષીય મુસ્લિમ પશુ વેપારી જલીલુર રહમાનની ટોળા દ્વારા ઢોર ચોર હોવાના આક્ષેપ સાથે નિર્મમ રીતે પીટી-પીટીને હત્યા કરી દેવામાં આવી છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને સ્થાનિકો તથા પરિવારજનો દ્વારા ન્યાયની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. મૃતાંક જલીલુર રહમાન ઘીલાતલી માર્કેટ નજીકના વિસ્તારના રહેવાસી હતા અને તેમના પરિવારે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, તેમના પર મૂકવામાં આવેલા ચોરીના તમામ આરોપો તદ્દન પાયાવિહોણા છે. પરિવારજનો અને સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ જલીલુર રહમાને મંગળવારે સ્થાનિક ખેડૂત અનુકૂલ દેબનાથ પાસેથી બે પશુઓ ખરીદ્યા હતા. જો કે, મંગળવારે અઠવાડિક બજાર હોવાને કારણે તેઓ તે જ દિવસે પશુઓનો કબજો લઈ શક્યા ન હતા.

બુધવારે સવારે બગન બજારના પશુ મેળાઓમાં આ ઢોર લઈ જવાના હેતુથી જલીલુર રહમાન વહેલી સવારે લગભગ ૪થી ૪:૩૦ વાગ્યાના સુમારે ખેડૂતના ઘરેથી પશુઓ લેવા ગયા હતા. આ દરમિયાન કેટલાક સ્થાનિક લોકોએ તેમને જોઈ લીધા હતા અને તેમને ઢોર ચોર સમજીને ઘેરી લીધા હતા. ત્યારબાદ ઉશ્કેરાયેલા ટોળાએ તેમના પર લાકડીઓ અને હથિયારો વડે બરબરતાપૂર્વક હુમલો કરી દીધો હતો.

સ્થાનિક નાગરિકોના જણાવ્યા મુજબ આ ઘાતકી હુમલામાં જલીલુર રહમાનને હાથ-પગમાં ગંભીર ફ્રેક્ચર સહિતની ઈજાઓ થઈ હતી અને તેઓ સ્થળ પર જ ઢળી પડ્યા હતા. અત્યંત ગંભીર હાલતમાં પણ તેમણે હિંમત ન હારીને પોતાના પરિવારને ફોન કરીને હુમલા અંગે જાણ કરી હતી. આ સમાચાર મળતા જ જ્યારે તેમની પત્ની અને સસરા તેમને બચાવવા માટે સ્થળ પર દોડી આવ્યા, ત્યારે ઉશ્કેરાયેલા ટોળાએ તેમની સાથે પણ મારામારી કરી હતી અને તેમને પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા હતા.

ઘટનાની જાણ થતાં જ કલ્યાણપુર પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ગંભીર રીતે ઘવાયેલા રહમાનને ત્વરિત કલ્યાણપુર હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બીજી તરફ, રહમાનના પરિવારે તેમની મોટરસાઈકલને લઈને કેટલાક ગંભીર સવાલો ઊભા કર્યા છે.

પરિવાર મુજબ રહમાન મોટરસાઈકલ લઈને પશુઓ લેવા ગયા હતા પરંતુ બાદમાં તે મોટરસાઈકલ અનુકૂલ દેબનાથના ઘરેથી મળી આવી હતી અને પછીથી તે બજાર વિસ્તારમાં કઈ રીતે પહોંચી તેની તપાસ થવી



જરૂરી છે. પરિવારે પોલીસ પાસે બાઈકની મુવમેન્ટ, સીસીટીવી ફુટેજ અને કોલ ડિટેલ્સની પારદર્શી તપાસની માંગ કરી છે.

આ ઘટના બાદ સ્થાનિક પ્રાદેશિક રાજકીય પક્ષ 'ટિપ્રા મોથા'ના નેતા શાહ આલમ મિયાંએ પીડિત પરિવારની મુલાકાત લીધી હતી અને તેમની સાથે સાંત્વના વ્યક્ત કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે, ઘટનાની રાત્રે વિસ્તારમાં કેટલાક લોકો દારૂ પીને ધમાલ મચાવી રહ્યા હતા અને આ ગંભીર ગુનામાં જોડાયેલા તમામ આરોપીઓ સામે કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ. હાલમાં કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં આ મામલે એફઆઈઆર (FIR) નોંધવામાં આવી છે અને પોલીસે આગળની કાનૂની તપાસ હાથ ધરી છે. મૃતક જલીલુર રહમાન પોતાના પરિવારમાં પત્ની અને બે બાળકોને વિલાપ કરતા છોડી ગયા છે.

# ચંદ્ર પર ઉતરાણથી પ્રેરિત છોકરી કેવી રીતે ISROની પ્રથમ મહિલા સેટેલાઇટ પ્રોજેક્ટ ડિરેક્ટર બની

## ૨૦૧૧માં ટી.કે. અનુરાધાએ GSAT-12 મિશનને તેના સૌથી નાજુક તબક્કાઓમાંથી એકમાંથી પસાર કર્યું, પૃથ્વીથી હજારો કિલોમીટર ઉપર ઉપગ્રહને ચલાવવામાં મદદ કરી

(એજન્સી) તા.૩

ટીકે અનુરાધાની અવકાશ વિજ્ઞાનમાં સફર બાળપણમાં શરૂ થઈ હતી, જ્યારે એપોલો ૧૧ ચંદ્ર પર ઉતરાણ જોઈને તેણીને વિશ્વાસ થયો કે અવકાશ એક દિવસ તેનું ક્ષેત્ર પણ હોઈ શકે છે. આ વાર્તા "ઇન્ડિયા ઇન્વેન્ટેડ ધીસ ?" - ધ બેટર ઇન્ડિયાની સાપ્તાહિક ટ્રીવીયા શ્રેણીનો ભાગ છે જે આપણા જીવનને આકાર આપતી શોધો પાછળના ભારતીય મન, વિચારો અને નવીનતાઓને ઉજાગર કરે છે. વૈજ્ઞાનિકો અને ઇજનેરો દ્વારા બનાવેલા બુદ્ધિશાળી ઉકેલોથી લઈને ભારતના કેટલાક સૌથી મોટા પડકારોના પ્રતિભાવમાં વિકસિત તકનીકો સુધી, દરેક વાર્તા શોધથી આગળ વધીને તેણે ઉકેલેલી સમસ્યા, તેણે બનાવેલી અસર અને તે આજે પણ કેમ મહત્ત્વપૂર્ણ છે તેનું અન્વેષણ કરે છે. રોકેટ દ્વારા અવકાશમાં લોન્ચ કર્યા પછી, હજુ પણ એક નાજુક યાત્રા બાકી છે. ઉપગ્રહને ચોક્કસ ભ્રમણકક્ષામાં ધક્કો મારવો પડશે, તેને ગતિશીલ બનાવવો પડશે અને ધીમે ધીમે તેને ચોક્કસ ભ્રમણકક્ષામાં ઉંચો કરવો પડશે જ્યાં તે તેનું કાર્ય શરૂ કરી શકે. ગણતરીઓ અથવા સમય ખોટો હોય, અને વર્ષોનું કાર્ય - અને એક ખૂબ જ ખર્ચાળ મશીન - જોખમમાં મુકાઈ શકે છે. ઇસરોના GSAT-12 મિશન માટે પ્રોજેક્ટ ડિરેક્ટર તરીકે, તેમણે જીઓસિંક્રોનસ ઉપગ્રહને તેની અંતિમ ભ્રમણકક્ષામાં ખસેડવામાં આવતા તેને નિયંત્રિત કરવાની એક નવીન રીત વિકસાવવા અને અમલમાં મૂકવામાં મદદ કરી. આ તકનીકે મિશનને સફળ બનાવવામાં મદદ કરી અને ઉપગ્રહ કામગીરીમાં તેનો ઉપયોગ ચાલુ રહ્યો. પરંતુ તે નવીનતા પાછળની વાર્તા ઘણી પહેલા શરૂ થઈ હતી, એક નાની છોકરી ચંદ્ર તરફ જોતી હતી. ૧૯૬૦માં જન્મેલી અનુરાધા શિવમોગા અને બેંગલુરૂ વચ્ચે ત્રણ બહેનો સાથે ઉછરી હતી. તેમના પિતા, સંસ્કૃત પ્રોફેસર, શિક્ષણ પર ખૂબ ભાર મૂકતા હતા, જ્યારે તેમના બાળપણના વાતાવરણમાં તેમને પ્રશ્નો, ચર્ચા અને તેમની જિજ્ઞાસાને અનુસરવાની તક મળી. પછી ૧૯૬૯ આવ્યું; વિશ્વભરના લાખો લોકોની જેમ, યુવાન અનુરાધાએ એપોલો ૧૧ માનવોને ચંદ્ર પર લઈ જતું જોયું. તેમના માટે, આ ઐતિહાસિક મિશન કંઈક અદભુત ઘટના કરતાં વધુ હતું. તેનાથી અવકાશને એક ક્ષેત્ર જેવું લાગ્યું જેનો તે એક દિવસ ભાગ બની શકે છે. ૨૦૧૧માં ટીકે અનુરાધાએ ટીમનું નેતૃત્વ કર્યું જેણે GSAT-12ને તેના અંતિમ ભૂસ્થિર ભ્રમણકક્ષામાં ખસેડ્યું, અવકાશ ટેકનોલોજીમાં શાંત નવીનતાઓની અસર દર્શાવવામાં મદદ કરી. તેણીએ બેંગલુરૂમાં યુનિવર્સિટી વિશ્વેશ્વરાય કોલેજ ઓફ એન્જિનિયરિંગમાં ઇલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો, જ્યાં તેણી યુનિવર્સિટી ટોપર તરીકે ઉભરી. ત્રણ વર્ષ પછી, તેણી ISROમાં જોડાઈ. ૧૯૮૨માં અનુરાધાએ ઉપગ્રહ પરીક્ષણ, ઇન્ટરફેસ અને સિસ્ટમ્સ પર કામ કરીને પોતાની કારકિર્દી શરૂ કરી જે વિવિધ મિશન વાતાવરણમાં અવકાશયાન કેવી રીતે કાર્ય કરે છે તેનું



મૂલ્યાંકન કરી શકે છે. જુલાઈ ૨૦૧૧માં PSLV-C17 પર જ્યારે સંચાર ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો હતો, ત્યારે તેને ખૂબ જ લંબગોળ ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને કાળજીપૂર્વક તેની ઇચ્છિત ભૂસ્થિર સ્થિતિ તરફ, વિષુવવૃત્તથી લગભગ ૩૬,૦૦૦ કિમી ઉપર ખસેડવામાં આવ્યો હતો. તેનો અર્થ કાળજીપૂર્વક સમયસર ભ્રમણકક્ષા વધારવાના દાવપેચની શ્રેણી હતી. પહેલો ખાસ કરીને પડકારજનક હતો : ઉપગ્રહ જ્યારે પૃથ્વીની સૌથી નજીક હોય ત્યારે તે સૌથી ઝડપથી આગળ વધે છે, જેનાથી ઇજનેરોને તેના મોટર્સને ફાયર કરવા માટે માત્ર એક સાંકડી બારી રહે છે અને સાથે જ બળતણનો ઉપયોગ પણ શ્રેષ્ઠ બનાવે છે. આ તે જગ્યા છે જ્યાં અનુરાધાનું કાર્ય મહત્વનું હતું. પ્રક્ષેપણ પછી, ઉપગ્રહને તેની ઇચ્છિત ભ્રમણકક્ષા સુધી પહોંચવા માટે ચોક્કસ દાવપેચની શ્રેણીમાંથી પસાર થવું પડે છે. અનુરાધાએ આ જટિલ યાત્રાને નિયંત્રિત કરવા માટે એક નવો અભિગમ વિકસાવવામાં મદદ કરી. જિયોસિંક્રોનસ ઉપગ્રહોને નિયંત્રિત કરવાના તેમના અભિગમે ટીમને GSAT-12ને તેની અંતિમ ભ્રમણકક્ષામાં લઈ જવામાં મદદ કરી. તે એવી નવીનતા નહોતી જે તમારા હાથમાં પકડી શકાય તેવું ગેજેટ બનાવે છે. તે તેના કરતાં શાંત હતી - પૃથ્વીથી હજારો કિલોમીટર ઉપર જટિલ અવકાશયાનને હેન્ડલ કરવાની એક નવી રીત. અને ક્યારેક, અવકાશ ટેકનોલોજીમાં, શાંત નવીનતાઓ જ બાકીનું બધું શક્ય બનાવે છે. જે કંટ્રોલ રૂમ પર ત્રણ મહિલાઓએ ચાર્જ સંભાળ્યો પૃથ્વી પર બીજી પહેલી ઘટના બની. કર્ણાટકના હસનમાં ISROની માસ્ટર કંટ્રોલ ફેસિલિટીમાં, અનુરાધાએ એક મહિલા ટીમનું નેતૃત્વ કર્યું જે ઉપગ્રહના મહત્ત્વપૂર્ણ દાવપેચનું નિરીક્ષણ કરતી હતી. મિશન ડિરેક્ટર પ્રમોધા હેગડે અને ઓપરેશન્સ ડિરેક્ટર કે.એસ. અનુરાધા સાથે, તેણીએ સ્ક્રીન અને એન્ટેના સિસ્ટમના કાંઠા દ્વારા અવકાશયાનની દરેક ગતિવિધિ પર નજર રાખી. હાસનમાં ISROની માસ્ટર કંટ્રોલ ફેસિલિટીમાં, અનુરાધાએ એક મહિલા ટીમનું નેતૃત્વ કર્યું જે જમીન પરથી GSAT-12ના મહત્ત્વપૂર્ણ દાવપેચનું નિરીક્ષણ કરતી હતી.

# તેમણે પોતાનો પહેલો ધંધો ગુમાવ્યો, ૩૦,૦૦૦ રૂપિયાથી સેન્ડવિચ કાર્ટ શરૂ કરી, હવે તેઓ મહિને ૨૫ લાખ રૂપિયા કમાય છે

## આજે, હરિ હર સેન્ડવિચ અઠવાડિયાના દિવસોમાં ૬૦૦થી વધુ અને સપ્તાહના અંતે ૧,૦૦૦થી વધુ સેન્ડવિચ વેચે છે, જેનો માસિક ટર્નઓવર લગભગ ૨૫ લાખ રૂપિયા છે

(એજન્સી) તા.૩

વ્યવસાયમાં નિષ્ફળતાઓ મુશ્કેલ હોઈ શકે છે, પરંતુ તે ઉદ્યોગસાહસિકની સફરનો અંત નથી. અભિષેક સાહુ માટે, તેમના પ્રથમ સાહસની નિષ્ફળતા ઘણી મોટી સફળતાનો પ્રારંભિક બિંદુ બની ગઈ. લગભગ ૧૫ વર્ષ પહેલાં, સાહુ ભોપાલ ગયા અને એક ઇન્ટરનેટ કાફે ખોલ્યો. એક વર્ષમાં જ આ ધંધો બંધ થઈ ગયો, જેના કારણે તેમને ફરીથી શરૂઆત કરવાની ફરજ પડી. બાદમાં તેમણે ૩૦,૦૦૦ રૂપિયાની લોન લીધી અને ફૂડ બિઝનેસ તરફ વળ્યા, યુટ્યુબ દ્વારા વાનગીઓ શીખ્યા પછી એક નાની સેન્ડવિચ કાર્ટ સ્થાપી. એક સામાન્ય સ્ટ્રીટ-ફૂડ સાહસ તરીકે જે શરૂ થયું તે ધીમે ધીમે એક સમૃદ્ધ વ્યવસાયમાં ફેરવાઈ ગયું. આજે, હરિ હર સેન્ડવિચ અઠવાડિયાના દિવસોમાં ૬૦૦થી વધુ અને સપ્તાહના અંતે ૧,૦૦૦થી વધુ સેન્ડવિચ વેચાય છે, જેનો માસિક ટર્નઓવર લગભગ ૨૫ લાખ રૂપિયા છે. X વપરાશકર્તા પ્રથમમે



નિષ્ફળ ઇન્ટરનેટ કાફેથી સફળ સ્ટ્રીટ-ફૂડ વ્યવસાયમાં પરિવર્તન પર પ્રકાશ પાડતા તેમની વાર્તા શેર કર્યા પછી સાહુની સફર તાજેતરમાં ધ્યાન ખેંચી હતી. 'ગ્રાહકો ઓર્ડર માટે ૩૦-૫૦ મિનિટ રાહ જુએ છે. નિષ્ફળ ઇન્ટરનેટ કાફેથી રૂા.૨૫ લાખ/મહિનાના સ્ટ્રીટ-ફૂડ વ્યવસાયમાં,' પ્રથમે સાહુની સફરની પ્રશંસા કરતા લખ્યું. ત્યારબાદ તેણે રૂા.૩૦,૦૦૦ની લોન લીધી અને YouTube પર વાનગીઓ શીખ્યા પછી એક નાની સેન્ડવિચ કાર્ટ શરૂ કરી. આ પોસ્ટે ઓનલાઈન ચર્ચા જગાવી, જેમાં યુઝર્સે નિર્દેશ કર્યો કે વાર્તાનો સૌથી આકર્ષક ભાગ ફક્ત અહેવાલિત ટર્નઓવર જ નહીં પરંતુ સાહુનો તેમનો પહેલો સાહસ નિષ્ફળ ગયા પછી પ્રમાણમાં નાની લોનથી ફરી શરૂઆત કરવાનો નિર્ણય હતો. તેમની યાત્રા એ યાદ અપાવે છે કે ઉદ્યોગસાહસિકતામાં ઘણીવાર નાની શરૂઆત કરવી, નિષ્ફળતાઓમાંથી શીખવું અને કંઈક કામ ન કરે ત્યાં સુધી પ્રયોગ કરવાનું ચાલુ રાખવું સામેલ છે. એક યુઝરે લખ્યું, 'પ્રભાવશાળી ભાગ રૂા.૨૫ લાખ ટર્નઓવર નથી. તે પ્રથમ વ્યવસાય નિષ્ફળ ગયા પછી રૂા.૩૦,૦૦૦થી ફરી શરૂ કરવાની તૈયારી છે. નાના પ્રયોગો, ગ્રાહકની માંગ અને અવિરત અમલીકરણ કંઈક મોટું બનાવી શકે છે.' બીજાએ ટિપ્પણી કરી, 'નિષ્ફળ કાફેથી રૂા. ૨૫ લાખ માસિક ટર્નઓવર સુધી - કેટલું પુનરાગમન.' ત્રીજાએ ઉમેર્યું, 'તેમની સફરને નજીકથી જોઈ, તેના માટે ખૂબ ખુશ છું.'

### પહેલી લેનમાં ટ્રક-હાઈવા ચાલકોનો આતંક

# હાઈવે અને એક્સપ્રેસ-વે પર 'લેન ડ્રાઈવિંગ'ના લીરેલીરા, અકસ્માતોની હારમાળા

(સંવાદદાતા દ્વારા)
નવસારી, તા.૩
નેશનલ હાઈવે અને એક્સપ્રેસવે પર સૌથી જમણી તરફની એટલે કે પહેલી લેન ઓવરટેક કરવા અને નાની કારો માટે અનામત હોય છે. જોકે વાસ્તવિકતા એ છે કે આ ફાસ્ટ લેન પર હવે વિશાળ ટ્રકો, હાઈવા (ડમ્પર) અને કન્ટેનરોએ કાયમી અડ્ડો જમાવી દીધો છે. નિયમોની ઐસીતૈસી કરીને ચાલતા આ ભારે વાહનો પાછળ દોડતી કારો માટે 'ચાલતા-ફરતા મોતના સાધનો' સાબિત થઈ રહ્યા છે.

સામાન્ય રીતે ભારે વાહનો માટે ડાબી તરફની લેન નક્કી થયેલી છે. તેમ છતાં ૪૦થી ૫૦ કિમીની ગતિએ દોડતા હાઈવા અને ઓવરલોડેડ ટ્રકો પહેલી લેનમાં જ ચીપકીને ચાલે છે. પહેલો ટ્રક રોકાઈ જતાં પાછળ આવતી નાની કારો અને પેસેન્જર વાહનોને જીવના જોખમે ડાબી બાજુથી ઓવરટેક કરવાની ફરજ પડે છે, જેના કારણે ગંભીર અકસ્માતો સર્જાય છે. ઘણીવાર બે ટ્રકો એકબીજાની સમાંતર એક જ ગતિએ દોડતી હોવાથી પાછળ આખો ટ્રાફિક જામ થઈ જાય છે અને એમ્બ્યુલન્સ જેવા ઈમરજન્સી વાહનો પણ ફસાઈ જાય છે. રેતી, કપચી કે માટી ભરેલા હાઈવા ચાલકો કોઈપણ પ્રકારના સાઈડ મિરર કે ઈન્ડિકેટર વગર અચાનક લેન બદલી નાખે છે.

ટ્રાફિક વિભાગ અને હાઈવે પોલીસ માત્ર ઓવરસ્પીડિંગના મેમો ફાડવામાં વ્યસ્ત છે, પરંતુ 'લેન વાયોલેશન' કરતા આ મોટા વાહનો સામે કોઈ નક્કર ઝુંબેશ ચલાવાતી નથી. જો હાઈવે પર 'લેન ડ્રાઈવિંગ'ના નિયમનું કડકાઈથી પાલન કરાવી ફાસ્ટ લેનમાંથી ટ્રક-હાઈવા હટાવવામાં નહીં આવે, તો દૈનિક મુસાફરો માટે આ મુસાફરી જીવલેણ સાબિત થતી રહેશે.

# વાપી જી.આઈ.ડી.સી.ની કંપનીમાં બ્લાસ્ટ : એકનું મોત





(સંવાદદાતા દ્વારા) વાપી, તા.૩
વાપીની જી.આઈ.ડી.સી ખાતે આવેલ આરબી ઈલેક્ટ્રોનિક એન્ડ એન્જિનિયરિંગ નામની કંપનીમાં ગઈ કાલે રાબેતા મુજબ કામ ચાલી રહ્યું હતું જે બાદ બોઇલરનું લીકેજ થયું હતું. એ લીકેજને રોકવા જતા એક કામદારનું મોત થયું હતું. જ્યારે એક કામદાર ઘાયલ થયો હતો. કંપનીમાં કામ કરતો તુષાર જોગારી (રહે. ધરમપુર) બોઈલર પર કામ કરતો હતો. જેમાં બોઈલરમાં અચાનક પ્રેશર વધી જતા તુષાર પ્રેસર લીકેજ રોકવા ગયો હતો જેમાં ભયંકર બ્લાસ્ટ થતા તુષારનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.કંપનીમાં બનેલ આ કમનસીબ ઘટનામાં તુષારનું મોત થયું હોવાની જાણ થતાં તુષાર જોગારીના પરિવારજનો મોટી સંખ્યામાં કંપનીમાં ખાતે ભેગા થયા હતા. પરિવારે કંપનીની બેદરકારીથી ઘટના બની હોવાના આક્ષેપ કર્યા હતા.આ સમગ્ર ઘટનાની જાણ વાપી ઉદ્યોગનગર પોલીસને થતા પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી અકસ્માત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશનના યુથ વિંગ અને સ્પોર્ટ્સ વિંગ તરફથી નાત અને ન્યાઝના કાર્યક્રમ યોજાયા

### ઈકબાલ મેમણ ઓફિસરના જન્મદિવસની ઉજવણી ઉત્સાહભેર કરાઈ




(સંવાદદાતા દ્વારા)
મુંબઈ, તા.૩
ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશન (AIMJF)ના યુથ વિંગ અને સ્પોર્ટ્સ વિંગ તરફથી નાત અને ન્યાઝની મહેફિલ સાથે AIMJFના પ્રેસિડેન્ટ ઈકબાલ મેમણ ઓફિસરની જન્મદિવસની ઉજવણી મંગળવાર, ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બેગ મોહમ્મદ પાર્ક, નારાયણ ધુરૂ સ્ટ્રીટ, મુંબઈ ખાતે ખૂબ જ આદર અને ખુશનુમા માહોલમાં યોજાઈ હતી.

આ પ્રસંગે આશરે ૧૫૦ લોકોએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં સમાજની જાણીતી હસ્તીઓ, સામાજિક કાર્યકરો, ઉલેમા, વકીલો, ડોક્ટરો તેમજ મેમણ સમાજના જવાબદાર આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ઈકબાલ મેમણ ઓફિસરને જન્મદિવસની દિલથી શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમની શરૂઆત યાસીન આસિફ ઓફિસર દ્વારા તિલાવત-એ-કલામ-એ-પાકથી કરવામાં આવી હતી.

ત્યારબાદ ઈમરાન ફૂટવાલાએ સ્વાગત પ્રવચન આપી તમામ મહેમાનોનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. તેમણે ઈકબાલ મેમણ ઓફિસરની સામાજિક સેવાઓ, માનવતાવાદી કાર્ય અને કોમ્યુનિટી માટે સતત કરવામાં આવી રહેલી મહેનતને બિરદાવી હતી.

આ મહેફિલમાં જાણીતા શાયરોએ પોતાના કલામ દ્વારા સમા બાંધી દીધો હતો. આ પ્રસંગે કાસિમ ઈમામ, મોહમ્મદ શાબાન, મુશીર અંસારી, મન્નાન ફારૂક, બિલાલ રઝ્ઝાક, શકીલ અહમદ અને જમીલ કામિલે પોતાના સુંદર અશઆર રજૂ કર્યા હતા, જેને ઉપસ્થિત લોકોએ ખૂબ પસંદ કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ ઈકબાલ મેમણ ઓફિસરની નિ:સ્વાર્થ, સમર્પિત અને માનવતાવાદી સામાજિક સેવાઓને બિરદાવી હતી. વક્તાઓએ જણાવ્યું હતું કે તેમણે મેમણ સમાજની પ્રગતિ તેમજ ફલાહ-ઓ-બહબૂદ માટે સતત સેવાઓ આપી છે.

આ પ્રસંગે નિઝામુદ્દીન રઈન, કમાલ માંડલેકર, એમએલએ અમીન પટેલ અને નૂરૂદ્દીન સેવવાલા સહિત અન્ય આગેવાનોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

ઈકબાલ મેમણ ઓફિસરની સામાજિક અને માનવતાવાદી સેવાઓની કદરરૂપે મહેમાનો અને ઉપસ્થિત લોકોની તરફથી તેમને શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશનના સેક્રેટરી અબ્દુલ અઝીઝ અઝીઝ મચ્છીવાળા, યુથ વિંગના ચેરમેન ઈમરાન ફૂટવાલા, જોઈન્ટ સેક્રેટરી યુસુફ મલ્કાની, બાબા સુપારીવાલા, એમએલએ અમીન પટેલ, નિઝામુદ્દીન રઈન, ઝેબુન્નિસા હમઝા મિલવાલા, એડવોકેટ ફિરોઝ ઉસ્માન, અંબર પટેલ, સિદ્દીક બાબલા, અમીન સલાયા, જાવેદ પારેખ, ડૉ. એ. રઝ્ઝાક હોલી, શબ્બીરભાઈ ડીઆઈ, કમાલ માંડલેકર, અનવર પિશોરી, લતીફ બાટલીવાલા, તાહેર મીઠા, સલીમ સુપારીવાલા, ઈમરાન ગુજરાતી, મુશીર અહમદ અંસારી, આમિર મેમણ, નાદિર ચૂંટણીવાલા, ફૈઝ સુપારીવાલા, ડૉ. આસિફ પોચી, ડૉ. શહનવાઝ અમદાની, શહઝાદ ગિગાની, વસીમ નાવીવાલા અને નૂરૂદ્દીન સેવવાલા સહિત મોટી સંખ્યામાં મેમણ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં વોટ ઑફ થેન્કસ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. દુઆ-એ-ખૈર અને લંગર-એ-નિયાઝ બાદ કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# બનાસકાંઠામાં ભેળસેળિયા ઘી-તેલના વેપારીઓ પર તંત્રનો સપાટો, ૧૪ કેસમાં ૫૬ લાખનો દંડ

(સંવાદદાતા દ્વારા)
પાલનપુર, તા.૩
બનાસકાંઠામાં લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા ભેળસેળિયા ઘી-તેલના વેપારીઓ સામે તંત્રએ લાલ આંખ કરી છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી ઘી અને ખાદ્યતેલના નમૂના લઈ લેબોરેટરીમાં તપાસ કરાવતા અનેક નમૂના ગુણવત્તાના ધોરણોમાં ફેલ થયા હતા. મામલો કોર્ટ સુધી પહોંચતા જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લા નિવાસી અધિક કલેક્ટરની કોર્ટમાં થયેલી સુનાવણી બાદ કુલ ૧૪ કેસમાં જવાબદારોને રૂા.૫૬ લાખનો જંગી દંડ ફટકારવામાં આવ્યો છે. એટલે કે લોકોની થાળીમાં ભેળસેળ પીરસનારા વેપારીઓને હવે કાયદાનો સ્વાદ ચખાડવામાં આવ્યો છે. તંત્રની આ કાર્યવાહીથી ભેળસેળિયા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.આ ૧૪ કેસમાંથી ૧૧ કેસ તો સીધા ભેળસેળિયા ઘીના છે.




લેબોરેટરી તપાસમાં ઘીના નમૂનાઓમાં વનસ્પતિ ઓઈલની હાજરી મળી આવી હતી. જ્યારે રિફાઈન્ડ સોયાબીન ઓઈલ અને મસ્ટર્ડ ઓઈલના ૩ નમૂના પણ નિર્ધારિત શુદ્ધતા અને ગુણવત્તાના ધોરણોમાં નિષ્ફળ નીવડ્યા હતા. એટલે ગ્રાહકો પાસેથી ઘી-તેલના પૈસા લઈ ગુણવત્તાના નામે શું પીરસાતું હતું તે તપાસમાં બહાર આવ્યું છે.લોકોના આરોગ્ય સાથે રમત કરનારાઓ સામે કાયદાની જોગવાઈ મુજબ કડક કાર્યવાહી થશે. રૂા.૫૬ લાખના દંડની કાર્યવાહી ભેળસેળિયા તત્વો માટે સીધી ચેતવણી છે-ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં કરશો તો તિજોરી ખાલી કરાવવાનો વારો આવશે.

# ભરૂચમાં મોબાઈલ ટાવર મામલે રહીશોનો વિરોધ

ભરૂચ, તા.૩
ભરૂચ નગરપાલિકા હદમાં આવેલા વોર્ડ નંબર-૫ની પુષ્પમ, આશાપુરી અને રચના નગર-૧ થી ૫ સોસાયટી વિસ્તારમાં ૧૩૨ KV હાઈટેન્શન લાઈન નજીક આશરે ૩૦ મીટર ઊંચા મોબાઈલ ટાવરનું બાંધકામ શરૂ થતાં સ્થાનિક રહીશોમાં ચિંતા ફેલાઈ છે. રહીશોએ ટાવરની જરૂરી મંજૂરીઓ, હાઈટેન્શન લાઈનથી સલામત અંતર તેમજ ટાવરની ટેકનિકલ સુરક્ષા અંગે સવાલો ઉઠાવ્યા છે. કુદરતી આપત્તિ દરમિયાન ટાવર હાઈટેન્શન લાઈન તરફ તૂટી પડવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી છે. સાથે જ મોબાઈલ ટાવરના RF રેડિયેશનના સલામતી ધોરણોનું પાલન થાય છે કે નહીં? તેની તપાસની માંગ કરવામાં આવી છે. આ મામલે રહીશોએ ભરૂચ નગરપાલિકા, કલેક્ટર, SDM, GETCO અને પોલીસ સમક્ષ રજૂઆત કરી તાત્કાલિક સ્થળ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# સુરત-મુંબઈ નેશનલ હાઈવે પર રખડતાં ઢોરોનો અડ્ડો : માનવ જિંદગી જોખમમાં, તંત્ર ઘોર નિંદ્રામાં

(સંવાદદાતા દ્વારા)
વાપી/નવસારી, તા.૩
'માણસની જાન સસ્તી અને ઢોરોની કિંમતી ?'-આ સવાલ અત્યારે સુરતથી મુંબઈ જતા નેશનલ હાઈવે પર મુસાફરી કરતા લાખો વાહનચાલકોના મુખે ચર્ચાઈ રહ્યો છે. નેશનલ હાઈવે નંબર ૪૮ પર નવસારી, વલસાડ, પારડી, વાપીથી લઈને છેક મહારાષ્ટ્ર સરહદે આવેલા તલાસરી સુધી રખડતા પશુઓનો ત્રાસ એટલી હદે વધી ગયો છે કે ગંભીર અકસ્માતો સર્જાઈ રહ્યા છે. હાઈવેની ફાસ્ટ લેન અને ડિવાઈડર વચ્ચે અડીંગો જમાવીને બેસતા ઢોરોને કારણે રાત્રિના સમયે વાહનચાલકોને બ્રેક મારવાનો મોકો પણ મળતો નથી. નવસારી-વાપી-તલાસરી બેલ્ટ ડેન્જર ઝોન ગણાય છે. પારડી બ્રિજ, વલસાડ બાયપાસ અને તલાસરી ચેકપોસ્ટ નજીક દિવસ-રાત ઢોરોના ટોળા રસ્તા વચ્ચે ફરતા જોવા મળે છે. મોંઘો ટોલટેક્સ ચૂકવવા છતાં મુસાફરોને સલામત રસ્તો મળતો નથી. સ્થાનિકો અને મુસાફરોનો આક્ષેપ છે કે NHAI (નેશનલ હાઈવે ઓથોરિટી) માત્ર ટોલ વસૂલવામાં વ્યસ્ત છે. દૂધ દોહી લીધા બાદ પશુઓને ખુલ્લા હાઈવે પર છોડી દેતા માલિકો સામે કોઈ કડક ફોજદારી કાર્યવાહી થતી નથી. અકસ્માતમાં કોઈ વ્યક્તિ જીવ ગુમાવે ત્યારે પરિવાર વેરવિખેર થઈ જાય છે, પરંતુ તંત્ર માત્ર કાગળ પર ડ્રાઈવ ચલાવી સંતોષ માની લે છે. જો તાત્કાલિક ધોરણે આ રખડતા ઢોરોને હટાવી પાંજરાપોળ કે ગૌશાળામાં મોકલવામાં નહીં આવે, તો હાઈવે પર નિર્દોષ નાગરિકોના લોહી રેડાતા રહેશે. સ્થાનિક લોકો હવે આ મામલે જવાબદાર અધિકારીઓ અને પશુપાલકો સામે કડક દંડાત્મક પગલાં ભરવાની માંગ કરી રહ્યા છે.

# અમરેલીમાં સોની વેપારી સાથે ૧૨.૮૮ લાખ રૂપિયાની ઠગાઈ

### પત્નીને દાગીના બતાવવાના બહાને મંગળસૂત્ર, ત્રણ ચેઈન અને પેન્ડલ લઈ જઈ પરત ન કર્યાની ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)અમરેલી, તા.૩
અમરેલી શહેરમાં સોની વેપારી પાસેથી પત્નીને બતાવવાના બહાને લાખો રૂપિયાના સોનાના દાગીના લઈ જઈ આજદિન સુધી પરત ન કરી ઠગાઈ કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

અમરેલીના લીલીયા રોડ પર આવેલા મોહનબાગ-૧માં રહેતા અને સોનીકામનો વ્યવસાય કરતા જયદીપભાઈ વિનુભાઈ ખુંટ (પટેલ), ઉંમર વર્ષ ૩૧એ આ મામલે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં અમરેલીના બટરવાડી વિસ્તારમાં રહેતા કુમારભાઈ પંડ્યા સામે ઠગાઈનો આરોપ લગાવવામાં આવ્યો છે.ફરિયાદમાં જણાવ્યા અનુસાર , આરોપી ગત તા. ૨૭ માર્ચ, ૨૦૨૬ના રોજ બપોર બાદ આશરે સાડા ચાર વાગ્યાના સમયે ફરિયાદીની દુકાને આવ્યો હતો. આરોપીએ પોતાની પત્નીને ઘરે દાગીના બતાવવા હોવાનું કહી ફરિયાદી પાસેથી સોનાના દાગીના મેળવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આરોપી એક સિંગલ સરનું મંગળસૂત્ર, એક ડબલ સરનું મંગળસૂત્ર, ત્રણ સોનાની ચેઈન તેમજ એક ગોળ ડિઝાઈનનું સોનાનું પેન્ડલ સહિત કુલ ૮૬ ગ્રામ ૦૫૦ મિલી વજનના ૧૨,૮૮,૧૬૬ રૂપિયા કિંમતના સોનાના દાગીના પોતાની સાથે લઈ ગયાનું ફરિયાદમાં જણાવ્યું છે. દાગીના લઈ ગયા બાદ આરોપીએ આજદિન સુધી દાગીના પરત ન આપતાં ફરિયાદી સાથે ઠગાઈ કરવામાં આવતા આ મામલે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢના ઉપરકોટમાં દીપડાના આંટાફેરાના ફૂટેજ સીસીટીવી સામે આવ્યા

### દીપડાને શોધી કાઢવા માટે ડ્રોનની મદદ લેવાઈ

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૩
જૂનાગઢના ઉપરકોટ કિલ્લામાં છેલ્લા ચાર દિવસથી દીપડો ઘુસી ગયેલો છે અને હજુ સુધી પકડાયો નથી. દીપડાને પકડવા માટે વન વિભાગે એકના બદલે ત્રણ પાંજરાને મારણ નાખીને અલગ-અલગ જગ્યાએ મૂક્યા છે પરંતુ દીપડો પાંજરા સુધી આવીને જતો રહે છે. દીપડાને પકડવા માટે પાંજરા સાથે માનવ બળનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અહી દિવસભર ટ્રેકર ટીમ દ્વારા સતત કિલ્લામાં મોનીટરિંગ કરવામાં આવી રહ્યું છે. સીસીટીવીની મદદથી ખાસ નજર રાખવામાં આવી રહી છે છતાંયે છેલ્લા ૨૪ કલાકથી દીપડો વન વિભાગની નજરમાં આવી રહ્યો નથી. છેલ્લા ત્રણ દિવસ ઉપરકોટ કિલ્લો પર્યટકો માટે બંધ કરવામાં આવ્યો છે અને જ્યાં સુધી દીપડો પકડાશે નહી ત્યાં સુધી આમ જનતા માટે ઉપરકોટ કિલ્લો ખુલ્લો મૂક્વો કે કેમ તે પણ એક ગંભીર સવાલ સર્જાઈ રહ્યો છે. બે દિવસ સાતમ-આઠમના તહેવારો હોય અને આવા સમયે સામાન્ય દિવસોમાં ઉપરકોટ કિલ્લામાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય છે પરંતુ આ વર્ષે દીપડાની દહેશતથી માહોલ અલગ રહ્યો છે. ત્રણ દિવસથી દીપડો ન દેખાતા વન વિભાગ દ્વારા ડ્રોનની મદદ લીધી અને ડ્રોન ઉડાડીને આખાયે ઉપરકોટ કિલ્લામાં નજર કરવામાં આવી હતી. પરંતુ દીપડો ના તો સીસીટીવીમાં કેદ થયો કે ના તો ડ્રોન કેમેરામાં સામે આવી રહ્યો છે.છેલ્લે તા.૩૦ને રવિવારે રાત્રે ઉપરકોટ કિલ્લાના મુખ્ય ગેટ પાસે દીપડાની લટાર સીસીટીવી કેમેરામાં કેદ થયાના દૃશ્યો સામે આવ્યા છે અને રાતે એક શ્વાનનો શિકાર કર્યા પછી દીપડો વન વિભાગની નજરમાંથી જાણે ગાયબ થઈ ગયો હોવાનું સામે આવ્યું છે.



# સાવરકુંડલામાં ઓનલાઈન રોકાણના નામે ૧૦ લાખની ઠગાઈ

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૩
સાવરકુંડલામાં ટૂંકા સમયમાં અસાધારણ નાણાકીય વળતર અને દર મહિને ૯ ટકા રિટર્ન/કેશબેક આપવાની લાલચ આપી ઓનલાઈન એપ્લિકેશન મારફતે રોકાણ કરાવી બાદમાં રોકાણકારની રકમ પરત ન કરી છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ સાવરકુંડલા ખાતે નોંધાઈ છે.

સાવરકુંડલાના જેસર રોડ વિસ્તારમાં આવેલા "મારૂ નિવાસ"માં રહેતા વનિતાબેન મનુભાઈ મારૂ ઉંમર વર્ષ ૩૩ દ્વારા આ મામલે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં SD Pay/Apna Pay એપ્લિકેશનના માલિક ધવલ પટેલ, સુરતના આશિષભાઈ ગેડીયા, ભાવેશભાઈ ચૌહાણ તેમજ એપ્લિકેશનના પ્રમોટરો, ડિરેક્ટરો, સંચાલકો, એજન્ટો અને અન્ય અજાણ્યા સહયોગીઓ સામે ફરિયાદ કરવામાં આવી છે.

ફરિયાદની વિગતો મુજબ આરોપીઓએ એકબીજાની સાથે મળી પૂર્વઆયોજિત ગુનાહિત કાવતરૂં રચી સંગઠિત રીતે જાહેર જનતાને ટૂંકા સમયમાં અસાધારણ નાણાકીય વળતર આપવાની લાલચ આપી હતી.

આરોપીઓ દ્વારા રોકાણ પર દર મહિને ૯ ટકા રિટર્ન/કેશબેક ઉપરાંત અન્ય આકર્ષક વળતર આપવાની લાલચ આપવામાં આવતી હતી.

શરૂઆતના તબક્કામાં કેટલાક રોકાણકારોને રિટર્ન અને કેશબેકની રકમ ચૂકવીને રોકાણકારોમાં વિશ્વાસ ઉભો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રોકાણકારો પાસેથી મોટી રકમની થાપણો અને રોકાણની રકમ એકત્ર કર્યા બાદ એપ્લિકેશનની વિવિધ સેવાઓ બંધ કરી દેવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. એટલું જ નહીં, એપ્લિકેશનનું નામ SD Payમાંથી બદલીને Apna Pay કરવામાં આવ્યું હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.

રોકાણકારોની રોકાણ કરેલી રકમ પરત ન આપી ફરિયાદી સહિત અન્ય રોકાણકારો સાથે છેતરપિંડી અને ઠગાઈ કરવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. આ મામલે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઈદ-એ-મિલાદુન્નબીના અવસરે જંબુસર ખાતે છઠ્ઠીએ રક્તદાન કેમ્પનું આયોજન

જંબુસર, તા.૩
ઈદ-એ-મિલાદુન્નબીના મુબારક અવસરને માનવ સેવા, ઈન્સાનિયત, રહેમત અને ભાઈચારાના સંદેશ સાથે જોડવાના હેતુથી રઝા-એ-મુસ્તફા યંગ કમિટી, જંબુસર દ્વારા સતત બીજા વર્ષે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ રક્તદાન કેમ્પ તા. ૬ સપ્ટેમ્બર ૨૦૨૬, રવિવારના રોજ સવારે ૯:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ડભોઈવાલા હોલ, જંબુસર ખાતે યોજાશે.આ પ્રસંગે ખાસ મહેમાન તરીકે હઝરત ખલીફા-એ-સૂફી-એ-મિલ્લત સરકાર વાહિદ અલી બાવા (કલ્લા શરીફ)ની ખાસ ઉપસ્થિતિ રહેશે. તેમજ વિવિધ ક્ષેત્રોના મુખ્ય મહેમાનો સૈયદ આરિફબાપુ, સૈયદ હસમતઅલી (H.M.), સૈયદ અકીલબાપુ, મુબારક આઈ. પટેલ એડવોકેટ (વડોદરા), યુનુશખાન પઠાણ એડવોકેટ નાઝુભાઈ ફડવાલા (અંકલેશ્વર), અસલમભાઈ સાયકલવાળા (સુરત), સાજીદભાઈ શેખ એડવોકેટ (વડોદરા), મહેબૂબભાઈ કાકુજ (આમોદ), માસુમ યુનુસ પટેલ (ભરૂચ) તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# પાલનપુરના એકમાત્ર સુરમંદિર થિયેટરને તંત્રનું 'સીલ'!



પાલનપુર, તા.૩
પાલનપુરના સિનેમાપ્રેમીઓ માટે મોટા પડદે ફિલ્મ જોવાનું એકમાત્ર સ્થળ ગણાતા સુરમંદિર થિયેટર સામે તંત્રએ કડક કાર્યવાહી કરી સીલ મારી દીધું છે. જિલ્લા વહીવટી તંત્ર અને મામલતદારની ટીમ દ્વારા થિયેટરનું નિરીક્ષણ કર્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. થોડા મહિના અગાઉ સુરમંદિર થિયેટરમાં ચાલુ શો દરમિયાન છત પર લગાવેલા પીયુપીના પોપડા અચાનક નીચે પડતા નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાને પગલે થિયેટર સંચાલકને તંત્ર દ્વારા નોટિસ ફટકારવામાં આવી હતી અને જરૂરી સુધારકામ કરવા સૂચના આપવામાં આવી હતી. જોકે, નોટિસ બાદ પણ જરૂરી કાર્યવાહી કરવામાં ન આવતાં તંત્રએ આખરે કડક વલણ અપનાવ્યું છે. દર્શકોની સલામતી સાથે કોઈ જોખમ ન લેવાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર અને મામલતદારની ટીમે સુરમંદિર થિયેટરને સીલ કરી દીધું છે. હવે સવાલ એ છે કે, નોટિસ બાદ પણ સુધારકામ કેમ ન થયું ? તંત્રની કાર્યવાહીથી પાલનપુરનું એકમાત્ર સુરમંદિર થિયેટર હાલ બંધ થઈ ગયું છે, જેના કારણે ફિલ્મરસિકોમાં પણ ચર્ચા જાગી છે.

# નાપા બચ્ચોકા ઘરમાં જલ્સા-એ-સીરતુન્નબીની શાનદાર ઉજવણી

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૩
આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના મદ્રસા-એ-મિફ્તાહુલ ઈસ્લામ ખાતે જશ્ને ઈદે મિલાદુન્નબીની ઉજવણી અંતર્ગત બચ્ચો કા ઘરની મસ્જિદે રશ્દાનમાં જલ્સા-એ-સીરતુન્નબી (સ.અ.વ.)નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન મદ્રસાના તલબાઓ દ્વારા હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ની પવિત્ર સીરત અને જીવનચરિત્ર રજૂ કર્યા હતા. તલબાઓની સુંદર રજૂઆતોને ઉપસ્થિત લોકોએ ધ્યાનપૂર્વક નિહાળી અને સરાહના કરી હતી.આ પ્રસંગે જામિઅતુલ કિરાઅત કફલેતાના મોહતમીમ હઝરત મુફ્તી યુસુફ કારી ઈસ્માઈલ બિસ્મીલ્લાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાની આગવી અને અસરકારક શૈલીમાં સીરતુન્નબી (સ.અ.વ.)ના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો તથા મદ્રસાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને રૂહાની માહોલમાં સંપન્ના થયો હતો. કાર્યક્રમના આયોજન અને સફળતા બદલ મદ્રસા-એ-મિફ્તાહુલ ઈસ્લામના મોહતમીમ હઝરત મવ. ઈસ્માઈલ કાજી તથા મદ્રસાના સ્ટાફ અને તલબાઓની મહેનતને ઉપસ્થિતોએ બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન મૌલાના સોહેલ કાઝીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### ડભોઈ પોલીસે નાસતા ફરતા આરોપીને ઝડપ્યો

બોડેલી, તા.૩
બોડેલી પોલીસ ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી કે ડભોઈ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનાના કામે નાસતો ફરતો આરોપી રણજિતભાઈ ઉર્ફે પિન્ટુ જશવંતભાઈ જાદવ, રહે-કડાછલા, હિંમતનગર ફળિયું, તા-બોડેલી જિ-છોટાઉદેપુર, મોડાસર ચોકડી ઉપર ઊભો છે.

આ બાતમીના આધારે પોલીસ ટીમે સદરહુ ઈસમને ત્યાંથી પકડી પાડ્યો હતો. પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે લગભગ સાત મહિના અગાઉ ડભોઈ પોલીસ સ્ટેશનમાં હ્યુન્ડાઈ i20 ગાડીમાં વિદેશી દારૂ પકડાયો હતો, જેમાં વિદેશી દારૂ ભરી લાવનાર તરીકે તેઓનું નામ ખૂલેલ હતું. પોલીસે આરોપીને અટક કરી આગળની કાર્યવાહી માટે ડભોઈ પોલીસ સ્ટેશન સોંપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

# વેરાવળ સહિત રાજ્યમાં ૮૨ જેટલી છેતરપિંડી આચરનાર ઈસમ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) વેરાવળ, તા.૩
ગુજરાત નાના મોટા શહેરોમાં એમ.ઓ.થી ૮૨ જેટલી છેતરીપીંડી આચરનાર ઈસમને ગીર સોમનાથ પોલીસ ઝડપી પાડ્યો છે. જૂનાગઢ રેન્જ ડી.આઈ.જી.પી. રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા ગીર સોમનાથ પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા તથા ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ. ચૌધરી વેરાવળ વિભાગે મિલકત સબંધી ગુન્હા બને તો સત્વરે કાર્યવાહી કરી તાત્કાલીક ગુન્હામાં સંડોવાયેલ ઈસમોની ધરપકડ કરવા તથા ચોરી ગયેલ મુદામાલ રીકવર કરવા સુચના આપવામાં આવેલ હતી. જે અનુસંધાને વેરાવળ સીટી પોલીસ ઈન્સ્પેકટર જે.એન.ગઢવીની રાહબરી હેઠળ વેરાવળ સીટી પોલીસ સ્ટેશને વેરાવળ કે.કે મોરી સર્કલ ખાતે આ કામના ફરિયાદી પોતાના કબ્જા હવાલાવાળી રીક્ષા લઈ ઉભો હતો.



ત્યારે આ કામના આરોપી એસ.બી.આઈ. બેંકમાં નોકરી કરૂં છું મારે બેંકની ફાઈલો લેવા જૂનાગઢ જવું છે, આમ જણાવી ફરિયાદીને ઓટોરીક્ષા ભાડાથી બંધવી જુનાગઢ મુકામે લઈ તેની સાથે પોતાના મોબાઈલ ફોનનું સર્વર ડાઉન છે. તેવું કહી ફરિયાદી પાસેથી રોકડા રૂા.૫૦૦૦/- લઈ, હું તમને કાળવા ચોક વાળી બ્રાંચે જઈ મેનેજર પાસેથી લઈને તમને ભાડા સહિત આપી દઈશ તેવુ જણાવી ફરિયાદીને જૂનાગઢ કાળવા ચોક ખાતે રીક્ષા ઉભા રખાવી રૂપીયા લઈ આવું છું તેમ જણાવી મોબાઈલ ફોન બંધ કરી નાશી જઈ રીક્ષાચાલક સાથે વિશ્વાસઘાત તથા છેતરપીંડી આચરી ગુન્હો કરેલ જે બાબતે ગુન્હો રજીસ્ટર થયેલ જે કામે સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલિંગમ હતા. તે દરમ્યાન સી.સી.ટી.વી ફટેજ તથા સર્વેલન્સ સ્ટાફના ટેક્નીકલ એનાલીસીસના આધારે બાતમી મેળવી જયકુમાર મનભાઈ દુધાત (ઉં.વ.૪૦, ધંધો બેકાર રહે- મકાન નં.૧૦૩ ગ્રીન લાઈફ એપાર્ટમેન્ટ શકકરગઢ રોડ ગજેરા સંકુલ, સ્કુલ સામે તા/જી અમરેલી) નામવાળા આરોપીને રોકડ રૂપિયા અલગ-અલગ દરની ચલણી નોટો મળી કુલ રૂા.૭૫૦૦/- મોબાઈલ ફોન નંગ -૪ કુલ કિંમત- ૩૦૦૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.

# પાલીતાણા : ચેઈન સ્નેચિંગના બનાવમાં બે આરોપી ઝડપાયા

પાલીતાણા, તા.૩
ગત તા.૨૯/૦૮/૨૦૨૬ના રોજ પાલીતાણાના હાડેચા ભવન અને સાંચોરી ભવન વચ્ચેથી પસાર થતી એક મહિલાના ગળામાંથી સોનાની ચેઈન ઝૂંટવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પાલીતાણા ટાઉન પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, પાલીતાણા ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર બી.એમ. કરમટાના માર્ગદર્શન હેઠળ સર્વેલેન્સ સ્ટાફે ટેક્નિકલ સ્પોર્ટ, CCTV ફૂટેજ અને બાતમીદારોની મદદથી ગુનામાં વપરાયેલ મોટરસાયકલ નં. GJ 04 BE 2243 શોધી કાઢ્યું હતું. પોલીસે બે શંકાસ્પદોને અટકાયતમાં લઈ સઘન પૂછપરછ કરતાં તેમણે આ ગુનાની કબૂલાત કરી હતી. ઝડપાયેલા શખ્સોઓમાં રોહિતભાઈ ભૂપતભાઈ પરમાર અને સંદીપભાઈ ઉર્ફે ધોળિયો દીપકભાઈ પરમારનો સમાવેશ થાય છે.

### અંદાજે રૂા. ૨ કરોડનો મુદ્દામાલ જપ્ત

# મોડાસર ખાતે ઓરસંગ નદીમાં ગેરકાયદે રેતી ખનન સામે ફ્લાઈંગ સ્ક્વોડની મોટી કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)
બોડેલી, તા.૩
બોડેલી પંથકમાં ઓરસંગ નદીમાં ગેરકાયદેસર રેતી ખનન કરી ભૂ માફિયાઓએ પોતાનું વર્ચસ્વ વધારી દીધું હતું અને આડેધડ ખનન કરી નદીની દશા બગાડી નાખી છે. આ બાબતે વડોદરા ફ્લાઈંગ સ્ક્વોડના આસિસ્ટન્ટ ડિરેક્ટરની સૂચના અને માર્ગદર્શન હેઠળ ફ્લાઈંગ સ્ક્વોડ વડોદરાની ટીમ દ્વારા છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના મોડાસર ખાતે ઓરસંગ નદીપટ્ટ વિસ્તારમાં સાદી રેતી ખનીજના ગેરકાયદે ખનન તથા વહન સામે મોટી અને અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મોડાસર ખાતે હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહી દરમિયાન ગેરકાયદે સાદી રેતીનું ખનન તથા વહન કરતા કુલ ૫ ડમ્પર અને ૧ એક્સકેવેટર મશીન ઝડપી પાડવામાં આવ્યા હતા. ફ્લાઈંગ સ્ક્વોડની ટીમે સ્થળ પર જ તાત્કાલિક કાર્યવાહી કરી તમામ વાહનો તથા મશીનરીને કાયદેસરની કાર્યવાહી અર્થે જપ્ત કરી લીધા હતા. પ્રાથમિક અંદાજ મુજબ આ કાર્યવાહીમાં અંદાજે રૂા.૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

# ભારતીય મુસલમાનોના અધિકાર અને મુદ્દાઓ ઉપર નજર રાખવા માટે ૫૧ સભ્યોની રાષ્ટ્રીય દેખરેખ સમિતિની રચના

## પૂર્વ મુખ્યમંત્રી, પૂર્વ કેન્દ્રીય મંત્રી, સંસદ સભ્યો, ધારાસભ્યો, વરિષ્ઠ અધિવક્તાઓ, પૂર્વ ન્યાયાધીશ, શિક્ષણવિદો, સામાજિક અને ધાર્મિક નેતાઓને એક મંચ પર લાવવામાં આવ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

ભારતીય મુસલમાનોના અધિકારોથી સંલગ્ન સંવૈધાનિક, કાનૂની, સામાજિક અને રાજનિતીક મુદ્દાઓ પર દેખરેખ રાખવા અને દેશના વિભિન્ન ક્ષેત્રોમાંથી સામે આવતા મુદ્દાઓ સંબંધે લોકતાંત્રિક, સંવૈધાનિક અને કાનૂની ઉપાયોને આગળ વધારવાના ઉદ્દેશો માટે દિલ્લીમાં આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં ૫૧ સભ્યોની રાષ્ટ્રીય દેખરેખ સમિતિ (National Monitoring Committee)ની રચનાની ઘોષણા કરવામાં આવી હતી.

આ સમિતિને મુખ્ય ઉદ્દેશ દેશના વિભિન્ન ક્ષેત્રોમાં મુસલમાનોથી સંલગ્ન ગંભીર અને મહત્ત્વપૂર્ણ મુદ્દાઓની ઓળખ કરવી, તેમના પર નજર રાખવી, ઉપલબ્ધ સંવૈધાનિક અને કાનૂની વિકલ્પોની સમીક્ષા કરવી, સંબંધિત સંસ્થાઓ સાથે સંવાદ યોજવો અને આવશ્યકતા લાગે તો લોકતાંત્રિક અને રાજનિતીક માધ્યમો દ્વારા યોગ્ય કાર્યવાહી કરી આગળ વધારવાનો છે. સમિતિમાં રાજનિતી, કાનૂન, પ્રશાસન, ન્યાયપાલિકા, સામાજિક ક્ષેત્ર અને ધાર્મિક નેતૃત્વ સાથે જોડાયેલ પ્રમુખ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આવી રીતે વિભિન્ન ક્ષેત્રોમાં અનુભવ અને વિશેષતાઓને એક સંયુક્ત મંચ પર લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

સમિતિના પ્રમુખ નેતૃત્વકર્તાઓમાં પૂર્વ રાજ્યસભા સાંસદ મોહંમદ અદીબને મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. તેમને સમિતિના ચેરમેન - પ્રમુખ નેતૃત્વકર્તા તેમજ સંયોજક તરીકેની નિમણુંક કરવામાં આવી છે.સમિતિના ગઠન અને તેના ઉદ્દેશોને લઈ પૂર્વ જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લા, પૂર્વ મુખ્યમંત્રી મહેબુબા મુફ્તી તેમજ વરિષ્ઠ રાજકીય નેતા સલમાન ખુરશીદ સહિત વિભિન્ન ક્ષેત્રોના






પ્રમુખ આગેવાનોનું માર્ગદર્શન અને સહયોગ પ્રાપ્ત થયેલ છે.

આ રાષ્ટ્રીય સમિતિમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગૃહ રાજ્ય ગુજરાતમાંથી ત્રણ પ્રમુખ મુસ્લિમ ચહેરાઓને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

જેમાં : ૧) ગ્યાસુદ્દીન શેખ-ગુજરાત પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન નેતા તેમજ પૂર્વ ધારાસભ્ય, ૨) ઈમરાન ખેડાવાલા-ગુજરાત વિધાનસભાના વર્તમાન ધારાસભ્ય, ૩) હાજી જુમ્મા રાયમા-સામાજિક કાર્યકર્તાનો સમાવેશ થાય છે.

આ ત્રણેય મહાનુભાવોને સમિતિમાં મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. ગુજરાતથી આ ત્રણેય પ્રતિનિધીઓની ભાગીદારીને એટલે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કે રાજ્ય અને દેશની રાજનિતીમાં વિશેષ રાજકીય અને સામાજીક મહત્વ ધરાવે છે.

૫૧ સભ્યોની રાષ્ટ્રીય દેખરેખ સમિતિમાં પૂર્વ મુખ્યમંત્રી, પૂર્વ કેન્દ્રીય મંત્રી, વર્તમાન અને પૂર્વ સાંસદ, ધારાસભ્ય, પૂર્વ સરકારીપદો પર કામ કરનાર, પૂર્વ ન્યાયાધીશ, વરિષ્ઠ અધિવક્તા, શિક્ષાવિદ, સામાજિક કાર્યકર્તા, નાગરિક અધિકોરો સાથે સંલગ્ન મહાનુભાવો અને ધાર્મિક વિદ્ધાનોનો સમાવેશ કરવામાં આવેલ છે. સમિતિમાં સામેલ પ્રમુખ આગેવાનોમાં દિલ્લીના પૂર્વ ઉપરાજ્યપાલ નજીબ જંગ, પૂર્વ મુખ્ય ન્યાયાધીશ જસ્ટીસ ઈકબાલ અંસારી, પૂર્વ મુખ્ય સૂચના આયુક્ત વજાહત હબીબુલ્લાહ, પૂર્વ કેન્દ્રીય મંત્રી અલી અશરફ ફાતમી અને પૂર્વ નીતિ આયોગના સભ્ય સૈયદા હમીદ સામેલ છે.

ધાર્મિક અને સામાજિક નેતૃત્વનું પ્રતિનિધિત્વ કરનારા મૌલાના ખાલીદ સૈફુલ્લાહ રહેમાન, સૈયદ સઆદતુલ્લાહ હુસૈની, મૌલાના સજ્જાદ નૌમાની, મૌલાના ઓબેદુલ્લાહખાન આઝમી, કલ્બે જવાદ નદવી અને સલીમ ઈન્જિનીયર સહિત વિભિન્ન સંગઠનો અને વિચારધારાથી જોડાયેલા પ્રતિનિધિઓને પણ સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું છે.

રાજકીય ક્ષેત્રના મહાનુભાવો- ઈ.ટી. બશીર, મોહંમદ અલી શબ્બીર, ઝફરૂલ ઈસ્લામખાન, રિઝવાની અરશદ, મૌલાના મોહિબુલ્લાહ નદવી, ઈમરાન મસૂદ, ઈકરા હસન, મંસુર ખાન, ઝિયાઉરરહેમાન બર્ક, આગા રૂહુલ્લાહ મેહદી, કુંવર દાનિશઅલી, આઝમ બૈગ અને મોહંમદ મુકીમ સહિત અન્ય વર્તમાન તેમજ પૂર્વ જનપ્રતિનિધિઓને સમિતિમાં સમાવેશ કરવામાં આવેલ છે.

સમિતિમાં સૈયદ અશરફ કિછૌછવી, મલિક મોહતસિમ ખાન, મોહંમદ સુલેમાન, ખાલિદ રશીદ, ડૉ. એસ.ક્યુ.આર. ઈલ્યાસ, યાસીન અલી ઉસ્માની, ઉમર શફીક, રાશિદ ચૌધરી, મુફ્તી ઉસ્માન રહેમાની લુધિયાણવી સહિત સામાજિક અને ધાર્મિક ક્ષેત્ર સાથે સંલગ્ન અન્ય મહાનુભાવોને સમાવિષ્ટ કરેલ છે.

કાનૂની ક્ષેત્રના આગેવાનો સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ અધિવક્તા હુઝુફા અહમદી, ફુઝૈલ અહમદ ઐયુબી (સહસંયોજક), અલ્હાબાદ હાઈકોર્ટના વરિષ્ઠ અધિવક્તા ફરમાન નકવી, મોહંમદ ખાલીદ ખાન, ઝાહીદ રઝા રિઝવી, મોહંમદ અલી મહમૂદાબાદ, ઉઝમા નહીદ અને નદીમખાન સહિત વરિષ્ઠ કાનૂની વિશેષજ્ઞો પણ સમિતિમાં સ્થાન ધરાવે છે.

સમિતિના પ્રમુખ-મુખ્ય કાર્યો :- રાષ્ટ્રીય દેખરેખ સમિતિના ઘોષિત ઉદ્દેશોને અનુલક્ષીને નીચે મુજબના મુખ્ય કાર્યો કરવામાં આવશે : દેશના વિભિન્ન ક્ષેત્રોમાં મુસલમાનોથી સંલગ્ન ગંભીર અને મહત્ત્વપૂર્ણ મુદ્દાઓને ઓળખી તેમની દેખરેખ કરવી. સંબંધિત મુદ્દાઓ પરત્વે જરૂરી અને મળી શકે તેવી તમામ જાણકારી એકત્ર કરવી. મુદ્દાઓમાં ઉપલબ્ધ સંવૈધાનિક અને કાનૂની વિકલ્પોની સમીક્ષા કરવી. આવશ્યકતા મુજબ સંબંધિત પ્રશાસન તેમજ સંવૈધાનિક સંસ્થાઓ સમક્ષ તમામ મુદ્દાઓ બાબતે અવાજ ઉઠાવવો. કાનૂની લડાઈ માટે આવશ્યક રણનિતી અને વિકલ્પો ઉપર વિચાર વિમર્શ કરવો. વિભિન્ન રાજ્યો અને સામાજિક સંગઠનો વચ્ચે સમન્વય સ્થાપિત કરવો. મુસ્લિમ સમુદાય સાથે જોડાયેલ વ્યાપક સામાજિક, રાજકીય અને સંવૈધાનિક મુદ્દાઓ પર લોકતાંત્રિક રીતે સંવાદ અને યોગ્ય કાર્યવાહી કરી તેને આગળ ધપાવવામાં આવશે.

૫૧ સભ્યોની રાષ્ટ્રીય દેખરેખ સમિતિ સાથે ૧૦ સભ્યોની સચિવાલય ટીમની પણ રચના કરવામાં આવેલ છે. તેનું મુખ્ય કાર્ય સમિતિના વિભિન્ન સભ્યો વચ્ચે સમન્વય સાધવો અને દેશના વિવિધ ક્ષેત્રોમાંથી આવનાર મહત્ત્વપૂર્ણ અને જવલંત મુદ્દાઓ પર નજર રાખવાનું હશે.

રાષ્ટ્રીય દેખરેખ સમિતિના ગઠનને દેશભરમાં મુસ્લિમ સમુદાયથી સંલગ્ન મુદ્દાઓને અલગ - અલગ સ્તરે ઉઠાવવાને બદલે એક સંયુક્ત મંચ પર લાવવાની પહેલના રૂપમાં જોવામાં આવી રહ્યું છે.સમિતિમાં રાજકીય નેતૃત્વની સાથો સાથ વરિષ્ઠ અધિવક્તાઓ, પૂર્વ ન્યાયાધીશો, પૂર્વ નોકરશાહો, શિક્ષાવિદો, સામાજિક કાર્યકર્તાઓ અને ધાર્મિક વિદ્ધાનોની સમાવિષ્ટ ભાગીદારીને પરિણામે બહુરૂપી સ્વરૂપ પ્રદાન થયું છે.સમિતિનો ઘોષિત ઉદ્દેશ કોઈપણ મુદ્દે સંવૈધાનિક મૂલ્યો, કાનૂન અને લોકતાંત્રિક પ્રક્રિયાઓના દાયરામાં ઉપલબ્ધ વિકલ્પોને શોધવા અને આવશ્યકતા અનુસાર સંબંધિત સંસ્થાઓ સમક્ષ મુદ્દાઓ અંગે અવાજ ઉઠાવવાનો છે.

આવનાર સમયમાં સમિતિ વિભિન્ન રાજ્યોમાંથી પ્રાપ્ત મુદ્દાઓને એક સંયુક્ત મંચ પર લાવી, તેની તથ્યાત્મક અને કાનૂની સમીક્ષા કરવી તથા આવશ્યકતા અનુસાર સંબંધિત સંસ્થાઓ અને ન્યાયિક પ્રણાલિ અને મંચ સુધી પહોંચાડવામાં અગ્રગણ્ય મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકશે.

---

### મોંઘવારીનો વધુ એક ડામ

# ગુજરાત ગેસે રાજ્યમાં ઘર વપરાશના PNGના ભાવમાં વધારો ઝીંક્યો

## ગ્રાહકોને ટેક્સ સાથે રૂા.૫૩.૨૨ પ્રતિ SCM ભાવે ગેસ મળશે, જે અગાઉ જુલાઈ ૨૦૨૬માં ટેક્સ વગર રૂા.૪૬.૬૯ પ્રતિ SCM હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

ગુજરાત ગેસે રાજ્યમાં ઘર વપરાશના PNGના ભાવમાં વધારો ઝીંક્યો છે. ૩ સપ્ટેમ્બર ૨૦૨૬થી ગ્રાહકોને ટેક્સ સાથે રૂા.૫૩.૨૨ પ્રતિ SCM ભાવે ગેસ મળશે, જે અગાઉ જુલાઈ ૨૦૨૬માં ટેક્સ વગર રૂા.૪૬.૬૯ પ્રતિ SCM હતો. આ ભાવવધારો સામાન્ય ગૃહિણીઓના બજેટ પર સીધી અસર કરશે અને માસિક બિલમાં વધારો જોવા મળશે.

રાજ્યમાં મોંઘવારી વચ્ચે સામાન્ય ગૃહિણીઓનું બજેટ ખોરવાય તેવા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત ગેસ દ્વારા ઘરેલું પાઈપ્ડ નેચરલ ગેસ (PNG)ના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. કંપની દ્વારા જાહેર કરાયેલા નવા દર મુજબ ૩ સપ્ટેમ્બર ૨૦૨૬થી ગ્રાહકોને ઘરેલું PNG ગેસ ટેક્સ સાથે રૂા.૫૩.૨૨ પ્રતિ SCMના ભાવે મળશે. ઉલ્લેખનીય છે કે, જુલાઈ ૨૦૨૬માં ગુજરાત ગેસનો ટેક્સ વગરનો મૂળ ભાવ રૂા.૪૬.૬૯ પ્રતિ SCM હતો. ટેક્સ અને સુધારેલા દરો લાગુ થતાં હવેથી ગુજરાત ગેસના ગ્રાહકોના માસિક ગેસ બિલમાં સીધો વધારો જોવા મળશે.

---

### નવા ટ્રેકથી વેઈટિંગમાં ૫૦%નો ઘટાડો થશે

# અમદાવાદ RTOમાં બનશે બીજો AI ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક

## RTOના વિશ્લેષણ મુજબ, ડ્રાઈવિંગ ટેસ્ટમાં મોટાભાગના લોકો નાપાસ થવા પાછળ તેમની પોતાની બેદરકારી અને કૌશલ્યનો અભાવ જવાબદાર છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

અમદાવાદ RTOના અધિકારીના જણાવ્યા અનુસાર, હાલમાં પાકા લાયસન્સ માટે એક AI ટ્રેક ચાલુ છે. દરરોજ મોટી સંખ્યામાં અરજદારો ટેસ્ટ આપવા માટે આવી રહ્યા છે. આગામી ૬થી ૮ મહિનામાં બીજો ટ્રેક તૈયાર થઈ ગયા બાદ વેઈટિંગમાં ૫૦% જેટલો સીધો ઘટાડો નોંધાશે, જેનાથી અરજદારોને ખૂબ જ સરળતાથી અને ઝડપથી પાકા લાયસન્સ માટેની ટેસ્ટ આપવાની તક મળશે. અમદાવાદ RTO ખાતે આધુનિક AI ડ્રાઈવિંગ ટેસ્ટ સિસ્ટમ (ADTS) અમલી બન્યા બાદ દરરોજ ફોર-વ્હીલરમાં ૧૦૦થી ૧૧૦ અને ટુ-વ્હીલરમાં ૧૬૦થી ૧૮૦ જેટલા અરજદારોની AI આધારિત ટેસ્ટ લેવામાં આવે છે. આ સિસ્ટમના પ્રથમ મહિનાના આંકડાઓનું વિશ્લેષણ કરવામાં આવે તો ચોંકાવનારી વિગતો સામે આવી છે. ફોર-વ્હીલર (LMV)માં ટેસ્ટ આપનારા કુલ ૨૦૬૦ અરજદારોમાંથી માત્ર ૧૭.૩૮% અરજદારો જ સફળ થયા છે. તેની સરખામણીએ ટુ-વ્હીલરમાં સ્થિતિ વધુ સારી છે, જ્યાં કુલ ૩૪૫૬ અરજદારોમાંથી ૭૩.૭૩% લોકોએ સફળતાપૂર્વક ટેસ્ટ પાસ કરી છે. આ સિસ્ટમ અત્યાધુનિક હોવાથી ભારે વરસાદમાં પણ સંપૂર્ણ સચોટતાથી કામ કરે છે. RTOના વિશ્લેષણ મુજબ, ડ્રાઈવિંગ ટેસ્ટમાં મોટાભાગના લોકો નાપાસ થવા પાછળ તેમની પોતાની બેદરકારી અને કૌશલ્યનો અભાવ જવાબદાર છે. ફોર-વ્હીલરની ટેસ્ટમાં નાપાસ થનારા ૮૦% લોકો 'પેરેલલ પાર્કિંગ' નામના તબક્કામાં ભૂલ કરી બેસે છે. જ્યારે ટુ-વ્હીલરમાં નાપાસ થનારા ૮૫% અરજદારો ટ્રેકના છેલ્લા ટર્ન પાસે વાહન પરથી સંતુલન ગુમાવીને પગ નીચે મૂકી દેવાને કારણે (ફૂટ ડાઉન) નાપાસ થાય છે. આ ઉપરાંત ટેસ્ટ આપતી વખતે પૂરતું ધ્યાન ન આપવું, RTO દ્વારા દર્શાવવામાં આવતા ફરજિયાત ડેમો વીડિયોની અવગણના કરવી અને વાહન ચલાવવાની અપૂરતી સ્કીલ જેવા કારણોસર મોટી સંખ્યામાં અરજદારો નાપાસ થઈ રહ્યા છે. રિવર્સ જી ટ્રેક : સિગ્નલ લીલું થાય એટલે ફોટો કેપ્ચર થશે. ત્યારબાદ ગાડી આગળ લઈ જઈને રિવર્સમાં જી આકાર બનાવતા છેક છેડે પહોંચવાનું રહે છે. આ માટે ૧૫૦ સેકન્ડનો સમય આપવામાં આવે છે. સમગ્ર પ્રક્રિયા દરમિયાન વધુમાં વધુ ૨ વાર પીળી લાઈન હિટ કરવાની છૂટ મળે છે, પરંતુ જો ૩જી વાર લાઈન હિટ થશે તો અરજદાર ફેલ ગણાશે. રિવર્સ લેતી વખતે ગાડી ભૂલથી પણ આગળ ચલાવવાની કે સીધી બહાર કાઢવાની મનાઈ છે. ઈંગ્લિશ ૮ ટ્રેક : સિગ્નલ લીલું થયા બાદ ૧૨૦ સેકન્ડનો સમય શરૂ થાય છે. નક્કી કરેલી દિશા મુજબ અંગ્રેજીના ૮ આકારમાં ગાડી ચલાવવાની હોય છે. આમાં ૨ વારથી વધુ કર્બ હિટ થાય તો નાપાસ ગણાશે. આ તબક્કામાં ગાડીને ૩ સેકન્ડથી વધુ સમય માટે ઊભી રાખી શકાતી નથી કે રિવર્સ પણ લઈ શકાતી નથી. પેરેલલ પાર્કિંગ : આ તબક્કો સૌથી અઘરો માનવામાં આવે છે. સિગ્નલ લીલું થયા બાદ ગાડી આગળ લઈ જઈને રિવર્સમાં આપેલા બોક્સમાં પેરેલલ પાર્ક કરવાની હોય છે. આ માટે ૧૩૦ સેકન્ડનો સમય મળે છે. આમાં એકપણ વાર કર્બ કે પીળી લાઈનને સ્પર્શ કરવાની છૂટ નથી. યોગ્ય રીતે ગાડી પાર્ક થઈ જતાં જ સામે ડિસ્પ્લે બોર્ડ પર 'Vehicle Parked Move Ahead' લખાઈને આવી જાય છે.

**ટુ-વ્હીલરની ટેસ્ટ આપનારે કઈ બાબતોનું ખાસ ધ્યાન રાખવું ?**

ટુ-વ્હીલર ટેસ્ટ માટે RTO દ્વારા સરપેન્ટાઈન ટ્રેક તૈયાર કરવામાં આવ્યો છે. આ ટેસ્ટ શરૂ થાય એટલે અરજદારે ૬૦ સેકન્ડની અંદર આખો ટ્રેક પૂર્ણ કરવાનો હોય છે. આ ટેસ્ટ માટેની મુખ્ય શરતો નીચે મુજબ છે :

અરજદારે બતાવેલી ચોક્કસ દિશામાં જ વાહન ચલાવવાનું રહેશે.

ટ્રેકની બંને બાજુ આપેલી પીળી લાઈનો પર વાહન ટચ થવું જોઈએ નહીં.

સૌથી મહત્ત્વનો અને કડક નિયમ એ છે કે ટેસ્ટ દરમિયાન કોઈ પણ સમયે અરજદારે પગ જમીન પર કે નીચે મૂકવાનો નથી.

જો મુસાફરી દરમિયાન પગ નીચે મૂકાશે તો તેને 'ફૂટફોલ' ગણીને સિસ્ટમ દ્વારા તુરંત જ નાપાસ જાહેર કરવામાં આવશે.

આ તમામ શરતોનું પાલન કરીને ૬૦ સેકન્ડની અંદર ટ્રેક પૂર્ણ કરનાર અરજદારને જ ટુ-વ્હીલર ટેસ્ટમાં સફળ જાહેર કરવામાં આવે છે.

---

### વીડિયો પુરાવાના આધારે ધરપકડ

# ચાંદખેડામાં સાવકા પિતાએ સગીરા પર આચર્યું દુષ્કર્મ

## પરિવારે વીડિયો કોલથી પુરાવા ભેગા કરી પોલીસ ફરિયાદ નોંધાવતા નરાધમ ઝબ્બે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં માનવતાને શરમાવે તેવી અત્યંત શર્મજનક ઘટના સામે આવી છે. ચાંદખેડા પોલીસ મથકની હદમાં રહેતા એક સાવકા પિતાએ પોતાની જ સગીર વયની દીકરી સાથે શારીરિક અડપલાં કરી દુષ્કર્મ આચર્યું હતું. તપાસમાં સામે આવ્યું છે કે, માતાની ગેરહાજરીનો ગેરલાભ ઉઠાવીને આ નરાધમ છેલ્લા ૨ મહિનાથી સગીરા સાથે આ નિર્લજ્જ કરતૂત કરી રહ્યો હતો.

સગીરાની માતાના આ બીજા લગ્ન હોવાથી, આરોપી નરાધમ સગીરા પર સતત માનસિક અને શારીરિક રીતે ત્રાસ ગુજારતો હતો. જો આ ઘટના અંગે કોઈને જાણ કરશે, તો માતા અને દીકરી બંનેને ઘરમાંથી કાઢી મૂકવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. આ ડર અને મજબૂરીના કારણે માસૂમ દીકરી મૂંગા મોંએ પિતાની હેવાનીયત સહન કરી રહી હતી, પરંતુ પિતાએ તમામ હદો વટાવી દેતાં આખરે સગીરાએ હિંમત ભેગી કરી આ સમગ્ર મામલાની જાણ પોતાની માસીને કરી હતી.

સગીરાની આપવીતી સાંભળ્યા બાદ માસી અને મામાએ આ અંગે સગીરાની માતાને જાણ કરી હતી. પોલીસ કાર્યવાહીમાં મજબૂત પુરાવો મળી રહે તે માટે પરિવારે એક ચતુર યોજના બનાવી હતી. સગીરાએ માસી અને મામા સાથે વીડિયો કોલ ચાલુ રાખીને મોબાઈલ ફોન રૂમમાં છૂપી રીતે ગોઠવી દીધો હતો.

આ દરમિયાન સાવકા પિતાએ કરેલી છેડતીની કાળી કરતૂતો કેમેરામાં કેદ થઈ ગઈ હતી. વીડિયો પુરાવો હાથ લાગતાં જ પરિવારે તાત્કાલિક ચાંદખેડા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. પોલીસે ગંભીરતા દાખવીને નરાધમ પિતા સામે ભારતીય ન્યાય સંહિતાની દુષ્કર્મની કલમો તેમજ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તેની તાત્કાલિક ધરપકડ કરી લીધી છે. હાલ પોલીસે આરોપીને જેલહવાલે કરી આગળની કાનૂની કાર્યવાહી અને વધુ તપાસ હાથ ધરી છે.

---

### ગુજરાત સરકારનો MSME માટે મોટો નિર્ણય

# GIDCમાં પ્રોપર્ટી ટ્રાન્સફર પર સ્ટેમ્પ ડ્યુટીમાં ૮૦%ની રાહત જાહેર

## ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૯(a) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને રાજ્ય સરકારે આ વિશેષ રાહત યોજના અમલમાં મૂકી છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના નાના અને મધ્યમ ઉદ્યોગકારો (MSMEs)ના હિતમાં એક અત્યંત મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) એસોસિએશન અને વિવિધ ઉદ્યોગપતિઓ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતાં, સરકારે GIDC મિલકતોના જૂના વ્યવહારો સંબંધિત સ્ટેમ્પ ડ્યુટી અને દંડની રકમમાં ૮૦ ટકા સુધીની ભારે માફી/ઘટાડો આપવાની જાહેરાત કરી છે. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૯(a) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને રાજ્ય સરકારે આ વિશેષ રાહત યોજના અમલમાં મૂકી છે.

આ યોજના હેઠળ ૩૦ જૂન, ૨૦૨૫ના રોજ અથવા તે પહેલાં હાથ ધરવામાં આવેલા GIDCની મિલકતોના તમામ પાત્ર વ્યવહારો જેમ કે ફાળવણી પત્રો, શેરના ક્રમિક ટ્રાન્સફર, લીઝ અને સબ-લીઝ દસ્તાવેજોને આવરી લેવામાં આવશે. ૧ જાન્યુઆરી, ૨૦૧૮ પહેલા થયેલા ટ્રાન્સફરના કિસ્સામાં નક્કી કરાયેલ બજાર મૂલ્ય પર વસૂલવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટીમાં ૮૦% ઘટાડો કરાશે. બાકીની ૨૦% સ્ટેમ્પ ડ્યુટી નિયમ મુજબના દંડ સાથે ચૂકવવાની રહેશે. ૧ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ કે ત્યારબાદ થયેલા વ્યવહારોમાં પણ સ્ટેમ્પ ડ્યુટીની રકમમાં ૮૦%ની છૂટ મળશે અને બાકીની ૨૦% રકમ દંડ સાથે ચૂકવવાની રહેશે. ઉલ્લેખનીય છે કે જો ૨૦% સ્ટેમ્પ ડ્યુટી અને દંડની કુલ રકમ મૂળ સ્ટેમ્પ ડ્યુટી કરતાં વધી જશે, તો બેમાંથી જે રકમ વધારે હશે તે વસૂલવામાં આવશે.

કોર્ટ કેસ અને અપીલવાળા કિસ્સાઓ: જો કોઈ બાબતમાં નાયબ કલેક્ટરના આદેશ સામે અપીલ કરી હોય, તો ૨૫% રકમ સિક્યોરિટી તરીકે જમા કરાવીને લાભ મેળવી શકાશે. જો કોર્ટમાં અરજી પેન્ડિંગ હોય, તો અરજદારે કેસ પાછો ખેંચવો પડશે. ઓડિટ પેરામાં પણ રાહત: CAG/ઓડિટ નિરીક્ષણ દરમિયાન ઊભા થયેલા રિકવરી સંબંધિત કિસ્સાઓમાં પણ સ્વેચ્છાએ ડ્યુટી ભરીને આ સ્કીમનો લાભ લઈ શકાશે. ૩૦ જૂન, ૨૦૨૫ પછી અમલમાં મુકાયેલા કે કરવામાં આવેલા દસ્તાવેજો પર આ યોજનાનો કોઈ લાભ મળશે નહીં. જે કિસ્સાઓમાં આ નોટિફિકેશન બહાર પડતા પહેલા જ નિર્ણય લેવાઈ ગયો હોય અથવા સ્ટેમ્પ ડ્યુટી પહેલેથી જ ચૂકવી દેવામાં આવી હોય, તેમને કોઈ રિફંડ એટલે કે નાણાં પરત મળશે નહીં. સરકારના આ નિર્ણયથી GIDC વસાહતોમાં વર્ષોથી અટકેલા મિલકત ટ્રાન્સફર અને સ્ટેમ્પ ડ્યુટીના પ્રશ્નોનો ઝડપી ઉકેલ આવશે અને ઉદ્યોગકારોને આર્થિક રીતે મોટી રાહત મળશે.

---

### દારૂની બોટલો મળી આવતા સુરક્ષા સામે ગંભીર સવાલો

# અમદાવાદમાં ઓક્સિજન પાર્ક કે અસામાજિક તત્ત્વોનો અડ્ડો ?

## જાહેર જનતા માટે વિકસાવવામાં આવેલા આ પાર્કમાં આ પ્રકારની ગતિવિધિઓથી સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

અમદાવાદ શહેરના નિકોલ વોર્ડમાં આવેલા ઓક્સિજન પાર્કને લઈને એક ચોંકાવનારી બાબત સામે આવી છે. આ જાહેર પાર્ક અસામાજિક તત્વો માટેનો અડ્ડો બની ગયો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. પાર્કમાંથી દારૂની બોટલો મળી આવતા અહીં અસામાજિક તત્વો દ્વારા નશાખોરીની મહેફિલ જામતી હોવાની આશંકા પ્રબળ બની છે. પાર્કમાં પ્રવેશ મેળવવા માટે અસામાજિક તત્વો બાજુમાં આવેલા ફૂડ કોર્ટનું કાપડ ફાડીને અંદર પ્રવેશતા હોવાની માહિતી સામે આવી છે. જાહેર જનતા માટે વિકસાવવામાં આવેલા આ પાર્કમાં આ પ્રકારની ગતિવિધિઓથી સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મહાનગરપાલિકા દ્વારા શહેરના ગાર્ડન અને ઓક્સિજન પાર્ક જેવા જાહેર સ્થળોની સુરક્ષા માટે સિક્યુરિટી ગાર્ડ તૈનાત કરવામાં આવે છે. તેમ છતાં, ઓક્સિજન પાર્કમાંથી દારૂની બોટલો મળી આવતા સુરક્ષા વ્યવસ્થાની પોલ ખુલી ગઈ છે. જો રાત્રિના સમયે પણ સિક્યુરિટી ગાર્ડ ફરજ પર હાજર હોય, તો પછી અસામાજિક તત્વો પાર્કમાં કેવી રીતે પ્રવેશી શકે અને ત્યાં દારૂની મહેફિલો કેવી રીતે જામી શકે તે એક મોટો સવાલ છે. આ લાપરવાહીના કારણે ગાર્ડનની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.આ સમગ્ર મામલે કોર્પોરેશનના સંબંધિત અધિકારીએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે ઓક્સિજન પાર્કમાં વૃક્ષારોપણ સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવ્યું હતું. હવે સુરક્ષાને ધ્યાનમાં રાખીને પાર્ક ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવશે. આ ઉપરાંત, પાર્કમાં તૈનાત સિક્યુરિટી ગાર્ડ પોતાની ફરજ પર હાજર હતા કે નહીં તેની પણ સઘન તપાસ કરવામાં આવશે. જો તપાસ દરમિયાન સિક્યુરિટીની કામગીરીમાં કોઈ પણ પ્રકારની બેદરકારી પકડાશે, તો જવાબદારો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી છે. સ્થાનિક વર્તુળોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે કોર્પોરેશનનો ગાર્ડન વિભાગ સ્થળ પર નિયમિત દેખરેખ રાખવામાં સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ રહ્યો છે. ગાર્ડન વિભાગના અધિકારીઓ દ્વારા નિયમિત સ્થળ મુલાકાત લેવામાં આવતી નથી. સામાન્ય રીતે જ્યારે સોશિયલ મીડિયા પર કોઈ વીડિયો વાયરલ થાય અથવા બહારથી કોઈ ફરિયાદ આવે, ત્યારે જ તંત્ર હરકતમાં આવે છે અને દેખાડા માટે કાર્યવાહી કરવામાં આવે છે, જેના કારણે ગાર્ડન વિભાગની કામગીરી સામે પણ વ્યાપક રોષ અને સવાલો ઊભા થઈ રહ્યા છે.

---

# ગુજરાત સરકારે રાજ્યના તમામ હેલીપૅડને સતત 'ઓપરેશનલ કન્ડીશન'માં રાખવાના કડક દિશા-નિર્દેશો આપ્યા

ગાંધીનગર, તા.૩

રાજ્યમાં આપત્તિ વ્યવસ્થાપન, તબીબી કટોકટી, રાહત અને બચાવ કામગીરી તેમજ વડાપ્રધાન અને મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોના રાજ્યના પ્રવાસ દરમિયાન હેલીપૅડની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થતી હોય છે. કટોકટીના આવા સમયે હેલીપૅડનો તાત્કાલિક અને વિના અવરોધે ઉપયોગ થઈ શકે; તે હેતુથી રાજ્ય સરકારે એક સકારાત્મક અને મહત્ત્વનું પગલું ભર્યું છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ હયાત હેલીપૅડની નિયમિત અને ચુસ્ત જાળવણી કરવા માટે તમામ સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ દિશા-નિર્દેશો આપવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યરત રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા સત્તાવાર પરિપત્ર જાહેર કરીને આપવામાં આવેલા આ નવા દિશા-નિર્દેશો મુજબ હવે રાજ્યના દરેક હેલીપૅડનું ઓછામાં ઓછું દર ત્રણ માસે એકવાર ફરજિયાતપણે સ્થળ નિરીક્ષણ કરવામાં આવશે, જેથી તેની કાર્યક્ષમતાની સતત ચકાસણી કરી શકાય. નિરીક્ષણ દરમિયાન જો કોઈ પણ પ્રકારની ખામી કે મરામતની જરૂરિયાત જણાશે, તો તેને કોઈપણ પ્રકારના વિલંબ વિના તાત્કાલિક ધોરણે પૂર્ણ કરવામાં આવશે. તમામ હયાત હેલીપૅડ હંમેશા સંપૂર્ણપણે ઉપયોગલાયક એટલે કે 'ઓપરેશનલ કન્ડીશન'માં રહે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સંબંધિત કાર્યપાલક ઈજનેરને સોંપવામાં આવી છે. આ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે અધિક્ષક ઈજનેરઓ પણ તેમના કાર્યક્ષેત્રના તમામ હેલીપૅડની સમયાંતરે સતત સમીક્ષા કરતા રહેશે.

---

# ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશનના યુથ વિંગ અને સ્પોર્ટ્સ વિંગ તરફથી નાત અને ન્યાઝના કાર્યક્રમ યોજાયા

## ઈકબાલ મેમણ ઓફિસરના જન્મદિવસની ઉજવણી ઉત્સાહભેર કરાઈ

(સંવાદદાતા દ્વારા)

મુંબઈ, તા.૩

ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશન (AIMJF)ના યુથ વિંગ અને સ્પોર્ટ્સ વિંગ તરફથી નાત અને ન્યાઝની મહેફિલ સાથે AIMJFના પ્રેસિડેન્ટ ઈકબાલ મેમણ ઓફિસરની જન્મદિવસની ઉજવણી મંગળવાર, ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બેગ મોહમ્મદ પાર્ક, નારાયણ ધુરૂ સ્ટ્રીટ, મુંબઈ ખાતે ખૂબ જ આદર અને ખુશનુમા માહોલમાં યોજાઈ હતી.




આ પ્રસંગે આશરે ૧૫૦ લોકોએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં સમાજની જાણીતી હસ્તીઓ, સામાજિક કાર્યકરો, ઉલેમા, વકીલો, ડોક્ટરો તેમજ મેમણ સમાજના જવાબદાર આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ઈકબાલ મેમણ ઓફિસરને જન્મદિવસની દિલથી શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમની શરૂઆત યાસીન આસિફ ઓફિસર દ્વારા તિલાવત-એ-કલામ-એ-પાકથી કરવામાં આવી હતી.

ત્યારબાદ ઈમરાન ફૂટવાલાએ સ્વાગત પ્રવચન આપી તમામ મહેમાનોનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. તેમણે ઈકબાલ મેમણ ઓફિસરની સામાજિક સેવાઓ, માનવતાવાદી કાર્ય અને કોમ્યુનિટી માટે સતત કરવામાં આવી રહેલી મહેનતને બિરદાવી હતી.

આ મહેફિલમાં જાણીતા શાયરોએ પોતાના કલામ દ્વારા સમા બાંધી દીધો હતો. આ પ્રસંગે કાસિમ ઈમામ, મોહમ્મદ શાબાન, મુશીર અંસારી, મન્નાન ફારૂક, બિલાલ રઝ્ઝાક, શકીલ અહમદ અને જમીલ કામિલે પોતાના સુંદર અશઆર રજૂ કર્યા હતા, જેને ઉપસ્થિત લોકોએ ખૂબ પસંદ કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ ઈકબાલ મેમણ ઓફિસરની નિઃસ્વાર્થ, સમર્પિત અને માનવતાવાદી સામાજિક સેવાઓને બિરદાવી હતી. વક્તાઓએ જણાવ્યું હતું કે તેમણે મેમણ સમાજની પ્રગતિ તેમજ ફલાહ-ઓ-બહબૂદ માટે સતત સેવાઓ આપી છે.

આ પ્રસંગે નિઝામુદ્દીન રઈન, કમાલ માંડલેકર, એમએલએ અમીન પટેલ અને નૂરૂદ્દીન સેવવાલા સહિત અન્ય આગેવાનોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

ઈકબાલ મેમણ ઓફિસરની સામાજિક અને માનવતાવાદી સેવાઓની કદરરૂપે મહેમાનો અને ઉપસ્થિત લોકોની તરફથી તેમને શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશનના સેક્રેટરી અબ્દુલ અઝીઝ અઝીઝ મચ્છીવાળા, યુથ વિંગના ચેરમેન ઈમરાન ફૂટવાલા, જોઈન્ટ સેક્રેટરી યુસુફ મલ્કાની, બાબા સુપારીવાલા, એમએલએ અમીન પટેલ, નિઝામુદ્દીન રઈન, ઝેબુન્નિસા હમઝા મિલવાલા, એડવોકેટ ફિરોઝ ઉસ્માન, અંબર પટેલ, સિદ્દીક બાબલા, અમીન સલાયા, જાવેદ પારેખ, ડૉ. એ. રઝ્ઝાક હોલી, શબ્બીરભાઈ ડીઆઈ, કમાલ માંડલેકર, અનવર પિશોરી, લતીફ બાટલીવાલા, તાહેર મીઠા, સલીમ સુપારીવાલા, ઈમરાન ગુજરાતી, મુશીર અહમદ અંસારી, આમિર મેમણ, નાદિર ચૂંટણીવાલા, ફૈઝ સુપારીવાલા, ડૉ. આસિફ પોચી, ડૉ. શહનવાઝ અમદાની, શહઝાદ ગિગાની, વસીમ નાવીવાલા અને નૂરૂદ્દીન સેવવાલા સહિત મોટી સંખ્યામાં મેમણ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં વોટ ઑફ થેન્ક્સ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. દુઆ-એ-ખૈર અને લંગર-એ-નિયાઝ બાદ કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# અમેરિકાને આપેલી સૈન્ય સહાયના વિરોધમાં કુવૈત અને UAE પર હુમલા કર્યા હોવાનો ઈરાનનો દાવો

## યુએસ સ્ટ્રાઈક બાદ ઈરાનનો પલટવાર : ટ્રમ્પે વધુ હુમલા કરવાની ધમકી આપી; અમેરિકાની મધ્યસત્ર ચૂંટણી સુધી ખેંચાઈ શકે છે સંઘર્ષ

(એજન્સી) તા.૩

અમેરિકા દ્વારા કરવામાં આવેલા સૈન્ય હુમલાઓના જવાબમાં ઈરાને પ્રાદેશિક સંઘર્ષને વધુ વ્યાપક બનાવતા પડોશી દેશો પર કાર્યવાહી શરૂ કરી છે. ઈરાને દાવો કર્યો છે કે તેણે "ઈરાની જનતા સામે અમેરિકાએ કરેલા અપરાધો"ના વિરોધમાં અને યુએસ સૈન્યને ટેકો આપવા બદલ કુવૈત અને સંયુક્ત અરબ અમીરાત (UAE)માં સ્થિત સૈન્ય મથકોને નિશાન બનાવ્યા છે. ઈરાની હુમલાઓ બાદ વ્હાઈટ હાઉસ તરફથી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર વધુ આકરા પ્રહારો કરવાની સ્પષ્ટ ધમકી આપી છે, જેના કારણે મધ્ય પૂર્વમાં પરિસ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની ગઈ છે. કુવૈતના વિદેશ મંત્રાલયે ઈરાન દ્વારા વહેલી સવારે કરવામાં આવેલા આ શ્રેણીબદ્ધ હુમલાઓની સખત શબ્દોમાં નિંદા કરી છે. કુવૈતે આ કાર્યવાહીને પોતાની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન અને દેશની સુરક્ષા તથા સ્થિરતા સામે પ્રત્યક્ષ સિંહાસન સમાન ગણાવી છે. મંત્રાલયે જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું છે કે નાગરિકો અને રક્ષણાત્મક માળખાઓને નિશાન બનાવતા આ હુમલાઓ આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ છે અને શાંતિ સ્થાપવાના રાજદ્વારી પ્રયાસોને નુકસાન પહોંચાડે છે. કુવૈતે સ્પષ્ટ કર્યું છે કે તે પોતાની પ્રાદેશિક અખંડિતતા અને નાગરિકોના રક્ષણ માટે જરૂરી તમામ પગલાં લેવાનો સંપૂર્ણ અધિકાર ધરાવે છે. નિષ્ણાતોના મતે ઈરાન હાલમાં અમેરિકામાં આગામી સમયમાં યોજાનારી મધ્યસત્ર (મિડટર્મ) ચૂંટણીઓના પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. કતારની હમાદ બિન ખલીફા યુનિવર્સિટીના પ્રોફેસર સુલતાન બરકાતના જણાવ્યા અનુસાર, ઈરાન એવી આશા રાખી રહ્યું છે કે જો ચૂંટણીમાં ડેમોક્રેટ્સ સરસાઈ મેળવશે તો વોશિંગ્ટનનો આક્રમક



અભિગમ બદલાઈ શકે છે અને યુદ્ધવિરામ કે વાટાઘાટોનો માર્ગ મોકળો થઈ શકે છે. જોકે, તેમણે ચેતવણી પણ આપી હતી કે આ ઈરાન માટે એક મોટો જુગાર સાબિત થઈ શકે છે, કારણ કે વર્તમાન સ્થિતિમાં ટ્રમ્પ પાસે ગુમાવવા માટે કશું નથી અને તેઓ અણધારી આકરી કાર્યવાહી કરી શકે છે. આ લંબાઈ રહેલા સંઘર્ષના કારણે ગલ્ફ દેશોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. છેલ્લા છ મહિનાથી વધુ સમયથી ચાલી રહેલા આ વિવાદમાં ગલ્ફ ક્ષેત્રના દેશો આર્થિક દબાણ હેઠળ આવી ગયા છે. આ પરિસ્થિતિ ઉકેલવા માટે ઈરાન સાથે સીધી વાટાઘાટો કરવાનો કોઈ એકસંપ પ્રયાસ હજુ સુધી સામે આવ્યો નથી, જેના કારણે સમગ્ર પ્રદેશની આર્થિક સ્થિરતા સામે મોટા પ્રશ્નાર્થ ઊભા થયા છે.

# નેતાન્યાહુએ કહ્યું : ઈઝરાયેલ ગાઝાની 'યલો લાઈન' પરથી પીછેહઠ નહીં કરે, નિયંત્રણ વિસ્તાર વધારવાની યોજના

## ગાઝામાં ઈઝરાયેલી દળોની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રીની સ્પષ્ટતા : હમાસને નિઃશસ્ત્ર કરવા અને ગાઝાને સૈન્યમુક્ત બનાવવાનું લક્ષ્ય હજુ પણ યથાવત્

(એજન્સી) તા.૩

ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતાન્યાહુએ ગાઝા પટ્ટીમાં તૈનાત ઈઝરાયેલી સૈન્ય દળોની મુલાકાત દરમિયાન જણાવ્યું છે કે ઈઝરાયેલી સેના હાલમાં પોતાના નિયંત્રણ હેઠળના વિસ્તારોમાંથી પીછેહઠ કરશે નહીં. આ સાથે જ તેમણે સંકેત આપ્યા હતા કે ઈઝરાયેલ ગાઝામાં પોતાના પ્રાદેશિક નિયંત્રણનો વિસ્તાર વધારવાનો ઈરાદો ધરાવે છે. નેતન્યાહુએ લશ્કરી ચીફ ઓફ સ્ટાફ અયાલ ઝમીર અને સાઉધર્ન કમાન્ડના વડા સાથે "યલો લાઈન" પર આવેલા ઈઝરાયેલી સૈન્ય મથકની સમીક્ષા કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. પોતાના નિવેદનમાં નેતન્યાહુએ ઉમેર્યું હતું કે ઈઝરાયેલ હાલમાં ગાઝા પટ્ટીના આશરે ૬૦ ટકા જેટલા વિસ્તાર પર નિયંત્રણ ધરાવે છે. આ જ વિસ્તારને તેમણે "યલો લાઈન" તરીકે સંબોધ્યો હતો, જે ઓક્ટોબર ૨૦૨૫થી અમલમાં આવેલી યુદ્ધવિરામ વ્યવસ્થા હેઠળ ઈઝરાયેલી સૈન્યની તૈનાતી માટે નક્કી કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે ઈઝરાયેલ આ રેખા પર મજબૂત રીતે ટકી રહેશે અને ભવિષ્યમાં ગાઝા પરનું આ નિયંત્રણ વધુ વિસ્તૃત કરવામાં આવશે. નેતાન્યાહુએ જણાવ્યું હતું કે ઈઝરાયેલનો મુખ્ય ઉદ્દેશ્ય હમાસને સંપૂર્ણપણે નિઃશસ્ત્ર કરવાનો અને ગાઝાને સૈન્યમુક્ત બનાવવાનો છે, જેથી તે ઈઝરાયેલ માટે ભવિષ્યમાં ક્યારેય ખતરો ન બની શકે. તેમણે ઉમેર્યું હતું કે આ લક્ષ્ય ઘણે અંશે હાંસલ કરી લેવામાં આવ્યું છે, પરંતુ હજુ પણ ઘણું કામ બાકી છે. ગાઝા ડિવિઝન હેડક્વાર્ટર



ખાતે સુરક્ષા સમીક્ષા યોજ્યા બાદ, તેમણે શિન બેટ સ્પેશિયલ ફોર્સના સભ્યો સાથે પણ મુલાકાત કરી હતી, જેમણે ગાઝામાં હમાસના આંતરિક સુરક્ષા માળખાના વડા મુઈન મોહમ્મદ અલ-અરબીદની ધરપકડ કરી છે. પ્રધાનમંત્રી નેતાન્યાહુએ અલ-અરબીદ પર બંધકોને છુપાવવા, હમાસના નેતાઓને સંરક્ષણ પૂરું પાડવા અને ઈઝરાયેલી દળો પર હુમલાનું આયોજન કરવાનો આરોપ લગાવ્યો હતો. જોકે, આ આરોપોની સ્વતંત્ર રીતે કોઈ પુષ્ટિ થઈ નથી. આ સિવાય નેતન્યાહુએ પુનરોચ્ચાર કર્યો હતો કે ઈઝરાયેલ ૭ ઓક્ટોબર ૨૦૨૩ના હુમલા માટે જવાબદાર હમાસના નેતાઓ અને સભ્યોનો પીછો કરવાનું ચાલુ રાખશે.

# ટ્યુનિશિયાની ટોચની અદાલતે વિપક્ષી અગ્રણીઓના સામૂહિક ખટલાની અંતિમ સુનાવણી શરૂ કરી

(એજન્સી) તા.૩

ટ્યુનિશિયાની કોર્ટ ઓફ કેસેશને ગુરુવારે કહેવાતા 'ષડયંત્ર કેસ'ની અંતિમ અપીલની સુનાવણી શરૂ કરી, જેમાં ડઝનબંધ વિપક્ષી વ્યક્તિઓ પર રાજ્ય વિરૂદ્ધ કાવતરૂં ઘડવાનો આરોપ છે. નવેમ્બરમાં, ૩૪ પ્રતિવાદીઓ, જેમાંના ઘણા રાષ્ટ્રપતિ કૈસ સૈયદના ટીકાકારો હતા, ને અપીલ ટ્રાયલમાં ૪૫ વર્ષ સુધીની જેલની સજા ફટકારવામાં આવી હતી, જેની અધિકાર જૂથો દ્વારા તીવ્ર ટીકા કરવામાં આવી છે. પત્રકારે અહેવાલ આપ્યો કે ગુરૂવારે સવારે પ્રતિવાદીઓના સમર્થનમાં કોર્ટહાઉસની બહાર એક નાનું પ્રદર્શન એકત્ર થયું હતું. બુધવારે વકીલ અને વિપક્ષી નેતા દાલીલા મસાદેક, જેમના ભાઈ જવાહર બેન મ્બારેક ટ્રાયલ પર છે, તેમણે કાર્યવાહીની નિંદા કરી અને તેમને 'રાજકીય સૂચનાઓનું સ્પષ્ટ અમલીકરણ' ગણાવ્યું. સામૂહિક ટ્રાયલના આરોપીઓમાં પક્ષના નેતાઓ ઈસમ ચેબ્બી અને ગાઝી ચૌઆચી, તેમજ ઉદ્યોગપતિ કામેલ લતાઈફનો સમાવેશ થાય છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે ટ્યુનિશિયાના અધિકારીઓને વિનંતી કરી છે કે, 'ન્યાયની એક મજાકને સુધારે જેણે ૩૪ અગ્રણી વિપક્ષી વ્યક્તિઓ, માનવાધિકાર રક્ષકો અને વકીલોના જીવનને ઉથલાવી નાખ્યું છે જેમને



પાયાવિહોણા આરોપોમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા'. ટ્યુનિશિયા આરબ સ્પ્રિંગના એકમાત્ર લોકશાહી તરીકે ઉભરી આવ્યા પછી ૨૦૧૯માં કૈસ સૈયદ ચૂંટાયા હતા. પરંતુ ૨૦૨૧માં, તેમણે ભારે સત્તા હડપ કરી, અને માનવ અધિકાર જૂથોએ ત્યારથી સ્વતંત્રતાઓ પર મોટા રોલબેકની ટીકા કરી છે.

# બ્લેરે પેલેસ્ટીની ઓથોરિટીને સ્કૂલના પુસ્તકોમાંથી 'પેલેસ્ટીન' નામ દૂર કરવા જણાવ્યું હતું

(એજન્સી) તા.૩

પૂર્વ બ્રિટિશ રાજદૂત જેરેમી ગ્રીનસ્ટોકે ખુલાસો કર્યો છે કે પૂર્વ વડાપ્રધાન ટોની બ્લેરે પેલેસ્ટીની ઓથોરિટીને સ્કૂલના પાઠ્યપુસ્તકોમાંથી "પેલેસ્ટીન" નામ દૂર કરવા અને તેના બદલે કબજા હેઠળના પશ્ચિમ કાંઠા માટે બાઈબલના નામ, સમરિયાનો ઉપયોગ કરવા કહ્યું હતું. બુધવારે મિડલ ઈસ્ટ આઈ દ્વારા પ્રકાશિત એક ઈન્ટરવ્યુમાં, ગ્રીનસ્ટોકે બ્લેરની તટસ્થ મધ્યસ્થી તરીકે કાર્ય કરવાની ક્ષમતા પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે તેઓ યુદ્ધ પછીના ગાઝાની દેખરેખ રાખવામાં તેમની ભૂમિકામાં "મુશ્કેલીઓ"નો સામનો કરી રહ્યા છે. ૧૯૯૮થી ૨૦૦૩ સુધી સંયુક્ત રાષ્ટ્રમાં બ્રિટનના રાજદૂત તરીકે સેવા આપનારા ગ્રીનસ્ટોકે કહ્યુંઃ "હું સમજું છું કે, તાજેતરમાં જ, શાંતિ બોર્ડ દ્વારા તેમને રામલ્લાહ જવા અને પેલેસ્ટીની અભ્યાસક્રમમાંથી પેલેસ્ટીન શબ્દનો કોઈપણ ઉલ્લેખ દૂર કરવા માટે કહેવામાં આવ્યું હતું, જો તેઓ ૭ ઓક્ટોબરથી શરૂ થયેલા વર્તમાન સંઘર્ષને સમાપ્ત કરવા માટે ઈઝરાયેલ સાથે કરાર કરવા સક્ષમ હોય તો શાંતિ બોર્ડ દ્વારા તેમને વર્તવામાં આવે." "રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસે કહ્યું હતું કે તેઓ આવું કંઈ કરશે નહીં," ગ્રીનસ્ટોકે ઉમેર્યું. "પરંતુ શાંતિ બોર્ડ પેલેસ્ટિનિયન શૈક્ષણિક અભ્યાસક્રમમાં આવું કરવા માટે કહી શકે છે તે હકીકત મને આશ્ચર્યચકિત કરે છે કે શાંતિ બોર્ડ કયા સિદ્ધાંતો પર કામ કરી રહ્યું છે અને તેમની પાસે ન્યાય, ન્યાયીપણાની ભાવના, આ બધાના ઈતિહાસની શું સમજ છે."



# ઈઝરાયેલી જેલમાં ગાઝાના ડોક્ટર અબુ સફિયા પર અત્યાચારનો કોઈ અંત નથી : જાણવા જેવી વિગતો

## લગભગ બે વર્ષથી કસ્ટડીમાં રહેલા અબુ સફિયાને જેલની અંદર દુર્વ્યવહારનો સામનો કરવો પડી રહ્યો છે

(એજન્સી) તા.૩

પેલેસ્ટીની ડોક્ટર હુસમ અબુ સફિયા જેમને ૨૦૨૪ના અંતમાં ગાઝામાં ઈઝરાયેલી સૈન્ય દ્વારા પકડવામાં આવ્યા હતા અને હજુ પણ અટકાયતમાં રાખવામાં આવ્યા છે, તેઓ ૧૦ જૂન, ૨૦૨૬ના રોજ જેરૂસલેમમાં ઈઝરાયેલી સુપ્રીમ કોર્ટની સુનાવણીમાં વીડિયો લિંક દ્વારા હાજર થયા. જેલમાં બંધ પેલેસ્ટીની ડોક્ટર હુસમ અબુ સફિયાને ઈઝરાયેલી અટકાયત હેઠળ દુર્વ્યવહારનો સામનો કરવો પડી રહ્યો છે, તેમના વકીલના જણાવ્યા અનુસાર જેલમાં બંધ પેલેસ્ટીની ડોક્ટર હુસમ અબુ સફિયાને ઈઝરાયેલી અટકાયત હેઠળ દુર્વ્યવહારનો સામનો કરવો પડી રહ્યો છે, જેનાથી જેલની અંદર તેમની સલામતી અંગે નવી ચિંતાઓ ઊભી થઈ છે.

ઈઝરાયેલે ૨૭ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ઉત્તર ગાઝાની કમાલ અદવાન હોસ્પિટલમાંથી હોસ્પિટલ ખાલી કરવાના ઈઝરાયેલી આદેશોનો ભંગ કરવા બદલ અબુ સફિયાનું અપહરણ કર્યું હતું - તે સમયે બાકી રહેલી છેલ્લી કાર્યરત તબીબી સુવિધાઓમાંની એક. ઈઝરાયેલે ગાઝાની આરોગ્યસંભાળ વ્યવસ્થાને ક્ષતિગ્રસ્ત કરવાના પ્રયાસના ભાગરૂપે સેંકડો ડોક્ટરોને મારી નાખ્યા છે અને ગાઝાની લગભગ બધી હોસ્પિટલોનો નાશ કર્યો છે અથવા નુકસાન પહોંચાડ્યું છે. પેલેસ્ટીની ડોક્ટરના પરિવાર અને ઝુંબેશકારો નિયમિતપણે જેલમાં તેમની શારીરિક સ્થિતિને પ્રકાશિત કરે છે, તેમની મુક્તિની માંગ કરે છે. જુલાઈમાં સંયુક્ત રાષ્ટ્રના તપાસ પંચે જણાવ્યું હતું કે, અબુ સુફિયાને 'સતત અને ગંભીર દુર્વ્યવહાર'નો સામનો કરવો પડ્યો હતો અને ગયા મહિને ગાઝાના આરોગ્ય મંત્રાલયના ડિરેક્ટર જનરલે જેલમાં બંધ ડોક્ટરના જીવનને 'બચાવવા' માટે તાત્કાલિક પગલાં લેવાની હાકલ કરી હતી. ફિઝિશિયન્સ ફોર હ્યુમન રાઈટ્સ ઈઝરાયેલ (PHRI) દ્વારા બુધવારે એક નિવેદનમાં જણાવાયું છે કે, જેલમાં બંધ ડોક્ટરની તાજેતરની જુબાની તેમના વકીલ નાસેર ઓદેહ દ્વારા આપવામાં આવી હતી. ઓદેહ ૩૦ ઓગસ્ટના રોજ નિત્ઝાન જેલની અંદર રાકેફેટ અટકાયત સુવિધામાં અબુ સફિયાની મુલાકાત લીધી હતી. અબુ સફિયાએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલી જેલના રક્ષકો એમને મારવાનું ચાલુ રાખે છે, એમને ઊંઘથી વંચિત રાખે છે અને એમના વકીલ સાથે તેની અટકાયતની પરિસ્થિતિઓ શેર કરવા સામે ધમકી આપે છે. PHRIના નિવેદન મુજબ રક્ષકો 'મુક્કા અને લાત મારીને અને તેના શરીર પર, સંવેદનશીલ વિસ્તારો સહિત, લાકડીઓથી માર મારીને' ડોક્ટર પર હુમલો કરે છે. PHRIએ જણાવ્યું હતું કે, અબુ સફિયાને આખી રાત લાઉડસ્પીકર અને અન્ય અવાજોના ઉપયોગ દ્વારા 'ઈરાદાપૂર્વક' ઊંઘથી વંચિત રાખવામાં આવે છે. અધિકાર જૂથો અને તેના પરિવારે લાંબા સમયથી કહ્યું છે કે, તે નિયમિતપણે ત્રાસ ગુજારવામાં આવ્યો હોવાના સંકેતો દર્શાવે છે. ડોક્ટરને ભૂગર્ભ રાકેફેટ સુવિધામાં એકાંત કેદમાં રાખવામાં આવ્યા છે, જ્યાં તેમને દરરોજ હિંસા અને માર મારવામાં આવ્યો છે, તેમના વકીલે ભૂતકાળમાં કહ્યું છે. એક સમયે તેમની ઈજાઓ એટલી ગંભીર હતી - 'તેમના માથા પર, આંખોની આસપાસ, કાન પર અને ગળા પર તાજા અને ગંભીર ઉઝરડા' હતા, કે તેમના વકીલને તેમને ઓળખવામાં મુશ્કેલી પડી રહી હતી, ઈઝરાયેલી અધિકાર જૂથ PHRIએ જુલાઈમાં જણાવ્યું હતું. જૂનમાં ઈઝરાયેલી કોર્ટ સમક્ષ વીડિયોલિંક દ્વારા રજૂ થયેલા અબુ સફિયાના ફૂટેજમાં તે તેના ચહેરા અને પેટની આસપાસ નોંધપાત્ર રીતે પાતળા દેખાતા હતા. ૧૦ ઓગસ્ટના રોજ તેમને રાકેફેટથી રામલા જેલ ખાતે જેલ સેવાના તબીબી કેન્દ્રમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા હતા, જે PHRIએ જણાવ્યું છે કે, 'પોતે જ ગંભીર તબીબી જરૂરિયાતો સૂચવે છે જે સામાન્ય જેલથી પણ બદતર છે. જેલમાં બંધ ગાઝા ડોક્ટરની જુબાની ત્યારે આવી છે જ્યારે PHRI એક સ્વતંત્ર ચિકિત્સક દ્વારા તેમની તપાસ કરવાની માગણી કરતી કાનૂની કાર્યવાહી કરી રહ્યું છે - ૭ જુલાઈના રોજ ઈઝરાયેલ જેલ સેવાને સબમિટ કરાયેલી વિનંતી પરંતુ જે હજુ સુધી મંજૂર કરવામાં આવી નથી, સંગઠને જણાવ્યું હતું. અબુ સફિયાએ જૂથ દ્વારા ઈઝરાયેલી વહીવટી અદાલતમાં પણ અરજી કરી



છે, જ્યારે ઈઝરાયેલ જેલ સેવાએ તાજેતરમાં તેનો જવાબ રજૂ કરવા માટે વધારાનો સમય માંગ્યો છે. ડોક્ટર સામે કોઈ આરોપ નથી અને તેમના પર કોઈ કેસ ચલાવવામાં આવ્યો નથી કારણ કે, તેમને ઈઝરાયેલના ગેરકાયદેસર લડાયક કાયદા હેઠળ રાખવામાં આવ્યા છે - એક નીતિ જે તે લાંબા સમય સુધી પેલેસ્ટીનીઓને કેસ વિના રાખવામાં આવતી હતી. કમાલ અદવાન હોસ્પિટલ પર દરોડા પાડ્યા પછી ઈઝરાયેલી દળોએ ડોક્ટરનું અપહરણ કર્યું હતું, જે નાશ પામી હતી. તેમણે હોસ્પિટલ ખાલી કરવાનો ઈન્કાર કર્યો હતો. તેમની અટકાયત પહેલાં તેઓ ઈઝરાયેલના નરસંહાર દરમિયાન ગાઝાના નાશ પામેલા આરોગ્યસંભાળ ક્ષેત્રને ઉજાગર કરતા એક અગ્રણી અવાજ હતા અને ઈઝરાયેલી ડ્રોન હુમલામાં તેમના એક પુત્રના મૃત્યુ છતાં એમને કામ ચાલુ રાખ્યું હતું. PHRI અનુસાર ગાઝાના ઓછામાં ઓછા ૧૩ અન્ય પેલેસ્ટીની ડોક્ટરોને દોઢ વર્ષથી વધુ સમયથી આરોપો અથવા યોગ્ય પ્રક્રિયા વિના જેલમાં રાખવામાં આવ્યા છે. 'અમારી મુખ્ય માંગ યથાવત છેઃ ગાઝાના ૧૪ ચિકિત્સકોને મુક્ત કરવા, જેમાં ડૉ.અબુ સફિયાનો સમાવેશ થાય છે, જેથી તેઓ તેમના પરિવારો સાથે ફરી મળી શકે અને તેમની તબીબી ફરજો ફરી શરૂ કરી શકે,' સંગઠને બુધવારે તેના નિવેદનમાં જણાવ્યું હતું. જુલાઈમાં યુએનના સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય તપાસ પંચ ઓન ધ ઓક્યુપાઈડ પેલેસ્ટીની ટેરિટરી દ્વારા ઈઝરાયેલને અબુ સફિયાને તાત્કાલિક મુક્ત કરવા હાકલ કરવામાં આવી હતી. કમિશને ઈઝરાયેલી અધિકારીઓને તેમને તાત્કાલિક સ્વતંત્ર તબીબી સંભાળ પૂરી પાડવા પણ વિનંતી કરી હતી. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ અને હ્યુમન રાઈટ્સ વોચ સહિત અગ્રણી માનવ અધિકાર સંગઠનોએ પણ તેમની મુક્તિ અને ઈઝરાયેલી કસ્ટડીમાં તેમના ત્રાસનો અંત લાવવા માટે અરજી કરી છે. યુએન કમિશનના જુલાઈના અહેવાલમાં જાણવા મળ્યું છે કે, અબુ સફિયા પ્રત્યે ઈઝરાયેલી અધિકારીઓનું વર્તન અગાઉના અહેવાલોમાં ઓળખાયેલા ઉલ્લંઘનોના વ્યાપક પેટર્નને પ્રતિબિંબિત કરે છે. કમિશને શોધી કાઢ્યું છે કે, પેલેસ્ટીનીઅ અટકાયતીઓ સાથે ત્રાસ અને દુર્વ્યવહાર વ્યાપક અને વ્યવસ્થિત છે. તેણે ઈઝરાયેલને મનસ્વી અટકાયત અને ત્રાસ આપવાની તેની પ્રથાઓ બંધ કરવા હાકલ કરી છે અને વિનંતી કરી છે કે, સ્વતંત્ર તબીબી નિષ્ણાતો, રેડ ક્રોસની આંતરરાષ્ટ્રીય સમિતિ અને માનવ અધિકાર નિરીક્ષકોને અટકાયત સ્થળોએ અવરોધ વિના પ્રવેશ આપવામાં આવે. PHRI અનુસાર ઓક્ટોબર ૨૦૨૩થી જેલોમાં પેલેસ્ટીની કેદીઓ સામે ઈઝરાયેલની ત્રાસની નીતિમાં ઓછામાં ઓછા ૧૦૫ લોકો માર્યા ગયા છે. પેલેસ્ટીની અને ઈઝરાયેલી અધિકાર જૂથો અનુસાર ઈઝરાયેલમાં હાલમાં ૯૪૦૦થી વધુ કેદીઓ છે, જેમાં ૯૨ મહિલાઓ અને ૩૭૦થી વધુ બાળકોનો સમાવેશ થાય છે. ઈઝરાયેલ દ્વારા જેલમાં બંધ પેલેસ્ટીનીઓએ કસ્ટડીમાં વ્યાપક દુર્વ્યવહારનો સામનો કર્યો છે, જેમાં નિયમિત મારપીટ, ભૂખમરો અને જાતીય હુમલોનો સમાવેશ થાય છે. પૂર્વ પેલેસ્ટીની કેદીઓએ અલ જઝીરાને જણાવ્યું છે કે, તેઓ કેવી રીતે રક્ષકો અને સૈનિકો દ્વારા ત્રાસ અને જાતીય હિંસા સહિત અમાનવીય વર્તનનો ભોગ બન્યા હતા.

# ઈઝરાયેલી પોલીસે વેસ્ટ બેંકના ગામમાં વસાહતીઓ પર હુમલો કરવાના શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી

(એજન્સી) તા.૩

ઈઝરાયેલી પોલીસે ગુરુવારે પશ્ચિમ કાંઠાના કુસરા ગામ પર ઈઝરાયેલી વસાહતીઓ દ્વારા સપ્તાહના અંતે થયેલા હુમલામાં એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી, જ્યાં ગયા મહિને પેલેસ્ટીની ઘરોને વસાહતીઓ દ્વારા ઘેરી લેવામાં આવ્યા હતા. શનિવારે ડઝનેક ઈઝરાયેલી વસાહતીઓએ નેબ્લુસ નજીકના ગામ પર હુમલો કર્યો, રહેવાસીઓ પર પથ્થરમારો કર્યો અને પેલેસ્ટીનીઓ અંદર હતા ત્યારે એક ઘરમાં પોતાને ઘેરી લીધા, જેના કારણે સેનાને હસ્તક્ષેપ કરવો પડ્યો. "સમરિયા વિસ્તાર (ઉત્તરીય પશ્ચિમ કાંઠા)ના રહેવાસી ૧૯ વર્ષીય શંકાસ્પદ વ્યક્તિને પૂછપરછ માટે લઈ જવામાં આવ્યો છે અને ત્યારબાદ કોર્ટમાં સુનાવણી દરમિયાન, પોલીસ તેની અટકાયત લંબાવવાની વિનંતી કરે તેવી અપેક્ષા છે," પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું. ગયા મહિને, વસાહતીઓના એક જૂથે કુસરાની બહારના ભાગમાં પેલેસ્ટિનિયન ઘરોમાં પ્રવેશતા પુરવઠાને રોકવાનું શરૂ કર્યું, જેના કારણે રહેવાસીઓ અંદર ફસાઈ ગયા. આ ઘટનાની ઈઝરાયલમાં યુએસ રાજદૂત માઈક હુકાબી દ્વારા અસામાન્ય રીતે આકરી ટીકા કરવામાં આવી હતી, જ્યારે બ્રિટનના વિદેશ સચિવે પેલેસ્ટીનીઓ સામે ઈઝરાયેલી વસાહતીઓ દ્વારા કરવામાં આવતી "ભયાનક" હિંસાનો કડક જવાબ આપવાની પ્રતિજ્ઞા લીધી હતી. પેલેસ્ટીનીઓ પર હુમલો કરનારા હિંસક ઈઝરાયેલી



વસાહતીઓની ધરપકડ દુર્લભ છે, પરંતુ આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયા બાદ, પોલીસે ગુરુવારે વચન આપ્યું હતું કે તે જવાબદાર લોકોનો પીછો કરવાનું ચાલુ રાખશે. પોલીસ અને ISA (શિન બેટ આંતરિક સુરક્ષા સેવા)ની સંયુક્ત તપાસ ટીમ આ ગંભીર ઘટનામાં ભાગ લેનારા તમામ લોકોને શોધવા અને ધરપકડ કરવા માટે પુરાવા એકત્રિત કરવા અને જુબાનીઓ લેવાના પ્રયાસો ચાલુ રાખે છે," પોલીસે જણાવ્યું હતું.

# ઓક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયેલ દ્વારા વેસ્ટબેંકમાંથી બળજબરીથી હાંકી કાઢવામાં આવેલા પેલેસ્ટીની ગામોની સંખ્યા ૬૬ : અધિકાર જૂથ

(એજન્સી) તા.૩

ઈઝરાયેલી અધિકાર જૂથ બી'ત્સેલેમે બુધવારે જણાવ્યું હતું કે, ઈઝરાયેલે દક્ષિણ કબજા હેઠળના પશ્ચિમ કાંઠાના ખિરબેત અલ-તાબાનના રહેવાસીઓને બળજબરીથી વિસ્થાપિત કર્યા છે, જેના કારણે તે ઓકટોબર ૨૦૨૩થી તેના રહેવાસીઓથી સંપૂર્ણપણે ખાલી કરાયેલ ૬૬મું પેલેસ્ટીની ગામ બન્યું છે. જૂથે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈઝરાયેલી દળોએ બુધવારે સવારે હેબ્રોનની દક્ષિણે આવેલા ગામમાં દરોડો પાડ્યો હતો અને કલાકોમાં જ તેના તમામ રહેવાસીઓના ઘરો તોડી પાડ્યા હતા. ખિરબેત અલ-તાબાનમાં ૧૨ પરિવારો રહે છે જેમાં ૨૮ બાળકો સહિત લગભગ ૭૦ લોકો રહે છે, એમ તેમાં જણાવાયું છે. જૂથના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી દળોએ ઘેટાંના વાડા, પાણીની ટાંકીઓ અને સંગ્રહ સુવિધાઓનો પણ નાશ કર્યો અને આ વિસ્તારમાં ગુફાઓનો નાશ કર્યો. બી'ત્સેલેમે જણાવ્યું હતું કે ખિરબેત અલ-તાબાન એ "ઓકટોબર ૨૦૨૩થી ઈઝરાયેલે બળજબરીથી વિસ્થાપિત કરેલું ૬૬મું પેલેસ્ટીની ગામ હતું," જ્યારે અન્ય ૧૮ ગામોના રહેવાસીઓને આંશિક રીતે વિસ્થાપિત કરવામાં આવ્યા છે. જૂથે જણાવ્યું હતું કે વિસ્થાપન કામગીરીથી લગભગ ૪,૯૩૧ પેલેસ્ટીનીને તેમના ઘરમાંથી બળજબરીથી દૂર કરવામાં આવ્યા છે, જેમાં આશરે ૨,૩૩૯ બાળકો અને કિશોરોનો સમાવેશ થાય છે. પેલેસ્ટીની કમિશને ઓગસ્ટમાં પશ્ચિમ કાંઠે ૨,૦૩૦ ઈઝરાયેલી સૈન્ય અને વસાહતીઓના હુમલા નોંધ્યા બી'ત્સેલેમના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર યુલી નોવાકે જણાવ્યું હતું કે ઈઝરાયેલ "પશ્ચિમ કાંઠે જે વંશીય સફાઈ કરી રહ્યું છે તેના ભાગ રૂપે ઝડપી ગતિએ પેલેસ્ટિનિયન સમુદાયોને ભૂંસી નાખવાનું ચાલુ રાખી રહ્યું છે." નોવાકે કહ્યું કે આંતરરાષ્ટ્રીય સમુદાય "જ્યારે પેલેસ્ટીની લોકોના જીવન ઈઝરાયેલી હિંસાના સંપર્કમાં રહે છે



ત્યારે આળસથી ઉભો છે." ખિરબેત અલ-તાબાનનું ધ્વંસ એ પશ્ચિમ કાંઠે, જેમાં કબજા હેઠળના પૂર્વ જેરૂસલેમનો સમાવેશ થાય છે, તેના કબજા હેઠળના હુમલાઓ અને ગેરકાયદેસર વસાહત ચોકીઓ અને પ્રોજેક્ટ્સની સ્થાપના સાથે, કબજા હેઠળના પૂર્વ જેરૂસલેમ સહિત સમગ્ર પશ્ચિમ કાંઠે પેલેસ્ટીની જમીન પર કબજો મેળવવામાં વધારો થયો છે. પેલેસ્ટીની કોલોનાઈઝેશન એન્ડ વોલ રેઝિસ્ટન્સ કમિશન અનુસાર, જુલાઈમાં, ઈઝરાયલી અધિકારીઓએ પશ્ચિમ કાંઠે લગભગ ૮૩૧,૦૦૦ ચોરસ મીટર પેલેસ્ટીની જમીન જપ્ત કરવાના ૩૧ આદેશો જારી કર્યા હતા. કમિશન અનુસાર, ઈઝરાયેલી સેના અને કબજા હેઠળના લોકોએ મહિના દરમિયાન પેલેસ્ટીની, તેમની જમીન અને મિલકત પર ૨,૨૫૬ હુમલાઓ પણ કર્યા હતા, જેમાં સેના દ્વારા ૧,૪૫૮ અને કબજા હેઠળના લોકો દ્વારા ૭૯૮ હુમલાઓનો સમાવેશ થાય છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# મોંઘવારીનો માર : વિકાસના આંકડા ઊંચા પણ સામાન્ય માણસના ખાલી થતાં જતાં ખિસ્સા

દેશની અર્થવ્યવસ્થાની તંદુરસ્તી માપવા માટે સરકારો ઘણીવાર વિકાસદર, ઉત્પાદન, શેરબજાર અને અન્ય આર્થિક આંકડાઓનો સહારો લે છે. પરંતુ સામાન્ય નાગરિક માટે અર્થવ્યવસ્થાની સાચી સ્થિતિ કોઈ આંકડામાં નહીં, પરંતુ મહિનાના અંતે ખિસ્સામાં બચેલી રકમમાં દેખાય છે. જો આવક લગભગ એટલી જ રહે અને દૂધ, શાકભાજી, અનાજ, ગેસ, વીજળી, પરિવહન અને શિક્ષણ જેવી મૂળભૂત જરૂરિયાતો સતત મોંઘી થતી જાય તો વિકાસના મોટા દાવાઓ સામાન્ય માણસ માટે કોઈ અર્થ ધરાવતા નથી.

આજે મોંઘવારીનો સૌથી મોટો પ્રભાવ મધ્યમ વર્ગ અને ઓછી આવક ધરાવતા પરિવારો પર પડી રહ્યો છે. આવકનો મોટો હિસ્સો પહેલેથી જ ખોરાક અને રોજિંદી જરૂરિયાતોમાં વપરાઈ જાય છે. તેમાં જ્યારે જરૂરી ચીજવસ્તુઓના ભાવ વધે છે ત્યારે પરિવાર પાસે બચત, આરોગ્ય, શિક્ષણ કે અન્ય જરૂરી ખર્ચ માટેની જગ્યા ઘટતી જાય છે. પરિણામે લોકો પોતાના બજેટમાં કાપ મૂકવા મજબૂર બને છે.

મોંઘવારીની સમસ્યા માત્ર કોઈ એક વસ્તુના ભાવ વધવાથી ઊભી થતી નથી. તેની પાછળ ઉત્પાદન ખર્ચ, પરિવહન ખર્ચ, ઈંધણના ભાવ, સપ્લાય ચેઈન, હવામાન, જથ્થાબંધ સંગ્રહ અને બજારની અસ્થિરતા જેવા અનેક પરિબળો કામ કરે છે પરંતુ અહીં સૌથી મહત્ત્વનો પ્રશ્ન એ છે કે સરકારની નીતિઓ સામાન્ય ગ્રાહકને રાહત આપવામાં કેટલી સફળ સાબિત થઈ રહી છે ? મોંઘવારીના સત્તાવાર આંકડા ઘણીવાર નિયંત્રણમાં દેખાય છે, પરંતુ સામાન્ય માણસનો અનુભવ કંઈક જુદો જ હોય છે. કારણ કે સત્તાવાર સૂચકાંકોમાં સરેરાશ ભાવની ગણતરી થાય છે, જ્યારે ઘર ચલાવતી વ્યક્તિ માટે દૈનિક ખરીદીની કેટલીક વસ્તુઓના ભાવ વધારે મહત્ત્વ ધરાવે છે. જો રસોડાનું બજેટ જ વધી જાય તો કાગળ પર મોંઘવારીનો દર ઓછો હોવા છતાં પરિવાર પરનો બોજ ઓછો થતો નથી. ખાસ કરીને ખાદ્ય મોંઘવારી ગંભીર ચિંતાની બાબત છે. શાકભાજી, ડુંગળી, અનાજ, દાળ, ખાદ્યતેલ કે અન્ય જરૂરી વસ્તુઓના ભાવમાં અચાનક વધારો થાય ત્યારે તેની સીધી અસર ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો પર પડે છે. આવા પરિવારો પાસે વધેલા ખર્ચને સંતુલિત કરવા માટે બહુ વિકલ્પો હોતા નથી. તેઓ કાં તો અન્ય ખર્ચ ઘટાડે છે અથવા તો ગુણવત્તા સાથે સમાધાન કરે છે.

આ સ્થિતિમાં સરકારની જવાબદારી માત્ર મોંઘવારીના આંકડા જાહેર કરવાની નથી, પરંતુ ભાવવધારા પાછળની વ્યવસ્થાને સુધારવાની છે. ઉત્પાદન વધારવું, ખેડૂતોને યોગ્ય ભાવ આપવો, સંગ્રહ અને કોલ્ડ-ચેઈનની સુવિધા સુધારવી, કૃત્રિમ અછત અને જથ્થાબંધ સંગ્રહ સામે અસરકારક કાર્યવાહી કરવી અને સપ્લાય ચેઈનને વધુ કાર્યક્ષમ બનાવવી-આ બધું લાંબા ગાળાના ઉકેલનો ભાગ હોવું જોઈએ. સરકાર ઘણી વખત મોંઘવારી વધે ત્યારે તાત્કાલિક પગલાં લે છે. આયાત-નિકાસના નિયમોમાં ફેરફાર, સ્ટોક મર્યાદા અથવા અન્ય વહીવટી પગલાંથી ભાવને થોડા સમય માટે કાબૂમાં લાવી શકાય છે પરંતુ જો મૂળભૂત સમસ્યા ઉત્પાદન અને વિતરણની હોય તો આવા પગલાં કાયમી ઉકેલ આપી શકતા નથી.

બીજી તરફ મોંઘવારી સામે લડવાની જવાબદારી માત્ર કેન્દ્ર સરકારની પણ નથી. રાજ્ય સરકારો, સ્થાનિક વહીવટીતંત્ર અને બજાર વ્યવસ્થાની પણ તેમાં ભૂમિકા છે. પરંતુ સામાન્ય નાગરિક માટે મહત્ત્વનું એ છે કે કોણ જવાબદાર છે તેની ચર્ચા કરતાં તેને રાહત ક્યારે મળશે ?

મોંઘવારીનો એક છુપાયેલો સામાજિક પ્રભાવ પણ છે. જ્યારે આવકનો મોટો ભાગ રોજિંદા ખર્ચમાં જતો રહે છે ત્યારે પરિવારોની બચત ઘટે છે. બચત ઘટે એટલે ભવિષ્ય માટેની સુરક્ષા નબળી પડે છે. શિક્ષણ, આરોગ્ય, ઘર અને નિવૃત્તિ જેવી લાંબા ગાળાની જરૂરિયાતો માટે લોકો પાસે ઓછા સાધનો રહે છે. આ રીતે સતત ભાવવધારો માત્ર આજનું બજેટ નથી બગાડતો, પરંતુ પરિવારના ભવિષ્યની આર્થિક સુરક્ષાને પણ અસર કરે છે. આથી સરકાર માટે સૌથી મોટો પડકાર એ છે કે વિકાસના આંકડા અને સામાન્ય માણસના જીવન વચ્ચેનું અંતર ઘટાડે. જો અર્થવ્યવસ્થા વધી રહી હોય તો તેની અસર રોજગાર, આવક, ખરીદશક્તિ અને જીવનધોરણમાં પણ દેખાવી જોઈએ. માત્ર GDP વધે અને સાથે સામાન્ય પરિવારનું રસોડું મોંઘું થતું જાય તો વિકાસની ગુણવત્તા અંગે પ્રશ્નો ઊભા થવાના જ.

સરકારે મોંઘવારી અંગે વધુ પારદર્શક અને જવાબદાર અભિગમ અપનાવવો જોઈએ. ભાવ નિયંત્રણ માટે ટૂંકા ગાળાના પગલાં સાથે ઉત્પાદન, રોજગાર અને આવક વધારવાની લાંબા ગાળાની નીતિ જરૂરી છે. કારણ કે મોંઘવારીનો સૌથી અસરકારક ઉપાય માત્ર ભાવ ઘટાડવો નથી, પરંતુ લોકોની આવક અને ખરીદશક્તિ વધારવી પણ છે. આજે સામાન્ય માણસને મોટા આર્થિક વાયદા કરતાં પોતાના ઘરના બજેટમાં રાહત જોઈએ છે. તેને એ જાણવાની જરૂર નથી કે અર્થવ્યવસ્થાનો ગ્રાફ કેટલો ઉપર ગયો; તેને તો એટલું જ જોવું છે કે તેની મહિનાની આવકમાં ઘર સરળતાથી ચાલે છે કે નહીં.

અંતે કોઈપણ સરકારની આર્થિક સફળતાનો સાચો માપદંડ એ નથી કે કાગળ પર કેટલા આંકડા સુધર્યા, પરંતુ એ છે કે સામાન્ય નાગરિકના જીવનમાં કેટલી સરળતા આવી. જો વિકાસ સાથે મોંઘવારીનો ભાર સતત વધતો રહે, તો વિકાસના આંકડાઓની ચમક સામાન્ય માણસની ચિંતાને ઢાંકી શકશે નહીં... દેશની અર્થવ્યવસ્થાનો સાચો વિકાસ ત્યારે જ કહેવાય જ્યારે તેની અસર બજારની દુકાનથી લઈને સામાન્ય પરિવારના રસોડા સુધી પહોંચે.

# "જેન-ઝીએ આંદોલન માટે સ્થાપિત પક્ષોને બદલે નવાસવા CJP પર ભરોસો કેમ કર્યો, તે અંગે વિચારવું જ પડશે" : કોંગ્રેસ સાંસદ શશી થરૂર

(ભાગ - ૨)

**જેન-ઝી, દિમાગી નક્સલો અને અન્ય મુદ્દાઓ પર વાત કરતા થરૂરે જણાવ્યું હતું કે, "જેન-ઝીના વિરોધ પ્રદર્શનોએ ભાજપની આભાને નુકસાન પહોંચાડ્યું છે, કોંગ્રેસે નિરાશ થયેલા યુવાનોને આકર્ષવા અને ગુમાવેલા મતદારોને પાછા મેળવવા મહેનત કરવી પડશે**

**"શું તમને લાગે છે કે તમારા પક્ષ દ્વારા તે પાઠ શીખી લેવામાં આવ્યા છે ?"**

"તે પાઠો શીખવાની જરૂર છે. બધા પાઠો શીખી લેવામાં આવ્યા છે, હું તેમ નહીં કહું, પરંતુ મને લાગે છે કે નિષ્પક્ષપણે જોતા કોંગ્રેસે તે પાઠો શીખવામાં અન્ય લોકો કરતાં વધુ ઝડપ બતાવી છે. રાહુલ ગાંધી ત્યાં જે કરી રહ્યા છે તે જંતર-મંતરના આંદોલનકારીઓ માટે છે. તે કદાચ એવી વ્યક્તિ ન હોત જે કોંગ્રેસમાં આવી હોત પરંતુ કોંગ્રેસ સામે ચાલીને તેની પાસે ગઈ છે. જ્યારથી આ Gen-Zના વિરોધ પ્રદર્શનોએ જાગૃતિ આણી છે ત્યારથી તમે ભાષા અને અભિગમમાં બદલાવ જોયો જ હશે. તે દૃષ્ટિએ આવતું વર્ષ ખૂબ જ આશાસ્પદ છે. એવું કહી શકાય કે છ રાજ્યો દાવ પર લાગેલા છે અને જો અમે તેમાંથી અડધા પણ જીતી લઈશું, તો દેશની આખી વિચારધારા બદલાઈ જશે. પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ગોવા અને મણિપુર જેવા રાજ્યોમાં રાજકીય અવકાશ છે. મણિપુર અને ગોવામાં વર્તમાન સરકાર સામે લોકોમાં રોષ છે. પંજાબમાં રોષ ભાજપ સામે નહીં પણ કોઈક બીજા સામે છે અને ભાજપ ત્યાં પગ પેસારો કરે તે પહેલાં અમે તે જગ્યા મેળવી લેવા માંગીયે છીએ. અમારી મુશ્કેલી એ રહી છે કે અમારી અંદર જ કેટલાક આંતરિક પ્રશ્નો છે. આ કામ માટે જવાબદાર સક્ષમ સહકર્મીઓ આ પ્રશ્નો ઉકેલી નાખશે. કારણ કે અમારી પાસે જેવો ઈતિહાસ, પૃષ્ઠભૂમિ, ઊંડો અનુભવ અને તાકાત છે, તેવું અન્ય કોઈની પાસે જનતા સુધી પહોંચવા માટે નથી. રાહુલ ગાંધીને તેમનો હેતુ મળી ગયો છે. અને જેમ હું કહું છું કે, અમે બસ એટલી જ આશા રાખીએ છીએ કે આ સિલસિલો ચાલુ રહે અને જ્યાં સુધી અમે દેશના શાસન માળખામાં મોટો ફેરફાર ન લાવી શકીએ ત્યાં સુધી જનતાના મનમાં તેમના પ્રત્યે આકર્ષણ બનેલું રહે. ઘણા લોકો એવું માનતા હતા કે ૨૦૨૯ની ચૂંટણીમા એક પક્ષની જીત નિશ્ચિત છે પરંતુ હાલની ઘટનાઓને જોતા, હવે એવું નક્કી જ હોય તેવું બિલકુલ લાગતું નથી. જેમ મેં કહ્યું એમ, જો અમે થોડા રાજ્યો જીતીશું, તો અમે ઉત્તર ભારતમાં પણ નરેટિવ બદલી નાખીશું. દક્ષિણ ભારત તો પહેલેથી જ ભાજપ માટે સંપૂર્ણપણે પ્રતિકૂળ વિસ્તાર છે. અલબત્ત, આંધ્રપ્રદેશ તેમનો સાથી પક્ષ છે. પરંતુ તે પક્ષ ભૂતકાળમાં પણ એકવાર ભાજપ સાથે છેડો ફાડી ચૂક્યો છે. અને તે ફરીથી એવું કરી શકે છે. તેથી મને લાગે છે કે ભાજપે હવે ગંભીરતાથી પોતાને પૂછવું પડશે કે શું તે પોતાના ગઢ પણ બચાવી શકશે કે નહીં." "વંદે માતરમના માત્ર પ્રથમ બે અંતરા ગાવાના નિર્ણય અંગે કોંગ્રેસ વર્કિંગ કમિટીના પ્રસ્તાવ સામે કોંગ્રેસની અંદર જ કેટલાક મતભેદો કે આશંકાઓ છે. કેટલાક લોકો એવું માને છે કે આ નિર્ણય ભાજપને ફાયદો કરાવશે. આ અંગે તમારો શું અભિપ્રાય છે ?"

"ના, મને લાગે છે કે વંદે માતરમનો મુદ્દો ખૂબ લાંબા સમયથી ઉકેલાયેલો માનવામાં આવતો હતો. તેને લગતા વિવાદો ૨૦મી સદીના શરૂઆતના તબક્કામાં હતા. ભાજપે અમારા પર મિસ્ટર ઝીણાને ખુશ કરવાનો આરોપ લગાવી રહ્યું છે, પણ તેને આની સાથે કોઈ લેવાદેવા નથી. મિસ્ટર ઝીણા અમારી પાર્ટીમાં નહોતા. આ એક એવો નિર્ણય હતો જે અમે અમારા પોતાના લઘુમતીઓ માટે લીધો હતો જેઓ અમારી સાથે કામ કરી રહ્યા હતા અને જેમને એવું લાગતું હતું કે તેમના માટે અન્ય ધર્મોના દેવી-દેવતાઓ પ્રત્યે આદર દર્શાવવો મુશ્કેલ છે. રવીન્દ્રનાથ ટાગોર, જેઓ મોંગોલિયન સાહિત્યના ગુરુદેવ તરીકે બંકિમચંદ્ર ચેટર્જીના અગ્રણી વારસદાર હતા, તેમણે એક ફોર્મ્યુલા તૈયાર કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, પ્રથમ બે પંક્તિઓ ગાઓ જે ભારતને માતૃભૂમિ તરીકે, અહીંની ટેકરીઓ, પર્વતો, આપણી ભૂમિની સુંદરતા અને લોકોના ગુણગાન ગાય છે, અને તે પંક્તિઓ ન ગાઓ જે ચોક્કસ દેવીઓના ગુણગાન ગાય છે. અને આ જ સિદ્ધાંતનું બાકીના લોકોએ પાલન કર્યું છે. 'જન ગણ મન' માં છ પંક્તિઓ છે. આપણે ફક્ત પહેલી જ ગાઈએ છીએ. આપણે સમજવું જ જોઈએ કે આમાં એક વ્યવહારુ પાસું પણ છે. આપણે કોઈ પણ અનાદર વગર 'વંદે માતરમ્' સાથે પણ આવું જ કરી શકીએ છીએ. હવે, જ્યારે સંસદની કાર્યવાહી ખોરવાઈ રહી હતી અને કોઈ ચર્ચા થઈ ન હતી, ત્યારે વાસ્તવમાં આખું સંસ્કરણ ફરજિયાત બનાવતો અને દરેકને આદરપૂર્વક ઊભા રહીને ગાવાનો કાયદો પસાર કરવો એ યોગ્ય નથી. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું છે કે રાષ્ટ્રગીત 'જન ગણ મન' ગાતી વખતે કોઈ વ્યક્તિએ ગાવું કે ન ગાવું તે તેની વ્યક્તિગત શ્રદ્ધા પર આધારિત છે. ૧૯૮૬ના કેસ (બીજો એમ્માનુંઅલ વિરુદ્ધ કેરળ સરકાર)માં અદાલતે ચુકાદો આપ્યો હતો કે 'યહોવાહના સાક્ષીઓ' નામના ધાર્મિક સમૂહના બાળકો રાષ્ટ્રગીત ગાઈ શકતા નથી કારણ કે તેમની ધાર્મિક માન્યતા મુજબ તેઓ માત્ર ઈશ્વરની જ પૂજા કે પ્રશંસા કરી શકે, કોઈ રાષ્ટ્રની નહીં. પરંતુ, જો તેઓ રાષ્ટ્રગીત વખતે સન્માનમાં શાંતિથી ઊભા રહે, તો તે રાષ્ટ્રગીતનું અપમાન નથી અને તેમને ફરજિયાત ગવડાવવું એ તેમના ધાર્મિક સ્વતંત્રતાના અધિકારનું ઉલ્લંઘન છે. સુપ્રીમ કોર્ટના એક ચુકાદા મુજબ, જો કોઈ વ્યક્તિ પોતાના ધાર્મિક કારણોસર રાષ્ટ્રગીત કે રાષ્ટ્રગાન ગાઈ શકે તેમ ન હોય, તો પણ તે માત્ર આદરપૂર્વક શાંતિથી ઊભો રહીને પોતાનો સન્માન પ્રગટ કરી શકે છે. ફરજિયાત ગાવું જરૂરી નથી. આ જ નિયમ વંદે માતરમ ગાવામાં મુશ્કેલી અનુભવતા રાજકીય પક્ષોના નેતાઓ પણ અપનાવી શકે છે." "તમારો સંસદીય પ્રણાલીનો સિદ્ધાંત થોડા સમય માટે કદાચ ખોટો સાબિત થશે. પરંતુ સંસદ વધુને વધુ બિન-કાર્યક્ષમ બની રહી હોય તેવું લાગે છે. શું તમને આ મડાગાંઠમાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો દેખાય છે ?" 'મેં એક ઉપાય સૂચવ્યો છે, હું તમને જણાવું. અન્ય દેશોએ સામાન્ય રીતે એક એવો નિયમ અપનાવ્યો છે કે જેના હેઠળ અઠવાડિયામાં એક દિવસ અથવા દિવસમાં બે કલાક વિપક્ષને ફાળવવામાં આવે છે, જેથી તેઓ જે પણ મુદ્દો ઉઠાવવા માંગતા હોય તે ઉઠાવી શકે.'

**"આપણી સંસદ સભામાં કામકાજ કેમ ઠપ થઈ જાય છે ?"**

"વિક્ષેપ એટલે પડે છે કારણ કે વિપક્ષને એવું લાગે છે કે કોઈ એવો ખૂબ મહત્વનો મુદ્દો છે જે તેઓ ઉઠાવવા માંગે છે. સરકારના એજન્ડા પર એ મુદ્દો નથી અને તેઓ તેના પર ચર્ચા કરવા માંગતા નથી. આ વર્ષે, પરીક્ષાના પેપર લીક થયા, કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીચંદાચોરીનો મુદ્દો ઉઠાવવા માંગતી હતી. હકીકતમાં, તેઓ બંને આ બંને મુદ્દાઓ ઉઠાવવા માંગતા હતા. ભાજપે કહ્યું, ના, આપણે ફક્ત A, B અને C મુદ્દાઓ પર જ ચર્ચા કરીશું. કોંગ્રેસે પ્રયત્ન કર્યો, અને સમાજવાદી પાર્ટીએ પણ પોતાના મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ગૃહની કાર્યવાહી સ્થગિત કરવાનો પ્રયાસ કર્યો. અધ્યક્ષે તેમની સ્થગિત કરવાની દરખાસ્તો ફગાવી દીધી હતી. તેમણે કહ્યું કે, જો એમ હોય તો, આપણે ગૃહની કાર્યવાહી ખોરવી નાખીશું. આપણે શા માટે સરકારને તેમની મનમાની કરવા દેવી જોઈએ? હવે, આ એક પરંપરાગત રીત બની ગઈ છે. જ્યારે અમે સત્તામાં હતા ત્યારે ભાજપે અમારી સાથે આવું જ કર્યું હતું. મને ડર છે કે અત્યારે આપણે આવી જ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છીએ. મારું સૂચન એ છે કે જો તમે વિરોધ પક્ષને એક ચોક્કસ સમયગાળો આપો, જેમ કે દર બુધવારે તો આ સમસ્યા ઉકેલાઈ શકે છે. તે એવું હોઈ શકે છે કે, માની લો કે દરરોજ ૧૧થી ૧ વાગ્યા સુધીનો કોઈ એક સમય તમે નક્કી કરો. તે સમય દરમિયાન સરકાર કોઈ વાંધો ઉઠાવી શકે નહીં, તમે તમારા પ્રશ્નો ઉઠાવી શકો છો, પરંતુ તમારે વચન આપવું પડશે કે બાકીના સમય દરમિયાન કોઈ વિક્ષેપ નહીં થાય. આ એક યોગ્ય ફોર્મ્યુલા છે. જો સરકાર આ પ્રસ્તાવ ગંભીરતાથી રજૂ કરે અને સ્પીકર વિરોધ પક્ષો સાથે આ અંગે ચર્ચા કરે, તો આ સંસદના વિક્ષેપોને કાયમ માટે સમાપ્ત કરવાનો એક માર્ગ બની શકે છે. સમસ્યા એ છે કે, શું કોઈ પક્ષ પોતાની જીદ છોડીને આ વાત સ્વીકારવા તૈયાર થશે? આપણા દેશમાં કમનસીબે એવી પરિસ્થિતિ છે કે જ્યાં તમામ પક્ષો ઘણીવાર ગંભીર ચર્ચા કરવાને બદલે હંગામો કે વિક્ષેપ ઊભો કરવાનો વિકલ્પ વધુ પસંદ કરતા હોય તેવું લાગે છે. માત્ર વિક્ષેપ જ નહીં. સમજૂતી કરવાને બદલે સામસામે આવી જવું, એ બંને પક્ષો તરફથી સામાન્ય બાબત બની ગઈ છે, પણ આવું આપણી રાજનીતિના અતિશય ધ્રુવીકરણને કારણે થયું છે. જ્યારે સરકાર વિપક્ષને 'દેશદ્રોહી' તરીકે ચિતરતી હોય, ત્યારે જો તમે દેશદ્રોહી છો, તો તેનો અર્થ એ કે તમે ગદ્દાર છો. તો પછી તમે પૂરા આત્મવિશ્વાસ સાથે તેમની વાતો અને કાર્યોનો વિરોધ કઈ રીતે કરી શકો? અને બીજી તરફ, અમને એવું લાગે છે કે અમે જાણે પાંડવોની જેમ સંખ્યામાં ઓછા છીએ, જેઓ સામે પક્ષે રહેલી ક્રૂર, અઢળક પૈસા ધરાવતી અને ખૂબ જ શક્તિશાળી કૌરવોની સેનાનો સામનો કરી રહ્યા છે. આ પ્રકારની સ્થિતિમાં, અમને એકબીજામાં કોઈ સુધારાત્મક ગુણો દેખાતા નથી. દરેક વ્યક્તિને સ્વભાવથી જ દુષ્ટ જોવામાં આવે છે. રાજકારણમાં આવી કાળા અને ધોળા જેવી વિચારધારા રાખવી એ આપણી લોકશાહી માટે સારી બાબત નથી. જ્યારે અમે સત્તા પર હતા, ત્યારે અમારા સંસદીય બાબતોના મંત્રી પોતાનો મોટાભાગનો સમય અમારા પક્ષમાં બેસવાને બદલે વિપક્ષની બેઠકો પર વિતાવતા હતા, જેથી ચર્ચા-વિચારણા થઈ શકે. આજે સરકાર અને અમારી (વિપક્ષ) વચ્ચે ભાગ્યે જ કોઈ વાતચીત કે સંવાદ થાય છે. શાસક પક્ષના સાંસદો પણ સ્પીકર પાસે જઈને પોતાના વિચારો રજૂ કરતા નથી. અને એવું લાગે છે કે સ્પીકર હંમેશા સરકારની તરફેણમાં જ નિર્ણયો આપે છે. હવે, વડાપ્રધાન પણ બૌદ્ધિક અડચણો કે નુકસાન વિશે વાત કરીને આ પરિસ્થિતિને યોગ્ય ઠેરવતા હોય તેવું લાગે છે. આનો અર્થ શું થાય? મારો મતલબ છે કે, શું આનાથી કોઈ પણ રીતે મદદ મળે છે? તેનાથી કોઈ ફરક પડતો નથી. મારો કહેવાનો અર્થ એ છે કે, સત્ય, લોકો જે વિચારે છે, લોકો જે કલ્પના કરે છે, લોકો જે દલીલો કરે છે, તેનાથી દેશને કોઈ ખતરો નથી. રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ અને હિંસા દેશ માટે ખતરો હોઈ શકે છે. પરંતુ તમે તમારા મગજથી જે વિચારો છો કે બોલો છો, તે તમારા માટે ચર્ચાનો વિષય છે. લોકશાહીમાં જ્યારે લોકો તમારાથી અસંમત થાય, ત્યારે તે દેશ માટે કોઈ ખતરો નથી. જ્યારે મને અમારા કેટલાક અખબારો દ્વારા પૂછવામાં આવ્યું કે હું તેના વિશે શું વિચારું છું, ત્યારે મેં તે સમયે પણ આવું જ કહ્યું હતું. હું એવું બિલકુલ નથી કહી રહ્યો કે તોડફોડ, હિંસા કે નફરત ફેલાવતા ભાષણોને માફ કરવા જોઈએ કે પ્રોત્સાહન આપવું જોઈએ. હું ચોક્કસપણે એટલું કહી રહ્યો છું કે, લોકશાહીમાં લોકો શું વિચારે છે અને તેઓ પોતાનો વિરોધ કે અસંમતિ કેવી રીતે વ્યક્ત કરે છે, તેને ખરાબ કે અયોગ્ય ચિતરવા ન જોઈએ." "તમે એક અનુભવી રાજદ્વારી રહી ચૂક્યા છો, તે દ્રષ્ટિએ પ્રધાનમંત્રી મોદી જે રીતે તેમની વિદેશ નીતિ ચલાવે છે તે અંગે તમારો શું અભિપ્રાય છે? શું તમે એવું માનો છો કે ગળે મળવું અને જોરદાર હસ્તધૂનન કરવુ એ વધુ સૂક્ષ્મ અને ઊંડાણપૂર્વકના અભિગમનો વિકલ્પ બની શકે ?" "એમાં કોઈ શંકા નથી કે વડાપ્રધાને વિદેશ નીતિના સંચાલનમાં એક નવો ઉત્સાહ અને ઉર્જા લાવ્યા છે. જ્યારે તેમણે પોતાના શાસનના પ્રથમ વર્ષમાં ૨૭ દેશોનો પ્રવાસ કર્યો અને તેમાંથી એક પણ મુસ્લિમ દેશ નહોતો, ત્યારે મેં એક કોંગ્રેસી તરીકે જાહેરમાં તેમની ટીકા કરતા આ વાત કહી હતી. હવે તેમણે તમારી એ ટીકાને ગંભીરતાથી લીધી છે. તેઓ બીજા જ વર્ષે યુ.એ.ઈ. ગયા, તેઓ ૧૫ મુસ્લિમ દેશોના પ્રવાસે ગયા છે અને તેનાથી પણ વધુ, ગલ્ફ દેશોમાં રહેતા મારા ઘણા મિત્રો મને કહે છે કે ભારત સાથેના તેમના સંબંધો ક્યારેય આટલા સારા નહોતા. એટલે કે ચોક્કસ ગતિવિધિઓ છે અને હું તેને ઓછી કે નહિવત બતાવવા માગતો નથી. પરંતુ જો તમે નીતિગત પરિણામો પર નજર નાખો, તો બીજી ઘણી ગંભીર સમસ્યાઓ પણ છે. કેટલીક ખોટી ભૂલો પણ થઈ છે, જેવી કે તેહરાનમાં મિસાઈલો પડવાના બે દિવસ પહેલાં બેન્જામિન નેતાન્યાહુને મળવું. આપણા પડોશી દેશો સાથેના સંબંધોમાં પણ કેટલાક અવરોધો કે આંચકા આવ્યા છે. આપણે બાંગ્લાદેશ સાથે એક બિનજરૂરી વિવાદ કે સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યા છીએ. આપણી કેટલીક સૌથી મહત્વપૂર્ણ ભાગીદારીઓએ જબરદસ્ત ચડાવ-ઉતાર જોયા છે, વોશિંગ્ટન સાથેના સંબંધો તેનું ખૂબ સારું ઉદાહરણ છે. આપણી કેટલીક પરંપરાગત મિત્રતાઓ પ્રત્યે આપણે દુર્લક્ષ સેવ્યું હોય તેવું લાગે છે. ઉદાહરણ તરીકે, આરબ જગતમાં હું ઈજિપ્ત વિશે વિચારું છું. હું આફ્રિકા સાથેના સંબંધો વિશે વિચારું છું. ઘણા વર્ષોથી આપણે આફ્રિકા સમિટ યોજવાના હતા, આ વર્ષે પણ એક સમિટની જાહેરાત કરવામાં આવી અને પછી તેને રદ કરવામાં આવી, અને ત્યારબાદ પેલેસ્ટીન. ગાઝાના મુદ્દે આપણે ક્યાં હતા? આપણે મૌન હતા. પેલેસ્ટીની અધિકારો અંગે ભારતના વિચારોનો ઈતિહાસ શું છે અને તે કઈ માનવતા અને નૈતિકતા છે જેના માટે મહાત્મા ગાંધી હંમેશા ઊભા રહ્યા, જે આપણો વારસો હોવાનું માનવામાં આવે છે. આ ચોક્કસ વાસ્તવિક મુદ્દાઓ વાસ્તવિક શંકાઓ પેદા કરે છે. હું માત્ર ટીકા કરવા ખાતર ટીકા નથી કરી રહ્યો, હું માનું છું કે આખરે જે મહત્વનું છે તે ભારતનું રાષ્ટ્રીય હિત જ છે. મેં હંમેશા કહ્યું છે કે કોંગ્રેસની વિદેશ નીતિ અને ભાજપની વિદેશ નીતિ જેવું કંઈ હોતું નથી. માત્ર ભારતીય રાષ્ટ્રીય હિત અને ભારતની વિદેશ નીતિ હોય છે અને મને આનંદ છે કે તેઓએ વ્યૂહાત્મક સ્વાયત્તતા અને બહુ-ગોઠવણ વગેરે અંગેના અમારા અભિગમનું પાલન કર્યું છે." શું ભારત પાસે સઉદી અરેબિયા, તુર્કી અને પાકિસ્તાન વચ્ચેની નવી જોડાણ (એલાઇનમેન્ટ) વિશે ચિંતા કરવાનું કોઈ કારણ છે ? અને આપણો જવાબ શું હોવો જોઈએ ?

'હમણાં, હું ચિંતિત નથી. પરંતુ મને લાગે છે કે આ યુએસ જેવા દેશો માટે એક સંકેત છે કે આ ક્ષેત્રના દેશો પોતાના માટે એક અલગ સુરક્ષા માળખા વિશે વિચારી રહ્યા છે; કારણ કે વાશિંગ્ટન તરફથી તેમને જે પરંપરાગત સુરક્ષાની ખાતરી મળતી હતી, તે ઈરાન યુદ્ધ અને અન્ય તાજેતરની ઘટનાઓમાં અપૂરતી સાબિત થઈ છે. તેથી આ એક પ્રકારનો સંકેત વધુ છે. આ કરાર હજુ પણ ગોપનીય છે. તેની પ્રેસ રિલીઝમાં NATOની ભાષા એટલે કે નાટોના Article 5નો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં એવું કહેવામાં આવ્યું છે કે એક પર થયેલો હુમલો એ બાકીના બધા પર થયેલો હુમલો ગણવામાં આવશે. આ નાટોની ભાષા છે અને નાટોમાં તેનાથી આપમેળે પ્રતિક્રિયા કે કાર્યવાહી થાય છે, પરંતુ પાકિસ્તાન અને સઉદી અરેબિયા વચ્ચે અગાઉ પણ આવા કરારો થયા છે અને તેઓ ક્યારેય આપમેળે એકબીજાની મદદ માટે દોડી આવ્યા નથી. હકીકતમાં, સઉદી અરેબિયાએ યમનમાં હૌથી સામેની લડાઈમાં પાકિસ્તાની સૈન્યની મદદ માંગી હતી પરંતુ પાકિસ્તાને મદદ કરી ન હતી. પાકિસ્તાન અફઘાનિસ્તાન અને અમેરિકા બંને સામે યુદ્ધમાં રહ્યું છે, છતાં સઉદી અરેબિયા તેની મદદે આવ્યું ન હતું. તેથી આપણે એવી અપેક્ષા રાખવી જોઈએ કે નહીં તે શંકાસ્પદ છે. જ્યારે લોકો તેને 'ઈસ્લામિક નાટો'ની શરૂઆત તરીકે ગણાવે છે, ત્યારે નાટો વિશે વિચારોઃ નાટોનું એક મજબૂત સૈન્ય માળખું છે. તેમાં સંયુક્ત કમાન્ડ, સંયુક્ત ઓપરેશન્સ અને શસ્ત્રો તથા અધિકારીઓ વચ્ચે પરસ્પર તાલમેલ હોય છે. આ નવા ગઠબંધન પાસે તો સચિવ પણ નથી. તેઓ સાથે મળીને યુદ્ધ લડવાથી હજુ ઘણા દૂર છે. આનો અર્થ એ નથી કે આપણે નિરાંતે બેસી રહીએ અથવા બેદરકાર થઈ જઈએ, પરંતુ તેનો અર્થ એ ચોક્કસ છે કે આપણે ચિંતા કરીને બેસી રહેવાની જરૂર નથી.' "પાકિસ્તાન સાથેના તાજેતરના સંકટ પછી, ભારતે રાજદ્વારી માર્ગો ખુલ્લા રાખવાની સાથે લશ્કરી પ્રતિરોધ વચ્ચે કેવી રીતે સંતુલન જાળવવું જોઈએ? અને શું સ્થાનિક રાજકીય ગણતરીઓ મનોહર પર્રિકરના સમયથી સરકારની ભૂમિકાને મર્યાદિત કે સંકુચિત કરે છે ?" 'આંતરિક રાજકારણનું પોતાનું સ્થાન છે અને વિદેશ નીતિનું પોતાનું સ્થાન છે. હા, ૨૬/૧૧ પછી પાકિસ્તાને જે રીતે આપણો વિશ્વાસઘાત કર્યો અને આપણને નિરાશ કર્યા, ત્યારથી ભાજપ અત્યંત નારાજ છે અને હું કહીશ કે તે યોગ્ય કારણોસર છે. એ ન ભૂલતા કે ડિસેમ્બર ૨૦૧૫માં આપણા વડાપ્રધાને નવાઝ શરીફના જન્મદિન અને તેમની પૌત્રીના લગ્નમાં હાજરી આપવાનું એક અસાધારણ પગલું ભર્યું હતું, અને તેના બદલામાં બરાબર ત્રણ અઠવાડિયા પછી તેમને પાલગાંવ (પઠાણકોટ) ખાતેની એક ભારતીય છાવણી પર હુમલો કરીને પુરસ્કૃત (એટલે કે વળતરમાં હુમલો) કરવામાં આવ્યા હતા. તેમ છતાં તેમણે પાકિસ્તાનનો સંપર્ક કર્યો અને કહ્યું કે, તમે પણ આ તપાસમાં જોડાઓ. ભલે આપણા ઘણા સુરક્ષા કર્મચારીઓ પાકિસ્તાની ગુપ્તચર એજન્સીના ભારતીય એરબેઝ પર આવવાના વિચારથી જ સ્તબ્ધ હતા, તેમ છતાં તેઓ આવ્યા અને પાછા જઈને જાહેરાત કરી કે, અરે, ભારતીયોએ આ જાતે જ પોતાના પર કર્યું છે. ત્યારપછી, પાકિસ્તાન પર વિશ્વાસ કરવાનો કોઈ પ્રશ્ન જ નહોતો રહ્યો. સરકારે સ્વાભાવિક રીતે એવું તારણ કાઢ્યું કે પાકિસ્તાનની આ સરકાર કે અન્ય કોઈ પણ સરકાર આતંકવાદને કાબૂમાં લેવા અથવા તેને રોકવા માટે કાં તો અસમર્થ છે અથવા તો તેની ઈચ્છા જ નથી. અને તેથી, ૨૦૧૬ના શરૂઆતના સમયથી, તેમનું વલણ સંપૂર્ણપણે કઠિન બની ગયું છે અને મારી જાણકારી મુજબ, તેઓએ ક્યાંય પણ, કોઈપણ સ્તરે પાકિસ્તાન સાથે વાતચીત કરી નથી. જેમ કે તમે જાણો છો, પાકિસ્તાની લશ્કરી તંત્ર દ્વારા વારંવાર દગો મળ્યાની અને નિરાશા થવાની આ ભયાનક ભાવનાને કારણે આપણે તેમની સાથે દ્વિપક્ષીય રમતો પણ રમતા નથી. હંમેશાં માટે વાતચીત બંધ રાખવી એ કોઈ સારો કે લાંબો સમય ટકી શકે તેવો રસ્તો નથી. પરંતુ આપણે બીજા ક્ષેત્રો પણ શોધી શક્યા હોત. જેમ કે લોકો વચ્ચેનો પરસ્પર સંપર્ક વધારવો, વેપારીઓ વચ્ચેના સંબંધો સુધારવા અને વેપારમાં વધારો કરવો. કળા, સંગીતકારો, અભિનેતાઓ અને ક્રિકેટ મેચ જેવા કેટલાક ક્ષેત્રો હોઈ શકતા હતા. શાંતિ ખરેખર સાર્થક બને તે પહેલાં, પાકિસ્તાનમાં આપણી તરફેણમાં સદભાવનાનો વ્યાપ વધારવા માટે આપણે જગ્યા ખુલ્લી કરવાનો પ્રયાસ કરી શકતા હતા, પરંતુ આપણે તેમાંથી કશું કર્યું નથી. તાજેતરમાં RSSના પ્રમુખે કહ્યું છે કે પાકિસ્તાન સાથે વાતચીત કરવાનો સમય આવી ગયો છે. જો કોઈ રાજકીય નેતા કે જેઓ સંઘ પરિવારના પ્રતીકાત્મક વડા છે, તેઓ આવું કહી રહ્યા છે, તો સરકાર પાસે પોતાની મૌન નીતિને બદલવા માટે જરૂરી એવો ઘરેલુ રાજકીય પાવર છે.'

(સમાપ્ત)

- જાવેદ અન્સારી

(સૌ. : ધ ક્વિન્ટ.કોમ)

**હદીસ બોધ**

સાચા પશ્ચાતાપથી અલ્લાહની માફી મેળવી શકાય છે.

(હદીસ બોધ)

**બોધ વચન**

આપણું મૃત્યુ આપણા જીવનનો ઈતિહાસ લખે છે.

- નઝરૂલ ઈસ્લામ

**આજની આરસી**

૪ સપ્ટેમ્બર શુક્રવાર ૨૦૨૬
૨૧ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૮
શ્રાવણ વદ આઠમ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૦૨
ખત્મે ઝવાલ ૧૨-૩૯
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૨૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૫૫

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# બાબર-શાહીન આફ્રિદીની દુશ્મનીના કારણે પાકિસ્તાની ટીમનું પતન થયું : બાસિત અલી



તા.૩

ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં સતત બીજી શરમજનક હાર બાદ પાકિસ્તાન ક્રિકેટ ટીમમાં ભારે આંતરિક વિવાદ ઊભો થયો છે. પાકિસ્તાનના પૂર્વ બેટ્સમેન બાસિત અલીએ ટીમના પતન માટે બાબર આઝમ અને શાહીન શાહ આફ્રિદી વચ્ચે કપ્તાનીને લઈને થયેલા વિવાદને મુખ્યત્વે જવાબદાર ઠેરવ્યો છે. બાસિત અલીના જણાવ્યા અનુસાર જે દિવસે બાબર અને શાહીન વચ્ચે સુકાનીપદ અંગે તનાતની અને દરાર ઉત્પન્ન થઈ તે જ દિવસથી પાકિસ્તાન ક્રિકેટનો ખરાબ તબક્કો શરૂ થઈ ગયો હતો. બાબર આઝમે ૨૦૨૩ના વન-ડે વર્લ્ડકપ બાદ સુકાનીપદ છોડ્યું હતું, ત્યારબાદ શાહીન આફ્રિદીને T20I ટીમનો કપ્તાન બનાવાયો હતો. જો કે, ન્યૂઝીલેન્ડ પ્રવાસમાં ખરાબ પરિણામો બાદ શાહીન પાસેથી કપ્તાની આંચકીને ફરી બાબરને સોંપવામાં આવી હતી. બાસિત અલીનો દાવો છે કે આ નિર્ણયથી બંને સીનિયર ખેલાડીઓ વચ્ચેના સંબંધોમાં મોટી તિરાડ પડી હતી. ૨૦૨૪ના T20 વર્લ્ડકપમાં ટીમ સેમિ ફાઇનલ સુધી પણ પહોંચી શકી નહોતી, ત્યારબાદ કપ્તાની વહેંચીને ટેસ્ટમાં બાબર વન-ડેમાં શાહીન અને T20માં સલમાન અલી આગાને કપ્તાન બનાવાયા હતા. X ઈંગ્લેન્ડ સામે લોર્ડ્સ ખાતે રમાયેલી બીજી ટેસ્ટમાં પાકિસ્તાનનો ૧૯૪ રનથી પરાજય થયો હતો. આ હાર સાથે ટીમ ૩ મેચોની સિરીઝમાં ૦-૨થી પાછળ ધકેલાઈ ગઈ છે. આ શરમજનક પ્રદર્શન બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (PCB) આકરા નિર્ણયો લેતાં મોહમ્મદ રિઝવાન અને સલમાન અલી આગા સહિત ૭ ખેલાડીઓને ટીમમાંથી મુક્ત કરીને ઘરે પરત મોકલી દીધા છે. આ ઉપરાંત ટેસ્ટ કોચ સરફરાઝ અહમદ અને બોલિંગ હેડ ઉમર ગુલને પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે, જ્યારે મિસ્બાહ-ઉલ-હકે સિલેક્શન કમિટીમાંથી રાજીનામું આપી દીધું છે. શાહ મસૂદના સ્થાને ટેસ્ટ કપ્તાન બનેલા બાબર આઝમની કપ્તાની અને બેટિંગ બંને પર હાલ પ્રશ્નાર્થ ચિહ્ન લાગી ગયા છે. બાબર છેલ્લા આશરે ૪ વર્ષથી ટેસ્ટ ક્રિકેટમાં એક પણ સદી ફટકારી શક્યો નથી, જે તેના માટે અને ટીમ માટે ચિંતાનો વિષય છે. બીજી તરફ શાહીન આફ્રિદીને પાકિસ્તાનના પ્રવર્તમાન રેડ-બોલ પ્લાનમાંથી બહાર રાખવામાં આવ્યો છે. બાસિત અલીના મતે વહીવટીતંત્ર અને કપ્તાનીના ખોટા નિર્ણયોને કારણે પાકિસ્તાન ક્રિકેટ અત્યારે તેના સૌથી નિરાશાજનક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે.

# ભારતની T20I ટીમમાં સ્થાન ન મળતાં કૃણાલ પંડ્યા દુઃખી

તા.૩

અફઘાનિસ્તાન સામે રમાનારી T20 આંતરરાષ્ટ્રીય શ્રેણી માટે ભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. આ શ્રેણી માટે ટીમ સિલેક્શન પહેલા ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યાનું નામ સૌથી વધુ ચર્ચામાં હતું અને આશરે ૫ વર્ષ બાદ ટીમના દરવાજા ખુલશે તેવી અટકળો સેવાઈ રહી હતી. જો કે, પસંદગીકારોએ કૃણાલ પંડ્યાને નજરઅંદાજ કરીને ટીમમાંથી બાદ રાખ્યા છે. ભારતીય ટીમમાં જગ્યા ન મળ્યા બાદ હાર્દિક પંડ્યાના ભાઈ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ના ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યાએ સોશિયલ મીડિયા પર એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી છે, જે હાલ ખૂબ વાઈરલ થઈ રહી છે. કૃણાલે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, "આશા હજુ પણ જીવંત છે" IPL ૨૦૨૬ની સીઝનમાં કૃણાલ પંડ્યાએ પોતાની જૂની બેટિંગ અને શ્રેષ્ઠ ઓલરાઉન્ડ પ્રદર્શનના આધારે ભારતીય ટીમમાં વાપસીની મજબૂત આશા જગાવી હતી. તેણે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને આઈપીએલ



ખિતાબ જીતાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કૃણાલે ૯ ઈનિંગ્સમાં ૩૭.૬૬ની સરેરાશ અને ૧૪૫.૮૦ ના સ્ટ્રાઇક રેટથી ૨૨૬ રન બનાવ્યા હતા, જેમાં એક અડધી સદી અને ૭૩ રનનો શ્રેષ્ઠ સ્કોર સામેલ હતો. આ સિવાય બોલિંગમાં પણ તેણે ૩૦.૩૫ની સરેરાશથી ૧૪ વિકેટ ઝડપી હતી, જેમાં ૨/૧૬ તેનું શ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું હતું. કૃણાલ પંડ્યાએ ભારત માટે છેલ્લે વર્ષ ૨૦૨૧માં આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. તેમણે ભારત તરફથી ૫ વન-ડે મેચોની ૪ ઈનિંગ્સમાં ૬૫.૦૦ની એવરેજ અને ૧૦૧.૫૬ના સ્ટ્રાઇક રેટથી ૧૩૦ રન બનાવ્યા છે. જેમાં ૫૮ રનનો શ્રેષ્ઠ સ્કોર અને ૨ વિકેટ સામેલ છે. જ્યારે T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેણે ૧૯ મેચોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે, જેમાં ૧૦ ઈનિંગ્સમાં ૨૪.૮૦ની સરેરાશથી ૧૨૪ રન બનાવ્યા છે અને ૩૬.૯૩ની એવરેજથી ૧૫ વિકેટ ઝડપી છે. પસંદગીકારોએ અફઘાનિસ્તાન સામેની T20I શ્રેણી માટે કપ્તાનીમાં ટીમની ઘોષણા કરી છે. ભારતીય ટીમમાં શ્રેયસ અય્યર (કપ્તાન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, સંજૂ સેમસન, ઈશાન કિશન, તિલક વર્મા, શિવમ દુબે, નિતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ અને હર્ષિત રાણાનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે જસપ્રીત બુમરાહ, નિતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર અને હર્ષિત રાણાનું રમવું ફિટનેસ મંજૂરી પર નિર્ભર રહેશે.

# દલિત કેદીઓને શૌચાલય સાફ કરવા માટે દબાણ કરવાના આરોપોની તપાસનો આદેશ મદ્રાસ હાઈકોર્ટે આપ્યો

**મદુરાઈ સ્થિત એડવોકેટ કેઆર રાજા દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજી (પીઆઈએલ)ની સુનાવણી દરમિયાન ન્યાયાધીશ સીવી કાર્તિકેયન અને આર શક્તિવેલની ડિવિઝન બેન્ચે આ નિર્દેશો આપ્યા છે**



(એજન્સી) તા.૩

મદુરાઈ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે સોમવાર, ૩૧ ઓગસ્ટના રોજ મદુરાઈ, ત્રિચી અને તિરૂનેલવેલી જિલ્લાઓની જેલોમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયના કેદીઓને શૌચાલય સાફ કરવા અને હાથથી સફાઈનું કામ કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું હોવાના આરોપોની તપાસ કરવા અધિકારીઓને નિર્દેશ આપ્યો છે. મદુરાઈ સ્થિત એડવોકેટ કેઆર રાજા દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજી (પીઆઈએલ)ની સુનાવણી દરમિયાન ન્યાયાધીશ સીવી કાર્તિકેયન અને આર શક્તિવેલની ડિવિઝન બેન્ચે આ નિર્દેશો આપ્યા છે. રાજાનો આરોપ છે કે મદુરાઈ સેન્ટ્રલ જેલમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના કેદીઓને શૌચાલયની સફાઈ અને હાથથી સફાઈ સહિત સ્વચ્છતાનું કામ સોંપવામાં આવી રહ્યું છે. તેમણે આરોપ લગાવ્યો છે કે તિરૂનેલવેલી જિલ્લાની પલયમકોટ્ટાઈ સેન્ટ્રલ જેલ અને ત્રિચી સેન્ટ્રલ જેલમાં સમાન પ્રથાઓ અસ્તિત્વમાં છે. અરજદારના મતે, મદુરાઈ અને પલયમકોટ્ટાઈ જેલોમાં અમુક બ્લોક અને બેરેક કથિત રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના કેદીઓ માટે અલગ કરવામાં આવ્યા હતા. તે બ્લોકમાં કેદીઓને કથિત રીતે સેલની અંદર અને બહાર બેરેક બંનેમાં લગભગ ૧૫૦ શૌચાલય સાફ કરવા માટે ફરજ પાડવામાં આવી હતી. અરજદારે દાવો કર્યો હતો કે ભીડ હોવા છતાં સમગ્ર જેલ માટે ફક્ત બે સેનિટરી કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી હતી. રાજાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે ત્રિચીમાં મહિલાઓ માટેની ખાસ જેલમાં પણ આવી જ પ્રથાઓ અપનાવવામાં આવી રહી છે. તેમના મતે, પુનર્વસન પગલાંના ભાગરૂપે જેલ સત્તાવાળાઓ દ્વારા સંચાલિત ફ્રીડમ પેટ્રોલ બંકમાં કેટલીક મહિલા કેદીઓને કામ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. જો કે, અરજદારે દાવો કર્યો હતો કે પેટ્રોલ બંક પર કામ કરવાને બદલે તેમને શૌચાલય અને પરિસરમાં અન્ય સેનિટરી વિસ્તારો સાફ કરવા માટે ફરજ પાડવામાં આવી હતી. અરજદારે જેલ સત્તાવાળાઓના દાવાને પણ પડકાર્યો હતો કે મ્યુનિસિપલ સેવાઓ જ શૌચાલય સાફ કરવા માટે રોકાયેલી છે. ગ્લોબલ નેટવર્ક ફોર ઈક્વાલિટી, ઈન્ડિયાના સહ-સ્થાપક, રાજા, જે કેદીઓ અને ગુનાનો ભોગ બનેલા લોકોના બાળકોના શિક્ષણને ટેકો આપે છે, તેમણે જણાવ્યું હતું કે તેમણે ૨૦૨૫ માં જેલ અધિકારીઓને જાતિ ભેદભાવનો અંત લાવવા અને આવી પ્રથાઓ માટે જવાબદાર અધિકારીઓ સામે કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. તેમણે ૧૬ જાન્યુઆરીના સીસીટીવી ફૂટેજ સાચવવાની પણ માંગ કરી હતી, અને દાવો કર્યો હતો કે તે સ્થાપિત કરવામાં મદદ કરશે કે કેદીઓને શૌચાલય અને ડ્રેનેજ સિસ્ટમ સાફ કરવાની ફરજ પાડવામાં આવી હતી કે નહીં. સુકન્યા શાંતા વિરુદ્ધ ભારત સંઘમાં સુપ્રીમ કોર્ટના ૨૦૨૪ના ચુકાદાનો ઉલ્લેખ કરતા જે જેલોમાં જાતિ ભેદભાવ અને હાથથી સફાઈ કામદારો અને તેમના પુનર્વસન અધિનિયમ, ૨૦૧૩માં રોજગાર પર પ્રતિબંધ સાથે વ્યવહાર કરે છે, અરજદારે દલીલ કરી હતી કે આવી પ્રથાઓ ભેદભાવપૂર્ણ છે અને કેદીઓની ગરિમાનું ઉલ્લંઘન કરે છે. અરજદારે આરોપ લગાવ્યો હતો કે દક્ષિણ તમિલનાડુની ઘણી જિલ્લા જેલોમાં પરિસ્થિતિ વધુ ખરાબ છે અને તેમણે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના કેદીઓને જાતિ ભેદભાવ, હાથથી સફાઈ અને શૌચાલય-સફાઈનું કામ સોંપવાને રોકવા માટે દિશા નિર્દેશો માંગ્યા હતા. જો કે, જેલ અધિકારીઓએ આવી પ્રથાઓ અસ્તિત્વમાં હોવાનો ઈન્કાર કર્યો હતો. અરજીની સુનાવણી બાદ હાઈકોર્ટે મદુરાઈ, ત્રિચી અને તિરુનેલવેલીના મુખ્ય જિલ્લા ન્યાયાધીશો અને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ (DLSA)ના સચિવોને સંબંધિત જેલોનું નિરીક્ષણ કરવા અને આરોપોની ચકાસણી કરવાનો નિર્દેશ આપ્યો. DSLAને કેદીઓની પૂછપરછ કરવા CCTV ફૂટેજની તપાસ કરવા અને કોર્ટમાં સ્ટેટસ રિપોર્ટ સબમિટ કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો. સંબંધિત જેલોના સુપ્રિન્ટેન્ડેન્ટ્સને અલગથી આરોપો પર રિપોર્ટ ફાઈલ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ મામલો ૪ ઓક્ટોબરના રોજ વધુ સુનાવણી માટે મૂકવામાં આવ્યો છે.

# ઝારખંડના ગોડ્ડામાં ફોર્મ-૭ દ્વારા મતદારોના નામ કાઢી નાખવાની વિનંતીઓ અંગે તપાસનો આદેશ

**ભાજપના બૂથ એજન્ટે કહ્યું કે, આ ફોર્મ પાર્ટી દ્વારા પૂરા પાડવામાં આવ્યા હતા; BLOએ બલ્ક સબમિશન પર પ્રશ્ન ઉઠાવ્યો છે કારણ કે ઘણા નામાંકિત મતદારો લાંબા ગાળાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે**

(એજન્સી) તા.૩

ઝારખંડના ગોડ્ડા જિલ્લામાં બૂથ-લેવલ એજન્ટો (BLA-૨) દ્વારા અનેક બૂથ પર મતદાર યાદીમાંથી મતદારોના નામ કાઢી નાખવા માટે ફોર્મ-૭ અરજીઓ સબમિટ કર્યા પછી તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. BLOએ આ વિનંતીઓ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને કેટલાક કિસ્સાઓમાં તેમને સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. ગોડ્ડા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ ભાજપના સાંસદ નિશિકાંત દુબે કરે છે. જ્યારે એજન્ટોએ ફોર્મ પ્રાપ્ત થયાની સ્વીકૃતિ આપતા બૂથ-લેવલ અધિકારીઓ (BLO) પાસેથી સહીઓ માંગી ત્યારે વિવાદ ઉભો થયો હતો. BLOએ વાંધો ઉઠાવ્યો કે અરજીઓમાં નામ આપેલા ઘણા મતદારો વર્ષોથી સંબંધિત વિસ્તારોમાં રહેતા હતા અને ઘણા ૨૦૦૩ની મતદાર યાદીમાં પણ નોંધાયેલા હતા. મહેશતિક્રીના બૂથ ૯ પર, ભાજપના બૂથ લેવલ એજન્ટ (BLA) સંજીવ કુમારે જણાવ્યું હતું કે તેમણે પાર્ટીની સૂચના પર ફોર્મ સબમિટ કર્યા હતા. મને પાર્ટી દ્વારા આવા ૨૫ ફોર્મ આપવામાં આવ્યા હતા. પાર્ટીના નિર્દેશ મુજબ, મેં ફોર્મ BLOને આપ્યા હતા, જેમાં દરેક કોલમ પહેલાથી જ ભરેલી હતી, પરંતુ તેમણે ના પાડી હતી. બૂથ-૯ BLO અનિષાબાનોએ જણાવ્યું હતું કે પ્રિન્ટેડ ફોર્મ-૭ અરજીઓમાં 'ગુમ થયેલ' અને 'શિફ્ટ થયેલ' શ્રેણીઓ હેઠળ નામો કાઢી નાખવાની માંગ કરવામાં આવી હતી. કુમાર પ્રિન્ટેડ ફોર્મ-૭ લઈને આવ્યા હતા, જેમાં ગુમ થયેલ અને શિફ્ટ થયેલ શ્રેણીમાં કેટલાક નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. મને શંકા હતી કારણ કે ફોર્મમાં બધી વિગતો છાપવામાં આવી હતી. ઉપરાંત, ફોર્મમાં ઉલ્લેખિત લોકોના નામ લાંબા સમયથી ત્યાં રહે છે. મેં તેમને ફોર્મ પરત કર્યા હતા. પચુઆકિટ્ટાના બૂથ ૪૮ પર પણ આ મુદ્દો સામે આવ્યો હતો, જ્યાં BLO મોહમ્મદ મુખરે જણાવ્યું હતું કે BLA-૨એ લગભગ ૧૫ ફોર્મ-૭ અરજીઓ સાથે તેમનો સંપર્ક કર્યો હતો અને પ્રાપ્તકર્તા દસ્તાવેજ પર તેમની સહી માંગી હતી. એક રાજકીય પક્ષનો BLA-૨ ફોર્મ-૭ના લગભગ ૧૫ કાગળો લઈને મારી પાસે આવ્યો અને મારી સહી માંગી રહ્યો હતો. મેં તેમને પૂછ્યું કે શું તેઓ ફોર્મના મહત્વ વિશે જાણે છે. BLAએ કહ્યું કે તેમને તે પાર્ટી તરફથી મળ્યું છે અને તેમને તેના વિશે કોઈ ખ્યાલ નથી. મુખરે કહ્યું કે અરજીઓના પરિણામો સમજાવ્યા પછી તેમણે ફોર્મ ફાડી નાખ્યા હતા. મેં તેમને કહ્યું કે ફોર્મ સબમિટ કર્યા પછી, તેઓ મતદારોના નામ કાઢી નાખવાના સાક્ષી બનશે. BLAએ કહ્યું કે તેમની પાસે આવા ૭૦ ફોર્મ છે અને તેઓ તેનો નાશ કરવાના છે. વાત્રા પંચાયતના મુખિયાએ આરોપ લગાવ્યો કે ભાજપ BLAએ ચાર બૂથ પર આવા ફોર્મનું વિતરણ કર્યું છે. ઝારખંડમાં તેની મતદાર યાદીઓનું સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) થઈ રહ્યું છે ત્યારે આ આરોપો સામે આવ્યા છે. બસંતરાય બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર અને ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસર શ્રીમનમરાંડીએ કહ્યું કે તેમણે આ મામલાની તપાસના આદેશ આપ્યા છે. કોઈપણ વાંધો ઉઠાવી શકે છે. મેં BLOને ફોર્મ વાંધા તરીકે સ્વીકારવા કહ્યું છે. સાચા મતદારોના નામ કોઈપણ સંજોગોમાં કાઢી શકાતા નથી. તેમણે કહ્યું કે બૂથ ૯ પર પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે અરજીઓમાં નામ આપવામાં આવેલા ૨૫ મતદારોમાંથી ૨૪ લાંબા સમયથી આ વિસ્તારમાં રહેતા હતા. બાકીના મતદાર સ્થળાંતરિત કામદાર તરીકે બે મહિનાથી ગામથી દૂર હતા. અમે અપેક્ષા રાખીએ છીએ કે અંતિમ તપાસ અહેવાલ એક કે બે દિવસમાં આવશે. ઝારખંડના મુખ્ય ચૂંટણી અધિકારી કે રવિ કુમારે કહ્યું કે તેમણે જિલ્લા ચૂંટણી અધિકારી પાસેથી રિપોર્ટ માંગ્યો છે. BLAs બલ્કમાં ફોર્મ સબમિટ કરી શકે છે, અને BLOs તેમને સ્વીકારવાનો ઈન્કાર કરી શકતા નથી. જો કે, BLAએ ઘોષણાપત્ર સબમિટ કરવું પડશે કે ફોર્મમાં આપવામાં આવેલી માહિતી સાચી છે. અમારે તપાસ કરવી પડશે કે BLAએ ઘોષણાપત્ર સબમિટ કર્યું છે કે નહીં. SIR કવાયત દરમિયાન ૪૩.૬૧ લાખથી વધુ નામો કાઢી નાખવામાં આવ્યા બાદ, બુધવારે ઝારખંડમાં ડ્રાફ્ટ મતદાર યાદીના પ્રકાશન સાથે આ ઘટનાક્રમ સુસંગત છે.

રાજ્યમાં મતગણતરી પહેલા ૨.૬૪ કરોડ મતદારો હતા. ડ્રાફ્ટ યાદીમાં હવે લગભગ ૨.૨૧ કરોડ મતદારો છે, જેમાં ૧.૧૨ કરોડ પુરૂષો, ૧.૦૮ કરોડ મહિલાઓ અને ૨૬૦ તૃતીય-જાતિના મતદારોનો સમાવેશ થાય છે. ગણતરી પ્રક્રિયા ૩૦ જૂનથી ૨૯ જુલાઈ દરમિયાન હાથ ધરવામાં આવી હતી, જેમાં બીએલઓ (BLO)એ ગણતરી ફોર્મનું વિતરણ, સંગ્રહ અને ચકાસણી કરવા માટે ઘરે ઘરે જઈને મુલાકાત લીધી હતી. ચૂંટણી પંચે SIR હેઠળ દાવા અને વાંધા દાખલ કરવાની અંતિમ તારીખ ૧૫ સપ્ટેમ્બર સુધી લંબાવી છે. સુધારેલી મતગણતરી યાદીનું અંતિમ પ્રકાશન પણ ૭ ઓક્ટોબરથી ૧૯ ઓક્ટોબર સુધી મુલતવી રાખવામાં આવ્યું છે.

# મૌનથી જુબાની સુધી : દલિત મહિલાઓના શબ્દો પ્રતિ-ઈતિહાસરૂપે



(એજન્સી) તા.૩

પ્રોફેસર ગરિમા શ્રીવાસ્તવના વ્યાપક વિશ્લેષણ મુજબ, ભારતમાં દલિત મહિલાઓનું આત્મકથાત્મક લેખન રાજકીય પ્રતિકારના એક પ્રચંડ સંગ્રહ તરીકે ઉભરી રહ્યું છે, જે વ્યક્તિગત સંસ્મરણો તરીકે ઓછું અને સદીઓથી ચાલી રહેલા જાતિ, લિંગ અને વર્ગ દમનના સામૂહિક પુરાવા તરીકે વધુ કાર્ય કરે છે. "ધ ગ્રેટ કોલ ઓફ ધ વોઈસલેસ : દલિત મહિલા આત્મકથાઓ" શીર્ષકવાળા એક અપ્રકાશિત પેપરમાં, શ્રીવાસ્તવ તમિલ, બંગાળી, મરાઠી અને હિન્દી સાહિત્યમાં કથાઓનું પરીક્ષણ કરે છે, દલીલ કરે છે કે આ ગ્રંથો ફક્ત સાહિત્યિક કસરતો નથી પરંતુ ભારતીય સમાજના હાંસિયામાંથી ઓળખ પાછી મેળવવાના આમૂલ કાર્યો છે, જ્યાં સ્થાપિત સત્તા માળખાએ ઐતિહાસિક રીતે દલિત અવાજોને શાંત કર્યા છે જ્યારે મુખ્ય પ્રવાહના પ્રકાશનોમાં બિન-બ્રાહ્મણવાદી દ્રષ્ટિકોણને ઈરાદાપૂર્વક બાકાત રાખવામાં આવ્યા છે. જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ અધ્યયન શાળા સાથે જોડાયેલા શ્રીવાસ્તવ દલીલ કરે છે કે દલિત સાહિત્ય એકંદરે પ્રતિકારનું સાહિત્ય છે, જે સંચિત અસંતોષ અને અસ્પૃશ્યતાથી દશ્યતા તરફ આગળ વધવાના પ્રયાસમાંથી જન્મે છે. તેણી ભાર મૂકે છે કે દલિત મહિલાઓએ બહુ-સ્તરીય શોષણનો સામનો કર્યો છે, ઉચ્ચ જાતિના પુરુષો અને સ્ત્રીઓ દ્વારા અને દલિત પુરૂષો દ્વારા પણ પિતૃસત્તા, લિંગ અને જાતિના નામે કચડી નાખવામાં આવી છે. શિક્ષણ અને મૂળભૂત સુવિધાઓનો અભાવ લાંબા સમયથી તેમને પોતાના પક્ષમાં વિચારવાની અને નિર્ણય લેવાની ક્ષમતાથી વંચિત રાખે છે, છતાં તેમની આત્મકથાઓ હવે નારીવાદી લેન્સ દ્વારા વિશ્લેષણની માંગ કરે છે જે પુરુષ-કેન્દ્રિત ચેતનાને પરિઘમાંથી લખાયેલા વૈકલ્પિક ઈતિહાસ સાથે બદલવાનો પ્રયાસ કરે છે. લેટિન અમેરિકન ખ્યાલના ટેસ્ટીમોનિઓ પર દોરતા, શ્રીવાસ્તવ વિદ્વાન જોન બેવર્લીને ટાંકીને દલીલ કરે છે કે આ ગ્રંથો પ્રથમ-વ્યક્તિના વર્ણનો તરીકે કાર્ય કરે છે જ્યાં નાયક સામૂહિક દુઃખનો સાક્ષી આપે છે, વાચકોને દલિતોની નજીક લાવે છે જે ફક્ત આંકડા જ વ્યક્ત કરી શકતા નથી. આ પેપરમાં દાવો કરવામાં આવ્યો છે કે દલિત આત્મકથાઓને ફક્ત વ્યક્તિગત જીવનકથાઓ તરીકે સમજી શકાય નહીં; તેના બદલે, તે સમુદાય કથાઓ છે જે વિભાજન અને વિનાશ સામે સ્વનું પુનર્નિર્માણ કરવાનો પ્રયાસ કરતી વખતે ત્રાસ, મજૂર શોષણ અને જાતીય હિંસાનું દસ્તાવેજીકરણ કરે છે. વિશ્લેષણ આ સાહિત્યિક ઉદભવને ૧૯૮૦ના દાયકાની મહિલા ચળવળોમાં દર્શાવે છે, જ્યારે નાના પુસ્તિકાઓ અને અનુવાદો મોટા પ્રકાશન ગૃહોની બહાર પ્રેક્ષકો સુધી પહોંચવા લાગ્યા. છતાં શ્રીવાસ્તવ નોંધે છે કે શૈક્ષણિક સંસ્થાઓએ વ્યવસ્થિત રીતે દલિત સાહિત્યને અભ્યાસક્રમમાંથી બાકાત રાખ્યું છે, ફક્ત સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી જાતિનો અભ્યાસ કરે છે જ્યારે આંબેડકરવાદી અથવા સત્યશોધક દૃષ્ટિકોણને ટાળે છે. તેણી ચેતવણી આપે છે કે બધી સ્ત્રીઓ દલિત હોવાનો દાવો કરતા સામાન્ય નારીવાદી સૂત્રો ઘણીવાર જાતિના ચોક્કસ સંસ્થાકીય પ્રશ્નને હાંસિયામાં ધકેલી દે છે, દલિત મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતા વિશિષ્ટ દમનને ઝાંખું કરે છે અને સામાજિક માળખા અને સમકાલીન પરિવર્તન વચ્ચેના આંતરસંબંધને અવગણે છે. તમિલ કથાઓમાં, આ પેપર વીરમ્માની નિર્ધારિત આત્મકથા "લાઈફ ઓફ એન અનટચેબલ" પર પ્રકાશ પાડે છે, જ્યાં તેણી વર્ણવે છે કે કેવી રીતે તેના પરાયા સમુદાયના સભ્યો ઉચ્ચ જાતિઓ સમક્ષ પોતાને પ્રણામ કરતા હતા અને કેવી રીતે એક વૃદ્ધ પુરૂષ સાથેના તેના બાળપણના લગ્નને તે લોકો દ્વારા અપહરણ જેવું લાગ્યું જેમણે તેણીને સ્ત્રી બનાવી હતી. વીરમ્મા એક કાલ્પનિક વાર્તાલાપકારને સંબોધીને પોતાના અંગત અનુભવને સમુદાયના સાક્ષીમાં રૂપાંતરિત કરે છે, જેમાં ભૂતકાળના દોઢ રૂપિયાના વેતનને આજના સરકાર દ્વારા નક્કી કરાયેલા દરો સાથે સરખામણી કરવામાં આવે છે, અને જાહેર કરે છે કે આ કલિયુગમાં સરકાર પોતે જ તેમના જેવા લોકોની સંભાળ રાખે છે. બામા ફૌસ્ટીના મેરીની "કરૂક્કુ", જે પ્રથમ તમિલ દલિત આત્મકથા છે જેણે વ્યાપક વાચકો મેળવ્યા છે, તે ઈરાદાપૂર્વક હું થી આપણે તરફ આગળ વધે છે, તેના તીક્ષ્ણ શબ્દોને કાંટાળા પાંદડા સાથે સરખાવે છે જે દમનકારીઓને ડંખ અનુભવે છે. એક ખ્રિસ્તી દલિત, બામા ચર્ચમાં જાતિ ભેદભાવ અને રાજ્ય સત્તા અને ઉચ્ચ જાતિની હિંસા વચ્ચેના જોડાણને ઉજાગર કરે છે, જેમાં પોલીસ અત્યાચારોનો સમાવેશ થાય છે જ્યાં દલિત મહિલાઓને દૈનિક જાતીય હુમલોનો સામનો કરવા માટે પાછળ છોડી દેવામાં આવતી હતી જ્યારે પુરુષો જંગલમાં ભાગી જતા હતા. બંગાળમાં, બેબી હલદરની "આલો અંધારી" બાર વર્ષની ઉંમરે બાળ લગ્ન અને દિલ્હીમાં ઘરેલુ ગુલામીથી સાહિત્યિક માન્યતા સુધીની તેમની સફરને દર્શાવે છે, જે પ્રેમચંદના પૌત્ર પ્રબોધ કુમારથી પ્રેરિત છે, જેમણે તેમને વાંચવા અને લખવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શ્રીવાસ્તવ બેબીના ટ્રેન કંડક્ટરો દ્વારા ચોક્કસ બોગીમાં તેની હાજરી પર પ્રશ્ન ઉઠાવવાથી ડરતી સ્ત્રીથી નિર્ભયતાથી ટિકિટ બનાવતી વ્યક્તિમાં પરિવર્તન પર પ્રકાશ પાડે છે, અને તેના પતિની અટક અપનાવવાનો તેણીનો ઈનકાર, લગ્ન પછી છોકરીઓએ પોતાની ઓળખ કેમ બદલવી જોઈએ જ્યારે છોકરાઓ નથી બદલતા તે પ્રશ્ન કરે છે. કલ્યાણી ઠાકુરનું "અમી કેનો ચાંડાલ લખી" ૨૦૦૩માં તેણીની અટકમાં ચાંડાલ ઉમેરીને રાજકીય રીતે વ્યક્તિગત બનાવે છે, જેમાં દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે કે કેવી રીતે તેણીને સરકારી કચેરીઓમાં ખુરશીનો ઈન્કાર કરવામાં આવ્યો હતો, ચાહકો વિના ખૂણામાં બેસાડવામાં આવી હતી જ્યારે સાથીદારો તેના અસ્તિત્વથી પરેશાન હતા અને એક.ઘરેથી સાદડીઓ લાવીને વર્ગખંડની બહાર શાળાના વરંડામાં બેસવા માટે મજબૂર કરવામાં આવતી. મરાઠી આત્મકથાઓ દલિત જુબાનીનો સુવર્ણ યુગ બનાવે છે જેને અખબાર દલિત જુબાની કહે છે. શાંતાબાઈ ધનાજી દાણીનું "રાત્ર દિન અમ્હા" બાળપણની ભૂખનું વર્ણન કરે છે કે તેની માતાએ પાડોશી પાસે રોટલી માંગવા બદલ તેને માર માર્યો હતો, પછી રડતી હતી અને મોડી રાત્રે તેને ખવડાવતી હતી. કોલેજમાં, દાણીને દૂરથી તેની થાળીમાં ફેંકી દેવામાં આવતી હતી અને છોકરીઓના બાથરૂમમાં બાંયધરી આપવામાં આવતી હતી, વાંસના આડશ પાછળ બંધ કરી દેવામાં આવતી હતી. મુક્તા સર્વગોંડનું "મિતલેલી કવડે" વર્ણન કરે છે કે કેવી રીતે દલિત મજૂરો તેમના ખુલ્લા હાથે લગ્નના મેદાનો સાફ કરતા હતા અને ચાર મહિનાના કામના મહેનતાણામાં માનવ મળમૂત્રના ઢગલા પર મૂકેલી ખીર મેળવતા હતા. બેબી કાંબલેનું "જીન અમુચ્ય", જે તેના પતિથી છુપાયેલા કાગળના ટુકડા પર ગુપ્ત રીતે લખાયેલું છે, તે મહાર સમુદાયમાં ઘરેલુ હિંસાને ઉજાગર કરે છે, જ્યાં તેણી નોંધે છે કે જો મહાર બ્રાહ્મણો માટે અલગ છે, તો મહાર સ્ત્રીઓ મહાર પુરૂષો માટે અલગ છે. કુમુદ પવાડેનું "અંતઃસ્ફોટ" સંસ્કૃત ભાષાના તેમના પ્રતિબંધિત અભ્યાસનું વર્ણન કરે છે, જેમાં પ્રોફેસરોનો સામનો કરવો પડે છે જેમણે પૂછ્યું હતું કે કયા પાપથી તેમને દલિત મહિલા પાસેથી ભાષા શીખવાનું કારણ બન્યું, જ્યારે ઉર્મિલા પવારનું "આયદાન" વર્ણન કરે છે કે કેવી રીતે તેની અભણ માતા, એક વાંસ વણકર, એક શિક્ષકનો સામનો કરે છે જેણે ગાયના છાણને સાફ કરવાનો ઈન્કાર કરવા બદલ ઉર્મિલાને માર માર્યો, તેને ત્યાં સુધી ધમકી આપી જ્યાં સુધી તે પીછેહઠ ન કરે અને તેની પુત્રીની સંભાવનાની ભાવનાને બદલી નાખે. પવાર પાછળથી દલિત ચળવળોમાં પિતૃસત્તાની ટીકા કરે છે, નોંધે છે કે તેમના માટે આયોજિત સભાઓમાં પણ મહિલાઓને ખુરશીઓ અને નેતૃત્વની ભૂમિકાઓથી વંચિત રાખવામાં આવતી હતી. મલ્લિકા અમર શેખની આત્મકથા જાહેર ક્રાંતિકારીઓની ખાનગી ક્રૂરતા પર મૌન તોડે છે, દલિત પેન્થર્સના સ્થાપક, તેમના પતિ નામદેવ ધસાલને એક હિંસક શરાબી તરીકે વર્ણવે છે જેણે તેમને બાજુ પર રાખ્યા હતા જ્યારે પક્ષના કાર્યકરો પુરૂષ વર્ચસ્વને વખાણતા હતા. હિન્દીમાં, કૌશલ્યા બૈસંત્રીનું "દોહરા અભિશાપ" દલિત અને સ્ત્રી બંને જન્મવાના બેવડા શાપને સ્પષ્ટપણે સંબોધે છે, જ્યારે સુશીલા તકભૌરેનું "શિકાંજે કા દર્દ" જાતિના જુલમને એક પંજા તરીકે રજૂ કરે છે જે દલિત સ્ત્રીઓને પાંજરામાં કચડી નાખે છે. કૌશલ પનવારનું "બાવંદરોં કે બીચ" એક શિક્ષિકાને યાદ કરે છે જેણે સંસ્કૃતનો અભ્યાસ કરવાની હિંમત કરવા બદલ તેણીને થપ્પડ મારી હતી, તેણીનો જન્મ ફક્ત ગંદકી વહન કરવા માટે થયો હોવાનું જાહેર કર્યું હતું અને કોન્ટ્રાક્ટરના જાતીય આક્રમણથી બચવા માટે ગરમ સળિયા પર હાથ બાળવાનું વર્ણન કરે છે. સુમિત્રા માહરોલનું વર્ણન આંતરછેદમાં અપંગતા ઉમેરે છે, દસ્તાવેજીકરણ કરે છે કે કેવી રીતે પોલિયોથી પીડિત દલિત મહિલા તરીકે તેણીએ એટલી ઊંડી ઉપેક્ષાનો સામનો કરવો પડ્યો હતો કે તેના માતાપિતાએ તેની સલામતી વિશે બિનજરૂરી ચિંતા કરી ન હતી. શ્રીવાસ્તવ નિષ્કર્ષ કાઢે છે કે આ લખાણોને જાતિ વિરોધી સમાજના નિર્માણ માટે આવશ્યક જીવન પુરાવા તરીકે વાંચવા જોઈએ, જે વિવેચક ગોપાલ ગુરુના અવલોકનનો પડઘો પાડે છે કે દલિત કથાઓ ભેદભાવપૂર્ણ માનસિકતા ધરાવતા લોકો માટે ચેતવણી તરીકે સેવા આપે છે. તેઓ શરમ અને અપરાધ પેદા કરે છે જ્યારે ઉચ્ચ જાતિના કથાકારો લાંબા સમયથી નિયંત્રિત ઐતિહાસિક ખાલીપો ભરે છે. દર્દને જુબાનીમાં રૂપાંતરિત કરીને, દલિત મહિલા આત્મકથાકારો ફક્ત ભૂતકાળને જ નોંધી રહી નથી; તેઓ સમાનતાવાદી ભવિષ્યના દરવાજા ખોલવા માટે દબાણ કરી રહી છે.

# દલિત ભાઈઓએ કસ્ટોડિયલ ત્રાસનો આરોપ લગાવ્યો, એસસી કમિશનમાં અરજી કરી



(એજન્સી) પટિયાલા, તા.૩

પટિયાલા જિલ્લાના નાભાના કાકરાલા ગામના બે દલિત ભાઈઓએ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગને ફરિયાદ કરી છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ચોરીના શંકાસ્પદ કેસમાં છિંટનવાલા પોલીસ ચોકીના કર્મચારીઓએ તેમને કસ્ટડીમાં ત્રાસ આપ્યો હતો. દૈનિક વેતન મેળવતા કડિયાકામના કામદારોએ આરોપ લગાવ્યો છે કે તેમને મુક્ત કરતા પહેલા તેમના કપડાં ઉતારવામાં આવ્યા હતા, તેમને ખૂબ માર મારવામાં આવ્યો હતો, તેમને મૌખિક રીતે ગાળો આપવામાં આવી હતી અને ઈલેક્ટ્રિક શોક આપવામાં આવ્યો હતો. તેમણે સ્વતંત્ર તપાસ, કાનૂની રક્ષણ અને સંડોવાયેલા કર્મચારીઓ સામે કાર્યવાહીની માંગ કરી હતી. ભાઈઓએ કહ્યું કે તેઓ સાથી ગ્રામજનો બઘેલ સિંહના ઘરે કામ કરતા હતા, જ્યાં ૨૪ ઓગસ્ટની રાત્રે ચોરીની જાણ થઈ હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે તેમને કોઈપણ પ્રાથમિક તપાસ અથવા વિશ્વસનીય પુરાવા વિના પોલીસને સોંપવામાં આવ્યા હતા. ૧ સપ્ટેમ્બરની તેમની અરજીમાં, તેમણે કમિશનને માનવાધિકાર ઉલ્લંઘન અને જાતિ-લક્ષિત દુર્વ્યવહારની સ્વતઃ નોંધ લેવા વિનંતી કરી હતી. તેમણે સ્થાનિક પોલીસને બદલે વરિષ્ઠ સ્વતંત્ર અધિકારી અથવા એજન્સી દ્વારા તપાસની માંગ કરી હતી. તેમણે સીસીટીવી ફૂટેજ, ડીવીઆર, દૈનિક ડાયરી રજિસ્ટર અને કસ્ટડી રેકોર્ડ જાળવવા, સ્વતંત્ર તબીબી-કાનૂની તપાસ, આરોપી કર્મચારીઓને સક્રિય ફરજ પરથી દૂર કરવા અને તેમના પરિવાર માટે સુરક્ષાની પણ માંગ કરી. પંજાબ ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના ઉપપ્રમુખ પરમજીત સિંહ કૈન્થ, જેમણે સમુદાયના નેતાઓ સાથે પરિવારની મુલાકાત લીધી હતી, તેમણે પારદર્શક, સમયબદ્ધ તપાસની માંગ કરી. તેમણે ચેતવણી આપી હતી કે જો અધિકારીઓને બચાવવામાં આવશે તો સંગઠન રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરશે. છિંટનવાલા પોલીસ ચોકીના ઈન્ચાર્જ સબ-ઈન્સ્પેક્ટર ચમકૌર સિંહે ત્રાસના આરોપોને નકારી કાઢ્યા હતા. તેમણે કહ્યું કે તપાસના ભાગ રૂપે ભાઈઓની માત્ર ચાર દિવસ પહેલા જ પૂછપરછ કરવામાં આવી હતી અને તેમના પર દબાણની યુક્તિઓનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. ચમકૌર સિંહે દાવો કર્યો હતો કે સીસીટીવી ફૂટેજ દર્શાવે છે કે એક શંકાસ્પદ વ્યક્તિના પુત્રએ એક નાનો દરવાજો ખુલ્લો રાખ્યો હતો, જેના દ્વારા ચોરો ૨૪ ઓગસ્ટની રાત્રે ઘરમાં ઘૂસી ગયા હતા અને ૧૦ લાખ રૂપિયાના સોનાના દાગીના ચોરી ગયા હતા. તેમણે કહ્યું કે તપાસ અને કોલ ડિટેલ્સ સહિત પુરાવા એકત્રિત કર્યા પછી જ કેસ નોંધવામાં આવશે.


(ચોથો પ્રયત્ન)

ગુજરાત રાજ્ય

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

"ઈ" પ્રોક્યુરમેન્ટ જાહેર નિવિદા નં. ૦૫ સને ૨૦૨૬-૨૭

(૧)કામનું નામઃ-ઈન્સ્ટોલેશન ઓફ વેરીયસ ઈન્સ્ટ્રુમેન્ટર્સ એટ રાયડી & ધાતરવડી ૧ ઈરીગેશન સ્કીમ.

(૨)અંદાજિત રકમઃ- રૂ.૫,૮૭,૨૫૯.૭૩/-

(૩)ટેન્ડર ઓનલાઈન મેળવવાની અંતિમ તારીખ/સમયઃ- ૧૧/૦૯/૨૦૨૬, સમય ૧૬.૦૦ કલાક સુધી

(૪)કચેરીનું નામ/સરનામુંઃ- નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી, સિંચાઈ પેટા વિભાગ, ખાખબાઈ રોડ, રાજુલા-૩૬૫૫૬૦, ફો.નં. ૦૨૭૯૪-૨૨૨૭૧૮

વધુ વિગતો www.nprocure.com & www.statenders.gujarat.gov.in પર જોઈ શકાશે.

નોંધઃ-હવે પછીના કોઈપણ સુધારાઓ હશે તે www.nprocure.com સાઈટ પર ઓનલાઈન સીધા કરવામાં આવશે.

માહિતી/અમર/ ૭૫૭/૨૦૨૬-૨૭

# કર્ણાટકના મંત્રીએ કોપ્પલમાં જાહેર કાર્યક્રમમાં ઈસ્લામની પ્રશંસા કરી : ભાજપ દ્વારા તેમની આકરી ટીકા

## ઉચ્ચ શિક્ષણ મંત્રી બસવરાજ રાયરેડ્ડીએ મુસ્લિમ સમુદાયના લગ્ન કાર્યક્રમમાં કરેલી આ ટિપ્પણીનો બચાવ કર્યો છે

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૩



કર્ણાટકના ઉચ્ચ શિક્ષણ મંત્રી બસવરાજ રાયરેડ્ડીએ કોપ્પલ જિલ્લામાં એક જાહેર કાર્યક્રમ દરમિયાન ઈસ્લામની પ્રશંસા કરતી ટિપ્પણીઓ કર્યા બાદ રાજકીય વિવાદ સર્જાયો હતો. મુસ્લિમ સમુદાયના સભ્યો દ્વારા આયોજિત સમૂહ લગ્ન કાર્યક્રમમાં રાયરેડ્ડીએ સંબોધન કર્યું ત્યારે વિવાદ શરૂ થયો. તેમના ભાષણ દરમિયાન મંત્રીએ કહ્યું કે, ઈસ્લામ 'અન્ય ધર્મોની તુલનામાં સારો ધર્મ છે' અને લોકોમાં ઈસ્લામ અંગે ઘણી ગેરસમજો છે. તેમની આ ટિપ્પણીઓ પછી વિપક્ષી નેતાઓ, ખાસ કરીને ભાજપ તરફથી, ભાજપ તરફથી તીવ્ર પ્રતિક્રિયાઓ આવી છે અને તેમના પર તેમની ટિપ્પણીઓ દ્વારા હિન્દુ ધર્મ અને અન્ય ધર્મોનું અપમાન કરવાનો આરોપ મૂક્યો છે. રાયરેડ્ડીએ પવિત્ર શહેર મક્કાની મુલાકાત લેવાની તેમની ઈચ્છા વિશે પણ વાત કરી હતી. ત્યાં અન્ય ધર્મોના અનુયાયીઓને આ પવિત્ર સ્થળમાં પ્રવેશવાની મંજૂરી નથી તે અંગે દુઃખ વ્યક્ત કર્યું. તેમણે કહ્યું કે, તેઓ મક્કાની મુલાકાત લેવા અને વિશ્વભરના મુસ્લિમો માટે ધાર્મિક મહત્ત્વ ધરાવતા સ્થળ વિશે વધુ જાણવા માંગે છે.

ભાજપે મંત્રીના આ નિવેદનને સામે સખત વાંધો ઉઠાવ્યો અને રાજ્ય મંત્રીમંડળમાંથી માફી માંગવા અથવા તેમના રાજીનામાની માંગ કરી છે. આર. અશોક અને સી.ટી. રવિ સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓએ આરોપ લગાવ્યો કે, કોંગ્રેસ સરકાર વોટ બેંકની રાજનીતિ કરે છે અને ચોક્કસ સમુદાયને ખુશ કરવાનો પ્રયાસ કરી રહી છે. વિપક્ષી નેતાઓએ દલીલ કરી હતી કે, એક ધર્મને બીજા કરતા શ્રેષ્ઠ ગણાવવો બંધારણીય પદાધિકારી માટે અયોગ્ય છે અને વિવિધ ધર્મોના લોકોની લાગણીઓને ઠેસ પહોંચાડી શકે છે. આ ટીકા પર પ્રતિક્રિયા આપતા રાયરેડ્ડીએ તેમની ટિપ્પણીનો બચાવ કર્યો અને કોઈપણ ધર્મનું અપમાન કર્યું હોવાના આરોપોને ફગાવી દીધા હતા. તેમણે કહ્યું કે, એક ધર્મની પ્રશંસા કરવાનો અર્થ બીજા ધર્મનું અપમાન કરવાનો નથી. રાયરેડ્ડીના મતે તેમની ટિપ્પણીઓનો હેતુ ફક્ત ઈસ્લામના કેટલાક સકારાત્મક પાસાઓને દર્શાવવા અને સમાજના વર્ગોમાં ઈસ્લામિક આસ્થા વિશે પ્રવર્તતી ગેરસમજણો દૂર કરવાનો હતો. મંત્રીએ જણાવ્યું હતું કે, તેમનું ભાષણ કોઈપણ ધર્મ વિરુદ્ધ નહતું અને તેમના શબ્દોનું રાજકીય અર્થઘટન કરવામાં આવ્યું હતું. આ વિવાદથી કર્ણાટકમાં શાસક કોંગ્રેસ સરકાર અને ભાજપ વચ્ચે રાજકીય સંઘર્ષ વધ્યો છે, બંને પક્ષો આ મુદ્દાનો ઉપયોગ ધર્મ, ધર્મનિરપેક્ષતા અને જાહેર ચર્ચા પર પોતાના મંતવ્યોને રજૂ કરવા માટે કરી રહ્યા છે. કોંગ્રેસ નેતૃત્વ કે રાજ્ય સરકાર મંત્રીના પોતાના સ્પષ્ટીકરણ સિવાય કોઈ વિગતવાર નિવેદન જારી કર્યું નથી અને ભાજપના નેતાઓ આ ટિપ્પણી પર માફી માંગવા માટે દબાણ કરી રહ્યા છે.

# માનવતા મહત્ત્વપૂર્ણ છે : મુસ્લિમ યુવાનોએ મુંબઈમાં હિન્દુ મહિલાના અંતિમ સંસ્કાર કર્યા

## માલવણીના રહેવાસીઓએ શ્વેતા કાંબલેના અંતિમ સંસ્કારનું આયોજન કરનારા સ્વયંસેવકોની પ્રશંસા કરી છે અને મિત્રો કહે છે કે, તેમના આ પ્રયાસો કરૂણા અને સેવાના મૂલ્યોને દર્શાવે છે

(એજન્સી) મુંબઈ, તા.૩



આજે દેશમાં એવા સમયે જયારે સાંપ્રદાયિક તણાવ અને વિભાજનકારી વર્તન ઘણીવાર જાહેર ચર્ચા પર પ્રભુત્વ ધરાવે છે, ત્યારે મુંબઈના માલવણી વિસ્તારમાં મુસ્લિમ યુવાનોના એક જૂથે રક્ષાબંધન પર મૃત્યુ પામેલી એક હિન્દુ મહિલાના અંતિમ સંસ્કાર કરવામાં મદદ કરવા બદલ પ્રશંસા મેળવી રહ્યા છે, જે તેમની માનવતા અને સાંપ્રદાયિક સંવાદિતાની ભાવના દર્શાવે છે.

સ્વેતા કાંબલે (૪૫)નું રક્ષાબંધનના દિવસે બપોરે હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું. તે માલવણીમાં સેન્ટ પોલ હાઈસ્કૂલ નજીક મહારાષ્ટ્ર ચાલમાં તેની મિત્ર શિખા સાથે રહેતી હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર તેના માતા-પિતા પહેલાથી જ મૃત્યુ પામ્યા હતા અને તેના અંતિમ સંસ્કાર કેવી રીતે કરવામાં આવશે તે અંગે અનિશ્ચિતતા હતી. આ ઘટના વિશે વાત કરતા સ્થાનિક મોબાઈલ ફોન રિપેર ટેક્નિશિયન મોહમ્મદ આઝમ શાહે જણાવ્યું હતું કે, તેમને મિત્રો દ્વારા ખબર પડી કે કાંબલેનું અવસાન થયું છે અને તેમના અંતિમ સંસ્કારની વ્યવસ્થા ચિંતાનો વિષય બની ગઈ છે. આ માહિતી મળ્યા પછી હું કેટલાક મિત્રો સાથે તેમના નિવાસસ્થાને પહોંચ્યો. ત્યાં થોડા લોકો હાજર હતા પરંતુ અંતિમ સંસ્કારની વ્યવસ્થા માટે કોઈ આગળ આવ્યું નહીં.

ત્યારબાદ તેમણે ઘણા સ્થાનિકો અને સ્વયંસેવકોનો સંપર્ક કર્યો, જેમાં સાબીર શેખ, બિલાલ પઠાણ, અઝીમ શેખ, શાકિર શેખ, મરિયમ શેખ, તારિક શેખ, કલીમ શેખ, ફિરોઝ અન્સારી, આસિફ અંસારી, આકાશભારસ્કર, ધીરજ, સન્ની, લલ્લન અને કાનુનો સમાવેશ થાય છે, જેઓ અંતિમ સંસ્કારનું આયોજન કરવા માટે સાથે જોડાયા હતા. આ જૂથે કાંબલેના મૃતદેહને સ્મશાનગૃહમાં લઈ જવાની વ્યવસ્થા કરી અને અંતિમ સંસ્કાર પૂર્ણ થાય ત્યાં સુધી સમગ્ર પ્રક્રિયામાં સામેલ રહ્યા હતા.

શાહે કહ્યું કે, તેઓ હિન્દુ અંતિમ સંસ્કાર વિધિઓથી સંપૂર્ણપણે પરિચિત ન હોવાથી, સ્મશાનમાં હાજર રહેલા સ્થાનિક હિન્દુ રહેવાસીઓએ પરંપરા અનુસાર વિધિ કરવામાં મદદ કરી હતી. કાંબલેની મિત્ર શિખાએ અંતિમ સંસ્કારની ચિતાને અગ્નિદાહ આપ્યો હતો. શાહના જણાવ્યા મુજબ સ્વયંસેવકો બપોરથી રાત્રે લગભગ ૧૧ વાગ્યા સુધી અંતિમ સંસ્કારની વ્યવસ્થામાં રહ્યા હતા.

આ જૂથને શેમાથી પ્રેરણા મળી તે સમજાવતા તેમણે કહ્યું કે, તેમના કાર્યો માનવતા અને સેવાના મૂલ્યો છે જે તેમના ધર્મ દ્વારા શીખવવામાં આવ્યા હતા. આપણો ધર્મ માનવતા અને ભાઈચારો શીખવે છે. જો કોઈ મુશ્કેલીમાં હોય, તો આપણે તેમને મદદ કરવી જોઈએ. જો કોઈ જરૂરિયાતમંદ હોય, તો આપણે તેમને મદદ કરવી જોઈએ. આ ભાવનાથી જ અમારા બધા સાથીઓએ અમારી બિન-મુસ્લિમ બહેન શ્વેતા કાંબલેના અંતિમ સંસ્કારમાં ભાગ લીધો હતો. આ પ્રયાસ દ્વારા, અમે એ પણ સંદેશ આપવા માંગતા હતા કે, માનવતા એ લોકોમાં સૌથી મોટું બંધન છે. આપણે માનવ તરીકે આપણી જવાબદારી નિભાવવી જોઈએ. શ્રેષ્ઠ વ્યક્તિ તે છે જે બીજાઓને લાભ આપે છે અને જ્યારે તેઓને જરૂર હોય ત્યારે તેમની મદદ કરે છે.

આ વિસ્તારના રહેવાસીઓએ સ્વયંસેવકોના આ કાર્યની પ્રશંસા કરી છે અને તેને એવા સમયે સાંપ્રદાયિક સંવાદિતાનું ઉદાહરણ ગણાવ્યું છે જ્યારે સામાજિક વિભાજન ઘણીવાર કરૂણાના કાર્યો કરતાં વધુ ધ્યાન આકર્ષિત કરે છે. શાહે અજય ભાસ્કર, (જે વિસ્તારમાં 'કેબલ વાલા' તરીકે જાણીતા છે), નો આ અંતિમ સંસ્કારની વ્યવસ્થા દરમિયાન સંદેશાવ્યવહાર અને સહાયનું સંકલન કરવામાં મદદ કરવા બદલ યોગદાનનો પણ સ્વીકાર કર્યો હતો. આ ઘટનાની પડોશમાં પ્રશંસા કરવામાં આવી છે, રહેવાસીઓએ કહ્યું કે, સ્વયંસેવકોના કાર્યો દર્શાવે છે કે, જરૂરિયાતના સમયે માનવીય મૂલ્યો અને પરસ્પર સહાય ધાર્મિક વિવાદો કરતાં વધુ મહત્ત્વપૂર્ણ હોય શકે છે.

# મુસ્લિમ મહિલાઓની 'બોક્સમાં બંધ ઘરેણાં' સાથે સરખામણી એ ઈસ્લામિક ઈતિહાસ અને મહિલાઓના ગૌરવનું અપમાન છે : ઈસ્લામ આ માનસિકતા નકારે છે

## મુસ્લિમ યુથ ઓર્ગેનાઈઝેશનના ડૉ. શૂજાત અલી કાદરીએ કન્થાપુરમ અબૂબકર મુસ્લિયારની કથિત ટિપ્પણી સામે વિરોધ કરતાં કહ્યું કે, મહિલાઓનું મૂલ્ય અંગે ગૌરવ તેમને ઘરમાં બંધ રાખવાથી નક્કી થતું નથી

(એજન્સી) તા.૩



મુસ્લિમ યુથ ઓર્ગેનાઈઝેશનના સંયોજક ડૉ. શૂજાત અલી કાદરીએ જણાવ્યું છે કે, મુસ્લિમ મહિલાઓને સોનાના દાગીનાની જેમ ડબ્બામાં બંધ રાખવાની સરખામણી માત્ર મહિલાઓની ગરિમાનું જ અપમાન નથી, પરંતુ ઈસ્લામના સમૃદ્ધ ઈતિહાસમાં મહિલાઓએ ભજવેલી આર્થિક, શૈક્ષણિક, સામાજિક અને જાહેર ભૂમિકાને પણ નકારી કાઢે છે. કન્થાપુરમ અબૂબકર મુસ્લિયારની કથિત ટિપ્પણીનો વિરોધ કરતાં ડૉ. કાદરીએ કહ્યું કે મહિલાઓનું મૂલ્ય કોઈ વસ્તુની જેમ છુપાવી રાખવાથી જળવાતું નથી. મહિલાઓ પણ મનુષ્ય છે, તેમની પાસે બુદ્ધિ, ગૌરવ, અધિકારો અને જવાબદારીઓ છે. સમાજમાં તેમનું યોગદાન તેઓ કેટલા સમય સુધી જાહેર જીવનથી દૂર રહે છે તેના આધારે માપી શકાય નહીં. તેમણે કહ્યું કે મહિલાઓ જાહેર જીવનમાં પ્રવેશ કરે તો 'મહાવિનાશ' સર્જાઈ શકે તેવી માન્યતા ઈસ્લામના પોતાના ઈતિહાસ સાથે પણ મેળ ખાતી નથી. ડૉ. કાદરીએ ઈસ્લામના ઈતિહાસમાંથી અનેક મહિલાઓનાં ઉદાહરણો આપ્યાં. તેમણે હઝરત ખદીજા (ર.અ.)નું નામ યાદ કરાવ્યું. પયગંબર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની પત્ની ખદીજા સફળ અને સન્માનિત વેપારી હતાં. તેમના વેપાર અને સામાજિક પ્રતિષ્ઠા દર્શાવે છે કે ઈસ્લામી ઈતિહાસમાં મહિલાઓનો આર્થિક સ્વતંત્રતા અને પ્રભાવ હતો. હઝરત આયશા (ર.અ.) ઈસ્લામના પ્રારંભિક યુગની અગ્રણી વિદ્વાન તરીકે જાણીતા છે. તેમણે પુરુષો અને મહિલાઓ બંનેને શિક્ષણ આપ્યું, મોટી સંખ્યામાં હદીસોનું જ્ઞાન આગળ પહોંચાડ્યું અને મુસ્લિમ સમાજના બૌદ્ધિક તથા જાહેર જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. હઝરત નુસૈબા બિન્ત કાબ (ર.અ.)નું ઉદાહરણ પણ છે, જેમણે ઉહુદના યુદ્ધ દરમિયાન પયગંબર (સ.અ.વ.)નું રક્ષણ કર્યું હતું. રુફૈદા અલ-અસલમિયા પણ આરોગ્યસેવા અને ઘાયલોની સંભાળ સાથે મહત્વપૂર્ણ ઉદાહરણ છે. ફાતિમા અલ-ફિહરીનું નામ ઈસ્લામી શિક્ષણના ઈતિહાસ સાથે જોડાયેલું છે. મોરોક્કોના ફેઝમાં અલ-કરાવીય્યીન સંસ્થાની સ્થાપના માટે તેમને પરંપરાગત રીતે શ્રેય આપવામાં આવે છે. રાજકીય સત્તામાં પણ મુસ્લિમ મહિલાઓની હાજરી રહી છે. ઈજિપ્ત પર શાસન કરનાર શજર અલ-દુર અને ભારતમાં દિલ્હી સલ્તનતનું શાસન કરનાર રઝિયા સુલતાન તેના ઉદાહરણો છે. ડૉ. કાદરીનો સવાલ છે, જો મહિલાનું જાહેર જીવનમાં દેખાવું જ 'મહાવિનાશ'નું કારણ ગણાય, તો ખદીજા, આયશા, નુસૈબા, રુફૈદા, ફાતિમા અલ-ફિહરી, શજર અલ-દુર અને રઝિયા સુલતાન જેવી ઐતિહાસિક મહિલાઓને આપણે કેવી રીતે મૂલ્યાંકન કરીશું? શું મહિલાઓનો આખો ઈતિહાસ માત્ર એટલા માટે ભૂંસી નાખવો જોઈએ કે તે પુરુષપ્રધાન અર્થઘટનને અનુકૂળ નથી? મહિલાઓને શોષણ, સતામણી અને ભેદભાવથી બચાવવાની ચિંતા વાજબી છે. ડૉ. કાદરીએ સ્વીકાર્યું કે, આ ચિંતાને મહિલાઓના શિક્ષણ, રોજગાર, સ્વતંત્ર નિર્ણય અને સામાજિક ભાગીદારી છીનવી લેવા માટેનું કારણ બનાવી શકાય નહીં. તેમણે કહ્યું કે મહિલાઓ સામેના પડકારોનો ઉકેલ તેમને ઘરમાં બંધ કરી દેવામાં નથી. ઉકેલ એવો સમાજ ઊભો કરવામાં છે જ્યાં મહિલાઓ સુરક્ષા, શિક્ષણ, સન્માન અને સમાન તકો સાથે જીવન જીવી શકે. તેમણે ધાર્મિક વિદ્વાનો અને સામાજિક નેતાઓને મહિલાઓ અંગે નિવેદન આપતી વખતે વધુ જવાબદારી દાખવવાની અપીલ કરી છે. ડૉ. કાદરીએ કહ્યું કે નવી પેઢીને જ્ઞાન, આત્મવિશ્વાસ, ન્યાય અને ગૌરવ આધારિત ઈસ્લામ સમજાવવાની જરૂર છે. મુસ્લિમ મહિલાઓને એવી વસ્તુ તરીકે રજૂ કરવી કે જેનું મૂલ્ય તેમને છુપાવી રાખવાથી જળવાય છે, તે ઈસ્લામના વિશાળ અને સશક્ત ઈતિહાસનું અત્યંત સંકુચિત ચિત્ર છે. તેમણે કહ્યું કે, હિજાબ કે બુરખા પર પ્રતિબંધ વ્યક્તિગત સ્વતંત્રતા પર અયોગ્ય હસ્તક્ષેપ છે. મહિલાઓને ઘરમાં જ રાખવા અને દાગીનાની જેમ સુરક્ષિત રાખવાના કથિત ફતવા અંગે અલગથી પણ સવાલો ઊભા થયા છે. આ સાથે હિજાબ અથવા બુરખા પહેરવા પર પ્રતિબંધ મૂકવાની માંગને પણ વ્યક્તિગત સ્વતંત્રતામાં અયોગ્ય હસ્તક્ષેપ ગણાવવામાં આવે છે. ઈસ્લામમાં મહિલાઓને વારસો મેળવવાનો, સંપત્તિની માલિકી રાખવાનો અને પોતાની સંમતિથી લગ્ન કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. સાથે જ પુરુષો અને મહિલાઓ બંને માટે શાલીનતા અને નૈતિક વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે. કુર્આનમાં પુરુષો અને મહિલાઓ બંનેને શાલીનતા જાળવવાની સૂચના આપવામાં આવી છે. મહિલાઓના વસ્ત્રો અંગેના કેટલાક માર્ગદર્શક આયતોમાં શરીરની શોભાને ઢાંકવા અને બહાર નીકળતી વખતે ઉપરથી વસ્ત્ર ધારણ કરવાની વાત આવે છે. જોકે, આનો અર્થ ચહેરો, આખું શરીર અથવા વાળ ઢાંકવાનો એકમાત્ર અને સર્વમાન્ય આદેશ છે કે નહીં, તે અંગે ઈસ્લામી પરંપરામાં વિવિધ અર્થઘટનો જોવા મળે છે. ચહેરો ઢાંકવાનો પ્રશ્ન ખાસ કરીને ચર્ચાસ્પદ છે. હજ દરમિયાન મહિલાઓ માટે ચહેરો ખુલ્લો રાખવાની ધાર્મિક પરંપરા અંગે પણ આ ચર્ચામાં ઉલ્લેખ થાય છે. વાળ ઢાંકવાની પરંપરાને માત્ર ઈસ્લામ સાથે જોડવી પણ ઐતિહાસિક રીતે અધૂરી સમજ છે. મધ્યપૂર્વની યહૂદી અને ખ્રિસ્તી પરંપરાઓમાં પણ મહિલાઓ માટે માથું ઢાંકવાની પ્રથા લાંબા સમયથી જોવા મળે છે. એટલે માથું ઢાંકવું માત્ર એક ધર્મની વિશિષ્ટ સાંસ્કૃતિક પરંપરા તરીકે જોવું ઈતિહાસને વિકૃત કરવાનો પ્રયાસ બની શકે છે. પહેરવેશનો નિર્ણય મહિલાનો હોવો જોઈએ. મુખ્ય સવાલ એ છે કે કોઈ મહિલા હિજાબ પહેરે કે નહીં, બુરખો પહેરે કે નહીં, તેના પહેરવેશ અંગે અંતિમ નિર્ણય તેના પોતાના અધિકાર અને વ્યક્તિગત સ્વતંત્રતાનો ભાગ હોવો જોઈએ. એક તરફ મહિલાને દાગીનાની જેમ ઘરમાં બંધ રાખવાની વિચારસરણી સ્વીકાર્ય નથી, તો બીજી તરફ તેને શું પહેરવું કે શું ન પહેરવું તે માટે બળજબરી કરવી પણ સ્વતંત્રતાની વિરુદ્ધ છે. મહિલાની સ્વતંત્રતા માટે સાચો માપદંડ એ નથી કે તે ઘરની બહાર જાય છે કે નહીં, કે તે હિજાબ પહેરે છે કે નહીં. સાચો સવાલ એ છે કે શું તેને પોતાનો નિર્ણય પોતે લેવાની સ્વતંત્રતા છે? મહિલાને સુરક્ષા જોઈએ છે, પરંતુ સુરક્ષાના નામે કેદ નહીં. તેને સન્માન જોઈએ છે, પરંતુ સન્માનના નામે તેને વસ્તુ બનાવી દેવી નહીં. તેને ધાર્મિક સ્વતંત્રતા જોઈએ છે, પરંતુ ધાર્મિક અર્થઘટનના નામે તેની પસંદગી છીનવી લેવી જોઈએ નહીં. મુસ્લિમ મહિલાઓનો ઈતિહાસ સાક્ષી છે કે તેઓ માત્ર ઘરની ચાર દીવાલોમાં બંધ રહેનારી વ્યક્તિઓ ન હતી. વેપારથી લઈને શિક્ષણ, આરોગ્યસેવા, સામાજિક સેવા અને શાસન સુધી તેમણે વિવિધ ક્ષેત્રોમાં પોતાની ભૂમિકા ભજવી છે. આજે સૌથી મોટો સવાલ એ નથી કે મહિલાઓએ તેમનું શરીર કેટલું ઢાંકવું કે કેટલું ખુલ્લુ રાખવું જોઈએ. સવાલ એ છે કે મહિલાને મનુષ્ય તરીકે તેની સંપૂર્ણ ગરિમા, સ્વતંત્રતા અને સમાન અધિકાર સાથે સ્વીકારવામાં સમાજ કેટલો તૈયાર છે ?

**(સૌ. : કાઉન્ટરવ્યૂ.નેટ)**

# RSS વડાએ વિદેશમાં નહીં, પણ ભારતમાં મુસ્લિમો વિશે ટિપ્પણી કરવી જોઈએ : સંજય રાઉત

(એજન્સી) મુંબઈ, તા.૩



શિવસેના (UBT)ના નેતા અને રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે RSS વડા મોહન ભાગવતની તાજેતરની ન્યૂયોર્ક મુલાકાત દરમિયાન કરેલી ટિપ્પણીઓની ટીકા કરી છે અને કહ્યું છે કે નિવેદનો વિદેશમાં નહીં પણ ભારતમાં ખુલ્લેઆમ આપવા જોઈએ. ન્યૂયોર્કમાં એક કાર્યક્રમમાં ભાગવતની ટિપ્પણીનો ઉલ્લેખ કરતા, રાઉતે કહ્યું કે RSS વડાએ કહ્યું હતું કે કોઈપણ હિન્દુ જે એવું માને છે કે ભારતમાં એક પણ મુસ્લિમ ન હોવો જોઈએ તે 'હિન્દુ નથી'. વાળી ભાવનાનું સ્વાગત કરતા, રાઉતે પ્રશ્ન કર્યો કે આવા વિચારો દેશની બહાર કેમ વ્યક્ત કરવામાં આવી રહ્યા છે. 'અમેરિકામાં આવા નિવેદનો આપવાને બદલે, મોહન ભાગવતે ભારતમાં જાહેરમાં આ વાતો કહેવી જોઈએ,' રાઉતે કહ્યું. શિવસેના (UBT)ના પ્રવક્તાએ દલીલ કરી હતી કે હિન્દુ-મુસ્લિમ એકતા, ધાર્મિક સંવાદિતા અને લોકશાહી મૂલ્યોને પ્રોત્સાહન આપતા સંદેશાઓ ભારતીય પ્રેક્ષકો સમક્ષ પહોંચાડવામાં આવે તો તે વધુ અર્થપૂર્ણ બનશે, જ્યાં સાંપ્રદાયિક સંબંધો અને લઘુમતી અધિકારો પર ચર્ચા રાજકીય રીતે સંવેદનશીલ રહે છે.

રાઉતે ભાગવત પર એવો પણ આરોપ લગાવ્યો કે તેઓ વિદેશમાં અલગ રીતે બોલે છે જ્યારે ભારતના મુદ્દાઓ પર મૌન રહે છે. 'વિદેશમાં જઈને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને ધાર્મિક સહિષ્ણુતા પર પ્રવચનો આપવા જ્યારે ભારતમાં શું થઈ રહ્યું છે તેના પર મૌન રહેવું એ એક ઢોંગ સિવાય બીજું કંઈ નથી,' તેમણે કહ્યું.

રાઉતના મતે, ભાગવતની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સમાં તેમના કાર્યક્રમોનો કેટલાક જૂથો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે RSS વડાની ટિપ્પણીઓ તેમની મુલાકાતને લગતી ટીકાઓને સંબોધવા માટે હતી.

રાઉતે યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારતના રાજકીય વાતાવરણનો વધુ વિરોધાભાસ કર્યો, અમેરિકાને મજબૂત લોકશાહી સંસ્થાઓ અને અભિવ્યક્તિની સ્વતંત્રતા ધરાવતો દેશ ગણાવ્યો.

'યુનાઈટેડ સ્ટેટ્સ એક મજબૂત લોકશાહી છે જ્યાં લોકો વાણી સ્વાતંત્ર્યનો સંપૂર્ણ આનંદ માણે છે. જો મોહન ભાગવત ખરેખર લોકશાહી અને નાગરિકોના અધિકારો વિશે ચિંતિત હોય, તો તેમણે પોતાના દેશમાં બેસીને આ મુદ્દાઓ ઉઠાવવા જોઈએ,' રાઉતે કહ્યું.

ન્યુયોર્કમાં ભાગવતની અહેવાલિત ટિપ્પણીઓ, ખાસ કરીને તેમના નિવેદન કે જે હિન્દુ મુસ્લિમો વિના ભારત ઈચ્છે છે તેને સાચો હિન્દુ ગણી શકાય નહીં, તેણે ભારતમાં અને ભારતીય ડાયસ્પોરા બંનેમાં ધ્યાન ખેંચ્યું. રાઉતની ટિપ્પણીઓ RSS વડાના અવલોકનો અને ભારતમાં સાંપ્રદાયિક સંવાદિતા અને લોકશાહી પરની ચર્ચાઓ પર તેમની અસરો અંગે રાજકીય ચર્ચામાં વધારો કરે છે.

# દિશા સાલિયન કેસમાં હાઈકોર્ટે મુંબઈ પોલીસની ભૂમિકા પર કેમ સવાલ ઉઠાવ્યા ?

## બોમ્બે હાઈકોર્ટે પ્રશ્ન ઉઠાવ્યો કે દિશા સાલિયન કેસમાં FIR કેમ નોંધવામાં ન આવી, ઘટનાસ્થળનો પંચનામું (તપાસ રિપોર્ટ) કેમ તૈયાર કરવામાં ન આવ્યું અને આટલી ઊંચાઈ પરથી પડી જવા છતાં માત્ર એક જ જગ્યાએ ઈજા કેમ થઈ ?

(એજન્સી) તા.૩



બોમ્બે હાઈકોર્ટે બુધવારે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)ને અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના પૂર્વ મેનેજર દિશા સાલિયનના મૃત્યુની તપાસ કરવાનો આદેશ આપ્યો. કોર્ટે મુંબઈ પોલીસને કેસ સંબંધિત તમામ રેકોર્ડ તાત્કાલિક CBIને સોંપવાનો અને અનુભવી અને વરિષ્ઠ અધિકારીની દેખરેખ હેઠળ તપાસ કરવાનો નિર્દેશ આપ્યો. લગભગ છ વર્ષની પોલીસ તપાસ છતાં FIR નોંધવામાં નિષ્ફળતા અંગે હાઈકોર્ટે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા અને કહ્યું કે, પોલીસ તપાસ 'જવાબો આપવાને બદલે વધુ પ્રશ્નો ઊભા કરે છે.' ૮ જૂન, ૨૦૨૦ના રોજ મુંબઈના મલાડ વિસ્તારમાં એક રહેણાંક મકાનના ૧૪મા માળેથી દિશા સાલિયન પડી ગઈ હતી. મુંબઈ પોલીસે આ કેસમાં અકસ્માત મૃત્યુ અહેવાલ (ADR) દાખલ કર્યો હતો અને તપાસ બાદ તેને આત્મહત્યા ગણાવી હતી. દિશાના પિતા સતીશ સાલિયને પોલીસ તપાસ પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે, તેમની પુત્રી પર સામૂહિક બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી અને પ્રભાવશાળી વ્યક્તિઓને બચાવવા માટે આ કેસનું રાજકારણ કરવામાં આવ્યું હતું. તેમણે FIR નોંધવાની અને CBI તપાસની માગણી કરીને બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. તેમની અરજીમાં શિવસેના (UBT)ના નેતા અને ધારાસભ્ય આદિત્ય ઠાકરે સામેના આરોપોની તપાસની પણ માંગ કરવામાં આવી હતી. જો કે, હાઈકોર્ટે સ્પષ્ટતા કરી હતી કે, તેણે કોઈપણ વ્યક્તિ સામેના આરોપો પર કોઈ નિષ્કર્ષ કાઢ્યો નથી. હાઈકોર્ટે લગભગ છ વર્ષ લાંબી પોલીસ તપાસના અનેક પાસાઓની નોંધ લીધી હતી જેના કારણે ફરીથી તપાસની જરૂર હતી. કોર્ટનો સૌથી મહત્ત્વપૂર્ણ પ્રશ્ન એ હતો કે, પરિવાર દ્વારા ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હોવા છતાં પોલીસે FIRને બદલે ફક્ત ADR કેમ દાખલ કરી. કોર્ટના જણાવ્યા મુજબ પોલીસ પાસે તપાસ કરવા માટે પૂરતો સમય અને તક હતી પરંતુ એફઆઈઆર દાખલ કરવામાં આવી ન હતી, જે એક કોગ્નિઝેબલ ગુનાની તપાસ સાથે સુસંગત હતી. કોર્ટે ગુના સ્થળના પંચનામા અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા. પંચનામા મોડેથી કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે. વધુમાં કોર્ટે એ પણ નોંધ્યું કે ઘટનાસ્થળે કોઈ લોહી મળ્યું નથી.

કોર્ટે એ પણ પ્રશ્ન કર્યો કે શું નોંધાયેલી ઈજાઓ આટલી ઊંચાઈથી પડી જવાથી થયેલી ઈજાઓ સાથે સુસંગત છે. સુનાવણી દરમિયાન, કોર્ટે પ્રશ્ન કર્યો કે જો દિશા આટલી ઊંચાઈથી મોઢું ફેરવીને પડી ગઈ હોય, તો તેની રામરામમાં કેવી રીતે ઈજા થઈ અને ચહેરાના કોઈ હાડકાં કેમ તૂટી ગયા નહીં. પોલીસ/ફરિયાદી પક્ષે દલીલ કરી હતી કે, દિશાને તેના ચહેરા, ખોપરી અને પાંસળીમાં ગંભીર ઈજાઓ થઈ હતી અને વરસાદથી ઘટનાસ્થળેથી લોહીના ડાઘ ધોવાઈ ગયા હશે. જો કે, કોર્ટે નિર્દેશ કર્યો કે ઉલ્લેખિત વરસાદ ઘટનાના ઘણા કલાકો પછી થયો હતો. હાઈકોર્ટને દિશાના કપડાં અંગેની માહિતીમાં પણ વિસંગતતાઓ જોવા મળી. પંચનામા અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં જણાવાયું હતું કે, તેણી કપડાં વગરની હતી, જ્યારે હોસ્પિટલ અને શબઘરના ફોટોગ્રાફસમાં તેણીએ કપડાં પહેરેલા દર્શાવવામાં આવ્યા હતા. કોર્ટે જણાવ્યું હતું કે, આ બધા પાસાઓમાં વાજબી શંકાને અવકાશ છે, જો કે, આ તબક્કે તેણે કોઈ નિષ્કર્ષ કાઢ્યો નથી. કોર્ટે એ પણ નોંધ્યું હતું કે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને ADRની નકલો ઘણા વર્ષોથી પરિવારને ઉપલબ્ધ કરાવવામાં આવી ન હતી. દિશાના પિતાના વકીલ નીલેશ ઓઝાએ પણ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં વિસંગતતાઓનો આરોપ લગાવ્યો હતો, દલીલ કરી હતી કે, ઉપલબ્ધ સામગ્રી અને પરિવારના આરોપોના આધારે FIR દાખલ કરવી જોઈતી હતી. બોમ્બે હાઈકોર્ટે CBIને દિશાના પિતા સતીશ સાલિયનનું નિવેદન નોંધવા અને FIR નોંધવાનો નિર્દેશ આપ્યો હતો. મુંબઈ પોલીસે કેસ સંબંધિત તમામ દસ્તાવેજો અને રેકોર્ડ તાત્કાલિક CBIને સોંપવા જોઈએ. CBIએ તપાસ માટે અનુભવી અને વરિષ્ઠ અધિકારીની નિમણૂક કરવી જોઈએ.

જો કે, કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચેતવણી પણ આપી હતીઃ કોઈ વ્યક્તિને ફક્ત કોર્ટમાં લગાવવામાં આવેલા આરોપોના આધારે આરોપી ગણવામાં આવશે નહીં. તપાસ અધિકારી દ્વારા એકત્રિત કરવામાં આવેલી સામગ્રીના આધારે કોઈ વ્યક્તિ સામે વાજબી શંકા ઉભી થાય તો જ તેના પર આરોપ લગાવી શકાય છે. જો CBI તપાસ ફોજદારી કેસ સ્થાપિત કરવામાં નિષ્ફળ જાય, તો એજન્સીએ સંબંધિત કોર્ટમાં યોગ્ય સારાંશ અહેવાલ દાખલ કરવો પડશે. સતીશ સાલિયનને આવા અહેવાલ સામે વાંધો ઉઠાવવાનો અધિકાર રહેશે. સતીશ સાલિયનની અરજીમાં શિવસેના (UBT) નેતા આદિત્ય ઠાકરે સામેના આરોપોની તપાસની પણ માંગ કરવામાં આવી હતી. જો કે, હાઈકોર્ટે આદિત્ય ઠાકરે સામે કોઈ પ્રતિકૂળ નિષ્કર્ષ કાઢ્યો ન હતો. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, આરોપોની સત્યતા અને ઉપલબ્ધ પુરાવાઓની તપાસ કરવાની જવાબદારી CBIની રહેશે. આદિત્ય ઠાકરેએ આ મામલે હાઈકોર્ટનો પણ સંપર્ક કર્યો હતો. તેમણે સતીશ સાલિયનની અરજીને ખોટી, પાયાવિહોણી અને દ્વેષપૂર્ણ ગણાવી હતી અને કેસનો પોતાનો પક્ષ રજૂ કરવાની વિનંતી કરી હતી. દિશા સાલિયનનું નામ આ કેસમાં સૌથી વધુ મુખ્ય બન્યું કારણ કે તેણીએ થોડા સમય માટે અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના મેનેજર તરીકે કામ કર્યું હતું. દિશાનું ૮ જૂન, ૨૦૨૦ના રોજ અવસાન થયું. તેના છ દિવસ પછી ૧૪ જૂન, ૨૦૨૦ના રોજ સુશાંત સિંહ રાજપૂત તેના બાંદ્રા સ્થિત ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યો. બંને મૃત્યુ વચ્ચે છ દિવસના અંતરને કારણે બંને કેસોમાં જોડાણ હોવાની વ્યાપક અટકળો શરૂ થઈ. જો કે, બંને કેસની અલગથી તપાસ કરવામાં આવી હતી. સુશાંતસિંહ રાજપૂતના મૃત્યુની સીબીઆઈ તપાસ પણ હાથ ધરવામાં આવી હતી. સીબીઆઈએ બાદમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો હતો, જેમાં જણાવાયું હતું કે, સુશાંત શાંતના મૃત્યુને આત્મહત્યા ગણાવવામાં આવી હતી. સંબંધિત કોર્ટે હજુ સુધી ક્લોઝર રિપોર્ટ પર નિર્ણય લીધો નથી. બોમ્બે હાઈકોર્ટનો તાજેતરનો આદેશ એ સાબિત કરતો નથી કે દિશા સાલિયનની હત્યા કરવામાં આવી હતી, કે તે સતીશ સાલિયન દ્વારા લગાવવામાં આવેલા આરોપોને ન્યાયી ઠેરવતો નથી. કોર્ટે ફક્ત એટલું સ્વીકાર્યું કે મુંબઈ પોલીસની તપાસમાં ઘણા પ્રશ્નો અને વિસંગતતાઓ છે જેના માટે સંપૂર્ણ અને સંપૂર્ણ પુનઃતપાસની જરૂર છે. આ પ્રશ્નોની તપાસ હવે CBI દ્વારા કરવામાં આવશે અને તેના તારણો નક્કી કરશે કે ફોજદારી કેસ બને છે કે નહીં.

## વલસાડમાં સરકારી નાણાંના દુરૂપયોગનો ગંભીર આક્ષેપ

# ઉમરગામ તાલુકા પંચાયત સભ્ય અને ગ્રામજનોએ રસ્તો રદ કરવા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું



(તસવીર : શકીલ સૈયદ, વાપી)

(સંવાદદાતા દ્વારા) વાપી, તા.૩

વલસાડ જિલ્લામાં વધુ એક સરકારી નાણાંના દૂરઉપયોગનો આક્ષેપ સામે આવ્યો છે. ઉમરગામ તાલુકાના ધારાસભ્ય રમણલાલ પટકારના ભલામણથી પાસ થયેલા રસ્તાને રદ કરવા આજ રોજ ઉમરગામ તાલુકા પંચાયત સભ્ય રાકેશભાઈ રાય માંડા ગ્રામ પંચાયતના કરંજ ગામ અને પુનાટ ગામના સભ્યો અને ગ્રામ જનો મળીને આજ વલસાડ કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું

સરીગામ GIDC ગ્રાન્ટમાંથી મંજૂર થયેલા રૂા.૫૦ લાખના રસ્તા સામે ગ્રામજનોમાં ભારે રોષ દેખાયા હતા ગ્રામજનોનું કહેવું છે કે "જ્યાં માનવ વસ્તી જ નથી ત્યાં રસ્તો કેમ ?" કરજગામ હરંબા કંપનીથી પુનાટ કેનાલ રોડ સામે ઉમરગામના ખેડૂતો અને ગ્રામજનોનો ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો અને મળતિયાઓ અને જમીન રોકાણકારોને ફાયદો કરાવવા ધારાસભ્યએ ભલામણ કરી રસ્તો મંજૂર કરાવ્યાનો આવેદન પત્રમાં આરોપ લગાવવામાં આવ્યા છે.

આ રસ્તાના વિરોધમાં પુનાટ ગ્રામ પંચાયતના સરપંચ વડુમાં જણાવ્યું કે જો "આ રસ્તો બિનઉપયોગી, નહેર વિભાગની મંજૂરી વિના ખેડૂતોની જમીન બગાડવાનું ષડયંત્ર"નો ગંભીરાક્ષેપો કરવામાં આવ્યો છે જેમાં કલેક્ટર અને ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરવામાં આવશે અને પ્રજાના ટેક્સના પૈસાનો વેડફાટ અટકાવી તપાસ કરવાની વલસાડ કલેક્ટર સમક્ષ માંગણી કરવામાં આવી છે. ઉમરગામ તાલુકા પંચાયત અપક્ષ સદસ્ય રાકેશ રાયએ જણાવ્યું કે વલસાડ ભાજપના ધારાસભ્યો અને જિલ્લા ભાજપ માત્ર પોતાના મળતીયાઓને ફાયદો કરાવવા એક બાદ એક ભલામણોની ઘટનાઓ બહાર આવી રહી છે.

## સુરેન્દ્રનગર મનપામાં તહેવાર ટાણે પગારની ચુકવણી ન કરાતા સફાઈ કર્મીઓમાં રોષ

સુરેન્દ્રનગર, તા.૩

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા બન્યું પણ સફાઈ કર્મચારીઓની પરિસ્થિતિ સુધરી રહી નથી અને સફાઈ કર્મચારીઓને કોન્ટ્રાક એજન્સી દ્વારા સમયસર પગાર પણ કરવામાં આવતો નથી ત્યારે રાત્રિ સફાઈમાં કામગીરી કરતી મહિલા સફાઈ કર્મચારીઓને છેલ્લા છ મહિના પહેલાના પગારો બાકી છે પરંતુ તેની ચુકવણી કરવામાં આવી નથી ત્યારે કોન્ટ્રાક્ટરને વારંવાર રજૂઆતો કરવામાં આવી છે સેનિટેશન વિભાગમાં પણ આ અંગે રજૂઆત કરવામાં આવી છે છતાં પણ આ મહિલાઓને પોતાના પગાર માટે વલખા મારવા પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. જન્માષ્ટમીનો પર્વ છે ત્યારે સફાઈ કર્મચારીઓને સમયસર પગારની ચુકવણી કરવામાં ન આવતા મહિલા સફાઈ કર્મચારીઓએ રોષ વ્યક્ત કર્યો હતો જો કે આ અંગે કમિશનર દ્વારા પણ બે દિવસમાં પગાર કરી આપવા અંગેની ખાતરી આપવામાં આવતા મામલો શાંત પડ્યો હતો. ૩૦થી વધુ મહિલાઓ સફાઈ કર્મચારીઓનો પગાર બાકી છે ત્યારે કમિશનર દ્વારા એવું જણાવવામાં આવ્યું છે કે ખોટી હાજરીઓ ભરાઈ હોય તે ચેક કરવું પડે અને ચેક કર્યા બાદ જ બે દિવસમાં પગાર કરવામાં આવશે ત્યારે આ અંગે સફાઈ કર્મચારી મહિલાઓ દ્વારા કમિશનરની વાત માની અને વિરોધ શાંત કરવામાં આવ્યો હતો.

# નવી દિલ્હીમાં શિવસેનાની રાષ્ટ્રીયસ્તરની સમીક્ષા બેઠક યોજાઈ

### ગુજરાત પ્રદેશ પ્રમુખ એસ.આર. પાટીલ સહિત ૧૫ રાજ્યોના પ્રમુખો રહ્યા ઉપસ્થિત



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૩

નવી દિલ્હી ખાતે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની અધ્યક્ષતામાં શિવસેનાના વિવિધ રાજ્યોના પ્રદેશ પ્રમુખોની રાષ્ટ્રીય સ્તરની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત સહિત દેશના ૧૫ રાજ્યોના પ્રદેશ પ્રમુખો અને પક્ષના વરિષ્ઠ પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન એકનાથ શિંદેએ પક્ષના રાષ્ટ્રીય વિસ્તરણ પર ભાર મૂકતા તમામ રાજ્યોમાં સંગઠનાત્મક માળખું મજબૂત કરવા માટે વિસ્તૃત કાર્યયોજના રજૂ કરવા નિર્દેશ આપ્યા હતા. તેમણે સ્થાનિક સ્તરે મહિલાઓ, યુવાનો, ખેડૂતો અને વિદ્યાર્થીઓને લગતા પ્રશ્નો પર સક્રિય રીતે કાર્ય કરવા પદાધિકારીઓને આહવાન કર્યું હતું. તમામ રાજ્યોમાં રાજ્યકક્ષાના પદાધિકારીઓ, મહિલા પાંખ અને 'યુવા સેના' સહિતના સંલગ્ન સંગઠનોની નિમણૂકો તાત્કાલિક પૂર્ણ કરવા આદેશ અપાયો હતો. પક્ષને અંતરિયાળ ગામડાઓ અને દરેક ઘર સુધી પહોંચાડવા મોટા પાયે સભ્યપદ નોંધણી અભિયાન શરૂ કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સફળ જનસેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં શિવસેના દ્વારા દેશના ૨૫ રાજ્યોમાં એમ્બ્યુલન્સ પૂરી પાડવામાં આવશે. વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે દેશભરમાં 'સેવા સપ્તાહ' યોજાશે, જેમાં રક્તદાન શિબિરો, આરોગ્ય તપાસ શિબિરો, યુવાનો માટે રોજગાર મેળાઓ તેમજ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પુસ્તકો અને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવશે. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં શિવસેનાના રાષ્ટ્રીય સચિવ કેપ્ટન અભિજીત અડસુલ, ગુજરાત શિવસેના પ્રદેશ પ્રમુખ એસ. આર. પાટીલ સહિત ૧૫ રાજ્યોના પ્રદેશ પ્રમુખો અને વરિષ્ઠ આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## વડોદરા જિલ્લા પંચાયત ભવન ખાતે યોજાઈ બેઠક

# કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા પર ભાર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩

સ્થાનિક વિકાસ કાર્યોને વધુ વેગ આપવા અને સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવાના હેતુસર વડોદરા જિલ્લા પંચાયત ભવન ખાતે 'ડિસ્ટ્રીક્ટ ડેવલોપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરિંગ કમિટી'ની મહત્ત્વપૂર્ણ બેઠક મળી હતી. વડોદરા લોકસભાના સાંસદ તથા ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. હેમાંગ જોષીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં વહીવટી તંત્ર અને જનપ્રતિનિધિઓએ સંયુક્તપણે ભાગ લીધો હતો.

બેઠકની શરૂઆતમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લામાં ચાલતી વિવિધ લોકકલ્યાણકારી અને માળખાકીય વિકાસની યોજનાઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. આમાં ખાસ કરીને ગ્રામીણ વિકાસ, માર્ગ અને મકાન, આરોગ્ય, શિક્ષણ, પીવાનું પાણી, અને મહિલા બાળ વિકાસ જેવી મહત્ત્વપૂર્ણ યોજનાઓની પ્રગતિનો ચિતાર મેળવવામાં આવ્યો હતો.તમામ વિભાગોના અધિકારીઓએ પોતપોતાના વિભાગની કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો. સાંસદ ડૉ.હેમાંગ જોષીએ અધિકારીઓ સાથે ચર્ચા કરીને યોજનાકીય અમલીકરણમાં આવતી મુશ્કેલીઓનું સત્વરે નિવારણ લાવવા અને પ્રોજેક્ટ્સ સમયમર્યાદામાં પૂર્ણ કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો.

બેઠકને સંબોધતા સાંસદ ડૉ.હેમાંગ જોષીએ જણાવ્યું હતું કે, સરકારની દરેક યોજનાનો લાભ પાત્ર અને અંતિમ વ્યક્તિ સુધી પારદર્શક રીતે પહોંચવો જોઈએ. વિકાસના કાર્યોમાં ગુણવત્તા સાથે કોઈ સમજૂતી ચલાવી લેવામાં આવશે નહીં. તેમણે અધિકારીઓને જનપ્રતિનિધિઓ સાથે સંકલન સાધીને લોકહિતના કાર્યોને વધુ ઝડપી બનાવવા માટે માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. આ બેઠકના અંતે વડોદરા જિલ્લાના સર્વાંગી વિકાસ માટે આગામી સમયમાં હાથ ધરવામાં આવનાર નવા કાર્યોની રૂપરેખા પણ નક્કી કરવામાં આવી હતી.

## વાગરાની બેંક ઓફ બરોડા વિલાયત ગામે ખસેડાતા હજારો ખાતેદારો મુશ્કેલીમાં

(સંવાદદાતા દ્વારા) વાગરા, તા.૩

વાગરાની બેંક ઓફ બરોડા વિલાયત ગામે ખસેડાતા હજારો ખાતેદારો મુશ્કેલીમાં મુકાયા છે. બેંકિંગ કામકાજ માટે હવે ખાતેદારોને વિલાયત સુધી લાંબું થવું પડે છે, જેને કારણે સ્થાનિક ગ્રાહકોમાં ભારે નારાજગી પ્રવર્તી જવા પામી છે. બેંકની શાખા તાલુકા મથકેથી દૂર ગામડામાં ખસેડાતા ખાસ કરીને વડીલો, મહિલાઓ, ખેડૂતો, નાના વેપારીઓ અને રોજિંદા બેક્કિંગ વ્યવહારો કરતા અસંખ્ય બેક્ક ગ્રાહકો માટે મુશ્કેલીમાં વધારો થયો છે.

ખાતેદારોએ હવે વિલાયત સુધી લાંબું અંતર કાપવું પડે છે. જેના કારણે સમય અને મુસાફરીના ખર્ચ સાથે ગ્રાહકોને અનેક પ્રકારની અગવડતાઓનો સામનો કરવો પડી રહ્યો છે. વાગરા તાલુકામાં મોટી સંખ્યામાં લોકો બેક્ક ઓફ બરોડા સાથે જોડાયેલા હોવા છતાં બેંકનું મકાન જર્જરિત હોવાનું બહાનું આગળ ધરી શાખા અન્ય સ્થળે ખસેડવાનો નિર્ણય ગ્રાહકોના હિતમાં કેટલો યોગ્ય છે?? તે અંગે પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે. બેંકના ઉચ્ચ અધિકારીઓએ આ બાબતે તાત્કાલિક પુનર્વિચાર કરવો જોઈએ. વાગરા ખાતે બેક્ક ઓફ બરોડાની શાખા ફરી શરૂ કરવામાં આવે અથવા ઓછામાં ઓછું વાગરા વિસ્તારમાં પૂરતી બેક્કિંગ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે, તેવી માંગ ઉઠી છે.

બેંક ઓફ બરોડા વાગરાના બ્રાન્ચ મેનેજર મુકેશભાઈનો ટેલિફોનિક સંપર્ક સાધતા તેઓએ જણાવ્યું કે પહેલા જે મકાનમાં બેક્ક કાર્યરત હતી તે હાલમાં જર્જરિત અવસ્થામાં ફેરવાઈ ગયું છે, જો કે આશરે એક માસ જેટલા સમય બાદ વાગરા ખાતે બેક્ક પુનઃ કાર્યરત થઈ જશે.

## આણંદના તારાપુર, ખંભાત સહિત

# ભાલ પંથકમાં ડાંગરના પાક પર સિંચાઈના પાણીનું સંકટ, ખેડૂતોનો રસ્તા પર ઊતરી વિરોધ



(તસ્વીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૩

આણંદ જિલ્લાનાં તારાપુર, ખંભાત સહિત ભાલ પંથકમાં ડાંગરના પાક પર સિંચાઈના પાણીનું સંકટ તોળાઈ રહ્યું છે. લગભગ ૫૦ હજાર હેક્ટર જમીનમાં રોપાયેલા ડાંગરના પાકને બચાવવા ખેડૂતો હવે રસ્તા પર ઉતર્યા છે.સરકારનું ધ્યાન દોરવા ખેડૂતોએ ઢોલ વગાડી તંત્રને જગાડવાનો પ્રયાસ કર્યો છે.

તારાપુર, ખંભાત સહિત ભાલ પંથકમાં ડાંગરના પાક પર સંકટના વાદળો ઘેરાયા છે. પંથકમાં અંદાજે ૫૦ હજાર હેક્ટર જમીનમાં ડાંગરનું રોપાણ કરવામાં આવ્યું છે, પરંતુ સિંચાઈનું પૂરતું પાણી ન મળતા ખેડૂતોની મુશ્કેલી વધી છે.મહી સિંચાઈ યોજના દ્વારા ૬ હજાર ક્યુસેક પાણી માત્ર ૧૦ દિવસ માટે છોડવામાં આવ્યું છે, તેમ છતાં તારાપુર અને ખંભાત તાલુકાના છેવાડાના ગામડાઓના ખેતરો સુધી હજુ સુધી પૂરતું પાણી પહોંચ્યું નથી. એક તરફ આકાશમાંથી વરસતો તાપ ડાંગરના પાકને મૂરઝાવી રહ્યો છે. તો બીજી તરફ જમીનોમાં તિરાડો પડી રહી છે.ખેડૂતોનો આક્ષેપ છે કે કેનાલમાં પાણી છોડવામાં આવ્યું હોવાની નોંધ સરકારી ચોપડે તો થઈ રહી છે, પરંતુ ખેતરો સુધી પાણી પહોંચતું ન હોવાથી પાક સુકાવાના આરે છે. તંત્રનું ધ્યાન દોરવા ખેડૂતોએ ઢોલ વગાડી વિરોધ નોંધાવ્યો અને કેનાલોમાં પૂરતું પાણી છોડવાની સરકાર પાસે માંગ કરી છે. ખેડૂતોની સ્પષ્ટ ચીમકી છે કે જો સમયસર પૂરતું સિંચાઈનું પાણી નહીં મળે તો આગામી દિવસોમાં વાસદ-બગોદરા હાઈવે પર ચક્કાજામ કરવાની ફરજ પડશે.

આ અંગે ખેડૂત રાજુભાઈ પટેલે કહ્યું કે ખેડા આણંદ જિલ્લાનાં ખેડુતોને નર્મદા કેનાલમાંથી પાણી આપવામાં આવતું નથી જેનાં કારણે ખેડુતોને પાક બળી જાય તેવી હાલત રહેલી છે.

આ અંગે નડિયાદ સિંચાઈનાં એન્જિનિયર સૌમિલ પટેલે કહ્યું કે કડાણા ડેમમાંથી પાણીની વર્તમાન સપાટીના આધારે માત્ર દસ દિવસ માટે પાણી છોડવામાં આવ્યું છે, પરંતુ પાણીની માંગ વધુ હોવાથી તારાપુર તાલુકાનાં કેટલાક ગામો સુધી પાણી પહોંચી શકયું નથી,

## ભારત સહિત ૬ મહિલા ક્રિકેટ ટીમો ભાગ લેશે

# ICC દ્વારા આયોજિત ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની વડોદરા કરશે

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) દ્વારા ૨૦૨૭માં પ્રથમ વખત યોજાનારી મહિલા ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન વડોદરાને પણ સોંપવામાં આવ્યું છે. ૧૪થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૭ દરમિયાન યોજાનારી આ ટૂર્નામેન્ટની મેચો વડોદરા અને મુંબઈમાં રમાશે.અત્રેના કોટંબી સ્થિત ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ અને મુંબઈનું ક્રિકેટ ક્લબ ઓફ ઈન્ડિયા આ ટૂર્નામેન્ટના યજમાન બનશે. વિશ્વની છ અગ્રણી મહિલા ક્રિકેટ ટીમોભારત, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકા ટૂર્નામેન્ટમાં ભાગ લેશે.

આઈસીસી મહિલા ટી-૨૦ આઈ ટીમ રેન્કિંગમાં ૬ જુલાઈની ક્વોલિફિકેશન કટ-ઓફ તારીખના આધારે આ છ ટીમોએ ટૂર્નામેન્ટમાં સ્થાન મેળવ્યું છે. તમામ ટીમો રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં એકબીજા સામે રમશે અને ટોચની બે ટીમો ૨૮ ફેબ્રુઆરીએ ફાઇનલમાં ટકરાશે.

ઉલ્લેખનીય છે કે, આ ટૂર્નામેન્ટનું આયોજન શ્રીલંકામાં થવાનું હતું. જોકે શ્રીલંકા ક્રિકેટ બોર્ડમાં વહીવટી અને સરકારી હસ્તક્ષેપ વધતા આઈસીસીએ કડક વલણ અપનાવીને યજમાનીના અધિકારો પાછા લઈ લીધા હતા.

## સુરતના લસકાણા ગામ પાસેનો બનાવ

# રિક્ષાચાલક ટોળકીએ વેપારીને માર મારી રોકડા ૨૫,૦૦૦ લૂંટી લીધા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩

સુરતના લસકાણા ગામ ખાતે રહેતા ફેબ્રીકેશનનો વેપારી ચાલવા માટે નિકળ્યો હતો. તે વખતે થાકી જતા વાલક પાટીયા પાસેથી ભાડેથી રિક્ષા કરી હતી. રિક્ષાચાલક ટોળકીએ અંધારામાં રિક્ષા લઈ જઈ વેપારીને ઢોર મારમારી રોકડા ૨૫,૦૦૦ લૂંટી ફરાર થઈ ગયા હતા. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર, મૂળ રાજસ્થાનના બાલોતરાના ડીલવાડા ગામના વતની અને હાલ સુરત શહેરમાં લસકાણા ગામ ખાતે રહેતા ૪૦ વર્ષીય ભીમારામ રૂપારામ રબારી સ્ટીલ ફેબ્રીકેશના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ ગત તા.૧લી સપ્ટેમ્બરના મંગળવારે મળસ્કે સાડા ચારેક વાગ્યે ચાલવા માટે નિકળ્યા હતા. ચાલતા ચાલતા તેઓ થાકી જતા વાલક પાટીયા પાસે ઊભા હતા. તે વખતે શ્યામધામ તરફથી એક ઓટો રિક્ષા આવી તેમની પાસે ઊભી રહી હતી. રિક્ષામાં ૨૫થી ૩૦ વર્ષના ત્રણ જણા બેઠા હતા. રિક્ષાચાલકે ભીમારામને કયાં જવું છું પુછતા ભીમારામે લસકાણા ચાર રસ્તા સુધી જવાનું કહ્યું હતું. જેથી રિક્ષાચાલકે તેમને રિક્ષામાં બેસાડ્યા હતા. આ દરમિયાન રિક્ષાચાલક ટોળકીએ રિક્ષા થોડાક આગળ લઈ ગયા બાદ અંધારામાં સાઈટમાં ઊભી રાખી ઢીકમુક્કીનો મારમારી પેન્ટના ખીસ્સામાંથી રોકડા ૨૫ હજાર લૂંટી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે લસકાણા પોલીસે ભીમારામ રબારીની ફરિયાદ લઈ તપાસ હાથ ધરી છે.

## ડીસા સિવિલ હોસ્પિટલ વાયરલ બીમારીના દર્દીઓથી ઊભરાઈ : રોજની ૩૦૦થી વધુ ઓ.પી.ડી.



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૩

ડીસા શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં હાલમાં ચાલી રહેલી ચોમાસાની ઋતુના કારણે વાયરલ અને મચ્છરજન્ય બીમારીઓમાં ભારે ઉછાળો જોવા મળ્યો છે. વાતાવરણમાં આવેલા પલટા અને વરસાદને પગલે ડીસા સિવિલ હોસ્પિટલમાં તાવ, શરદી અને ખાંસી જેવા રોગોના દર્દીઓનો ભારે વધારો જોવા મળી રહ્યો છે. હાલમાં સિવિલ હોસ્પિટલ ખાતે દરરોજ ૩૦૦થી વધુ દર્દીઓ ઈલાજ માટે પહોંચી રહ્યા છે, જેના કારણે હોસ્પિટલ પરિસરમાં દર્દીઓની લાંબી લાઈનો દૃશ્યમાન થઈ રહી છે.

ચોમાસાની ઋતુમાં પાણી ભરાવાના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને સાથે વાયરલ ઈન્ફેક્શન પણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. સિવિલ હોસ્પિટલના કેસ બારીથી લઈને ડોક્ટરના કેબિન અને દવા વિતરણ કેન્દ્ર સુધી દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓની ભીડ જોવા મળી રહી છે. ? આ મામલે સિવિલ હોસ્પિટલના તબીબો જણાવે છે કે, "હાલ વરસાદી ઋતુના કારણે વાતાવરણમાં ભેજ અને તાપમાનમાં ફેરફાર થવાથી તાવ, શરદી અને ખાંસી જેવા વાયરલ રોગોનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે. હોસ્પિટલ તંત્ર દ્વારા તમામ દર્દીઓને યોગ્ય સારવાર અને દવાઓ મળી રહે તે માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે." તબીબો દ્વારા નાગરિકોને ઉકાળેલું અથવા શુદ્ધ પાણી પીવું, વાસી કે બહારનો ખુલ્લો ખોરાક ખાવાનું ટાળવું, ઘરની આસપાસ પાણી ભરાવા ન દેવું જેથી મચ્છરનો ઉપદ્રવ અટકાવી શકાય. તાવ કે શરદીના લક્ષણો જણાય તો જાતે દવા લેવાના બદલે તાત્કાલિક નજીકના સરકારી દવાખાને અથવા ડોક્ટરનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

# વડોદરાના વાડી અને પાણીગેટ વિસ્તારમાં રખડતા કૂતરાઓનો ત્રાસ

### ૪૦થી વધુ રખડતા કૂતરાઓની ફરિયાદો છતાં તંત્રની નિષ્ક્રિયતા સામે રોષ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩

વાડી વિસ્તારમાં મંદિર, મદરેસા તેમજ સ્વામિનારાયણ મંદિર જ્યારે પાણીગેટ વિસ્તાર અને હરણખાના રોડ પર રખડતા શ્વાનોનો ત્રાસ ચિંતાજનક રીતે વધી ગયો હોવાની ફરિયાદો સામે આવી છે. રખડતા શ્વાનો દ્વારા લોકો અને બાળકોને બચકા ભરવામાં આવતા સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. તેમ છતાં ૪૦ જેટલી ઓનલાઈન ફરિયાદો કરવા છતાં તંત્ર દ્વારા અસરકારક અને કાયમી કાર્યવાહી કરવામાં આવતી ન હોવાના આક્ષેપ સાથે સ્થાનિકોમાં રોષ ફેલાયો છે.

સામાજિક કાર્યકર અમીન સૈયદના જણાવ્યા મુજબ, વાડી સ્વામિનારાયણ મંદિર ખાતે પૂજા-અર્ચના માટે અવરજવર કરતા ભક્તો ઉપરાંત નજીકની મદ્રેસા અને શાળામાં જતા બાળકોને રખડતા શ્વાનો બચકા ભરી રહ્યા છે. હરણખાના રોડ સહિતના વિસ્તારમાં શ્વાનો ટોળેટોળામાં ફરતા હોવાથી નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધી સૌ કોઈમાં ગભરાટ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોનું કહેવું છે કે, રખડતા શ્વાનોના વધતા ત્રાસ અંગે અલગ અલગ લોકોએ ૪૦ જેટલી ઓનલાઈન ફરિયાદો કરી છે, છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. ક્યારેક તંત્ર દ્વારા એકાદ-બે શ્વાન પકડીને દેખાડા પૂરતી કામગીરી કરવામાં આવતી હોવાનો પણ સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. જેના કારણે રખડતા શ્વાનોની સતત વધતી વસ્તી પર કોઈ અસરકારક અંકુશ આવી રહ્યો નથી. શ્વાનોનો ભોગ બનેલા અને શ્વાનના ત્રાસથી ભયભીત સ્થાનિકોએ તાત્કાલિક અસરથી વિસ્તારમાંથી રખડતા શ્વાનોને પકડી તેમનો ત્રાસ દૂર કરવાની માગ કરી છે.

# દારૂબંધીની રજૂઆત કરવા ગયેલ નાગરિકોને સુરેન્દ્રનગર પોલીસે નોટિસ ફટકારતાં રોષ ભભૂક્યો

**● થોડા સમય પહેલા સુરેન્દ્રનગરમાં દારૂબંધી અંગેની રજૂઆત જિલ્લા કલેક્ટર અને પોલીસવડાને કરવામાં આવી હતી ● નિવેદન દરમિયાન પોલીસ દ્વારા જ્ઞાતિ પૂછવામાં આવતા પણ વિવાદ વકર્યો, દારૂ વેચનાર ઝડપાતા નથી અને રજૂઆત કરનારાને ડામ આપતી પોલીસ**

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૩

ભાવનગરમાં થયેલા લઠ્ઠા કાંડ બાદ સુરેન્દ્રનગરમાં પણ વિદેશી અને દેશી દારૂ વેચાણ ઉપર દરોડા પાડી અને સમગ્ર વેચાણ પ્રક્રિયા બંધ કરાવવાની માંગ સાથે સુરેન્દ્રનગરના જાગૃત નાગરિકો દ્વારા સુરેન્દ્રનગર જિલ્લા પોલીસવડા અને સુરેન્દ્રનગર જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી અને રજૂઆત કરવામાં આવી હતી અને દારૂબંધીનો કડક અમલ કરાવવા માટેની માંગ કરવામાં આવી હતી. આ આવેદનપત્ર અને રજૂઆત બાદ જે લોકો દ્વારા કલેક્ટર અને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડાને દારૂબંધીના નિયમના પાલન માટેની રજૂઆત કરેલ હતી તેમને વિરોધમાં નોટિસો ઈસ્યુ કરવામાં આવી છે અને તેમને પોલીસ સ્ટેશનને બોલાવી અને જવાબો લખાવવામાં આવતા રોષ જોવા મળી રહ્યો છે એક બાજુ દારૂબંધીનો કડક અમલ પોલીસ વિભાગને કરાવવાનો હોય છે છતાં પણ જાગૃત નાગરિકો દ્વારા જ્યાં પણ દારૂ મળતો હોય અથવા તો ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલતી હોય તેની જાણ પોલીસ વિભાગને કરવામાં આવતી હોય છે હવે દારૂબંધીના નિયમોનું કડક પાલન કરાવવાની રજૂઆત બાદ પોલીસ સ્ટેશનને ધક્કા ખાવા પડે તેવી પરિસ્થિતિ રજૂઆતીઓની થવા પામી છે. દારૂ વેચનાર ઝડપાતા નથી અને રજૂઆત કરનારા લોકોને ડામ આપવામાં આવતા હોવાનો ઘાટ સુરેન્દ્રનગરમાં સર્જાયો છે. ત્યારે આ અંગે બી ડિવિઝન પોલીસ દ્વારા નોટિસ ઈસ્યુ કરવામાં આવતા દારૂબંધીની પાલન કરાવવા માટેની રજૂઆત કરવા ગયેલા જાગૃત નાગરિકો બી ડિવિઝન પોલીસ સ્ટેશનને જવાબ લખાવા પહોંચ્યા હતા અને આ અંગે જવાબ લખાવતા સમયે જ્ઞાતિ અને જાતિ પૂછવામાં આવતા જવાબ લખવામાં જ્ઞાતિ અને જાતિનો કોઈ ઉલ્લેખ ન કરવાની રજૂઆત પણ જાગૃત નાગરિકો દ્વારા કરવામાં આવી હતી.

# લૂંટેરી દુલ્હન : અંબાજી નજીક લગ્નના બહાને યુવકને લૂંટ્યો

### પોલીસે દુલ્હન સહિત ગેંગના સાત આરોપીને ઝડપી પાડ્યા

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૩

લગ્ન કરાવવાના બહાને યુવકોને ફસાવી રોકડ અને દાગીના પડાવી લેતી કથિત લૂંટેરી દુલહન ગેંગનો હડાદ પોલીસે પર્દાફાશ કર્યો છે. એક યુવકને લગ્નનું વચન આપી તેની પાસેથી રૂા.૧.૫૦ લાખ રોકડા અને ચાંદીનું મંગળસૂત્ર પડાવી લીધા બાદ માર મારી ધમકી આપી ભગાડી દેવાયો હોવાની ફરિયાદ પોલીસ સમક્ષ નોંધાઈ હતી.ફરિયાદ મુજબ, હડાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક યુવકને એક યુવતીએ લગ્નનું વચન આપી પોતાની તરફ આકર્ષિત કર્યો હતો. યુવક લગ્ન માટે તૈયાર થયા બાદ સમગ્ર ઘટનાને અંજામ આપવા માટે કથિત રીતે કાવતરૂં ઘડવામાં આવ્યું હતું.લગ્ન ગોઠવવાના બહાને યુવક પાસેથી રૂા.૧.૫૦ લાખ રોકડા તથા ચાંદીનું મંગળસૂત્ર લેવામાં આવ્યું હતું. ત્યારબાદ યુવક સાથે મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. છેતરપિંડીનો ભોગ બનેલા યુવકે હડાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ સર્વેલન્સ તેમજ માનવબળની મદદથી તપાસ આગળ ધપાવતા પોલીસે સમગ્ર મામલામાં કથિત દુલ્હન સહિત કુલ સાત આરોપીઓની ધરપકડ કરી છે. રૂા.૧.૫૦ લાખ રોકડા, ચાંદીનું મંગળસૂત્ર સહિતની કેટલીક કિંમતી વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. હાલ પોલીસે ઝડપાયેલા તમામ આરોપીઓની પૂછપરછ હાથ ધરી છે.

# ડભોઈ નગરપાલિકાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ નધણિયાતું !

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૩

ડભોઈ નગરપાલિકામાં રોજ અવનવી બાબતો લોકચર્ચાના ચાકડે ચઢે છે. નગરપાલિકાના સૂત્રો પાસેથી મળેલ માહિતી મુજબ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષના વહીવટીદાર તરીકે ચૈતન્ય વસાવાની નીમણૂક કરવા આવી છે. જેની જાહેરાત રંગેચંગે કરવામાં આવી હતી પણ છેલ્લા કેટલાય સમયથી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ માટે નાના બાળકો રમત-ગમત માટે જઈને ધકકા ખાઈ પરત નગરપાલિકામાં આવે છે અને નગરપાલિકામાં પણ ચૈતન્ય વસાવાની મુલાકાત થતી નથી. ત્યારે એક જ કર્મચારીને બે જગ્યાએ જવાબદારી કેમ આપવામાં આવી ? એ પણ મોટો પ્રશ્ન છે નગરપાલિકાના પાંચથી છ કરોડના સ્પોર્ટ્સ કોમ્પલેક્ષના રખરખાવ માટે નગરપાલિકામાં કે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે એક સમય નક્કી કરવાની ચર્ચા ઉઠવા પામી છે. ડભોઈ નગરપાલિકાના અંતરંગ સુત્રોમાંથી જાણવા મળ્યાં મુજબ ચૈતન્ય વસાવા સફાઈ કામદારની ખાલી જગ્યાએ ભરતી થયેલા કર્મચારી હોવાનું જાણવા મળ્યું છે ત્યારે નગરપાલિકાના નવા ચિફ ઓફિસર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ માટે કર્મચારીની નિમણૂક કરશે ? નગરપાલિકાના નવા ચિફ ઓફીસર માટે નગરપાલિકાના ખાડે ગયેલા વહીવટને સુધારવો એ મોટો પડકાર હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાય છે.


**નામ બદલેલ છે**

મે મારૂં જૂનું નામ શેઠ આયેશા કરીમભાઈથી બદલી નવું નામ આખુન્જી આયેશાબાનુ ફૈઝાનભાઈ રાખેલ છે.

સરનામુ : ૧, કાજીવાડો, મું. વિસનગર તા.વિસનગર જિ. મહેસાણા, ગુજરાત

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ પટેલ સરફરાજ ઈબ્રાહીમ મહંમદ હતુ જે બદલીને નવું નામ **પટેલ સરફરાજ ઈબ્રાહીમ** કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : ૫૪, પીપળા ફળિયુ, બંબુસર, પો.નબીપુર, તા.જી.ભરૂચ-૩૯૨૨૧૦

**ગુજરાત ટુડે**

**આવતીકાલે શનિવારના રોજ નીચેના સ્થળોએથી પણ ગુજરાત ટુડે દૈનિક મળી શકશે**

અતીક શેખ (વડોદરા) 98247 22491

કુરેશી મોહંમદ જાબીર હાજીઅબ્દુલ્લાહ 9898823391 રાવપુરા રોડ, દુલીરામ પેંડાવાળા પાસે, વડોદરા

મુનીરભાઈ શેખ (અંકલેશ્વર) 98281 78607

જગદીશભાઈ (સુરત બુક સ્ટોલ) 98790 44220

**રવાનગી વિભાગ**

ગુજરાત ટુડે, દૈનિક ૩૩/૧, શાહઆલમ અમદાવાદ-૩૮૦૦૨૮ ફોન : 079-25320431, 25320330,

# ચંડોળા ડિમોલિશનથી અસરગ્રસ્ત પરિવારોને હજુ સુધી આવાસ ન ફાળવાતા રિવરફ્રન્ટ હાઉસ-કમિશનર કચેરી ખાતે આંદોલન

## પૂર્વ વિપક્ષ નેતા શેહઝાહખાન પઠાણની આગેવાનીમાં અસરગ્રસ્તોના ભારે દેખાવો : માંગણીઓ નહિ સંતોષાય તો ભવિષ્યમાં તીવ્ર આંદોલનની હાકલ

અમદાવાદ, તા.૩

આજ રોજ રિવરફ્રન્ટ હાઉસ ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરની કચેરી બહાર પૂર્વ વિપક્ષ નેતા શેહઝાદખાન પઠાણની આગેવાનીમાં ચંડોળાના અસરગ્રસ્ત ભારતીય પરિવારોને ઈ.ડબ્લ્યુ.એસ. આવાસ યોજના હેઠળ આવાસ ન ફાળવતા આંદોલન કરવામાં આવ્યું હતું. આશરે ૧૮ મહીના પહેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચંડોળા ડિમોલેશન કરવામાં આવ્યું હતું. હજુ સુધી ચંડોળાના અસરગ્રસ્ત ભારતીય પરિવારોને ઈ.ડબ્લ્યુ.એસ. આવાસ યોજના હેઠળ આવાસ ફાળવવામાં આવેલ નથી. આવાસ યોજના હેઠળ આવાસ મળે તે માટે સ્ટેન્ડિંગ કમિટીમાં અગાઉ ઠરાવ પણ કરવામાં આવેલ છે. ચંડોળા ઝુપડપટ્ટીના લોકો છેલ્લા ઘણા સમયથી ભાડાના મકાનમાં રહી દર મહીને ભાડાની રકમ ચુકવી રહ્યા છે ચંડોળાના અસરગ્રસ્ત આશરે ૨૦૦૦ પરિવારોએ ૭૫૦૦/- રૂપિયા ડીડીની રકમ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરના નામે કોર્પોરેશનમાં જમા કારાવેલ છે. કોર્પોરેશન દ્વારા ફોર્મની ચકાસણી કરી વર્ષ ૨૦૧૦ની પોલીસી અંતર્ગત બે ડોક્યુમેન્ટસના આધારે ૮૦૦ પરિવારોના ફોર્મ મંજૂર કર્યા છે. પરંતુ હજુ સુધી સદર પરિવારોને આવાસ ફાળવેલ નથી જેના અનુસંધાને આજ રોજ ૮૦૦ ભારતીય પરિવારોને બે મહીનામાં મકાન આપવાની કાર્યવાહી



સંપૂર્ણપણે પૂર્ણ કરવામાં આવશે તેવુ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું. જ્યા સુધી મકાન સોપવામાં ના આવે ત્યાં સુધી મકાનથી વંચિત ગરીબોને દર મહીને દસ હજાર રૂપિયા ભાડા પેટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આપવા જોઈએ તેવી પૂર્વ નેતા શેહઝાદખાન પઠાણ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપી ઉગ્ર માંગણી કરવામાં આવેલ છે.

### અમદાવાદના બે વેપારીઓએ લાખો ગુમાવ્યા

# અમદાવાદમાં ઈ-ચલણના નામે સાયબર ઠગાઈનો ત્રાસ વધ્યો

## રૂપિયા કપાતાં જ તેમણે મોબાઈલ સ્વિચ ઓફ કરી સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

અમદાવાદ શહેરમાં ટ્રાફિક ઈ-ચલણના નામે વાહનચાલકો સાથે સાયબર ઠગાઈ કરતી ટોળકીનો ત્રાસ સતત વધી રહ્યો છે. ઈસનપુર વિસ્તારમાં કુણાલ ઈન્ફોટેક નામે વ્યવસાય કરતા ૩૮ વર્ષીય કુણાલ પ્રજાપતિના ફોન પર ગાડી (GJ27AP6801)નો ૧,૦૦૦ રૂપિયાનો મેમો ભરવા અંગે મેસેજ આવ્યો હતો. સાચો વાહન નંબર જોઈ તેમણે આપેલી લિંક પર ક્લિક કર્યું હતું, પરંતુ આગળ કોઈ પ્રોસેસ થઈ ન હતી. ત્યારબાદ તેમના ફોન પર અસંખ્ય OTP આવવાના શરૂ થયા હતા. મોડી રાત્રે બેંક ખાતામાંથી વારાફરતી કુલ ૬ ટ્રાન્ઝેક્શન થઈને ૪.૫૮ લાખ રૂપિયા કપાઈ ગયા હોવાનો મેસેજ આવ્યો હતો. રૂપિયા કપાતાં જ તેમણે મોબાઈલ સ્વિચ ઓફ કરી સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

સાયબર ઠગાઈનો આવો જ બીજો બનાવ બહેરામપુરા વિસ્તારમાં બન્યો છે. અહીં રહેતા ૪૮ વર્ષીય કલ્પેશ કાલેના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપ પર ઈ-ચલણ ભરવાની લિંક અને વાહન નંબર સાથેનો મેસેજ આવ્યો હતો. કલ્પેશભાઈએ વાહન પર ઈ-ચલણ બાકી હોવાનું સમજીને લિંક ઓપન કરી ત્યારે અચાનક મોબાઈલમાં એક એપ્લિકેશન ડાઉનલોડ થઈ ગઈ હતી. બીજા જ દિવસે તેમના બેંક ખાતામાંથી પૈસા કપાયાનો મેસેજ આવ્યો હતો. તપાસ કરતા જાણવા મળ્યું કે ઠગ ટોળકીએ મોબાઈલનો સંપૂર્ણ એક્સેસ મેળવીને અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરી કુલ ૨.૨૧ લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. આ મામલે પણ સ્થાનિક પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

સાયબર ઠગો ડેટા લીક કે પાર્કિંગ સ્લિપ મારફતે વાહનચાલકનો સાચો વાહન નંબર મેળવી લે છે. ત્યારબાદ 'તમારો ઈ-મેમો બાકી છે' તેવો આબેહૂબ ટ્રાફિક પોલીસ જેવો જ મેસેજ લિંક સાથે મોકલે છે. સાચો વાહન નંબર જોઈ ભોગ બનનાર જેવી લિંક ખોલે કે તરત બેકગ્રાઉન્ડમાં માલિશિયસ APK ફાઈલ ડાઉનલોડ થઈ જાય છે. આ એપ્લિકેશન દ્વારા મોબાઈલના SMS અને સ્ક્રીનનો એક્સેસ હેકર્સના હાથમાં જતો રહે છે. મોડી રાત્રે જ્યારે વ્યક્તિ ઊંઘતી હોય ત્યારે બેંકમાંથી આવતો OTP સીધો જોઈને મિનિટોમાં ખાતું સાફ કરી નાખવામાં આવે છે. સાયબર એક્સપર્ટ્સ કોઈ પણ અજાણી લિંક પર ક્લિક ન કરવા સલાહ આપે છે.

### 'કેપિટલ ઓવરસીઝ' ઠગ ટોળકી સામે FIR

# ન્યૂઝીલેન્ડના બોગસ વર્ક વિઝા આપી ૮૨ લાખની ઠગાઈ

## કલોલના યુવક અને તેના સાળા સહિત અનેક સગાઓ સાથે લાખોની છેતરપિંડી આચરવા બદલ ગુનો દાખલ

અમદાવાદ, તા.૩

વિદેશ જવા ઘેલા થયેલા યુવાનોને શિકાર બનાવી લાખો રૂપિયાની ઠગાઈ આચરતી વધુ એક બોગસ વિઝા કન્સલ્ટન્સીનો CID ક્રાઈમે પર્દાફાશ કર્યો છે. સરખેજ-ગાંધીનગર હાઈવે પર મકરબા સ્થિત વર્લ્ડ ટ્રેડ ટાવરમાં '૪૧, કેપિટલ ઓવરસીઝ પ્રા.લિ.' નામે રજિસ્ટ્રેશન વિના જ વિઝા ફર્મ ચલાવી ન્યૂઝીલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને રૂા.૮૧,૯૫,૦૦૦ની છેતરપિંડી આચરવા બદલ ૪ આરોપી સામે ગુનો નોંધવામાં આવ્યો છે. કલોલના પ્રોડક્શન મેનેજર વિપુલભાઈ નવીનચંદ્ર પ્રજાપતિના જણાવ્યા અનુસાર, કોરોના બાદ ધંધામાં મંદી હોવાથી તેમણે વિદેશ જવાનું વિચાર્યું હતું. ઓક્ટોબર-૨૦૨૩માં ફેસબુક પર 'ન્યૂઝીલેન્ડ વર્ક વિઝા'ની જાહેરાત જોઈ વૈભવ પ્રજાપતિ નામના શખ્સનો સંપર્ક કર્યો હતો, જેણે ત્રણથી ચાર મહિનામાં વર્ક પરમિટ અને ૨.૫૦ લાખનો પગાર અપાવવાની લાલચ આપી હતી. ફરિયાદી અને તેમના સાળા હાર્દિક પ્રજાપતિએ નોંધણી ફી પેટે રૂા. ૪૦-૪૦ હજાર આપ્યા બાદ આરોપીઓએ રૂા.૧૧.૧૦ લાખનું MoU કર્યું હતું. ત્યારબાદ ઝૂમ એપ પર અંગ્રેજીમાં ઓનલાઈન ઈન્ટરવ્યૂ લીધા પછી 'કંપનીમાં સેટિંગ કરીને વિઝા અપાવીશ' તેમ કહી આરોપીઓએ વધારાના નાણાં મેળવી નકલી જોબ ઓફર લેટર મોકલ્યા હતા. આરોપીઓએ વિઝાની PDF મોકલી હતી, પરંતુ ચેક કરતા તે વર્ક વિઝાને બદલે માત્ર 'વિઝિટર વિઝા' હતા. ૧૩ માર્ચ ૨૦૨૪ના રોજ ફરિયાદીએ ઓનલાઈન એર ટિકિટ અને વિઝા ચેક કરતા તે રદ બતાવતા હતા. આ ઉપરાંત ન્યૂઝીલેન્ડની સંબંધિત કંપનીએ પણ ઈ-મેઈલ કરી આવો કોઈ ઓફર લેટર આપ્યો ન હોવાનું જણાવતા જ આખી છેતરપિંડી ખુલ્લી પડી હતી.આરોપીઓએ ફરિયાદી અને તેમના સાળા પાસેથી રૂા.૨૧.૨૦ લાખ તથા અન્ય સાક્ષીઓ પાસેથી રૂા.૬૦.૭૫ લાખ મળી કુલ રૂા.૮૧.૯૫ લાખ મેળવી લીધા હતા. જેમાંથી માત્ર રૂા.૧૧.૪૦ લાખ પરત કરી બાકીના રૂા.૭૦.૫૫ લાખ હડપ કરી લીધા હતા. આ અંગે CID ક્રાઈમ ગાંધીનગર ખાતે BNS અને વસવાટ અધિનિયમની કલમો હેઠળ વૈભવ દિનેશકુમાર પ્રજાપતિ, અખિલ સુભાષભાઈ ચાતુર, ઓઈસઅલી અકબરઅલી હસનવાલા અને અહેમદ અફલાક સામે ફરિયાદ નોંધી પોલીસે તપાસ આદરી છે.

### સ્વ-મૂલ્યાંકનની અંતિમ તારીખ લંબાવવામાં આવી

# સમયસર સ્વ-મૂલ્યાંકન ન કરનારી શાળાઓનું સીધું બાહ્ય-મૂલ્યાંકન કરાશે

## NEP ૨૦૨૦ અંતર્ગત G-SQAAF ઓનલાઈન સ્વ-મૂલ્યાંકનની મુદત ૮ સપ્ટેમ્બર સુધી લંબાવાઈ

ગાંધીનગર, તા.૩

ગુજરાત સરકાર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી 'ગુજરાત સ્કૂલ ક્વોલિટી એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન ફ્રેમવર્ક' (G-SQAAF) સત્તાવાર રીતે અમલમાં મૂકવામાં આવ્યું છે. આ માળખા હેઠળ પ્રથમ તબક્કાની ઓનલાઈન સ્વ-મૂલ્યાંકન પ્રક્રિયા પૂર્ણ કરવાની અંતિમ તારીખ જે અગાઉ ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ નક્કી કરવામાં આવી હતી તેને હવે લંબાવીને ૮ સપ્ટેમ્બર કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા અમલી G-SQAAF ફ્રેમવર્કને રાજ્યની શાળાઓ, શિક્ષક સંઘો અને સંચાલક મંડળો તરફથી ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો છે. ૧ સપ્ટેમ્બર સુધીના આંકડા મુજબ, રાજ્યની કુલ શાળા પૈકી ૪૦,૬૭૮ એટલે કે ૭૬ ટકા શાળાઓએ સ્વ-મૂલ્યાંકનની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી લીધી છે. જ્યારે ૧૦,૨૭૮ એટલે કે, ૧૯ ટકા શાળાઓમાં આ પ્રક્રિયા ચાલી રહી છે. આમ, માત્ર ૫ ટકા એટલે કે ૨,૭૧૪ શાળાઓમાં જ આ કામગીરી શરૂ કરવાની બાકી રહી છે. હાલમાં કાર્યરત અને બાકી રહેલી શાળાઓ તેમજ શિક્ષક-સંચાલક મંડળોની રજૂઆતો અને તહેવારોની રજાઓને ધ્યાને રાખી ઓનલાઈન સ્વ-મૂલ્યાંકનની આ મુદત લંબાવીને ૮ સપ્ટેમ્બર ૨૦૨૬ કરવામાં આવી છે. હવે, આ તમામ બાકી રહેલી શાળાઓએ આ લંબાવેલી મુદતમાં સ્વ-મૂલ્યાંકનની પ્રક્રિયા ફરજિયાતપણે પૂર્ણ કરવાની રહેશે. સુધારેલી સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ ન કરનારી શાળાઓમાં શિક્ષણ વિભાગ દ્વારા નીમાયેલા નિષ્ણાત વેરિફાયર્સ મારફતે સીધું જ બાહ્ય-મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે. શિક્ષણ સુધારાના આ મહત્ત્વપૂર્ણ SQAAF સર્વેક્ષણ-મૂલ્યાંકનમાં ન જોડાનારી શાળાઓ સામે કાયદાકીય જોગવાઈઓ હેઠળ પગલાં લેવાઈ શકે છે. જે અંતર્ગત ધોરણ ૧થી ૮ની પ્રાથમિક શાળાઓ માટે RTE નિયમો ૨૦૧૨ અને ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ હેઠળ DPEO દ્વારા શાળાની માન્યતા કાયમી ધોરણે રદ થઈ શકે છે. જ્યારે ધોરણ ૯થી ૧૨ની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે GSHSEBના નિયમો અનુસાર શાળાનું નોંધણી પ્રમાણપત્ર રદ કે સસ્પેન્ડ કરવા, બોર્ડ પરીક્ષા કેન્દ્ર તરીકેની માન્યતા રોકવા તેમજ નવા વર્ગો કે નવા પ્રવાહ શરૂ કરવાની મંજૂરીઓ સ્થગિત કરવા જેવા પગલાં લેવાઈ શકાય છે.

# જન્માષ્ટમી પૂર્વે તમામ બાકી જથ્થો આપવા માંગ : કાર્ડધારકોને સીંગતેલ ન મળ્યું

## અનેક દુકાનદારો સાથે ગ્રાહકોને શાબ્દિક ટપાટપી થઈ હતી અને આવા દશ્યો અમદાવાદ સહિત અનેક સ્થળોએ સર્જાયા હતા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩

રેશનિંગ કાર્ડધારકોને ખાંડ મળવામાં મુશ્કેલી બાદ હવે સીંગતેલ પણ જન્માષ્ટમીના તહેવારો પહેલા મળી ન શકે તેવી સમસ્યા સર્જાઈ છે. રેશનિંગના દુકાનદારો પાસે જથ્થો હોવા છતાં ઓનલાઈન ટેકનિકલ ખામી હોવાને કારણે અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં સપ્ટેમ્બરના બે દિવસમાં વિતરણ થઈ શક્યું નહોતું.

ઓગસ્ટથી રેશન કાર્ડધારકો માટે પુરવઠા તંત્ર તરફથી મળતો જથ્થો અનિયમિત હોવાની મુશ્કેલીનો હજુ સુધી અંત આવ્યો નથી. ૧ અને ૨ સપ્ટેમ્બરે રેશનિંગના દુકાનદારોની કમ્પ્યૂટર સિસ્ટમમાં ભૌતિક રીતે સીંગતેલનો જથ્થો સ્ટોકમાં હોવાનું દર્શાવાય છે, પરંતુ ઓનલાઈન 'લાઈવ સ્ટોક'માં જથ્થો ઉપલબ્ધ ન દેખાતો હોવાને કારણે દુકાનદારો લાભાર્થીઓને સીંગતેલ આપી ન શકે તેવી વિચિત્ર પરિસ્થિતિ સર્જાઈ હતી. તેના કારણે રાંધણ છઠે સીંગતેલ લેવા ગયેલા ગ્રાહકો નિરાશ થઈને પરત ફર્યા હતા. અનેક દુકાનદારો સાથે ગ્રાહકોને શાબ્દિક ટપાટપી થઈ હતી અને આવા દશ્યો અમદાવાદ સહિત અનેક સ્થળોએ સર્જાયા હતા.

પુરવઠા તંત્રની ખામીને કારણે આવતા અંત્યોદય, બીપીએલ અને નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળનો અતિ જરૂરિયાતમંદ વર્ગ વિતરણથી વંચિત રહેવા પામ્યો હતો. પુરવઠા વિભાગે ઓગસ્ટમાં પણ ૨૦મી પછી જથ્થો પહોંચાડ્યો હતો. દુકાનદારો દ્વારા એવી માગણી કરાઈ હતી કે ઓગસ્ટમાં જે લાભાર્થીઓ સીંગતેલ મેળવી શક્યા નથી તેમને ચાલુ મહિને જથ્થો ફાળવવો જોઈએ.

# શમ્સ ગ્રુપ ઓફ સ્કૂલ્સ ખાતે જશ્ને ઈદે મિલાદુન્નબી (સ.અ.વ.)ની ભવ્ય ઉજવણી




અમદાવાદ, તા.૩

શમ્સ ગ્રુપ ઓફ સ્કૂલ્સ, રખિયાલ, અમદાવાદ ખાતે પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબના પવિત્ર જન્મદિન નિમિત્તે "જશ્ને ઈદે મિલાદુન્નબી (સ.અ.વ.)" કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા કુર્આન પઠન (તિલાવત), હમદ, નાત અને સીરતુન્નબી (સ.અ.વ.) સાહેબ વિષયક સુંદર રજૂઆતો કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબના જીવનચરિત્ર, તેમની પવિત્ર તાલીમાત, પ્રેમ, શાંતિ, ભાઈચારો અને માનવતાના સંદેશને પોતાની રજૂઆતો દ્વારા ઉપસ્થિત સૌ સુધી પહોંચાડ્યો હતો.

આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને જનાબ શફીભાઈ મણિયાર (પ્રમુખ, મણિયાર એન્ડ કંપની તથા સુપ્રસિદ્ધ સમાજસેવી) અને જનાબ ઈકબાલભાઈ મણિયાર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે ડૉ. મેહુલ વ્યાસ, અનવર અહેમદ તથા જનાબ મુનીર અન્સારી સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મહાનુભાવોએ પોતાના વક્તવ્યમાં પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબના જીવનમાંથી સદાચાર, શિક્ષણ, શિસ્ત, કરૂણા, પ્રેમ અને માનવતાના ગુણો અપનાવવાની અપીલ કરી હતી. સાથે જ વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સારા સંસ્કાર અને સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

ઈદ-એ-મિલાદુન્નબી (સ.અ.વ.)ના કાર્યક્રમના અવસરે સંસ્થાના પ્રમુખ સ્થાપક જનાબ મુસ્તાક અહેમદ દ્વારા FD Education Societyના પ્રમુખ મર્હૂમ જનાબ અબ્દુલ રહીમ શેખને ખિરાજે અકીદત અર્પણ કરવામાં આવી.

આ પ્રસંગે તેમના સમાજ અને શિક્ષણ ક્ષેત્રે આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કરી તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી તથા તેમની મગફિરત માટે દુઆ કરવામાં આવી. અંતે ઉપસ્થિત મહેમાનો, વાલીઓ, વડીલો, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ ધાર્મિક ભાવના, શિસ્ત અને ઉત્સાહભેર સંપન્ન થયો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે શમ્સ ગ્રુપ ઓફ સ્કૂલ્સના મેનેજિંગ ટ્રસ્ટી ઈમ્તિયાઝ અહેમદ, સેક્રેટરી બિલાલ અહેમદ, પ્રિન્સિપાલ રેશ્મા પઠાણ, શિક્ષકગણ તથા સમગ્ર સ્ટાફે સુંદર આયોજન અને વ્યવસ્થા કરી હતી.

### કુખ્યાત બુટલેગર કિશોર લંગડાના પૌત્ર વિવાદમાં

# CG રોડ પર અકસ્માત સર્જી આદિત્યસિંહે મારામારી કરી

## પોલીસે આદિત્ય રાઠોડને કાયદાનું ભાન કરાવવા માટે ઘટનાસ્થળે લાવવામાં આવ્યો અને કાયદાનું ભાન કરાવ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

અમદાવાદમાં નારણપુરાના ગણેશ એપાર્ટમેન્ટમાં રહેતો ૨૨ વર્ષીય યુવાન જય દિનેશભાઈ દેસાઈ પોતાની કાર લઈને નવરંગપુરા સીજી રોડ પર આવેલા ગિરીશ કોલ્ડ્રીંક્સ ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે સામેથી રોંગ સાઈડમાં એક મોંઘીદાટ લક્ઝુરિયસ કાર પૂરઝડપે આવી અને જય દેસાઈની ગાડી સાથે અથડાઈ ગઈ હતી પોતાની ભૂલ હોવા છતાં કારમાંથી એક શખ્સ ઉતર્યો અને જય દેસાઈ સાથે ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી દીધી. આ શખ્સે જય દેસાઈને લાફા અને ફેંટો મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અકસ્માત કરી દાદાગીરી કરનાર આ શખ્સ અન્ય કોઈ નહીં પરંતુ અમદાવાદના કુખ્યાત બુટલેગર કિશોર લંગડાનો વિવાદાસ્પદ પૌત્ર આદિત્યસિંહ રાઠોડ હતો. આ નબીરાની સમગ્ર ઘટનાની જાણ થતાં જ નવરંગપુરા પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે તાત્કાલિક ગુનો નોંધી આરોપી આદિત્યસિંહ રાઠોડની ગાડી કબજે કરી તેની અટકાયત કરી હતી. આદિત્ય રાઠોડ વારંવાર ચર્ચામાં આવતો હોવાથી અને તેના બેફામ વર્તનને ડામવા માટે નવરંગપુરા પોલીસે આ વખતે આકરી કાર્યવાહી કરી. પોલીસે આદિત્ય રાઠોડને કાયદાનું ભાન કરાવવા માટે સીજી રોડ ખાતે આવેલા ગિરીશ કોલ્ડ્રીંક્સ નજીક ઘટનાસ્થળે લાવવામાં આવ્યો અને જાહેરમાં તેનું પંચનામું કરી પોલીસનો પરચો બતાવ્યો હતો અને કાયદાનું ભાન પણ કરાવ્યું હતું. આદિત્યસિંહ રાઠોડનો ગુનાહિત ઈતિહાસ ખૂબ જ લાંબો અને ગંભીર છે. અગાઉ આ જ આરોપીએ લો ગાર્ડન પાસે આવેલી GLS કોલેજ બહાર વિદ્યાર્થીઓને ધમકી આપીને હથિયારથી થાર ગાડીમાં તોડફોડ કરી હતી. રાજકોટમાં પણ મોંઘી ગાડીમાં સ્ટંટ કરી હથિયાર પ્રદર્શન કરતો તેનો વીડિયો વાયરલ થયો હતો જેના પર ગુનો નોંધાયો હતો. એટલું જ નહીં, સગીર વયે શાહીબાગમાં પૂરઝડપે કાર ચલાવીને તેણે એક નિર્દોષ વ્યક્તિનો જીવ પણ લઈ લીધો હતો. આટલા ગંભીર ગુનાઓ નોંધાયા હોવા છતાં પોલીસ દ્વારા કોઈ ઉદાહરણરૂપ કાર્યવાહી ન થતી હોવાથી સગીર વયથી જ આદિત્ય રાઠોડ સતત નવા-નવા ગુનાઓને અંજામ આપી રહ્યો છે. નવરંગપુરા પોલીસે બુટલેગરના પૌત્ર હોવાનો રૂઆબ રાખતો આદિત્ય રાઠોડનું ઘટનાસ્થળે પંચનામું કરીને નવરંગપુરા પોલીસે આવા નબીરાઓને એક કડક સંદેશ તો આપ્યો છે. પરંતુ સવાલ એ છે કે, અગાઉના ગુનાઓમાં જેમ છૂટી ગયો એમ આ નબીરો શું આ કેસમાં જેલના સળિયા પાછળ રહેશે ખરો? કે પછી ફરી કાયદાની આંટીઘૂંટીમાંથી રસ્તો શોધીને કોઈ મોટા ગુનાને અંજામ આપવા બહાર આવશે.

## પ્રણવ કન્સ્ટ્રક્શન્સ લિમિટેડનો IPO ૭મીએ ખૂલશે

અમદાવાદ, તા.૩

પ્રણવ કન્સ્ટ્રક્શન્સ લિમિટેડે તેના પ્રારંભિક જાહેર ઓફર માટે રૂા.૧૦/- પ્રતિની મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી શૅર માટે રૂા.૧૧૮/-થી રૂા.૧૨૪/-ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર ("IPO" અથવા "ઓફર") સોમવાર, ૦૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખૂલશે અને બુધવાર, ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૧૨૦ ઈક્વિટી શૅર માટે અને ત્યારબાદ ૧૨૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં બોલી લગાવી શકે છે. આજની તારીખ સુધી રૂા.૧૦/-ની મૂળ કિંમત ધરાવતા ૮૭,૧૭૧,૧૭૦ ઈક્વિટી શૅર બાકી છે. IPO રૂા.૩,૧૫૬.૦૦ મિલિયન સુધીનો નવો ઈશ્યૂ છે અને રોકાણકાર વેચાણ શેરધારક - બાયોઉર્જા ઈન્ડિયા ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂા.૧૦/- દરેકના ફેસ વેલ્યુના ૨,૮૫૬,૮૬૯ ઈક્વિટી શેર વેચાણ માટે ઓફર છે. ૨૦૦૩માં સ્થાપિત, કંપની પશ્ચિમી ઉપનગરોમાં એકમોના પુરવઠા અને પૂર્ણ અને નિર્માણાધીન MCGM - પુનર્વિકાસ પ્રોજેક્ટ્સની સંખ્યાના આધારે એક રિયલ એસ્ટેટ કંપની છે, જેમાં કુલ ૧૮૬૪ એકમો અને ૩૪ MCGM - પુનર્વિકાસ પ્રોજેક્ટ્સ (પૂર્ણ અને નિર્માણાધીન) છે.


ગુજરાત ટુડે

આવતીકાલે શનિવાર અંક ચાલુ રહેશે

અમદાવાદ શહેરના જમાલપુર સ્થળેથી પણ કોપીઓનું વેચાણ આખો દિવસ ચાલુ રહેશે

(સરવર સૈયદ) | 9601185386

કિસ્મત બુક સ્ટોલ - જમાલપુર ચાર રસ્તા અમદાવાદ

રવાનગી વિભાગ

ગુજરાત ટુડે, દૈનિક ૩૩/૧, શાહઆલમ અમદાવાદ-૩૮૦૦૨૮

079-25320431, 25320330



ગુજરાત ટુડે

અશ્લીલતાથી દૂર, સંસ્કારોથી ભરપૂર

આવતીકાલે શનિવારે

અંક ચાલુ રહેશે

અમદાવાદ શહેરમાં નીચેના સ્થળોએથી પણ ગુજરાત ટુડે દૈનિક મળી શકશે

શાહપુર: મેઝબાન હોટલની સામે, શાહપુર અડ્ડા, યુનુસભાઈ મલેક (મો.૯૩૨૭૧૭૧૭૩૭)

આસ્ટોડિયા: શીરાજી પેપર સ્ટોલ : આસ્ટોડીયા દરવાજા રાણી સીપરી મસ્જીદની સામે

ખાનપુર: ગુજરાત ટુડે સિટી ઓફિસ ઉસ્માની મંઝિલ, પથ્થરવાલી મસ્જિદ સામે, ખાનપુરચકલા
રફીક દુધવાલા ખાનપુર ભાજપની ઓફિસ સામે, ૭૭૭૭૯૮૯૨૦૩

શાહઆલમ: ઝુબેરભાઈ પટેલ ગુજરાત ટુડે પ્રેસ પાસે, શાહઆલમ, ૯૮૯૮૯૮૭૮૪૬

શાહઆલમ દરવાજા: પ્રવિણભાઈ જોશી : ૯૪૨૭૬૦૪૪૩૯

ગોમતીપુર: રહીમચાચા કાલીદાસ મીલની સામે, રાજપુર ટોલનાકા રોડ, ગોમતીપુર

જમાલપુર: કિસ્મત બુક સ્ટોલ, જમાલપુર ચાર રસ્તા ૯૧૭૩૨૮૩૮૬૫

વટવા: લકી પાન પાર્લર : યોગેશભાઈ ગ્રીનચોક બસ સ્ટેન્ડ પાસે, વટવા ૯૦૧૬૬૮૩૯૨૭

કાલુપુર: યુસુફભાઈ (અમરભાઈ ગાંધી) કાલુપુર પોલીસ સ્ટેશન સામે, એડવર્ડ વોશિંગ કંપની, મો.૯૩૭૭૬૭૦૫૬૫

જુહાપુરા: સિરાજભાઈ તાઈ : 99792 29853 જુહાપુરા ચાર રસ્તા, અમદાવાદ

ફારૂકભાઈ પેપરવાલા રેલવે સ્ટેશન સામે અલંકાર સિનેમાં પાસે, કાલુપુર.

સર્વોદય ઈલેક્ટ્રીક મોહંમદ અલીભાઈ જુહાપુરા મેઈન બજાર, ગુજરાત ટુડેનું વેચાણ થાય છે

પાલડી: મુકેશભાઈ ઉડીપી હોટલની બાજુમાં, પાલડી ચાર રસ્તા, Mo : 99259 16330

વધુ માહિતી માટે સંપર્ક

રવાનગી વિભાગ ગુજરાત ટુડે દૈનિક

સંપર્ક : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧

# દિલ્હી SIRની માયાજાળ : મતદારોની બાદબાકી, અસ્પષ્ટ વર્ગીકરણ અને અનેક નામો ગુમ : કવાયત અંગે શંકા અને અને પ્રશ્નો

**દિલ્હી SIRમાં ૪૭.૫ લાખ મતદારોને પ્રાથમિક મતદાર યાદીમાંથી બહાર કરવામાં આવ્યા છે. આ યાદીઓમાં વિસંગતતા, અસ્પષ્ટ વર્ગીકરણ અને ગુમ નામોને કારણે લાખો મતદારો અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે**

(એજન્સી) તા.૩

ભારતમાં ચાલી રહેલ વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા (SIR) દરમિયાન દિલ્હીમાં નોંધાયેલા મતદારોમાંથી એક તૃતીયાંશથી વધુ લોકોને પ્રાથમિક મતદાર યાદીમાંથી બહાર કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૭.૫ લાખ મતદારોને બાકાત કરવામાં આવ્યા છે. સમગ્ર દેશમાં ચાલી રહેલી આ પ્રક્રિયામાં દિલ્હીમાં સૌથી વધુ નામો બાકાત રાખવામા આવ્યા છે. દિલ્હીના જિલ્લાઓમાં દક્ષિણ-પૂર્વ દિલ્હીમાં મતદારોને બાકાત કરવાનો દર સૌથી વધુ, ૪૩.૬ ટકા રહ્યો છે. આ જિલ્લામાં નોંધપાત્ર મુસ્લિમ વસ્તી ઉપરાંત સ્થળાંતરિત અને ઓછી આવક ધરાવતા કામદારોનાં અનેક વિસ્તારો આવેલા છે. આ જ પ્રકારની ''સ્થળાંતરિત વસ્તી''ને ચૂંટણી પંચ અગાઉ વિશેષ સઘન સુધારણા દરમિયાન મોટા પ્રમાણમાં મતદારોના નામ દૂર થવાનું એક મુખ્ય કારણ ગણાવે છે. ૩૧ ઓગસ્ટે પ્રાથમિક એસઆઈઆર મતદાર યાદી જાહેર થયા બાદ મળેલા આંકડાઓ દર્શાવે છે કે દક્ષિણ-પૂર્વ દિલ્હીની તમામ સાત વિધાનસભા બેઠકોમાં ૪૦ ટકાથી વધુ મતદારોને યાદીમાંથી બહાર કરવામાં આવ્યા છે. આ જિલ્લામાં આમ આદમી પાર્ટીના અમાનતુલ્લાહ ખાનના કબજાવાળી ઓખલા બેઠકનો પણ સમાવેશ થાય છે, જે લાંબા સમયથી રાજકીય વિવાદોનું કેન્દ્ર રહી છે. બીજી તરફ, તુગલકાબાદ વિસ્તારમાં સ્થળાંતરિત વસ્તી નોંધપાત્ર છે અને ગેરકાયદેસર વસાહતો સામે અનેક મોટા પાયે થયેલી તોડફોડની કાર્યવાહી પણ થઈ છે. આ બેઠકમાં સૌથી વધુ નામોની બાદબાકી થઈ છે. અહીં લગભગ અડધા મતદારો એટલે કે ૯૨,૦૩૩ મતદારોને પ્રાથમિક મતદાર યાદીમાંથી બહાર કરવામાં આવ્યા છે. દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર SIR માં બહાર કરાયેલા ૪૭.૫ લાખ મતદારોમાંથી ૪૩.૩ લાખ મતદારો કાયમી રીતે સ્થળાંતર કરી ગયા છે અથવા ગેરહાજર છે. આવા લોકોનાં નામ એએસડીડી યાદીમાં સામેલ કરવામાં આવે છે. એએસડીડીનો અર્થ ગેરહાજર, સ્થળાંતરિત, એકથી વધુ વખત નોંધાયેલા અને મૃત મતદારો થાય છે. આ યાદીમાં પ્રાથમિક મતદાર યાદીમાંથી લોકોને બહાર કરવાના ચાર મુખ્ય કારણો દર્શાવવામાં આવે છેઃ કાયમી રીતે સ્થળાંતરિત, શોધી શકાયા નહીં અથવા ગેરહાજર, પહેલેથી જ નોંધાયેલા અને મૃત્યુ પામેલા લોકો. દિલ્હીના ત્રિલોકપુરી વિધાનસભા વિસ્તારમાં રહેતા એક પ્રોફેસર અને તેમના માતા-પિતાને ''શોધી શકાયા નહીં/ગેરહાજર'' તરીકે દર્શાવવામાં આવ્યા હતા. ૨૦૨૫ની મતદાર યાદી સાથે નામોની સરખામણી કરવામાં પણ મુશ્કેલી ઊભી થઈ છે, કારણ કે એક જ વિસ્તારના ભાગ નંબર અને વોર્ડ નંબર બદલાઈ ગયા છે. સંગમ વિહાર અને તુગલકાબાદના મતદાન મથક સ્તરના આંકડાઓના વિશ્લેષણમાં જોવા મળ્યું કે એક જ ઘરમાં નોંધાયેલા અનેક લોકો તથા ગલીના એક જ વિસ્તારમાં આવેલા અનેક ઘરોના લોકો એકસાથે એએસડીડી યાદીમાં ઉમેરાયા છે. આ વિસ્તારોના વિવિધ મતદાન ભાગોમાં ૩૦૦થી ૫૦૦ કે તેથી વધુ મતદારોને બહાર કરવામાં આવ્યા છે. મોટાભાગના લોકોને ''કાયમી રીતે સ્થળાંતરિત'' તરીકે દર્શાવવામાં આવ્યા છે, ત્યારબાદ ''ગેરહાજર/શોધી શકાયા નહીં'' અને કેટલાકને ''મૃત'' તરીકે દર્શાવવામાં આવ્યા છે. સંગમ વિહારના કેટલાક મતદાન મથક અધિકારીઓના જણાવ્યા મુજબ, આ વિસ્તારમાં અનૌપચારિક ક્ષેત્રમાં કામ કરતા લોકોની સંખ્યા મોટી છે. રોજગારનું સ્થળ બદલાતા તેઓ વારંવાર ઘર બદલે છે. એક અધિકારીએ જણાવ્યું કે કાયમી રીતે સ્થળાંતરિત તરીકે દર્શાવાયેલા ઘણા લોકો જૂના સરનામે રહેતા નથી અને અન્યત્ર નોંધાયેલા છે. બીજી તરફ, મતદાન મથક અધિકારી દ્વારા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને આપવામાં આવેલી બેઠકની નોંધમાં જણાવાયું કે આ વિસ્તારમાં ૭૭૨ લોકોના ફોર્મ એકત્રિત કરવામાં આવ્યા નહોતા. આ સંખ્યા એએસડીડીમાં દર્શાવાયેલા ૫૦૦ લોકો કરતાં ૨૭૨ વધારે છે. ૨૦૨૬ અને ૨૦૨૫ની મતદાર યાદીની સરખામણી દરમિયાન ગલી નંબર ૧માં રહેનાર રેહાના, ઉંમર ૪૧ વર્ષ,નું ઉદાહરણ પણ સામે આવ્યું છે. તે જ સરનામે રહેતા ઈમ્તિયાઝને કાયમી સ્થળાંતરિત, સુલતાનાને ગેરહાજર/શોધી શકાયા નહીં અને મુખ્તાર અહમદને સ્થળાંતરિત તરીકે દર્શાવવામાં આવ્યા છે. ચારેયના પિતાનું નામ મોહમ્મદ મુમતાઝ છે, જેના આધારે તેઓ ભાઈ-બહેન હોવાનું જણાય છે. પરંતુ રેહાનાનું નામ ન તો એએસડીડી યાદીમાં છે, ન તો મતદાન મથક અધિકારીની બેઠકની નોંધમાં અને ન તો તે જ સ્થળની પ્રાથમિક એસઆઈઆર મતદાર યાદીમાં છે. એસઆઈઆર બાદ દિલ્હીમાં કુલ મતદારોની સંખ્યા ૧,૪૫,૧૦,૨૯૯, એટલે કે લગભગ ૧.૪૫ કરોડ છે. તેમાં ૯૭.૫ લાખ મતદારો પ્રાથમિક યાદીમાં છે, જ્યારે ૪૭.૫ લાખને બહાર કરવામાં આવ્યા છે. પરંતુ ૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ દિલ્હીના ચૂંટણી પંચ દ્વારા પ્રકાશિત મતદાર



યાદીમાં કુલ મતદારોની સંખ્યા ૧,૫૫,૨૪,૮૫૮ હતી. એટલે હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે ૧૦ લાખથી વધુ મતદારો ક્યાં ગયા? ચૂંટણી પંચે મતદારોના જૂના આંકડાઓનું વિશ્લેષણ શરૂ કર્યું હતું. શક્ય છે કે ૨૦૨૫ની યાદીમાં રહેલા પરંતુ ૨૦૦૨ની દિલ્હીની અગાઉની એસઆઈઆર યાદીમાં ન હોય તેવા ઘણા મતદારોનું વિશ્લેષણ થઈ શક્યું ન હોય. આ પ્રક્રિયામાં મતદાન મથક અધિકારીઓએ ૨૦૨૫ના મતદારોની ૨૦૦૨ની યાદી સાથે સરખામણી કરી હતી. જે લોકો ૨૦૦૨ની યાદીમાં નહોતા, તેમાં મતદારના માતા-પિતા અથવા દાદા-દાદીની અગાઉની એસઆઈઆર યાદીની વિગતો ભરવાની હતી. જો આ બંનેમાંથી કોઈ પ્રક્રિયા સફળ ન થાય, તો મતદારનું નામ યાદીમાંથી બહાર રહી શકે છે અને તેનું નામ એએસડીડીમાં પણ નોંધાતું નથી. અહેવાલો મુજબ આવા મતદારોને બાદમાં અદાલતી સુનાવણી માટે બોલાવવામાં આવી શકે છે. મતદાન મથક અધિકારીઓએ આ ''અન્ય'' વર્ગનો ઉપયોગ કર્યો હતો, પરંતુ અંતિમ એએસડીડી યાદીમાં આ માહિતી અલગ રીતે દર્શાવવામાં આવી નહોતી. ''અન્ય'' હેઠળ નોંધાયેલા લોકો અન્ય કોઈ વર્ગમાં સમાવી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીએ ''સ્થળાંતરિત/ગેરહાજર/અન્ય''ને એક જ જૂથમાં મૂકીને તેની સંખ્યા ૪૩.૩ લાખ દર્શાવી હતી. કેટલાક રાજકીય નિરીક્ષકો, ચૂંટણી અધિકારીઓ અને મતદાન મથક અધિકારીઓનું કહેવું છે કે શહેરી વિસ્તારોમાં મતદારોના નામ વધુ પ્રમાણમાં કાઢવામાં આવે છે, કારણ કે આવા વિસ્તારોમાં સ્થળાંતરિત વસ્તી વધારે હોય છે. પરંતુ એસઆઈઆરના આંકડાઓનું બીજું ચિત્ર પણ જોવા મળે છે. દક્ષિણ-પશ્ચિમ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક અને આર્થિક રીતે વંચિત સમુદાયો હોવા છતાં ગણતરી ફોર્મનું ૭૦ ટકાથી વધુ ડિજિટાઇઝેશન થયું હતું અને અહીં બાદબાકીનો દર માત્ર ૨૬.૮ ટકા રહ્યો છે. સૌથી ઓછો બાદબાકી દર ધરાવતા ત્રણ જિલ્લા છેઃ બાહ્ય ઉત્તર- ૨૪.૩ ટકા, પશ્ચિમ - ૨૬.૬ ટકા, દક્ષિણ-પશ્ચિમ - ૨૬.૮ ટકા. આ વિસ્તારોની મોટાભાગની વિધાનસભા બેઠકો પર ભાજપનો કબજો છે; માત્ર તિલક નગર બેઠક તેમાં અપવાદ છે. મતાધિકાર મંચે અગાઉ પણ એસઆઈઆર પ્રક્રિયા અંગે અનેક મહત્વપૂર્ણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. મંચના જણાવ્યા મુજબ, મતદારોને ''ગેરહાજર'' અથવા ''કાયમી સ્થળાંતરિત'' તરીકે વર્ગીકૃત કરવાની પ્રક્રિયા વિશ્વસનીય નથી. કેટલાક મતદારોને મતદાન મથક અધિકારીની પુષ્ટિ થયેલી મુલાકાત વિના જ આ રીતે વર્ગીકૃત કરવામાં આવ્યા હોવાના આક્ષેપો છે. દિલ્હી ચૂંટણી પંચને મોકલવામાં આવેલા અનેક પત્રોમાં મંચે જણાવ્યું હતું કે આ પ્રક્રિયાનો સૌથી વધુ બોજ દિલ્હીની અનૌપચારિક વસાહતો, પુનર્વસિત વિસ્તારો અને દસ્તાવેજો અથવા ડિજિટલ સુવિધાઓનો અભાવ ધરાવતા લોકો પર પડી શકે છે. ૩૧ ઓગસ્ટે પ્રાથમિક મતદાર યાદી સાથે એએસડીડી યાદી પ્રકાશિત કરવામાં આવતા મતદારોને પોતાની વિગતોમાં સુધારો કરાવવા અથવા મતદાન મથક અધિકારીને ફેરફાર માટે વિનંતી કરવાનો પૂરતો સમય મળ્યો નથી. બહાર કરાયેલા મતદારોને હવે ફોર્મ ૬ ભરવું પડશે, જે મુખ્યત્વે નવા મતદારોની નોંધણી માટે હોય છે. આ તમામ ફરિયાદો અને પ્રશ્નોને સાથે એક મોટો મુદ્દો ઊભો થાય છેઃ મતદાર યાદીમાં સામેલ થવું હવે મતદાર સુધી અધિકારીઓ પહોંચી શકે છે કે નહીં, મતદાર જટિલ વહીવટી પ્રક્રિયા પાર કરી શકે છે કે નહીં અને જરૂરી દસ્તાવેજો રજૂ કરી શકે છે કે નહીં તેના પર આધારિત બની શકે છે. અધિકારીઓ પહેલેથી જ ભારે દબાણ હેઠળ છે અને તેમને યોગ્ય તાલીમ પણ આપવામાં આવી નથી. આ પરિસ્થિતિ માટે મુખ્ય જવાબદારી મુખ્ય ચૂંટણી અધિકારી અને ચૂંટણી પંચની છે. આટલા મોટા પાયે મતદાર યાદીમાં સુધારણા હાથ ધરતા પહેલાં વધુ યોગ્ય તૈયારી અને વ્યવસ્થા હોવી જરૂરી છે.

# V-Dem સંસ્થાના અહેવાલમાં ભારતને ''ચૂંટણી આધારિત સરમુખત્યારશાહી'' ગણાવતા પાકિસ્તાન સાથેની શ્રેણીમાં મૂકવામાં આવ્યું

(એજન્સી) તા.૩

સ્વીડન સ્થિત અને ગોથેનબર્ગ યુનિવર્સિટી સાથે સંકળાયેલી લોકશાહી સંશોધન સંસ્થા V-Demએ પોતાના 'ડેમોક્રસી રિપોર્ટ ૨૦૨૬'માં ભારતને ફરી એકવાર ''ચૂંટણી આધારિત સરમુખત્યારશાહી'' ગણાવ્યું છે. ભારતને આ શ્રેણીમાં પાકિસ્તાન, ઈરાન, ઈજિપ્ત અને તુર્કી જેવા દેશોની સાથે સ્થાન મળ્યું છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે પોતાની ઓળખ રજૂ કરતા ભારત માટે આ વર્ગીકરણ ગંભીર ચિંતાનો વિષય છે.

V-Demના જણાવ્યા અનુસાર ભારતમાં લોકશાહીની ગુણવત્તામાં ઘટાડો ૨૦૦૯થી શરૂ થયો હતો, પરંતુ નરેન્દ્ર મોદી ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા પછી લોકશાહી પર વધુ અસર થઈ છે. ૨૦૧૭માં ભારતને પ્રથમ વખત ''ચૂંટણી આધારિત સરમુખત્યારશાહી'' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું હતું. ત્યારથી ભારત ફરી ''ચૂંટણી આધારિત લોકશાહી''ની શ્રેણીમાં આવી શક્યું નથી. V-Demના ચૂંટણી લોકશાહી સૂચકાંકમાં ભારતને એકમાંથી માત્ર ૦.૩૮ ગુણ મળ્યા છે. આ ગુણ સાથે ભારતને વિશ્વના ૧૭૯ દેશોમાં ૧૦૬મું સ્થાન મળ્યું છે. V-Demના છેલ્લા ૫૦ વર્ષના આંકડાઓ પર નજર કરીએ તો ભારતનો વર્તમાન લોકશાહી ગુણાંક ૧૯૭૫માં જાહેર કરાયેલી કટોકટી પછીના સૌથી નીચા સ્તરે છે. ૧૯૭૫થી ૧૯૭૭ દરમિયાન દેશ કટોકટી હેઠળ હતો. તે સમયગાળામાં ચૂંટણીઓ સ્થગિત કરવામાં આવી હતી, અખબારો પર કડક સેન્સરશિપ હતી, વિરોધ પક્ષના હજારો નેતાઓ જેલમાં હતા અને મૂળભૂત અધિકારો પર ગંભીર નિયંત્રણો મૂકવામાં આવ્યા હતા. જોકે, કટોકટી હટ્યા બાદ જનતા પાર્ટીની સરકાર સત્તામાં આવી અને લોકશાહી સ્થિતિમાં સુધારો જોવા મળ્યો હતો. આજની ભારતની સ્થિતિ ૧૯૭૫ની કટોકટી જેવી નથી. આજે ચૂંટણીઓ નિયમિત રીતે યોજાય છે, અનેક રાજકીય પક્ષો ચૂંટણી લડે છે અને લોકશાહી સંસ્થાઓ ઔપચારિક રીતે કાર્યરત છે. તેમ છતાં V-Demનું વર્ગીકરણ સૂચવે છે કે માત્ર ચૂંટણી યોજાવાથી કોઈ દેશ સંપૂર્ણ લોકશાહી બની જતો નથી. ચૂંટણી સાથે અભિવ્યક્તિની સ્વતંત્રતા, સ્વતંત્ર મીડિયા, નાગરિક અધિકારો અને સંસ્થાઓની સ્વાયત્તતા પણ જરૂરી છે.

V-Demએ વિશ્વના દેશોને લોકશાહીના સ્તરના આધારે ચાર શ્રેણીમાં વહેંચ્યા છે. ગુપ્ત સરમુખત્યારશાહીઃ જ્યાં લોકો સ્પર્ધાત્મક બહુપક્ષીય ચૂંટણી દ્વારા રાષ્ટ્રીય નેતાઓ પસંદ કરી શકતા નથી. ચીન અને ઉત્તર કોરિયા આ શ્રેણીના ઉદાહરણ છે. ચૂંટણી આધારિત સરમુખત્યારશાહીઃ અહી ચૂંટણી થાય છે અને અનેક પક્ષો ભાગ લઈ શકે છે, પરંતુ મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી માટે જરૂરી સ્વતંત્રતાઓ અને પરિસ્થિતિઓ પર નોંધપાત્ર નિયંત્રણો હોય છે. ભારત, પાકિસ્તાન, ઈરાન, ઈજિપ્ત અને તુર્કી આ શ્રેણીમાં છે. ચૂંટણી આધારિત લોકશાહીઃ જ્યાં ચૂંટણીઓ અર્થપૂર્ણ, સ્પર્ધાત્મક અને બહુપક્ષીય હોય છે અને મોટાભાગે મુક્ત તથા નિષ્પક્ષ રીતે યોજાય છે. બ્રિટન અને અમેરિકા આ શ્રેણીમાં છે.

ઉદાર લોકશાહીઃ જ્યાં ચૂંટણી સાથે વ્યક્તિગત અને લઘુમતી અધિકારોનું મજબૂત રક્ષણ, કાયદાનું શાસન અને સરકારની સત્તા પર અસરકારક નિયંત્રણો હોય છે. જર્મની, સ્વીડન, સ્પેન અને ઓસ્ટ્રેલિયા તેના ઉદાહરણો છે. V-Demએ ભારતના મૂલ્યાંકનમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા, મીડિયાની સ્વતંત્રતા, પત્રકારો પર દબાણ, નાગરિક સમાજ પર નિયંત્રણો, વિરોધ પક્ષોની સ્થિતિ અને લોકશાહી સંસ્થાઓની કાર્યક્ષમતા જેવા મુદ્દાઓને મહત્વ આપ્યું છે. અભિવ્યક્તિની સ્વતંત્રતા અંગેનો એક ઉલ્લેખનીય દાખલો ૨૦૨૩નું ન્યૂઝક્લિક પ્રકરણ છે. તપાસ એજન્સીઓએ ન્યૂઝક્લિક સાથે સંકળાયેલા ૫૦થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા હતા અને તેના મુખ્ય સંપાદક પ્રબીર પુરકાયસ્થ તથા અન્ય એક અધિકારીની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. રોઈટર્સ સંસ્થાના ૨૦૨૫ના ભારત અંગેના અહેવાલમાં જણાવાયું હતું કે મીડિયાની માલિકી ધનિક ઉદ્યોગ જૂથોમાં કેન્દ્રિત થઈ છે અને આ જૂથો મોટાભાગે વડાપ્રધાનને સમર્થન આપે છે. બીજી તરફ, સરકારની ટીકા કરતા સ્વતંત્ર પત્રકારોને હેરાનગતિ અને કાનૂની પડકારોનો સામનો કરવો પડે છે. આ અહેવાલ મુજબ આશરે ૩૦ વિદેશી સંવાદદાતાઓએ ભારતમાં પત્રકારો સાથે થતા વ્યવહાર અંગે વિરોધ દર્શાવતો ખુલ્લો પત્ર પણ લખ્યો હતો. વિઝા અંગે અનિશ્ચિતતા, પરવાનગી ન મળવી, દેશનિકાલની ધમકીઓ




અને સરકારની નકારાત્મક છબી ઊભી કરતા અહેવાલો અંગે અધિકારીઓનું દબાણ જેવા મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા. મોદી સરકારના કાર્યકાળ દરમિયાન સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિક સમાજની કામગીરી પર પણ નિયંત્રણ વધ્યું છે. વિદેશી ફાળો નિયમન કાયદામાં સુધારા કરીને આવી સંસ્થાઓ માટેની કામગીરી મુશ્કેલ બની છે. ઇન્ડિયન એક્સપ્રેસ અને એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના અહેવાલોને ટાંકીને લેખમાં કહેવામાં આવ્યું છે કે મોદી વડાપ્રધાન બન્યા પછી ૨૨,૪૯૮થી વધુ વિદેશી ફાળો નિયમન કાયદા હેઠળની નોંધણીઓ રદ કરવામાં આવી છે. વિરોધ પક્ષના નેતાઓ સામે કેસ અને ધરપકડોનો મુદ્દો પણ અહેવાલના સંદર્ભમાં મહત્વનો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડથી લઈને રાહુલ ગાંધી, મમતા બેનર્જી સહિતના અનેક નેતાઓ સામે કાનૂની કાર્યવાહી થઈ છે. વિરોધ પક્ષનો આક્ષેપ છે કે આવી કાર્યવાહીથી સરકારની ટીકા કરતા નેતાઓ પર દબાણ ઊભું થાય છે. સંસદ અને વિધાનસભાઓમાં પણ વિરોધ પક્ષોને જાહેર મહત્વના મુદ્દાઓ ઉઠાવવા પૂરતો સમય ન મળતો હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. ડિસેમ્બર ૨૦૨૩માં સંસદની સુરક્ષા ભંગના બનાવ અંગેના વિરોધ દરમિયાન એક જ સત્રમાં ૯૩ વિરોધ પક્ષના સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ચૂંટણી પંચ જેવી લોકશાહી સંસ્થાઓની સ્વતંત્રતા અંગે પણ વિરોધ પક્ષો દ્વારા સવાલો ઉઠાવવામાં આવ્યા છે. કેટલાક વિરોધ પક્ષના નેતાઓએ ચૂંટણી પંચ પર સરકારના દબાણ હેઠળ કામ કરવાનો આક્ષેપ કર્યો છે અને તેને સત્તાધારી પક્ષનું હથિયાર ગણાવ્યું છે. રાજકીય ભંડોળમાં પણ અસમાનતાનો મુદ્દો છે. ૨૦૧૭માં શરૂ કરાયેલી ચૂંટણી બોન્ડની વ્યવસ્થાથી વ્યક્તિઓ અને કંપનીઓ રાજકીય પક્ષોને ગુપ્ત રીતે દાન આપી શકતા હતા. ભાજપ આ વ્યવસ્થામાં સૌથી મોટો લાભ મેળવનાર પક્ષ હતો અને કુલ આશરે ૧૬,૫૦૦ કરોડ રૂપિયાના બોન્ડમાંથી લગભગ અડધો હિસ્સો તેને મળ્યો હતો. જોકે, સુપ્રીમ કોર્ટે ચૂંટણી બોન્ડની વ્યવસ્થાને રદ કરી હતી. ભારતમાં બહુમતીવાદ અને લઘુમતી અધિકારો અંગેની ચિંતાઓ પણ છે. ભારતીય મુસ્લિમ ફોર સિવિલ રાઈટ્સે તાજેતરમાં રાષ્ટ્રપતિ અને તમામ વિરોધ પક્ષોના નેતાઓને પત્ર મોકલી મુસ્લિમોના બંધારણીય અધિકારોના ઉલ્લંઘન અંગે ફરિયાદ કરી હતી. આ પત્રમાં મુસ્લિમોના ઘરો, મસ્જિદો અને મઝારોને બુલડોઝરથી તોડી પાડવાની ઘટનાઓ, ટોળાં દ્વારા હત્યાઓ તથા શાળા-મહાવિદ્યાલય અને સરકારી કાર્યક્રમોમાં મુસ્લિમોને વંદે માતરમ ગાવા માટે ફરજ પાડવાના બનાવોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ તમામ મુદ્દાઓને સાથે જોતા V-Demનો અહેવાલ ભારતની લોકશાહી સામે ગંભીર પ્રશ્ન ઊભો કરે છે. ભારતમાં હજુ પણ નિયમિત ચૂંટણીઓ યોજાય છે અને લોકશાહી સંસ્થાઓ અસ્તિત્વમાં છે, પરંતુ અહેવાલનો મૂળ સંદેશ સ્પષ્ટ છે કે, ચૂંટણી થવી અને મજબૂત લોકશાહી હોવી, બંને એક જ બાબત નથી. ભારત જો પોતાને વિશ્વગુરુ તરીકે સ્થાપિત કરવા માગે છે, તો તેને આર્થિક અને રાજકીય શક્તિ સાથે લોકશાહી સંસ્થાઓ, સ્વતંત્ર મીડિયા, અભિવ્યક્તિની સ્વતંત્રતા, લઘુમતી અધિકારો અને કાયદાના શાસન અંગે પણ વિશ્વાસ પુનઃસ્થાપિત કરવો પડશે.

# ભારતનો જીડીપી વૃદ્ધિદર ૭.૮ ટકા : શું સરકારના આ આંકડા ખરેખર સચોટ છે ?

## ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૭.૮ ટકાની વૃદ્ધિ દેખાવમાં તો સારી લાગે છે, પરંતુ શું તે વાસ્તવિક આંકડા છે ?

(એજન્સી) તા.૩

ભારતના આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે ૩૧ ઓગસ્ટે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળાના કુલ મૂલ્યવર્ધન અને કુલ ઘરેલુ ઉત્પાદનના અંદાજ જાહેર કર્યા હતા. મંત્રાલયના જણાવ્યા મુજબ, ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતના વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદનમાં ૭.૮ ટકાની વૃદ્ધિ થઈ છે, જ્યારે અગાઉના વર્ષના સમાન ગાળામાં આ વૃદ્ધિ ૬.૯ ટકા હતી. વર્તમાન ભાવો પરના કુલ ઘરેલુ ઉત્પાદનમાં પણ ૧૦.૩ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે, જ્યારે અગાઉના વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આ વૃદ્ધિ ૮.૧ ટકા હતી. આ આંકડાઓ અપેક્ષા કરતાં સારા હોવાથી સરકાર અને આર્થિક ક્ષેત્રમાં ઉત્સાહ જોવા મળ્યો છે. પ્રધાનમંત્રીએ તેને ''ઉદાહરણરૂપ વૃદ્ધિ'' અને ''અસાધારણ સિદ્ધિ'' ગણાવી છે. નાણામંત્રીએ તેને સરકારી સુધારાઓ અને અસરકારક આર્થિક વ્યવસ્થાપનનું પરિણામ ગણાવ્યું છે. મુખ્ય આર્થિક સલાહકારે પણ આ વૃદ્ધિને વૈશ્વિક પડકારો વચ્ચે ભારતીય અર્થતંત્રની મજબૂતીનો પુરાવો ગણાવ્યો છે. પરંતુ પ્રશ્ન એ છે કે આ ૭.૮ ટકાની વૃદ્ધિ ખરેખર એટલી જ છે કે પછી સરકારી આંકડાઓમાં અગાઉના વર્ષોના સુધારા દ્વારા વર્તમાન વૃદ્ધિ વધારે સારી દેખાડવામાં આવી છે? ૩૧ ઓગસ્ટે જાહેર કરાયેલા આંકડા મુજબ, ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વર્તમાન ભાવો પર ભારતનું કુલ ઘરેલુ ઉત્પાદન આશરે ૮૮.૨૭ લાખ કરોડ રૂપિયા હતું. અગાઉના વર્ષના સમાન ગાળામાં તે ૮૦ લાખ કરોડ રૂપિયા દર્શાવવામાં આવ્યું છે. આ આધારે ૧૦.૩ ટકાની વૃદ્ધિ ગણાય છે. પરંતુ અહીં એક મહત્વપૂર્ણ બાબત છે. ઓગસ્ટ ૨૦૨૫માં જ્યારે અગાઉના વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના આંકડા જાહેર થયા હતા, ત્યારે ૨૦૨૫-૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળાનું વર્તમાન ભાવો પરનું કુલ ઘરેલુ ઉત્પાદન ૮૬.૦૫ લાખ કરોડ રૂપિયા દર્શાવવામાં આવ્યું હતું. હવે એ જ આંકડો ઘટાડીને ૮૦ લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યો છે. ગયા વર્ષે સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા અને હવે સુધારેલા આંકડા વચ્ચે મોટો તફાવત છે. જો ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળાના ૮૮.૨૭ લાખ કરોડ રૂપિયાના કુલ ઘરેલુ ઉત્પાદનની તુલના ગયા વર્ષે જાહેર કરાયેલા ૮૬.૦૫ લાખ કરોડ રૂપિયા સાથે કરવામાં આવે, તો વૃદ્ધિ માત્ર ૨.૬ ટકા રહે છે. ૨.૬ ટકાની આ વૃદ્ધિ અત્યંત



નબળી છે. જો ૨થી ૨.૫ ટકાનો ફુગાવો અથવા ભાવઘટક ગણવામાં આવે, તો વાસ્તવિક વૃદ્ધિ લગભગ શૂન્ય થઈ જાય છે. એટલે કે, જાહેર કરવામાં આવેલા ૭.૮ ટકાના વાસ્તવિક વૃદ્ધિદર અંગે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી સરકાર વર્તમાન વર્ષના કુલ ઘરેલુ ઉત્પાદનને ઊંચું દર્શાવતી અને પછી અગાઉના વર્ષના આંકડામાં ઘટાડો કરતી પદ્ધતિ અપનાવી રહી છે. ઉદાહરણ તરીકે, ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળાનું કુલ ઘરેલુ ઉત્પાદન અગાઉ ૭૦.૨૫ લાખ કરોડ રૂપિયા દર્શાવવામાં આવ્યું હતું, જે હવે ઘટાડીને ૬૬.૮૧ લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ૨૦૨૩-૨૪ના કુલ ઘરેલુ ઉત્પાદનમાં પણ આશરે ૧૧.૪ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ગયા વર્ષના કુલ ઘરેલુ ઉત્પાદનના આંકડામાં ઘટાડો કરવામાં આવે તો તેના કારણે ચાલુ વર્ષનો વૃદ્ધિદર વધારે સારો દેખાય. એવી આશંકા પણ વ્યક્ત કરવામાં આવે છે કે ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળાના આંકડામાં આવતા વર્ષે ફરી ઘટાડો કરવામાં આવી શકે છે. વિવિધ ક્ષેત્રોના કુલ મૂલ્યવર્ધનના આંકડાઓની સરખામણી કરવામાં આવે તો પણ અનેક પ્રશ્નો ઊભા થાય છે. કૃષિ ક્ષેત્રનું કુલ મૂલ્યવર્ધન અગાઉના વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના ૧૨ લાખ કરોડ રૂપિયાથી વધીને ૧૪ લાખ કરોડ રૂપિયા થયું હોવાનું દર્શાવવામાં આવ્યું છે. તેના આધારે ૧૬.૭ ટકાની વૃદ્ધિ છે. ખાણકામ ક્ષેત્રનું મૂલ્યવર્ધન ૧.૩૬ લાખ કરોડથી વધીને ૧.૭૮ લાખ કરોડ રૂપિયા થયું છે, એટલે કે ૩૧ ટકાની વૃદ્ધિ. વીજળી ક્ષેત્રમાં પણ ૨.૦૪ લાખ કરોડથી વધીને ૨.૨૯ લાખ કરોડ રૂપિયા થતાં ૧૨.૨ ટકાની વૃદ્ધિ દર્શાવવામાં આવી છે. બાંધકામ અને નાણાકીય સેવાઓ ક્ષેત્રના અગાઉના આંકડાઓમાં કરવામાં આવેલા ઘટાડાને કારણે તેમની વર્તમાન વૃદ્ધિ વધુ દેખાય છે. બાંધકામ ક્ષેત્ર માટે અગાઉ ૬.૭૭ લાખ કરોડ રૂપિયા દર્શાવવામાં આવ્યા હતા, પરંતુ હવે તે ઘટાડીને ૬.૨૪ લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યા છે. જો જૂનો આંકડો લેવામાં આવે તો વૃદ્ધિ ૭.૨૭ ટકા જેટલી રહે, જ્યારે નવા આંકડા પ્રમાણે તે ૧૬.૫ ટકા દર્શાવવામાં આવી છે. નાણાકીય સેવાઓમાં પણ અગાઉના ૨૦.૭૧ લાખ કરોડ રૂપિયાના આંકડાને ઘટાડીને ૧૯.૩૪ લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યા છે. પરિણામે વૃદ્ધિદર ૫.૩ ટકાની જગ્યાએ ૧૨.૭ ટકા દેખાય છે. ઉત્પાદન, વેપાર-હોટેલ-પરિવહન-સંચાર-સેવાઓ તથા જાહેર વહીવટ જેવા ક્ષેત્રોમાં પણ અગાઉના આંકડામાં ઘટાડો કરવામાં આવ્યો છે. આ ફેરફારોને કારણે અગાઉ દર્શાવાયેલી નકારાત્મક વૃદ્ધિ હવે સકારાત્મક અને વૃદ્ધિ દેખાય છે. ખર્ચ અંગે સૌથી મોટો ફેરફાર ખાનગી વપરાશમાં જોવા મળે છે. અગાઉના વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ખાનગી વપરાશનો આંકડો ૫૧.૮૭ લાખ કરોડ રૂપિયા હતો, જેને હવે ઘટાડીને ૪૪.૬૬ લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યો છે. આ સુધારેલા આંકડાઓના આધારે વર્તમાન વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ખાનગી વપરાશમાં ૫.૪ ટકાનો ઘટાડો દર્શાવવામાં આવે છે. સામાન્ય લોકોના જીવનમાં ઓછી વપરાશક્ષમતાની અસર કદાચ આ રીતે સુધારેલા આંકડાઓમાં છુપાઈ જાય છે. મૂડી રચનાના ખર્ચમાં પણ અગાઉના આંકડામાં થોડો ઘટાડો થયો છે. તેમ છતાં, તેની વૃદ્ધિ ૧૫.૫ ટકા જેટલી છે, જ્યારે સરકાર દ્વારા ૨૦.૪ ટકાની વૃદ્ધિ દર્શાવવામાં આવી છે. પ્રશ્ન એ છે કે, અગાઉના વર્ષના ક્ષેત્રવાર કુલ મૂલ્યવર્ધનના આંકડાઓમાં આટલા મોટા ફેરફારો શા માટે કરવામાં આવ્યા? કુલ ઘરેલુ ઉત્પાદન અને કુલ મૂલ્યવર્ધનના આંકડા વાસ્તવિક કંપનીઓ તથા સરકારી સંસ્થાઓ પાસેથી મળતા આંકડાઓ પર આધારિત હોય છે, તેથી તેમાં આટલો મોટો ફેરફાર ચિંતાજનક છે. શેરબજારમાં પણ ઘટાડો જોવા મળ્યો છે અને વિદેશી રોકાણકારો સતત વેચવાલી કરી રહ્યા છે. સરકાર દ્વારા જાહેર ખર્ચ જાળવી રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેથી કુલ સ્થિર મૂડી રચનાના આંકડા સારા દેખાય, પરંતુ ખાનગી ક્ષેત્રમાં મૂડીરોકાણ વાસ્તવિક નથી. લોકોને પ્રભાવિત કરવા માટે તૈયાર કરવામાં આવેલા સારા દેખાતા આ આંકડાઓ ભારતીય અર્થતંત્ર માટે વાસ્તવિક લાભ નથી. અર્થતંત્ર મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું હોય તો તેને સ્વીકારીને જરૂરી સુધારાત્મક પગલાં અને આર્થિક સુધારા કરવા વધુ યોગ્ય છે, તેના બદલે આંકડાઓ દ્વારા વાસ્તવિક પરિસ્થિતિ છુપાવવાનો પ્રયાસ કરવો યોગ્ય નથી.

# પ્રેમ સામે શંકાની દીવાલ : હિંદુ-મુસ્લિમ સંબંધો શા માટે ગુનો બની જાય છે તે સમજવાનો પ્રયાસ ઈસ્મતઆરાના પુસ્તક 'અંડર અ સેફ્રોન સ્કાયઃ ઈનસાઈડ ઈન્ડિયાઝ ક્રેકડાઉન ઓન લવ'માંથી અંશો

## પ્રેમ, પરિવારની ફરિયાદ અને રાજકીય દબાણ વચ્ચે કાયદો કેવી રીતે કામ કરે છે?

(એજન્સી) તા.૩

ઉત્તર પ્રદેશના સંભલમાં પોલીસ અધિક્ષકની કચેરીએ પહોંચતી વખતે મનમાં એક અલગ જ તસવીર હતી. કહેવાતા 'લવ જેહાદ'ના કેસોની તપાસ કરતી પોલીસ, શંકાસ્પદ યુગલો, રાત્રિના દરોડા, પૂછપરછ અને અદાલતી ફાઈલો, પરંતુ વાસ્તવિકતા તેનાથી ઘણી અલગ હતી. તો પછી સવાલ ઊભો થાય છે કે, જો કેસો એટલા ઓછા છે, તો હિંદુ યુવતી અને મુસ્લિમ યુવકના સંબંધને લઈને આટલો રાજકીય અને સામાજિક વિવાદ શા માટે? આ સવાલનો જવાબ માત્ર પોલીસની ફાઈલોમાં મળતો નથી. તેની પાછળ પરિવારની માનસિકતા, સાંપ્રદાયિક અવિશ્વાસ, રાજકીય દબાણ અને કાયદાની પ્રક્રિયાનો એકબીજા સાથે જોડાયેલો જટિલ ખેલ છે. મેં સંભલના પોલીસ અધિક્ષક કૃષ્ણ બિશ્નોઈ સાથે વાત કરી ત્યારે શરૂઆતમાં તેઓ 'લવ જેહાદ' વિશે સીધી વાત કરી નહીં. તેમની સ્થિતિ પણ સરળ ન હતી. સંભલ પહેલેથી જ સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ જિલ્લો છે. થોડા સમય પહેલાં જ શાહી જામા મસ્જિદને લઈને વિવાદ ઊભો થયો હતો. મસ્જિદના પુરાતત્ત્વીય સર્વેના અદાલતી આદેશ પછી વિરોધ પ્રદર્શનો થયા, હિંસા થઈ, લોકોનાં મોત થયાં, ડઝનેક લોકો ઘાયલ થયા અને ઈન્ટરનેટ સેવા બંધ કરવી પડી. આ પૃષ્ઠભૂમિમાં પ્રેમસંબંધ પણ માત્ર બે વ્યક્તિઓનો અંગત મામલો રહેતો નથી. તે ક્ષણભરમાં સાંપ્રદાયિક રંગ ધારણ કરી શકે છે. એક સમયે, તેમણે મારી પૃષ્ઠભૂમિ વિશે પણ પૂછ્યું, કદાચ મારી મુલાકાત પાછળના હેતુનું મૂલ્યાંકન કરવા માંગતા હતા. લવ જેહાદના કેસોનો સામનો કરતી વખતે સ્થાનિક પોલીસને કેવા પડકારોનો સામનો કરવો પડ્યો તે સમજવા માટે, ખાસ કરીને તેની આસપાસના રાજકારણને ધ્યાનમાં રાખીને, મેં પ્રશ્નોની એક લાંબી યાદી તૈયાર કરી હતી. પરંતુ અમારી શરૂઆતની વાતચીત દરમિયાન એસપીએ તેમાંથી મોટાભાગ પ્રશ્નોનાને ટાળી દીધા. તેના બદલે, બિશ્નોઈએ જેને અસમાનતા કહી હતી તે અંગે વાત કરી. ''જે મુસ્લિમો ધનવાન છે, તેઓ ખૂબ જ ધનવાન છે. સારી સ્થિતિમાં છે. ખૂબ જ શિક્ષિત, પરંતુ બાકીના...'' તેમનો અવાજ શાંત થઈ ગયો અને તેમનું વાક્ય મૌનમાં ઓગળી ગયું. મેં લવ જેહાદ વિશે વાત કરવાની તેમની શરૂઆતની અનિચ્છા જોઈ હતી. એક સરકારી કર્મચારી માટે, ખાસ કરીને સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ જિલ્લામાં તૈનાત વ્યક્તિ માટે આ મુશ્કેલ છે. મહિલા સુરક્ષાના બેનર હેઠળ, યુપીમાં યોગી આદિત્યનાથના નેતૃત્વ હેઠળની ભાજપ સરકારે પ્રતીકાત્મક અને માળખાકીય બંને પગલાં લીધાં છે, જેમાં એન્ટિ-રોમિયો સ્ક્વોડથી લઈને દરેક જિલ્લામાં સમર્પિત મહિલા હેલ્પલાઈન અને કાર્યાત્મક મહિલાથાણાનો સમાવેશ થાય છે. ૨૦૨૧માં પ્રયાગરાજમાં એક રેલીમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે ભાજપના શાસનમાં, યુપીમાં મહિલાઓને હવે ''સુરક્ષા અને અધિકારો'' બંને પ્રાપ્ત થયા છે, તેમણે રાજ્યની ''બહેનો અને પુત્રીઓ'' સામેના ગુનાઓ પર યોગીના કડક વલણની પ્રશંસા કરી હતી. પોલીસ અધિક્ષકે એક મહત્વની વાત સ્વીકારી. ઘણી વાર પુખ્ત વયની યુવતી પોતાની ઈચ્છાથી ઘર છોડીને જાય છતાં પરિવાર તેની સામે 'અપહરણ'ની ફરિયાદ નોંધાવે છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે આવા ઘણા કેસોની શરૂઆત જ 'અપહરણ' શબ્દથી થાય છે. યુવતી ૧૮ વર્ષથી મોટી હોય, પોતાની મરજીથી ગઈ હોય અને કોઈ ગુનો થયો ન હોય છતાં પરિવાર સંબંધને સ્વીકારતો ન હોય તો પોલીસ ફરિયાદ કરે છે. પરિવાર પોલીસ પાસે પહોંચે છે. પોલીસ પર કાર્યવાહીનું દબાણ આવે છે. તે પુખ્ત છે કે નહીં? તેની સંમતિ છે કે નહીં? તે પોતાની ઈચ્છાથી આ સંબંધમાં છે કે દબાણ હેઠળ? આ સવાલો કાયદાની દૃષ્ટિએ મહત્વના છે. પરંતુ સાંપ્રદાયિક રાજકારણ વચ્ચે ઘણી વાર પહેલો પ્રશ્ન એ બની જાય છે કે યુવક કયા ધર્મનો છે. ઉત્તર પ્રદેશમાં મહિલાઓની સુરક્ષા ભાજપના મહત્વના રાજકીય મુદ્દાઓ પૈકી એક છે. યોગી આદિત્યનાથ સરકારના સમયમાં મહિલા સુરક્ષાના નામે અનેક વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ઉત્તર પ્રદેશમાં મહિલાઓને સુરક્ષા




અને અધિકાર મળ્યાનો દાવો કર્યો છે. પરંતુ આ રાજકીય પ્રાથમિકતા પોલીસ માટે ક્યારેક અલગ પ્રકારનું દબાણ ઊભું કરે છે. લખનઉના એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે હિંદુ યુવતી અને મુસ્લિમ યુવક સંકળાયેલા હોય ત્યારે, ખાસ કરીને બળાત્કાર અથવા ઓળખ છુપાવવાના આરોપો હોય, તો પોલીસને અત્યંત સાવધાનીથી અને કડકાઈથી કાર્યવાહી કરવી પડે છે. ફરિયાદ દાખલ કરવામાં કે આરોપપત્ર રજૂ કરવામાં વિલંબ થાય તો અધિકારીઓને ઉપરથી સવાલોનો સામનો કરવો પડે છે. એક પોલીસ અધિકારીએ મને વર્ષો પહેલાં કહ્યું હતું, અમે કેસ નોંધવો જ પડ્યો. ઉપરથી દબાણ હતું. સંભલના પોલીસ અધિક્ષકે એક બીજો દાવો કર્યો. તેમના કહેવા મુજબ કેટલાક કેસોમાં યુવક પોતાનું સાચું નામ છુપાવીને યુવતી સાથે સંબંધ બાંધે છે. તે પરિવારની પ્રતિષ્ઠા, સમુદાયની ઓળખ અને સામાજિક સ્વીકાર સાથે જોડાઈ જાય છે. જ્યારે યુવતી પોતાની પસંદગીથી ઘર છોડે છે, ત્યારે પરિવાર માટે તેને સ્વીકારવું મુશ્કેલ બને છે. ફરિયાદ પોલીસ સુધી પહોંચે છે. અને એકવાર ફરિયાદ નોંધાઈ જાય પછી સંબંધનું ખાનગી સ્વરૂપ ખતમ થઈ જાય છે. પરંતુ શું દરેક ફરિયાદ પાછળ ગુનો જ હોય છે? આ સવાલ મહત્વનો છે, કારણ કે પોલીસ અધિક્ષકે પોતે સ્વીકાર્યું હતું કે ઘણી વખત સ્વૈચ્છિક રીતે ઘર છોડીને ગયેલી પુખ્ત યુવતીના કિસ્સાને પણ 'અપહરણ' તરીકે રજૂ કરવામાં આવે છે. અહીં કાયદો અને સામાજિક પૂર્વગ્રહ વચ્ચેનો તફાવત સ્પષ્ટ દેખાય છે. સંભલના પોલીસ અધિક્ષક સાથેની વાતચીતમાં એક હકીકત સામે આવી : ૨૦૨૧ પછીના કાયદા હેઠળ તેમના જિલ્લામાં હજુ સુધી કોઈ દોષિત થયો નથી. કેટલાક કેસ અદાલતમાં ચાલી રહ્યા હતા અને એકાદ-બે મજબૂત કેસમાં સજાની અપેક્ષા હતી. પરંતુ 'લવ જેહાદ' અંગે ઊભા કરવામાં આવતા મોટા રાજકીય દાવાઓ અને વાસ્તવિક કેસોની સંખ્યા વચ્ચેનું અંતર અહીં દેખાઈ આવે છે. સવાલ પ્રેમનો નથી, સ્વતંત્ર પસંદગીનો છે. હિંદુ-મુસ્લિમ સંબંધો સામેની શંકાનો મૂળ પ્રશ્ન માત્ર ધર્મનો નથી. તે વ્યક્તિગત સ્વતંત્રતા સામે સમાજની માલિકીભાવની માનસિકતાનો પણ છે. પુખ્ત વ્યક્તિ કોને પ્રેમ કરે, કોની સાથે જીવન વિતાવે અને કયા ધર્મના વ્યક્તિ સાથે લગ્ન કરે છે, આ નિર્ણય વ્યક્તિગત સ્વતંત્રતાના ક્ષેત્રમાં આવે છે. પરંતુ જ્યારે પરિવાર, સમાજ અને રાજકારણ આ નિર્ણય પર પોતાનો અધિકાર જમાવવા લાગે છે ત્યારે વ્યક્તિની પસંદગી ગૌણ થઈ જાય છે. છેતરપિંડી, બળજબરી, નાબાલિક સાથેનો સંબંધ, ઓળખ છુપાવીને ગુનો કરવો કે કોઈ પણ પ્રકારનું શોષણ થાય તો કાયદો કડક હોવો જ જોઈએ. પરંતુ કાયદાની કડકાઈ અને સાંપ્રદાયિક પૂર્વગ્રહ વચ્ચેની રેખા સ્પષ્ટ રહેવી જરૂરી છે. સંભલની વાર્તા આ જ ચેતવણી આપે છે. પ્રેમને ગુનાની શંકાથી જોવામાં આવે ત્યારે સૌથી પહેલાં વ્યક્તિગત સ્વતંત્રતા નષ્ટ થાય છે. ફરિયાદથી કાયદાની પ્રક્રિયા શરૂ થઈ શકે છે, પરંતુ ફરિયાદ પોતે ગુનાનો પુરાવો નથી. અને કદાચ સૌથી મોટો સવાલ એ જ છેઃ જ્યારે બે પુખ્ત લોકોનો પ્રેમ સમાજને અસ્વસ્થ કરે છે, ત્યારે કાયદો તેમની સુરક્ષા માટે ઊભો રહે છે કે સમાજની શંકાને માન્યતા આપવા માટે કામ કરે છે? આ સવાલનો જવાબ માત્ર સંભલ માટે નહીં, પરંતુ સમગ્ર ભારત માટે મહત્વનો છે.

ઘરમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં બંનેનાં મૃતદેહ મળતાં ફોરેન્સિક પીએમ હાથ ધરવામાં આવ્યું

# સુરતના પુણામાં રહસ્યમય સંજોગોમાં માતા-પુત્રીનાં મૃતદેહ મળતાં ચકચાર

## માતા - પુત્રીનાં મોબાઈલ સહિત ઘરમાં જ રહેતો હિંમાશુ પણ ગાયબ થઈ જતાં શંકાનાં વાદળ ઘેરાયા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩

સુરત શહેરનાં પુણા વિસ્તારમાં માતા અને પુત્રીનાં મૃતદેહ મળી આવતાં ભારે ચકચાર મચી જવા પામી છે. મૃતક મહિલાનાં પતિ દ્વારા ઘરમાં જ રહેતા એક હમવતની પર હત્યા કરીને નાસી છૂટવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર મૂળ અયોધ્યાનાં વતની અને છેલ્લા કેટલાક સમયથી સુરતમાં પુણા ગામ પાસે આવેલ રેશ્મા ચોકડી નજીક શિવનગર સોસાયટીમાં વસવાટ કરતાં અવધેશ શ્રીવાસ્તવ સરણ ઘસવાનું કામ કરે છે. તેમની ૪૦ વર્ષીય પત્ની જાશાદેવી અને ૧૯ વર્ષીય પુત્રી મુસ્કાનનો ગત રોજ તેમના ઘરમાં જ ગળે ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે. જાશાદેવીનાં બે જોડીયા પુત્રો શાળાએ ગયા હતા જ્યારે ૧૮ વર્ષીય પુત્ર આકાશ ખાનગી કંપનીમાં નોકરી પર ગયો હતો. ઘરે જાશાદેવી અને તેમની પુત્રી મુસ્કાન એકલા જ હતા. આ દરમિયાન તેઓનાં શંકાસ્પદ મોતની જાણ થતાં જ પોલીસ અધિકારીઓ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. જ્યાં બંને મૃતદેહને પીએમ માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ મૃતક જાશાદેવીનાં પતિ અવધેશ શ્રીવાસ્તવ દ્વારા પોતાનાં ઘરમાં જ રહેતા હમવતની હિંમાશુ દ્વારા પત્ની અને પુત્રીની હત્યાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસો પૂર્વે પણ હિંમાશુ સાથે બોલાચાલી થઈ હતી અને જેને પગલે હિંમાશુએ તેમના પુત્ર આકાશને મારવાની ધમકી પણ આપી હતી. બીજી તરફ ઘરમાં માતા અને પુત્રીનાં મૃતદેહ મળવાની ઘટના બાદ હિંમાશુ પણ ગાયબ થઈ ગયો હોવાનું અવધેશ દ્વારા જણાવવામાં આવ્યું હતું. તેઓએ વધુમાં કહ્યું હતું કે, તેની પત્ની અને પુત્રીનાં મોબાઈલ ફોન પણ ઘરમાંથી ગાયબ છે. જે પગલે હિંમાશુએ જ આ ફોન લઈને નાસી છૂટ્યો હોવાનાં આક્ષેપો પણ અવધેશ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. અલબત્ત, માતા - પુત્રીનાં શંકાસ્પદ મૃતદેહ મળવાની ઘટનામાં નાસી છૂટેલા હિંમાશુની ભાળ મેળવવા માટે પણ પુણા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

### હિંમાશુ અમને મારી રહ્યો છે : માતાનો પુત્રને અંતિમ ફોન

ગત રોજ આકાશ શ્રીવાસ્તવ રાબેતા મુજબ ખાનગી કંપનીમાં નોકરી પર રવાના થયો હતો. આ દરમિયાન બપોરનાં સુમારે માતા જાશાદેવીએ આકાશને ફોન કરીને જણાવ્યું હતું કે, હિંમાશુ સિંગ અમને મારી રહ્યો છે. માતાનો આ ફોન આવતાં જ આકાશ તાત્કાલિક ઓફિસથી નીકળીને ઘર તરફ રવાના થયો હતો. જો કે, સહારા દરવાજા પાસે ટ્રાફિક જામ હોવાને કારણે તેને થોડું મોડું થઈ ગયું હતું અને ઘરે પહોંચતાં જ ઘરની બહાર ભારે ભીડ જોઈને તે હેબતાઈ ગયો હતો. ઘરમાં પોતાની માતા અને બહેનનાં મૃતદેહ જોઈને તે અવાક બની ગયો હતો અને તાત્કાલિક પિતાને પણ આ અંગે જાણ કરી હતી. અલબત્ત, ઘરમાંથી જાશાદેવીનો ફોન ગાયબ થઈ જતાં હિંમાશુ દ્વારા જ હત્યા કરી હોવાની પરિવારજનો દ્વારા આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# પ્રભાસ પાટણ-સોમનાથના ૯ રાજ્ય રક્ષિત સ્મારકોની સુરક્ષા-જાળવણી માટે તંત્રને રજૂઆત

(સંવાદદાતા દ્વારા) પ્રભાસ પાટણ, તા.૩

પ્રભાસ પાટણ-સોમનાથ ખાતે આવેલ રાજ્ય રક્ષિત સ્મારકોની તાત્કાલિક મરામત, જાળવણી, સંરક્ષણ, જાહેર સૂચના બોર્ડ લગાવવા તથા ૨૪ કલાક સુરક્ષા વ્યવસ્થા/ સિક્યુરિટી ગાર્ડની નિમણુંક કરી સ્મારકની યોગ્ય સંભાળ રાખવા માટે વોર્ડ નં ૬ કાઉન્સિલર બશીર ગોહેલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. જે પ્રભાસ પાટણ-સોમનાથ ખાતે આવેલ ૧) કાજીની મસ્જિદ માં આવેલ હિ. સ. ૯૦૨નો શિલાલેખ, ૨) તળાવ, ૩) નગરાનો ટીંબો, ૪) નેક મહમદની મસ્જિદ, ૫) મુઝફ્ફર મસ્જિદ માં આવેલ શિલાલેખ, ૬) રૈયાપીર મસ્જિદની છત, ૭) સુલતાન એહમદ હિ. સ. ૯૦૫-૧૧૪૩નો શિલાલેખ, ૮) સાવનો ટીંબો, ૯) જામે મસ્જિદમાં આવેલ હિ.સ. ૭૩૨ (ઈ. સ. ૧૩૩૧-૩૨)નો શિલાલેખ રાજ્ય રક્ષિત સ્મારક ઐતિહાસિક, પુરાતત્વીય તથા સાંસ્કૃતિક દ્રષ્ટિએ મહત્વપૂર્ણ વારસો ધરાવતું સ્મારક છે. ઉપરોક્ત સ્મારક રાજ્ય સરકારના પુરાતત્વ વિભાગ દ્વારા રાજ્ય રક્ષિત સ્મારક તરીકે સંરક્ષિત કરવામાં આવેલ હોવા છતાં, સ્થળની હાલની સ્થિતિમાં નિયમિત જાળવણી, સ્વચ્છતા, માળખાકીય સંરક્ષણ તથા સુરક્ષા બાબતે પૂરતી વ્યવસ્થા ન હોવાને કારણે સ્મારકને નુકસાન થવાની સંભાવના ઊભી થઈ રહી છે. રાજ્ય રક્ષિત સ્મારક માત્ર સ્થાનિક નાગરિકોની મિલકત નથી પરંતુ રાજ્યના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાનો ભાગ હોવાથી તેની વૈજ્ઞાનિક પદ્ધતિથી જાળવણી, સંરક્ષણ અને અનધિકૃત પ્રવેશ/નુકસાનથી સુરક્ષા કરવી સંબંધિત સત્તાધિકારીની મહત્વપૂર્ણ જવાબદારી બને છે. જેના પગલે કાઉન્સિલર ગોહેલએ માગણી કરી છે. ઉપરોક્ત રાજ્ય રક્ષિત સ્મારકનું તાત્કાલિક સ્થળ નિરીક્ષણ (Site Inspection) કરી તેનો વિગતવાર અહેવાલ તૈયાર કરવામાં આવે. સ્મારકની હાલની માળખાકીય સ્થિતિની તપાસ કરી જ્યાં જરૂરી હોય ત્યાં વૈજ્ઞાનિક પદ્ધતિથી મરામત અને સંરક્ષણની કામગીરી હાથ ધરવામાં આવે. સ્મારકના પથ્થર, દિવાલ, કોતરણી, શિલાલેખ, સ્થાપત્યના મૂળ તત્વો તથા અન્ય ઐતિહાસિક અવશેષોને નુકસાન ન થાય તે માટે નિષ્ણાત પુરાતત્વ અધિકારી દ્વારા જરૂરી કામગીરી કરવામાં આવે. સ્મારકની અંદર તથા આસપાસ નિયમિત સ્વચ્છતા અને કચરા નિકાલની વ્યવસ્થા કરવામાં આવે. સ્મારકની સીમા તથા સંરક્ષિત વિસ્તાર સ્પષ્ટ કરવા જરૂરી હોય ત્યાં સુરક્ષા વાડ/બાઉન્ડરી/ગ્રિલની વ્યવસ્થા કરવામાં આવે. સ્મારકના પ્રવેશદ્વાર અથવા યોગ્ય સ્થળે ગુજરાત સરકાર/ પુરાતત્વ વિભાગના નામ સાથે સ્પષ્ટ અને ટકાઉ "રાજ્ય રક્ષિત સ્મારક" જાહેર સૂચના બોર્ડ તાત્કાલિક લગાવવામાં આવે. તે સૂચના બોર્ડ પર સ્મારકનું સત્તાવાર નામ સ્મારકનો ઇતિહાસ/પુરાતત્વીય મહત્વ રાજ્ય રક્ષિત સ્મારક તરીકે જાહેર કર્યાની વિગતો લાગુ પ્રતિબંધો/નિયમો અનધિકૃત બાંધકામ/ તોડફોડ/નુકસાન અંગેની ચેતવણી ફરિયાદ/સંપર્ક માટે સંબંધિત અધિકારીની વિગતો. તો સ્મારકની સુરક્ષા માટે યોગ્ય લાયકાત ધરાવતા ચોકીદારની નિમણૂક કરવામાં આવે અને જરૂરી હોય તો ૨૪ કલાક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે. સ્મારક પર CCTV સ્થાપિત કરી તેની નિયમિત દેખરેખ અને રેકોર્ડ જાળવવાની વ્યવસ્થા કરવામાં આવે. સ્મારકના પરિસરમાં કોઈ વ્યક્તિ દ્વારા અનધિકૃત બાંધકામ, ખોદકામ, તોડફોડ, કબજો, નુકસાન અથવા અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિ ન થાય તે માટે નિયમિત પેટ્રોલિંગ/ચકાસણીની જરૂરી છે. સ્મારકને નુકસાન પહોંચાડનાર કોઈ વ્યક્તિ/સંસ્થા સામે લાગુ કાયદા તથા નિયમો મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. સ્મારકની હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થળ નિરીક્ષણ કરી ફોટોગ્રાફ તથા વીડિયો રેકોર્ડ તૈયાર કરવામાં આવે, જેથી હાલની સ્થિતિનો સત્તાવાર રેકોર્ડ ઉપલબ્ધ રહે. ત્યારબાદ જરૂરી મરામત, સંરક્ષણ, સફાઈ, સુરક્ષા વ્યવસ્થા, સૂચના બોર્ડ તથા સુરક્ષા વ્યવસ્થા તાત્કાલિક અમલમાં મૂકવામાં આવે. અરજદારની વિનંતી છે કે આ રજૂઆતને માત્ર સામાન્ય અરજી તરીકે ન ગણતા રાજ્યના ઐતિહાસિક વારસાના સંરક્ષણ અંગેની જાહેર હિતની રજૂઆત તરીકે સ્વીકારી જરૂરી કાર્યવાહી કરવામાં આવે. તેવી માગણી વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાના કાઉન્સિલર બશીર ગોહેલે જિલ્લા કલેક્ટર સહિત સંબંધિત અધિકારીઓને રજૂઆત કરી છે.

ખનનની કામગીરી કરવાની જ નથી તો સર્વે શું કામ ?

# માંગરોળમાં ખનીજ સર્વેની કામગીરી પૂર્ણ કરવા માટે નાયબ કલેક્ટરે ખેડૂતો સાથે મીટિંગ યોજી

**● સર્વે પછી જમીન સંપાદન કરી કોઈ ખાનગી કંપનીને લિઝ માટે આપી દેવામાં આવશે તેવી ખેડૂતોમાં દહેશત ● ખેડૂતોના વિરોધ હોવા છતાં બેફામ પથ્થરની ખાણો ખોદાતી હોય તો આ સર્વે થયા પછી ખનનની કામગીરી નહીં થાય તેની શું ખાતરી..!**

(સંવાદદાતા દ્વારા) માંગરોળ, તા.૩

માંગરોળ તાલુકામાં ખાનગી રાહે ખનીજ સર્વેની કામગીરીને લઈને છેલ્લા ઘણા દિવસોથી ખેડૂતો દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. કેન્દ્રીય ખનીજ મંત્રાલય ના સિધા આદેશથી એક ખાનગી કંપની દ્વારા માંગરોળ તાલુકામાં બે અલગ અલગ બ્લોક બનાવી ડ્રોન કેમેરા અને બોરીંગ દ્વારા સફેદ પથ્થર અને ખનીજની સર્વેની કામગીરી સામે ખેડૂતો ઉગ્ર વિરોધ કરી, મામલતદારને આવેદનપત્ર આપી સર્વ કામગીરી બંધ કરવા માંગ કરી હતી. ખેડૂતોના હોબાળા સામે સ્થાનિક તંત્રએ આગામી આદેશ સુધી સર્વ કામગીરી બંધ કરાવી હતી. પરંતુ એ પછી પણ ગમે ત્યારે ખેડૂતની જીવાદોરી સમાન ફળદૂપ જમીનો છીનવાઈ જવાની દહેશતે ખેડૂતોને ચિંતાજનક સ્થિતિમાં મૂકી દિધા છે. આવી પરિસ્થિતિમાં માંગરોળ તાલુકાના માનખેત્રા, સુલતાનપૂર, ઢેલાણા, કોટડા, લંબોરા, સકરાણા, વિરપુર, ચોટલીવિરડી, શેપા, હુસેનાબાદ, શેખપૂર, તેમજ ભૂતડીકાદી, કલોતપૂર, સહીતના ઓજી વિસ્તારમાં ખેડૂતોમાં ભારે ફફડાટ ફેલાયો છે. અને આ અંગે મિટિંગોનો દોર પણ શરૂ થયો છે. અને આગામી રણનીતિ રૂપે ઉગ્ર આંદોલન પર પણ ઉતરવાના એંધાણ દેખાઈ રહ્યા છે.

બીજી તરફ કેન્દ્ર સરકારની સર્વેની કામગીરી પૂરી કરવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે. જેના ભાગ રૂપે આજે માંગરોળ મામલતદાર કચેરીએ નાયબ કલેકટર રજની ઠૂંમરની અધ્યક્ષતામાં તાલુકાના ખેડૂત આગેવાનો, સરપંચો, રેવન્યુ તલાટી, પંચાયત તલાટી, ટીડીઓ, જીયોલોજીસ્ટ, મામલતદાર, પીઆઈને સાથે રાખી મીટીંગ યોજી હતી. જેમા પ્રાંત અધિકારી રજની ઠૂંમર મામલતદાર વૈભવી મોરી અને તાલુકા વિકાસ અધિકારી મહેશ ચૌહાણ એ સરકારની સર્વેની કામગીરી વિશે સમજણ આપી ખેડૂતોની સહમતી વગર કોઈ પણ ખનન ની કામગીરી નહીં કરવામાં આવે તેવું આશ્વાસન આપી સર્વેની કામગીરી પૂરી કરવામા સહકાર આપવા જણાવ્યું હતું. પરંતુ બીજી તરફ ખેડૂત આગેવાનો અને સરપંચોએ જણાવ્યું હતું કે, સર્વેની કામગીરી પછી અહી ખનન કરવામા નહીં આવે તેની ખાતરી શું ?માંગરોળ પંથકને નીલી નાઘેર કહેવાય છે. અહી કોઈ મોટા ખેડૂત નથી. વિઘા બે વિઘામા આખો પરિવાર નભે છે. માંગરોળના લોકો માટે ખેતી સિવાય આજીવિકાનું કોઈ સાધન નથી. તેવી રજૂઆત સાથે ખેડૂત આગેવાનોએ દહેશત વ્યક્ત કરી હતી કે, સર્વે થયા પછી અમારી જમીનો સંપાદન કરી કોઈ ખાનગી કંપનીને લિઝ માટે આપી દેવામાં આવશે...! આધકારીઓના સંવાદ



(તસવીર : યુસુફ ચુડલી, માંગરોળ)

અને આશ્વાસનો સામે ખેડૂત આગેવાનોએ ધારદાર સવાલો ઉઠાવ્યા હતા. જેમા માંગરોળ પંથકમાં બેફામ રીતે ચાલતી પથ્થરની ખાણો વિશે પણ સવાલો થયા હતા. આજુબાજુના હજારો ખેડૂતોના વિરોધ હોવા છતાં પણ ખાનગી રાહે પથ્થરની ખાણો ખોદાતી હોય તો આવનારા સમયમાં એક ચોક્કસ વિસ્તારને બ્લોક બનાવી સર્વે કર્યા પછી ખનનની કામગીરી નહીં થાય તેની શું ખાતરી..!

છેવટે, અધિકારીઓ એ જણાવ્યું હતું કે આ ફક્ત એક ડેટા એકત્રિત કરવાના ભાગરૂપેનું સર્વે છે. અહી કોઈ ખનન કરવાનું નથી..!. હવે આ વિસ્તારમાં ખેડૂતોની ખાનગી સર્વે નંબરની જમીનો નહી પરંતુ ફક્ત સરકારી સર્વે નંબરની જમીનો પર સર્વે કરવામા આવશે ! તેનો પણ ખેડૂતોએ વિરોધ કર્યો હતો અને સ્પષ્ટ જણાવ્યું હતું કે, જો આ વિસ્તારમાં ખાનગી કે સરકારી કોઈ પણ જમીન પર ખનન કરવાનું જ નથી તો સર્વે શું કામ..? તેમ છતાં જો સર્વે કરવામાં આવશે અમે ઉપવાસ પર કે આંદોલન પર ઉતરી એમ એનો વિરોધ કરીશુ તેવી ખેડૂતોએ ચિમકી ઉચ્ચારી હતી. આખરે આ બાબતે નાયબ કલેકટર રજની ઠૂંમરે ખેડૂતોની વેદનાઓ જિલ્લા કલેકટર સુધી પહોંચાડી કલેકટરના આગામી આદેશ પછી આગામી આયોજન કરીશું તેવું જણાવી મીટિંગ પૂર્ણ કરી હતી.આ મીટિંગમાં ખેડૂત આગેવાન વાલાભાઈ ખેર, ફારૂકભાઈ હકીમ, મુહમ્મદહુસેન ઝાલા, યુસુફભાઈ ચુડલી, નિઝામભાઈ જેઠવા અને નરસીભાઈ ખેરે ખેડૂતો વતિ રજુઆત કરી હતી. તાલુકા પંચાયતના સદસ્ય આબેદીનભાઈ જેઠવા, નૂરૂભાઈ કાદરીયા, તેમજ દસથી પંદર ગામના સરપંચ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મિટિંગની જાણ થતા મોટી સંખ્યામાં ખેડૂતો પણ મામલતદાર કચેરી બહાર એકઠા થઈ ગયા હતા.

# ભારતીય મુસલમાનોના અધિકાર અને મુદ્દાઓ ઉપર નજર રાખવા માટે ૫૧ સભ્યોની રાષ્ટ્રીય દેખરેખ સમિતિની રચના

## પૂર્વ મુખ્યમંત્રી, પૂર્વ કેન્દ્રીય મંત્રી, સંસદ સભ્યો, ધારાસભ્યો, વરિષ્ઠ અધિવક્તાઓ, પૂર્વ ન્યાયાધીશ, શિક્ષણવિદો, સામાજિક અને ધાર્મિક નેતાઓને એક મંચ પર લાવવામાં આવ્યા

(સંવાદદાતા દ્વારા)







અમદાવાદ, તા.૩

ભારતીય મુસલમાનોના અધિકારોથી સંલગ્ન સંવૈધાનિક, કાનૂની, સામાજિક અને રાજનિતીક મુદ્દાઓ પર દેખરેખ રાખવા અને દેશના વિભિન્ન ક્ષેત્રોમાંથી સામે આવતા મુદ્દાઓ સંબંધે લોકતાંત્રિક, સંવૈધાનિક અને કાનૂની ઉપાયોને આગળ વધારવાના ઉદ્દેશો માટે દિલ્લીમાં આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં ૫૧ સભ્યોની રાષ્ટ્રીય દેખરેખ સમિતિ (National Monitoring Committee)ની રચનાની ઘોષણા કરવામાં આવી હતી.

આ સમિતિને મુખ્ય ઉદ્દેશ દેશના વિભિન્ન ક્ષેત્રોમાં મુસલમાનોથી સંલગ્ન ગંભીર અને મહત્ત્વપૂર્ણ મુદ્દાઓની ઓળખ કરવી, તેમના પર નજર રાખવી, ઉપલબ્ધ સંવૈધાનિક અને કાનૂની વિકલ્પોની સમીક્ષા કરવી, સંબંધિત સંસ્થાઓ સાથે સંવાદ યોજવો અને આવશ્યકતા લાગે તો લોકતાંત્રિક અને રાજનિતીક માધ્યમો દ્વારા યોગ્ય કાર્યવાહી કરી આગળ વધારવાનો છે. સમિતિમાં રાજનિતી, કાનૂન, પ્રશાસન, ન્યાયપાલિકા, સામાજિક ક્ષેત્ર અને ધાર્મિક નેતૃત્વ સાથે જોડાયેલ પ્રમુખ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આવી રીતે વિભિન્ન ક્ષેત્રોમાં અનુભવ અને વિશેષતાઓને એક સંયુક્ત મંચ પર લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

સમિતિના પ્રમુખ નેતૃત્વકર્તાઓમાં પૂર્વ રાજ્યસભા સાંસદ મોહંમદ અદીબને મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. તેમને સમિતિના ચેરમેન - પ્રમુખ નેતૃત્વકર્તા તેમજ સંયોજક તરીકેની નિમણુંક કરવામાં આવી છે.સમિતિના ગઠન અને તેના ઉદ્દેશોને લઈ પૂર્વ જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લા, પૂર્વ મુખ્યમંત્રી મહેબુબા મુફ્તી તેમજ વરિષ્ઠ રાજકીય નેતા સલમાન ખુરશીદ સહિત વિભિન્ન ક્ષેત્રોના પ્રમુખ આગેવોનોનું માર્ગદર્શન અને સહયોગ પ્રાપ્ત થયેલ છે.

આ રાષ્ટ્રીય સમિતિમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગૃહ રાજ્ય ગુજરાતમાંથી ત્રણ પ્રમુખ મુસ્લિમ ચહેરાઓને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

જેમાં : ૧) ગ્યાસુદ્દીન શેખ-ગુજરાત પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન નેતા તેમજ પૂર્વ ધારાસભ્ય, ૨) ઈમરાન ખેડાવાલા-ગુજરાત વિધાનસભાના વર્તમાન ધારાસભ્ય, ૩) હાજી જુમ્મા રાયમા-સામાજિક કાર્યકર્તાનો સમાવેશ થાય છે.

આ ત્રણેય મહાનુભાવોને સમિતિમાં મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. ગુજરાતથી આ ત્રણેય પ્રતિનિધીઓની ભાગીદારીને એટલે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કે રાજ્ય અને દેશની રાજનિતીમાં વિશેષ રાજકીય અને સામાજીક મહત્વ ધરાવે છે.

૫૧ સભ્યોની રાષ્ટ્રીય દેખરેખ સમિતિમાં પૂર્વ મુખ્યમંત્રી, પૂર્વ કેન્દ્રીય મંત્રી, વર્તમાન અને પૂર્વ સાંસદ, ધારાસભ્ય, પૂર્વ સરકારીપદો પર કામ કરનાર, પૂર્વ ન્યાયાધીશ, વરિષ્ઠ અધિવક્તા, શિક્ષાવિદ, સામાજિક કાર્યકર્તા, નાગરિક અધિકોરો સાથે સંલગ્ન મહાનુભાવો અને ધાર્મિક વિદ્વાનોનો સમાવેશ કરવામાં આવેલ છે.

સમિતિમાં સામેલ પ્રમુખ આગેવાનોમાં દિલ્લીના પૂર્વ ઉપરાજ્યપાલ નજીબ જંગ, પૂર્વ મુખ્ય ન્યાયાધીશ જસ્ટીસ ઈકબાલ અંસારી, પૂર્વ મુખ્ય સૂચના આયુક્ત વજાહત હબીબુલ્લાહ, પૂર્વ કેન્દ્રીય મંત્રી અલી અશરફ ફાતમી અને પૂર્વ નીતિ આયોગના સભ્ય સૈયદા હમીદ સામેલ છે.

ધાર્મિક અને સામાજિક નેતૃત્વનું પ્રતિનિધિત્વ કરનારા મૌલાના ખાલીદ સૈફુલ્લાહ રહેમાન, સૈયદ સઆદતુલ્લાહ હુસૈની, મૌલાના સજ્જાદ નૌમાની, મૌલાના ઓબેદુલ્લાહખાન આઝમી, કલ્બે જવાદ નદવી અને સલીમ ઈન્જિનીયર સહિત વિભિન્ન સંગઠનો અને વિચારધારાથી જોડાયેલા પ્રતિનિધિઓને પણ સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું છે.

રાજકીય ક્ષેત્રના મહાનુભાવો- ઈ.ટી. બશીર, મોહંમદ અલી શબ્બીર, ઝફરૂલ ઈસ્લામખાન, રિઝવાની અરશદ, મૌલાના મોહિબુલ્લાહ નદવી, ઈમરાન મસૂદ, ઈકરા હસન, મંસુર ખાન, ઝિયાઉરરહેમાન બર્ક, આગા રૂહુલ્લાહ મેહદી, કુંવર દાનિશઅલી, આઝમ બૈગ અને મોહંમદ મુકીમ સહિત અન્ય વર્તમાન તેમજ પૂર્વ જનપ્રતિનિધિઓને સમિતિમાં સમાવેશ કરવામાં આવેલ છે.

સમિતિમાં સૈયદ અશરફ કિછૌછવી, મલિક મોહતસિમ ખાન, મોહંમદ સુલેમાન, ખાલિદ રશીદ, ડો. એસ.ક્યુ.આર. ઈલ્યાસ, યાસીન અલી ઉસ્માની, ઉમર શફીક, રાશિદ ચૌધરી, મુફ્તી ઉસ્માન રહેમાની લુધિયાણવી સહિત સામાજિક અને ધાર્મિક ક્ષેત્ર સાથે સંલગ્ન અન્ય મહાનુભાવોને સમાવિષ્ટ કરેલ છે.

કાનૂની ક્ષેત્રના આગેવાનો સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ અધિવક્તા હુઝૈફા અહમદી, ફુઝૈલ અહમદ ઐયુબી (સહસંયોજક), અલ્હાબાદ હાઈકોર્ટના વરિષ્ઠ અધિવક્તા ફરમાન નકવી, મોહંમદ ખાલીદ ખાન, ઝાહીદ રઝા રિઝવી, મોહંમદ અલી મહમૂદાબાદ, ઉઝમા નહીદ અને નદીમખાન સહિત વરિષ્ઠ કાનૂની વિશેષજ્ઞો પણ સમિતિમાં સ્થાન ધરાવે છે.

સમિતિના પ્રમુખ-મુખ્ય કાર્યો :- રાષ્ટ્રીય દેખરેખ સમિતિના ઘોષિત ઉદ્દેશોને અનુલક્ષીને નીચે મુજબના મુખ્ય કાર્યો કરવામાં આવશે : દેશના વિભિન્ન ક્ષેત્રોમાં મુસલમાનોથી સંલગ્ન ગંભીર અને મહત્ત્વપૂર્ણ મુદ્દાઓને ઓળખી તેમની દેખરેખ કરવી. સંબંધિત મુદ્દાઓ પરત્વે જરૂરી અને મળી શકે તેવી તમામ જાણકારી એકત્ર કરવી. મુદ્દાઓમાં ઉપલબ્ધ સંવૈધાનિક અને કાનૂની વિકલ્પોની સમીક્ષા કરવી. આવશ્યકતા મુજબ સંબંધિત પ્રશાસન તેમજ સંવૈધાનિક સંસ્થાઓ સમક્ષ તમામ મુદ્દાઓ બાબતે અવાજ ઉઠાવવો. કાનૂની લડાઈ માટે આવશ્યક રણનિતી અને વિકલ્પો ઉપર વિચાર વિમર્શ કરવો. વિભિન્ન રાજ્યો અને સામાજિક સંગઠનો વચ્ચે સમન્વય સ્થાપિત કરવો. મુસ્લિમ સમુદાય સાથે જોડાયેલ વ્યાપક સામાજિક, રાજકીય અને સંવૈધાનિક મુદ્દાઓ પર લોકતાંત્રિક રીતે સંવાદ અને યોગ્ય કાર્યવાહી કરી તેને આગળ ધપાવવામાં આવશે.

૫૧ સભ્યોની રાષ્ટ્રીય દેખરેખ સમિતિ સાથે ૧૦ સભ્યોની સચિવાલય ટીમની પણ રચના કરવામાં આવેલ છે. તેનું મુખ્ય કાર્ય સમિતિના વિભિન્ન સભ્યો વચ્ચે સમન્વય સાધવો અને દેશના વિવિધ ક્ષેત્રોમાંથી આવનાર મહત્ત્વપૂર્ણ અને જવલંત મુદ્દાઓ પર નજર રાખવાનું હશે.

રાષ્ટ્રીય દેખરેખ સમિતિના ગઠનને દેશભરમાં મુસ્લિમ સમુદાયથી સંલગ્ન મુદ્દાઓને અલગ - અલગ સ્તરે ઉઠાવવાને બદલે એક સંયુક્ત મંચ પર લાવવાની પહેલના રૂપમાં જોવામાં આવી રહ્યું છે.સમિતિમાં રાજકીય નેતૃત્વની સાથો સાથ વરિષ્ઠ અધિવક્તાઓ, પૂર્વ ન્યાયાધીશો, પૂર્વ નોકરશાહો, શિક્ષાવિદો, સામાજિક કાર્યકર્તાઓ અને ધાર્મિક વિદ્વાનોની સમાવિષ્ટ ભાગીદારીને પરિણામે બહુરૂપી સ્વરૂપ પ્રદાન થયું છે.સમિતિનો ઘોષિત ઉદ્દેશ કોઈપણ મુદ્દે સંવૈધાનિક મૂલ્યો, કાનૂન અને લોકતાંત્રિક પ્રક્રિયાઓના દાયરામાં ઉપલબ્ધ વિકલ્પોને શોધવા અને આવશ્યકતા અનુસાર સંબંધિત સંસ્થાઓ સમક્ષ મુદ્દાઓ અંગે અવાજ ઉઠાવવાનો છે.

આવનાર સમયમાં સમિતિ વિભિન્ન રાજ્યોમાંથી પ્રાપ્ત મુદ્દાઓને એક સંયુક્ત મંચ પર લાવી, તેની તથ્યાત્મક અને કાનૂની સમીક્ષા કરવી તથા આવશ્યકતા અનુસાર સંબંધિત સંસ્થાઓ અને ન્યાયિક પ્રણાલિ અને મંચ સુધી પહોંચાડવામાં અગ્રગણ્ય મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકશે.

# અંકલેશ્વરની ગડખોલ ગ્રામ પંચાયતના સસ્પેન્ડેડ મહિલા સરપંચને હાઈકોર્ટમાંથી રાહત

## સ્ટે મળતા મંજુલા પટેલ ફરી સરપંચનો ચાર્જ સંભાળશે કરોડોની નાણાકીય ગેરરીતિના મામલે સસ્પેન્ડ કરાયા હતા

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૩

અંકલેશ્વર તાલુકાના ગડખોલ ગ્રામ પંચાયતના સરપંચ મંજુલાબેન ખુશાલભાઈ પટેલને હાઈકોર્ટમાંથી વધુ એક વખત રાહત મળી છે. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તેમને સસ્પેન્ડ કરવાના હુકમ સામે મંજુલાબેને હાઈકોર્ટમાં પડકાર કર્યો હતો. હાઈકોર્ટે ડીડીઓના હુકમ સામે સ્ટે મંજૂર કરતાં હવે તેઓ ફરીથી સરપંચ તરીકેનો ચાર્જ સંભાળશે. મંજુલાબેન પટેલને સસ્પેન્ડ કરવાના ડીડીઓના હુકમ સામે તેમણે હાઈકોર્ટમાં સ્ટે માટે અરજી કરી હતી. હાઈકોર્ટે તેમની રજૂઆત માન્ય રાખીને ડીડીઓના હુકમ સામે સ્ટે આપ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે સરપંચ પદના મામલે મંજુલાબેનને હાઈકોર્ટમાંથી ચોથી વખત સ્ટે મળ્યો છે. મંજુલાબેન પટેલના સસ્પેન્શન બાદ અગાઉ ૨૮ ઓગસ્ટના રોજ ડેપ્યુટી સરપંચ કનુ રાઠોડે સરપંચ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. જોકે, મંજુલાબેને ડીડીઓના હુકમને હાઈકોર્ટમાં પડકારતાં હવે હાઈકોર્ટના સ્ટે બાદ ફરીથી તેઓ ગડખોલ ગ્રામ પંચાયતના સરપંચ તરીકેનો ચાર્જ સંભાળશે. હાઈકોર્ટના સ્ટેના પગલે ગડખોલ ગ્રામ પંચાયતમાં માત્ર એક સપ્તાહના સમયગાળામાં જ સરપંચનો ચાર્જ ફરી બદલાશે. આ હુકમ બાદ ગ્રામ પંચાયતના વહીવટી તંત્રમાં પણ હલચલ જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે કરોડો રૂપિયાની નાણાકીય ગેરરીતિના મામલામાં જિલ્લા વિકાસ અધિકારીએ મંજુલાબેન પટેલને સસ્પેન્ડ કર્યા હતા. જે અંગેની રોહન પટેલ વિસ્તૃત માહિતી આપી હતી.

# પ્રાંતિજના લીમલા તળાવ નજીક કારમાંથી ફાઈનાન્સ કંપનીના મેનેજરની લાશ મળતા ચકચાર

(સંવાદદાતા દ્વારા) પ્રાંતિજ, તા.૩

પ્રાંતિજ તાલુકાના લીમલા તળાવ નજીક કારમાંથી લોહીલુહાણ હાલતમાં એક ઈસમનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. આ બનાવ અંગે મૃતકના કાકા વિષ્ણુભાઈ શિવાજી દલુજી ચૌધરી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.મૃતકની ઓળખ ફરિયાદીના ભત્રીજા ૪૨ વર્ષીય ભરતભાઈ કાન્તીભાઈ ચૌધરી તરીકે થઈ છે ભરતભાઈ માણસા ખાતે આવેલી IIFL ફાઈનાન્સ કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.મળતી માહિતી મુજબ તા.૨ સપ્ટેમ્બરની રાત્રે આશરે ૯:૧૫થી ૧૧:૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન લીમલાથી વડવાસા તથા કરોલ તરફ જતા ત્રણ રસ્તા નજીક એક સ્વિફ્ટ કાર શંકાસ્પદ હાલતમાં જોવા મળી હતી સ્થાનિકો દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી કારની પાછળની સીટમાંથી ભરતભાઈનો મૃતદેહ મળી આવતા પોલીસે મૃતદેહને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે પ્રાંતિજ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. મૃતકના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારથી ગંભીર ઈજા કરવામાં આવી હોવાની વિગતો સામે આવતા સમગ્ર ઘટનામાં હત્યાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસે કારમાંથી મૃતકનો મોબાઈલ ફોન તેમજ અન્ય એક લેડીઝ મોબાઈલ ફોનને તપાસના ભાગરૂપે કબજે લઈ તેની વિગતોના આધારે શકમંદોની શોધખોળ શરૂ કરી છે. ઘટનાની તપાસ માટે પ્રાંતિજ પોલીસ ઉપરાંત ડી-સ્ટાફ, ડોગ સ્કવોડ, FSL, જિલ્લા LCB અને SOGની ટીમો પણ તપાસમાં જોડાઈ છે FSL ટીમ દ્વારા ઘટનાસ્થળેથી વૈજ્ઞાનિક પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે, સમગ્ર ગુનાની વધુ તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર. પઢેરિયા દ્વારા હાથ ધરવામાં આવી છે.પોલીસ દ્વારા CCTV ફૂટેજ, મોબાઈલની વિગતો, કારમાંથી મળેલા ડોક્યુમેન્ટ તથા અન્ય પુરાવાઓના આધારે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

વિરોધમાં ધારાસભ્ય અને ભાજપના કોર્પોરેટરો પણ જોડાયા

# પાટણમાં ભૂગર્ભ ગટરની સમસ્યાથી ત્રસ્ત મહિલાઓ અને સ્થાનિકોએ ચક્કાજામ કરતા ભારે હંગામો સર્જાયો

(સંવાદદાતા દ્વારા) પાટણ, તા.૩

ભાજપ શાસિત પાટણ નગરપાલિકાના ખાડે ગયેલા વહીવટ અને ચીફ ઓફિસરની જોહુકમીના કારણે શહેરના મીરા દરવાજા, સાંઈબાબા નગર, પદ્મનાભ ચાર રસ્તા સહિતના વિસ્તારોમાં છેલ્લા નવ મહિનાથી ભૂગર્ભ ગટર ઉભરાવવાની સમસ્યાથી સ્થાનિકો ભારે ત્રસ્ત બન્યા છે. અનેક વખત રજૂઆતો છતાં સમસ્યા નહીં ઉકેલાતા રોષે ભરાયેલી મહિલાઓ અને સ્થાનિકોએ આજે પદ્મનાથ ચાર રસ્તા ઉપર ચક્કાજામ કરતા ભારે હંગામો સર્જાયો હતો અને હાઈ-વે ઉપર બંને બાજુ વાહનોની લાંબી લાઈનો લાગી હતી. આ ચક્કાજામના કાર્યક્રમમાં પાટણ કોંગ્રેસના ધારાસભ્ય ડો.કિરીટ પટેલ અને શાસક પક્ષ ભાજપના કોર્પોરેટરો મનોજ ઠાકોર, નવિનભાઈ પ્રજાપતિ સહિત મોટીસંખ્યામાં સ્થાનિકોની સાથે રાજકીય આગેવાનો પણ જોડાયા હતા અને છેલ્લા નવ મહિનાથી સર્જાયેલ આ સમસ્યાનો ઉકેલ લાવવા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી ચીફ ઓફિસર હિરલબેન ઠાકર અને પાલિકા પ્રમુખ ચંદ્રિકાબેન રાવળના છાજીયા લઈ ચીફ ઓફિસરની તાત્કાલિક બદલી કરવા માંગ કરી હતી અને ચીફ ઓફિસર હટાવો...પાટણ બચાવો...ના સૂત્રોચ્ચાર કર્યા હતા. તો ભાજપના કોર્પોરેટર નવિન પ્રજાપતિએ પણ પાટણના વિકાસને ચીફ ઓફિસર રુંધતા હોવાનો આક્ષેપ કર્યો હતો. આ ઉગ્ર વિરોધ પ્રદર્શન અને ચકકાજામના ઉગ્ર પ્રત્યાઘાતો પડતા મોડીસાંજે ગાંધીનગરથી રીજીયોનલ મ્યુનિસિપલ કમિશ્નર (આર.સી.એમ.) બી.એમ.



પટેલ પણ પાટણ દોડી આવ્યા હતા અને ધારાસભ્ય સહિત નગરપાલિકાના સત્તાધીશો સાથે બેઠકોનો દોર શરુ કરી તાકીદે આ સમસ્યા ઉકેલવાના પ્રયાસો શરુ કર્યા હતા. પાટણના મિરાં દરવાજા, સાંઈબાબા નગર અને પદ્મનાથ ચોકડી વિસ્તારમાં છેલ્લા ૮થી ૯ મહિનાથી ઉભરાતી ભૂગર્ભ ગટરની સમસ્યાથી પરેશાન સ્થાનિકોએ ધારાસભ્ય કિરીટ પટેલ અને કોંગ્રેસના કાર્યકરો સાથે મળી પદ્મનાથ ચોકડી પર ચડક્કાજામ કરીને વિરોધ નોંધાવ્યો હતો. નગરપાલિકા તંત્ર સામે રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતાં આક્રોશે ભરાયેલા લોકોએ હવે માર્ગો પર ઉતરીને અનિશ્ચિત મુદતના આંધેલનની ઉગ્ર ચેતવણી આપી છે. ૩ દિવસ પહેલા જ નગરપાલિકા પ્રમુખને રૂબરૂ મળીને ગટર લાઈનની કાયમી ધોરણે સફાઈ કરવા અને સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા સ્થાનિકોએ રજૂઆત કરી હતી. છતાં પાલિકા તંત્ર દ્વારા સ્થળ પર કોઈ કામગીરી શરૂ કરવામાં ન આવતાં આજે લોકોનો રોષ ભભુકી ઉઠયો હતો. અને આક્રોશિત રહીશો, ધારાસભ્ય, કોર્પોરેટરો અને રાજકીય કાર્યકરોએ પદ્મનાથ ચોકડી પર એકઠા થઈને રસ્તો સંપૂર્ણપણે રોકી દેતાં બંને બાજુ વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી અને ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા. ચક્કાજામ દરમિયાન પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે સ્થાનિક વહીવટી તંત્ર સામે આકરા પ્રહારો કરતા પાટણ નગરપાલિકાને 'ગટરપાલિકા' ગણાવી હતી. તેમણે જણાવ્યું કે જે વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીના નેતાઓની સ્કૂલ, રેડક્રોસ સંસ્થા અને અનેક સારી સોસાયટીઓ આવેલી છે ત્યાં પણ છેલ્લા ૬ થી ૯ મહિનાથી ગટરની વિકટ સમસ્યા છે. અગાઉ સંકલન સમિતિ અને આરસીએમની બેઠકમાં ૨ વાર રજૂઆત કરી હોવા છતાં અધિકારીઓ દ્વારા પોકળ આવાસનો જ આપવામાં આવ્યા હતા.

# સાબરકાંઠાના ત્રણ તાલુકામાં સ્વાઈન ફ્લૂના ચાર કેસ પોઝિટિવ

## બે દર્દીઓનાં મોત, બે સારવાર હેઠળ

(સંવાદદાતા દ્વારા) હિંમતનગર, તા.૩

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૧૨ દિવસમાં સ્વાઈન ફ્લૂના ચાર પોઝિટિવ કેસ નોંધાયા છે. આમાંથી બે દર્દીઓના મોત થયા છે, જ્યારે અન્ય બે દર્દીઓ સારવાર હેઠળ છે.

જિલ્લા આરોગ્ય વિભાગ પાસેથી મળેલી માહિતી મુજબ, સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, તલોદ અને ખેડબ્રહ્મા તાલુકામાં આ ચાર કેસ નોંધાયા છે. જેમાં બે દર્દીઓના મોત થયા છે, જ્યારે બે દર્દીઓ હિંમતનગરની GMERS સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જિલ્લામાં સ્વાઈન ફ્લૂના કેસની શરૂઆત ૨૨ ઓગસ્ટ, ૨૦૨૬થી થઈ છે.હિંમતનગરના ભાથીખત્રી ગામના ફાલ્ગુનીબેન પ્રવીણભાઈ સોલંકી (ઉંમર ૯ વર્ષ) ૨૨ ઓગસ્ટના રોજ દાખલ થયા હતા. તેમનું સેમ્પલ ૨૪ ઓગસ્ટના રોજ લેવાયું હતું અને ૨૬ ઓગસ્ટના રોજ રિપોર્ટ સ્વાઈન ફ્લૂ પોઝિટિવ આવ્યો હતો. તેમનું ૨૪ ઓગસ્ટના રોજ મોત થયું હતું.

તલોદના ગુંદીયા ગામના જયેશ ભરતસિંહ પરમાર (ઉંમર ૧૨ વર્ષ) ૨૫ ઓગસ્ટના રોજ દાખલ થયા હતા. તેમનું સેમ્પલ ૨૬ ઓગસ્ટના રોજ લેવાયું હતું અને ૨૮ ઓગસ્ટના રોજ રિપોર્ટ સ્વાઈન ફ્લૂ પોઝિટિવ આવ્યો હતો. તેઓ હાલમાં હિંમતનગરની GMERS સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.ખેડબ્રહ્માના ભૂરીઘરફળ ગામના રદાલીબેન ચંદુભાઈ બુબડીયા (ઉંમર ૩ વર્ષ) ૨૭ ઓગસ્ટના રોજ દાખલ થયા હતા. તેમનું સેમ્પલ ૨૯ ઓગસ્ટના રોજ લેવાયું હતુ અને ૩૦ ઓગસ્ટના રોજ રિપોર્ટ સ્વાઈન ફ્લૂ પોઝિટિવ આવ્યો હતો. GMERS સિવિલમાં સારવાર દરમિયાન તેમનું ૩૧ ઓગસ્ટના રોજ મોત થયું હતું. હિંમતનગરના દેરોલ ગામના મુખસિંહ હમીરસિંહ ઝાલા (ઉંમર ૬૨ વર્ષ)ને હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ૩૧ ઓગસ્ટના રોજ સેમ્પલ લીધા પછી રિપોર્ટ સ્વાઈન ફ્લૂ પોઝિટિવ આવ્યો હતો. જેના કારણે તેમને સારવાર માટે હિંમતનગરની GMERS સિવિલમાં ખસેડાયા હતા, જ્યાં તેઓ હાલમાં વેન્ટિલેટર પર સારવાર હેઠળ છે.

# મદ્રાસ હાઈકોર્ટમાં તમિલ: તામિલનાડુ વિધાનસભાએ કેન્દ્રની મંજૂરી મેળવવા માટે સીએમ વિજયનો ઠરાવ પસાર કર્યો

(એજન્સી) તા.૩

તમિલનાડુ વિધાનસભાએ ગુરૂવારે મુખ્યમંત્રી સી.જોસેફ વિજય દ્વારા રજૂ કરાયેલ એક ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો, જેમાં કેન્દ્રને મદ્રાસ હાઈકોર્ટની મુખ્ય ભાષા તરીકે તમિલને માન્યતા આપવા વિનંતી કરવામાં આવી હતી. ઠરાવ રજૂ કરતા વિજયે કહ્યું કે, માંગ કોઈપણ ભાષા વિરૂદ્ધ નથી. "ભારતનું બંધારણ, સંઘીય સિદ્ધાંતને સમર્થન આપતી વખતે અને ભારતના બહુભાષી અને બહુસાંસ્કૃતિક પાત્રને માન્યતા આપતી વખતે, રાજ્યોને તેમની સંબંધિત સત્તાવાર ભાષાઓનો ઉપયોગ કરવા માટે વિવિધ કાનૂની માર્ગો પૂરા પાડે છે," તેમણે કહ્યું. તમિલનાડુ વિધાનસભા સર્વાનુમતે કેન્દ્ર સરકારને મદ્રાસ હાઈકોર્ટની મુખ્ય ભાષા તરીકે તમિલના ઉપયોગને સરળ બનાવવા માટે તાત્કાલિક અને જરૂરી પગલાં લેવા વિનંતી કરે છે, વિજયે વધુમાં કહ્યું. ચર્ચા દરમિયાન ધારાસભ્યોએ માંગના ઈતિહાસ અને તેમના સંબંધિત નેતાઓ દ્વારા હાઈકોર્ટમાં તમિલના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવેલા પ્રયાસોને યાદ કર્યા. મુખ્ય વિપક્ષી દળ ડીએમકે સહિત અનેક મુખ્ય પક્ષોના ધારાસભ્યોએ આ ઠરાવને ટેકો આપ્યો. એઆઈએડીએમકેના પૂર્વ મંત્રી સી.વે. શનમુગમે કહ્યું કે, મદ્રાસ હાઈકોર્ટનું નામ બદલીને તમિલનાડુ હાઈકોર્ટ કરવું જોઈએ. ડીએમકેના ઈવી વેલુએ પણ આવી જ માંગણી કરી. શનમુગમે 'ઉત્તર-દક્ષિણ' વિભાજનનો આરોપ લગાવ્યો, તેમણે કહ્યું કે, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોને તેમની સંબંધિત હાઈકોર્ટમાં હિન્દીનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી છે, જ્યારે મદ્રાસ હાઈકોર્ટમાં તમિલનો ઉપયોગ કરવાની વિનંતીને નકારી કાઢવામાં આવી છે. ડીએમકેના એસ રેગુપતિએ જણાવ્યું હતું કે, તેમના પક્ષના દિવંગત વડા એમ કરુણાનિધિએ તમિલને હાઈકોર્ટની ભાષા બનાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. તેમણે કહ્યું કે, ડીએમકેની આગેવાની હેઠળની સરકારે દરમિયાન હાઈકોર્ટમાં તમિલનો ઉપયોગ કરવા માટે બે વાર ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા.

# પુત્રીની ટિપ્પણીના વિવાદ વચ્ચે રેવંત રેડ્ડીએ મંત્રી કોંડા સુરેખાને કેબિનેટમાંથી તાત્કાલિક દૂર કરવાની ભલામણ રાજ્યપાલને મોકલી

**પુત્રી સુષ્મિતાની મુખ્યમંત્રી વિરૂદ્ધની જાહેર ટિપ્પણી બાદ તેલંગાણાની રાજનીતિમાં વિવાદ ઉગ્ર બન્યો છે; સુરેખાએ કહ્યું કે, પુત્રીની વાત માટે મને જવાબદાર ઠેરવવી અયોગ્ય છે, રેવંત રેડ્ડીએ મંત્રીને દૂર કરવા માટે પગલાં લીધા હોવાથી કોંડા સુરેખાની પુત્રીની ટિપ્પણીઓ પર રાજકીય વિવાદ વધુ તીવ્ર બન્યો છે, તેલંગાણામાં બોર્ડ અને કમિશનમાં પણ મુખ્ય ફેરફારો જોવા મળી રહ્યા છે**

(એજન્સી) તા.૩

તેલંગાણાના મુખ્યમંત્રીએ રેવંત રેડ્ડીએ તાત્કાલિક અસરથી વન મંત્રી કોંડા સુરેખાને મંત્રી પરિષદમાંથી દૂર કરવા માટે પ્રસ્તાવ મૂક્યો છે, જેનાથી રાજકીય વિવાદ વધ્યો છે. તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ વનમંત્રી કોંડા સુરેખાને રાજ્યના મંત્રીમંડળમાંથી તાત્કાલિક દૂર કરવાની ભલામણ રાજ્યપાલ શિવ પ્રતાપ શુક્લાને મોકલી છે. સુરેખાની પુત્રી કોંડા સુષ્મિતા પટેલે મુખ્યમંત્રી અને કોંગ્રેસના એક ધારાસભ્ય વિરુદ્ધ કરેલી જાહેર ટિપ્પણી બાદ શરૂ થયેલો રાજકીય વિવાદ હવે સુરેખા અને રાજ્ય સરકાર વચ્ચેના મતભેદમાં ફેરવાઈ ગયો છે.

ગુરૂવારે સુરેખાએ કોંગ્રેસના પાંચ ટોચના નેતાઓને લખેલા પત્રો પણ જાહેરમાં આવ્યા હતા. લગભગ બે અઠવાડિયા પહેલાં લખાયેલા આ પત્રોમાં સુરેખાએ રાજ્ય સરકાર સામે અનેક ફરિયાદો કરી હતી અને પોતાને રાજકીય તથા વહીવટી રીતે અવગણવાનો આક્ષેપ કર્યો હતો. મંત્રીપદેથી હટાવવાની ભલામણ બાદ સુરેખાએ કહ્યું કે તેઓ કોંગ્રેસ છોડવાના નથી. તેમણે રેવંત રેડ્ડી પર તેમને મંત્રીમંડળમાંથી બળજબરીપૂર્વક દૂર કરવાનો આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું કે, મારો પક્ષ બદલવાનો કોઈ ઈરાદો નથી. તેમણે એવો સવાલ પણ કર્યો કે રેવંત રેડ્ડીની ટીકા કે અપમાન કરનારા કેટલાક નેતાઓ હજુ પણ મહત્વના હોદ્દા પર કેમ છે. સુરેખાએ સ્પષ્ટ કર્યું કે તેઓ કોંગ્રેસ છોડશે નહીં અને ધારાસભ્ય તરીકે પોતાની કામગીરી ચાલુ રાખશે. તેમણે કહ્યું કે, હું કોંગ્રેસમાં જ રહીશ. ધારાસભ્ય તરીકે મારી ફરજ બજાવીશ અને મારા નેતા તથા મારા મતદારો પ્રત્યેની જવાબદારી નિભાવતી રહીશ. સુરેખાનો દાવો છે કે કોંગ્રેસના અનેક નેતાઓ અને કાર્યકરો પણ રાજ્ય સરકારની કામગીરીથી અસંતુષ્ટ છે, પરંતુ તેઓ જાહેરમાં બોલવાની હિંમત કરતા નથી. તેમણે કહ્યું કે કેટલાક લોકોએ તેમને જણાવ્યું હતું કે તેમની પુત્રી સુષ્મિતાએ પક્ષના અન્ય લોકો જે કહેવા માગતા હતા તે જાહેરમાં કહી દીધું છે. સુરેખાએ ચેતવણી પણ આપી કે જો સરકાર પક્ષના કાર્યકરો અને મંત્રીઓની ફરિયાદો સાંભળીને તેનું નિરાકરણ નહીં લાવે તો આગામી ચૂંટણીઓમાં રાજકીય નુકસાન ભોગવવું પડી શકે છે.

રાહુલ ગાંધીને મળવા દિલ્હી જશો કે નહીં તે અંગે પૂછવામાં આવતા સુરેખાએ નકારાત્મક જવાબ આપ્યો. તેમણે કહ્યું કે હવે તેમને પરત મંત્રીમંડળમાં લેવામાં આવશે કે નહીં અને ભવિષ્યમાં શું થાય તે જોવાનું રહેશે. રેવંત રેડ્ડીએ તેમની સાથે વિશ્વાસઘાત કર્યો હોવાનું લાગે છે કે નહીં તેવા સવાલના જવાબમાં સુરેખાએ કહ્યું "હા" એવું કહ્યું છે.

સુરેખાએ ૨૩ ઓગસ્ટે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલ, કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધી તથા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાને અલગ-અલગ પત્રો લખ્યા હતા. આ પત્રોમાં તેમણે પોતાને પછાત વર્ગની મહિલા મંત્રી હોવાના કારણે રાજકીય અને વહીવટી દબાણનો સામનો કરવો પડી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો.

# મુખ્યમંત્રી રેખા ગુપ્તાને પ્રશ્નો પૂછ્યા બાદ, દિલ્હી પોલીસ પર હુમલો કરવાનો, બે પત્રકારો પર આરોપ લગાવ્યો

(એજન્સી) તા.૩

ડિજિટલ ન્યૂઝ પ્લેટફોર્મ 4PM સાથે કામ કરતી બે મહિલા પત્રકારોએ આરોપ લગાવ્યો છે કે, ગુરૂવાર, ૩ સપ્ટેમ્બરના રોજ મુખ્યમંત્રી રેખા ગુપ્તાને પૂછપરછ કરવાનો પ્રયાસ કરતી વખતે દિલ્હી પોલીસ કર્મચારીઓ દ્વારા તેમની અટકાયત કરવામાં આવી હતી અને હુમલો કરવામાં આવ્યો હતો, જેમાંની એક મહિલા પત્રકારે આરોપ લગાવ્યો છે કે, પોલીસે તેમની અટક 'ખાન' સાંભળ્યા પછી હુમલો વધુ ગંભીર બન્યો હતો. પત્રકાર શાહીન ખાન અને નફીસાએ જણાવ્યું હતું કે, દિલ્હી સરકારને કવર કરતી વખતે તેમની અટકાયત કરવામાં આવી હતી અને ત્યારબાદ તેમને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. શાહીનનો આરોપ છે કે, ગુપ્તાને પૂછપરછ કરવાનો પ્રયાસ કર્યા પછી તેમને પકડી લેવામાં આવ્યા હતા, ખેંચવામાં આવ્યા હતા અને માર મારવામાં આવ્યો હતો. તેણીએ વધુમાં આરોપ લગાવ્યો હતો કે, પોલીસ કર્મચારીઓએ તેમનું નામ પૂછ્યું હતું અને તેમની અટક 'ખાન' સાંભળ્યા પછી હુમલો વધુ તીવ્ર બન્યો હતો. બંને પત્રકારોએ જણાવ્યું હતું કે, તેઓ તબીબી તપાસ અને તેમના મેડિકલ-લીગલ સર્ટિફિકેટ (MLC) મેળવવા માટે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) જઈ રહ્યા હતા. દિલ્હી પોલીસ તરફથી આરોપોનો તાત્કાલિક કોઈ જવાબ મળ્યો નથી. X પર 4PM પરની એક પોસ્ટમાં શાહીન મુખ્યમંત્રી ગુપ્તાની પૂછપરછ કરવાનો પ્રયાસ કરી રહી હતી, જ્યારે પોલીસ કર્મચારીઓએ તેની અટકાયત કરી હતી અને તેના પર હુમલો કર્યો હતો. સંસ્થાએ એ પણ પ્રશ્ન ઉઠાવ્યો કે શું આ કાર્યવાહી દિલ્હી સરકાર અને મુખ્યમંત્રીના તાજેતરના રિપોર્ટિંગ અને પૂછપરછ સાથે જોડાયેલી હોઈ શકે છે? '4PM'એ સતત ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે અને દિલ્હી સરકાર અને મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર અહેવાલો પ્રકાશિત કર્યા છે,' સંસ્થાએ પોસ્ટ કર્યું, જેમાં નિષ્પક્ષ તપાસની માંગ કરવામાં આવી હતી. તેણે સ્થળ અને પોલીસ સ્ટેશનના CCTV અને અન્ય વીડિયો ફૂટેજ સાચવવા અને શાહીન પર હુમલો કરનારા અથવા તેની ધાર્મિક ઓળખના આધારે તેની સાથે દુર્વ્યવહાર કરનારા કોઈપણ પોલીસ કર્મચારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આ આરોપોની રાજકીય ટીકા થઈ છે. કોંગ્રેસે X પરની એક પોસ્ટમાં દિલ્હી પોલીસ પર શાહીન પર મુખ્યમંત્રી પર પ્રશ્ન ઉઠાવ્યા પછી તેની અટકાયત અને હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે પોલીસને ખબર પડ્યા પછી તે મુસ્લિમ છે તેવો વ્યવહાર વધુ ક્રૂર બની ગયો હતો.

# દિલ્હી પોલીસ દ્વારા મુસ્લિમ પત્રકારો પર કથિત હુમલાની પ્રેસ સંસ્થાઓ દ્વારા આકરા શબ્દોમાં નિંદા

**દિલ્હીના મુખ્યમંત્રીને સવાલ પૂછવાનો પ્રયાસ કરતી વેળાએ બે મહિલા પત્રકારો સાથે ગેરવર્તણૂક અને મારપીટનો વિવાદ : ઘટનાની યોગ્ય તપાસ અને દોષિત પોલીસ કર્મચારીઓ સામે કડક કાર્યવાહીની માંગ**

(એજન્સી) તા.૩

સાકેત પોલીસ સ્ટેશન ખાતે દિલ્હી પોલીસના કર્મચારીઓ દ્વારા ફ્રીલાન્સ પત્રકારો શાહીન ખાન અને નફીસા ખાન પર કરવામાં આવેલા કથિત હુમલાની પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા (PCI) અને અન્ય વિવિધ પત્રકાર સંસ્થાઓ દ્વારા સખત શબ્દોમાં નિંદા કરવામાં આવી છે. આ સાથે જ આ ઘટનામાં સામેલ તમામ પોલીસ અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની પણ માગણી કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ ગુરૂવારે દિલ્હીના સાકેત ખાતે આવેલી મેક્સ હોસ્પિટલની નવી પાંખના ઉદ્ઘાટન પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું કવરેજ કરવા માટે બંને મહિલા પત્રકારો ત્યાં પહોંચી હતી. '4 PM ન્યૂઝ નેટવર્ક'ના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કરવામાં આવેલી પોસ્ટ અનુસાર શાહીન ખાન તેમની રિપોર્ટર છે અને તે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાને સવાલ પૂછવાનો પ્રયાસ કરી રહી હતી. પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન વિમેન્સ પ્રેસ કોર્પ્સ, દિલ્હી યુનિયન ઓફ જર્નાલિસ્ટ્સ, પ્રેસ એસોસિએશન અને કેરળ યુનિયન ઓફ વર્કિંગ જર્નાલિસ્ટ્સ દ્વારા જારી કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, સાકેત પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓની એક ટુકડીએ પહેલા બંને મહિલા પત્રકારો સાથે કથિત રીતે ધક્કામુક્કી કરી હતી. ત્યારબાદ તેઓને બળજબરીપૂર્વક પોલીસ વાહનમાં ખેંચીને પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા હતા. સંસ્થાઓએ વધુમાં ગંભીર આરોપ લગાવ્યો છે કે, પત્રકારો પોલીસ સ્ટેશન પહોંચ્યા બાદ સ્ટેશન હાઉસ ઓફિસર (SHO)ના આદેશથી તેમને એક રૂમમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં મહિલા પોલીસ અધિકારીઓ પણ જોડાઈ હતી અને તેમણે શાહીન તથા નફીસા પર કથિત રીતે હુમલો કરીને મારપીટ કરી હતી. PCIના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, પોલીસ અધિકારીઓએ પત્રકારોની ધાર્મિક ઓળખ જાણવાનો પ્રયાસ કર્યો હતો અને તેમના પર ધર્મ આધારિત વાંધાજનક ટિપ્પણીઓ તથા કથિત રીતે હુમલો વધારે તીવ્ર બનાવ્યો હતો. આ ઉપરાંત બંને પત્રકારોને તેમની સામે FIR દાખલ કરવાની ધમકી પણ આપવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા કેટલાક વીડિયોમાં બંને મહિલા પત્રકારોના શરીર પર ઈજાના નિશાનો અને કાપા જોવા મળી રહ્યા છે.

# રાજસ્થાન સ્થાનિક ચૂંટણી: AIMIMને ચૂંટણી ચિહ્ન 'પતંગ' ફાળવવાની હાઈકોર્ટે મંજૂરી ન આપી, ઉમેદવારોએ અપક્ષ તરીકે લડવું પડશે

રાજસ્થાનમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની (નિકાય) ચૂંટણીઓ પહેલાં અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIM ને મોટો આંચકો લાગ્યો છે. રાજસ્થાન હાઈકોર્ટે પાર્ટીને તેમનું સત્તાવાર ચૂંટણી ચિહ્ન 'પતંગ' (Kite) ફાળવવાની માંગણી ફગાવી દીધી છે.

કોર્ટના આ નિર્ણયને કારણે AIMIM ના ઉમેદવારો હવે પક્ષના ઉમેદવાર તરીકે ચૂંટણી ચિહ્ન સાથે ચૂંટણી લડી શકશે નહીં. પરિણામે, પાર્ટીના તમામ ઉમેદવારોએ વિવિધ બેઠકો પરથી અપક્ષ (Independent) ઉમેદવાર તરીકે જ ચૂંટણી મેદાનમાં ઉતરવું પડશે.

# લોકસભાના સ્પીકરે TMCના ૨૦ બળવાખોર સાંસદોને તેઓને ગેરલાયક ઠેરવવાની નોટિસનો જવાબ આપવા માટે ૨૨ સપ્ટેમ્બર સુધીનો સમય આપ્યો

**TMC નેતા અભિષેક બેનરજીએ પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ અરજીઓ રજૂ કર્યા બાદ જારી કરાયેલી નોટિસનો જવાબ આપવા માટે સાંસદોએ વધુ સમય માંગ્યો હતો**

(એજન્સી) તા.૩

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ ગુરૂવારે નેશનાલિસ્ટ સિટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (NCPI)ના ૨૦ સાંસદોને પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ મમતા બેનરજીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસ (TMC) દ્વારા દાખલ કરાયેલી ગેરલાયક ઠેરવવાની અરજીઓ બાદ જારી કરાયેલી નોટિસનો જવાબ આપવા માટે ૨૨ સપ્ટેમ્બર સુધીનો સમય આપ્યો છે. NCPI સાંસદોએ ૨૬ ઓગસ્ટના રોજ બિરલા દ્વારા જારી કરાયેલી નોટિસનો જવાબ આપવા માટે વધુ સમય માંગ્યા બાદ આ મુદ્દત લંબાવવામાં આવી હતી. સંસદના સૂત્રોએ અહેવાલ આપ્યો છે કે, નોટિસમાં શરૂઆતમાં તેમને તેમના જવાબો રજૂ કરવા માટે સાત દિવસનો સમય આપવામાં આવ્યો હતો. TMC નેતા અભિષેક બેનરજીએ ૨૦ સાંસદોને ગેરલાયક ઠેરવવા માટે અરજીઓ દાખલ કર્યા પછી બિરલાએ નોટિસ જારી કરી હતી. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની હાર બાદ જૂનમાં TMC છોડી દીધી હતી અને પ્રમાણમાં ઓછી જાણીતી એનસીપીઆઈમાં જોડાયા હતા. ત્યારબાદ તેઓએ ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના એનડીએ પ્રત્યે પોતાની વફાદારી જાહેર કરી હતી. સ્પીકરે આ નિર્ણય સુપ્રીમ કોર્ટ દ્વારા ગેરલાયક ઠેરવવા માટેની અરજીઓ પર ઝડપી નિર્ણય લેવાની માંગ કરતી અભિષેક બેનરજીની અરજી સાંભળવા સંમત થયાના થોડા દિવસો પછી લેવામાં આવ્યો હતો. ૨૫ ઓગસ્ટના રોજ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી. મોહનાની બેન્ચે ૨૦ સાંસદોને નોટિસ જારી કરી હતી અને નિર્દેશ આપ્યો હતો કે, સ્પીકરની સમક્ષ ચાલી રહેલી કાર્યવાહી ઝડપથી હાથ ધરવામાં આવે. TMC છોડીને એનસીપીઆઈ સાથે જોડાયેલા સાંસદો સામે કાર્યવાહી કરવા માટે જૂનમાં સ્પીકરની સમક્ષ અલગ અલગ અરજીઓ દાખલ કર્યા પછી અભિષેક બેનરજીએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, વધારાનો સમય બળવાખોર સાંસદોને કાર્યવાહીના કાનૂની અને રાજકીય પરિણામોને ધ્યાનમાં લેતા તેમના પ્રતિભાવો તૈયાર કરવા માટે વધુ સમય આપે છે. સાંસદો તેમના કેસમાં પક્ષપલટા વિરોધી જોગવાઈઓ લાગુ પડે કે નહીં તે અંગે કાનૂની સલાહ પણ લઈ રહ્યા છે. પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસની હાર બાદ તૃણમૂલ કોંગ્રેસમાં વ્યાપક સંગઠનાત્મક ભંગાણમાં ૨૦ લોકસભા સાંસદો પરનો વિવાદ એ તાજેતરનો મુદ્દો છે. અસંતુષ્ટ છાવણીએ રાજ્ય વિધાનસભામાં પક્ષના ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં પણ પોતાનો ટેકો દર્શાવવાનો પ્રયાસ કર્યો છે. તૃણમૂલ કોંગ્રેસના ૮૦ ધારાસભ્યોમાંથી ૬૫ ધારાસભ્યોએ વિપક્ષના નેતા પદ માટે ઋતબ્રત બેનરજીના દાવાને સમર્થન આપ્યું હતું અને મમતા બેનરજી છાવણી દ્વારા સમર્થિત ઉમેદવારને નકારી કાઢ્યો હતો. NCPIમાં ૨૦ સાંસદોના જવા અને ત્યારબાદ NDA સાથે જોડાણથી હવે તૃણમૂલ કોંગ્રેસનો આંતરિક સત્તા સંઘર્ષ સંસદમાં પક્ષના પ્રતિનિધિત્વ અંગે કાનૂની અને રાજકીય યુદ્ધ શરૂ થઈ ગયું છે.

# ઉત્તરાખંડ સરકારની UCC હેઠળ મુસ્લિમ લગ્નો માટે ઔપચારિક નિકાહનામા સિસ્ટમની યોજના

(એજન્સી) તા.૩

યુનિફોર્મ સિવિલ કોડ (UCC)ના પગલે ઉત્તરાખંડ સરકાર ઔપચારિક નિકાહનામા (લગ્ન પ્રમાણપત્ર) માળખું તૈયાર કરી રહી છે. પ્રસ્તાવિત સિસ્ટમ હેઠળ, મુસ્લિમ લગ્નોને ફક્ત ત્યારે જ માન્યતા આપવામાં આવશે જો રજિસ્ટર્ડ કાઝી અથવા મૌલવીઓ દ્વારા સંપન્ન કરવામાં આવે અને પછી સત્તાવાર સરકારી પદ્ધતિ દ્વારા રેકોર્ડ કરવામાં આવે છે. આ માળખાનો મુસદ્દો તૈયાર કરવા અને અમલમાં મૂકવાની જવાબદારી ઉત્તરાખંડ વકફ બોર્ડ અને લઘુમતી કલ્યાણ વિભાગને સોંપવામાં આવી છે. રાજ્યમાં દરેક મુસ્લિમ લગ્ન માટે સત્તાવાર નિકાહનામા અને UCC પોર્ટલ પર ફરજિયાત નોંધણીની જરૂર પડશે, જેનાથી આવા સંગઠનોનો સરકારી રેકોર્ડ બનશે. માત્ર નોંધાયેલા ધાર્મિક અધિકારીઓને જ લગ્ન કરવા માટે અધિકૃત કરવામાં આવશે. નિર્ધારિત પ્રક્રિયાની બહાર કરવામાં આવતા સમારોહ નોંધણી માટે પાત્ર ન હોઈ શકે. પ્રસ્તાવિત નિકાહનામામાં કન્યા અને વરરાજાની ઓળખ, તેમનો ધર્મ અને સંપ્રદાય, લગ્નની તારીખ, કાર્યકારી કાઝી અથવા મૌલવીનો નોંધણી નંબર અને સંબંધિત રહેણાંક અથવા ગામની માહિતી સહિતની મુખ્ય વિગતો સામેલ હશે. અધિકારીઓ કહે છે કે, આ પહેલનો હેતુ બંને પક્ષોને કાનૂની રક્ષણ પૂરૂં પાડવાનો, સચોટ રેકોર્ડ જાળવવાનો અને સામાજિક સુરક્ષાને મજબૂત બનાવવાનો છે. ઘણા લગ્ન સંબંધિત વિવાદો ઓળખ દસ્તાવેજો, રહેઠાણના પુરાવા અથવા અપૂર્ણ લગ્ન રેકોર્ડમાં અનિયમિતતાઓને કારણે થાય છે; આ પ્રમાણિત પ્રક્રિયા આ મુદ્દાઓને ઉકેલવામાં મદદ કરી શકે છે. આ માળખાનો હેતુ બળજબરી, છેતરપિંડી, ધાકધમકી અથવા પ્રલોભન દ્વારા કરવામાં આવતા લગ્નોને રોકવાનો પણ છે. કોઈપણ લગ્ન પૂર્ણ કરતા પહેલા નોંધાયેલા અધિકારીઓએ કાનૂની આવશ્યકતાઓનું પાલન ચકાસવાની જરૂર પડશે. વિવિધ ધાર્મિક પૃષ્ઠભૂમિના વ્યક્તિઓ સાથે સંકળાયેલા લગ્ન લાગુ કાયદા અને નોંધણી પ્રક્રિયાઓને આધીન રહેશે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ ધર્મ કે જાતિને ધ્યાનમાં લીધા વિના મહિલાઓના અધિકારોનું રક્ષણ કરવા માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવતા કહ્યું છે કે, મહિલાના અધિકારોને બાકાત રાખતી કોઈપણ પ્રથાને દૂર કરવામાં આવશે. લઘુમતી કલ્યાણ મંત્રી ખજન દાસે પુષ્ટિ આપી હતી કે, હાલમાં નિયમોનો મુસદ્દો તૈયાર કરવામાં આવી રહ્યો છે અને UCC પોર્ટલ પર નોંધણી પહેલાં લગ્નો નિર્ધારિત પ્રક્રિયાઓનું પાલન કરશે. નિકાહનામા માટે માળખું તૈયાર થઈ રહ્યું છે. મુસદ્દો તૈયાર કરવાની પ્રક્રિયા પૂર્ણ થયા પછી અંતિમ નિયમો, પ્રક્રિયાઓ અને કાનૂની જોગવાઈઓની જાહેરાત કરવામાં આવશે.

# પદ્માવત જૌહર વિવાદ : ૨૦૧૮માં સંજય લીલા ભણસાલીને લખેલા ખુલ્લા પત્રમાં સ્વરા ભાસ્કરે શું લખ્યું હતું

**સિનેમાની સામાજિક અસર અને મહિલાઓના અધિકારો પર ઉઠાવ્યા હતા સવાલ; "જૌહર" દશ્યના મહિમામંડન સામે વ્યક્ત કર્યો હતો આકરો વિરોધ**

(એજન્સી) તા.૩

સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'પદ્માવત'માં દીપિકા પદુકોણ પર શૂટ કરવામાં આવેલા જૌહરના દશ્ય અંગે અભિનેત્રી સ્વરા ભાસ્કરનું ૨૦૧૮નું ખુલ્લો પત્ર ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. ફિલ્મ રિલીઝ થયા બાદ 'ધ વાયર' દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા આ પત્રમાં સ્વરાએ ભારે વિરોધ પ્રદર્શિત હોવા છતાં ફિલ્મ રિલીઝ કરવા બદલ ભણસાલીના કલાત્મક કૌશલ્યની પ્રશંસા કરવાની સાથે જ ફિલ્મમાં દર્શાવવામાં આવેલા જૌહરના દશ્ય સામે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા. સ્વરાએ સ્પષ્ટપણે લખ્યું હતું કે, મહિલાઓને બળાત્કારનો ભોગ બન્યા પછી અથવા પતિ કે સંરક્ષકના મૃત્યુ પછી પણ જીવવાનો સંપૂર્ણ અધિકાર છે. પોતાના પત્રમાં આવેગપૂર્વક લાગણી વ્યક્ત કરતા સ્વરાએ લખ્યું હતું કે, આ દશ્ય જોયા પછી તેમને એવું લાગ્યું જાણે તેમનું અસ્તિત્વ માત્ર એક મહિલા અંગ સુધી સીમિત થઈ ગયું હોય. તેમણે ઉમેર્યું હતું કે, વર્ષોથી મહિલા ચળવળો દ્વારા મેળવવામાં આવેલા તમામ મહત્ત્વપૂર્ણ અધિકારો-જેવા કે મતદાનનો અધિકાર, મિલકતનો અધિકાર, શિક્ષણ, સમાન વેતન અને માતૃત્વ રજા-આ દશ્ય જોયા પછી અર્થહીન લાગવા માંડ્યા હતા. સ્વરાએ સ્વીકાર્યું હતું કે, સતી અને જૌહર આપણા ઈતિહાસનો એક ભાગ હતા, પરંતુ ચલચિત્રમાં તેનું જે રીતે મહિમામંડન કરવામાં આવ્યું છે તે અયોગ્ય છે. અભિનેત્રીએ પત્રમાં ટાંક્યું હતું કે, ફિલ્મની શરૂઆતમાં આપવામાં આવેલું ડિસ્ક્લેમર પૂરતું નથી, કારણ કે તેના પછી દર્શાવવામાં આવેલું દશ્ય અને દીપિકા પદુકોણનો સંવાદ જૌહરને પ્રેરણાદાયી બનાવે છે. અલાઉદ્દીન ખિલજી બહારથી જોતો હોય અને સેંકડો મહિલાઓ અગ્નિમાં કૂદી પડે તે દશ્ય પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરીને આ કૃત્યની પ્રશંસા કરવા તરફ દોરી જાય છે. સ્વરાએ સવાલ કર્યો હતો કે જો આને જૌહર કે સતી પ્રથાનું મહિમામંડન ન કહેવાય, તો પછી મહિમામંડન બીજું શું હોઈ શકે ? સંજય લીલા ભણસાલીને સંબોધતા સ્વરાએ યાદ અપાવ્યું હતું કે, એક પ્રભાવશાળી ફિલ્મ નિર્માતા તરીકે તેમની પાસે લોકોને પ્રેરિત કરવાની મોટી તાકાત છે.

# બસપાના વડા માયાવતીએ ભત્રીજા આકાશ આનંદને રાજકીય રીતે અપરિપક્વ ગણાવીને ત્રીજી વખત પદ પરથી હટાવ્યો

(એજન્સી) તા.૩

બહુજન સમાજ પાર્ટી (BSP)ના વડા અને ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ તેમના ભત્રીજા આકાશ આનંદને મુખ્ય પક્ષની જવાબદારીમાંથી દૂર કર્યા છે. આ ત્રીજી વખત છે જ્યારે આકાશ આનંદને આ રીતે દૂર કરવામાં આવ્યા છે. આ ઘટનાક્રમ બાદ, આકાશ આનંદે પોતાનો સોશિયલ મીડિયા બાયો બદલીને પોતાને બસપા કાર્યકર તરીકે વર્ણવ્યો છે. માયાવતીએ ગુરૂવારે લખનૌમાં પાર્ટીની રાષ્ટ્રીય બેઠકમાં જણાવ્યું હતું કે આકાશ આનંદને હાલ માટે પાર્ટીમાં કામ કરવાની મંજૂરી આપવામાં આવી છે, પરંતુ તેમને રાજકીય રીતે પરિપક્વ થવાની જરૂર છે. તેથી, તેમને આ સમયે કોઈ મોટી જવાબદારી આપવી યોગ્ય રહેશે નહીં.

આ નિર્ણય ત્યારે આવ્યો છે જ્યારે બસપા ઉત્તર પ્રદેશમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીની તૈયારી કરી રહી છે. તે જ બેઠકમાં માયાવતીએ બીજો એક મહત્વપૂર્ણ રાજકીય નિર્ણય જાહેર કર્યો. તેમણે જણાવ્યું હતું કે બસપા દેશની આગામી બધી ચૂંટણીઓ, નાની હોય કે મોટી, પોતાના દમ પર લડશે અને કોઈપણ ગઠબંધન પર આધાર રાખશે નહીં.

# TMCનું બળવાખોર જૂથ કોલકાતાના તમામ ૨૦૯ નાગરિક વોર્ડમાં ચૂંટણી લડશે : ભાજપ અને હરીફ છાવણીનો સામનો કરવાની તૈયારી

**ઋતબ્રત બેનરજીના નેતૃત્વ હેઠળના આ જૂથે ઉમેદવારની પસંદગી શરૂ કરી છે અને આ સપ્તાહના અંતે વરિષ્ઠ નેતાઓને મળશે અને નાગરિક ચૂંટણીઓ માટે તેની રણનીતિને અંતિમ સ્વરૂપ આપશે**

(એજન્સી) તા.૩

વિપક્ષના નેતા ઋતબ્રત બેનરજીના નેતૃત્વ હેઠળના તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના બળવાખોર જૂથે કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે, તેઓએ તમામ ૨૦૯ વોર્ડમાં ઉમેદવારો ઉભા રાખવાનો નિર્ણય લીધો છે અને આ સપ્તાહના અંતે વરિષ્ઠ નેતાઓની બેઠક બોલાવીને તેની ચૂંટણી વ્યૂહરચના નક્કી કરી છે. આ પગલા પછી તૃણમૂલ કોંગ્રેસમાં સંગઠનાત્મક લડાઈમાં વધારો થયો છે. TMC વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની હાર બાદ મમતા બેનરજીના નેતૃત્વ હેઠળના કાલીઘાટ કેમ્પ અને ઋતબ્રતના નેતૃત્વ હેઠળના અસંતુષ્ટ જૂથ વચ્ચે વિભાજિત છે. વિધાનસભામાં ઋતબ્રતએ કહ્યું કે, કોલકાતા નાગરિક સંસ્થાના પ્રસ્તાવિત સીમાંકન પછી તેમનો જૂથ તમામ ૨૦૯ વોર્ડમાં ચૂંટણી લડશે. સીમાંકન પછી ૨૦૯ વોર્ડ હશે અને અમારા ઉમેદવારો તેમાંથી દરેકમાં ભાજપ સામે લડશે. અમારૂં આ જૂથ હાવડા સહિત અન્ય નગરપાલિકાઓમાં તમામ વોર્ડમાં ચૂંટણી લડશે. વરિષ્ઠ નેતાઓ અને ચૂંટણી સંબંધિત જવાબદારીઓ સંભાળતા લોકોની બેઠકમાં નાગરિક ચૂંટણી વ્યૂહરચના અંગે સામૂહિક નિર્ણય લેવામાં આવશે. ઉમેદવારોની ઓળખ કરવાની પ્રક્રિયા પહેલાથી જ શરૂ થઈ ગઈ છે, જૂથે તેના ઉત્તર અને દક્ષિણ કોલકાતા જિલ્લા પ્રમુખોને સૂચિત વોર્ડ માટે સંભવિત ઉમેદવારોની યાદી તૈયાર કરવા કહ્યું છે. આ જૂથ ૫ સપ્ટેમ્બરથી શરૂ થનારી વોર્ડ સીમાંકન પર જાહેર સુનાવણી માટે પણ તૈયારી કરી રહ્યું છે. પક્ષના પ્રતિનિધિઓને દસ્તાવેજો, નકશા અને વોર્ડના પ્રસ્તાવિત પુનર્ગઠન અંગેના ચોક્કસ વાંધાઓ સાથે સુનાવણીમાં હાજર રહેવા સૂચના આપવામાં આવી છે. સીમાંકન પરની સર્વપક્ષીય બેઠકમાં, બળવાખોર છાવણીમાંથી વિધાનસભામાં તૃણમૂલ કોંગ્રેસના નાયબ નેતા, સંદીપન સાહા, પહેલાથી જ જૂથના વાંધાઓ વ્યક્ત કરી ચૂક્યા છે. સીમાંકન સૂચના પછી કોલકાતા અને હાવડાના નાગરિક સંસ્થાઓની ચૂંટણી થઈ રહી છે. ભાજપે પહેલેથી જ તેની ચૂંટણી સમિતિની રચના કરી છે અને તૈયારીઓ શરૂ કરી દીધી છે, જ્યારે ઋતબ્રત જૂથ એ દર્શાવવા માંગી રહ્યું છે કે, તેની પાસે ભાજપ અને હરીફ તૃણમૂલ કોંગ્રેસના બંનેનો સામનો કરવા માટે સક્ષમ સંગઠનાત્મક માળખું છે. ઋતબ્રતે વિધાનસભામાં કોલકાતાના પૂર્વ મેયર અને મ્યુનિસિપલ બાબતોના મંત્રી ફિરહાદ હકીમ અને તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા જાવેદ ખાન સાથે પ્રસ્તાવિત રણનીતિ બેઠક પર ચર્ચા પણ કરી હતી. ઋતબ્રત છાવણીના નેતાઓ માને છે કે, ચૂંટણી પંચ નાગરિક ચૂંટણી પહેલાં પક્ષના ચૂંટણી પ્રતીક અને તેના ભંડોળના નિયંત્રણ અંગેના વિવાદ પર નિર્ણય લઈ શકે છે. તેમની દલીલ છે કે, આવા નિર્ણયથી જૂથની સ્થિતિ મજબૂત થશે અને તેના ઉમેદવારોની ભાગીદારી સરળ બનશે. આ જૂથે એક સાથે ચૂંટણી-નોંધણી મોરચા પર પોતાના પ્રયાસો ઝડપી બનાવ્યા છે અને માગણી કરી છે કે, રાજ્ય સરકાર દુર્ગા પૂજા પહેલાં, ખાસ સઘન સુધારણા (SIR) હેઠળ અરજીઓ ટ્રિબ્યુનલ સમક્ષ પેન્ડિંગ રહેલા મતદારોના મતદાર યાદીમાં સમાવેશ સુનિશ્ચિત કરે. ઋતબ્રત છાવણી આ મુદ્દા પર મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી અને રાજ્ય ચૂંટણી પંચનો સંપર્ક કરે તેવી અપેક્ષા છે. વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ તૃણમૂલ કોંગ્રેસમાં અભૂતપૂર્વ સંગઠનાત્મક ભંગાણની પૃષ્ઠભૂમિ સામે નગર ચૂંટણીની તૈયારીઓ થઈ રહી છે. પક્ષનું ૮૦ સભ્યોનું ધારાસભ્ય જૂથ સત્તા સંઘર્ષમાં મુખ્ય યુદ્ધભૂમિ બની ગયું છે, જેમાં ૬૫ ધારાસભ્યોએ ઋતબ્રતના વિરોધ પક્ષના નેતા પદના દાવાને સમર્થન આપ્યું છે અને મમતા બેનરજીના નેતૃત્વ દ્વારા સમર્થિત ઉમેદવારને નકારી કાઢ્યો છે. અસંતુષ્ટ ધારાસભ્યોએ એક ખાસ સત્ર બોલાવ્યું, વરિષ્ઠ ધારાસભ્ય અરૂપ રોયને અધ્યક્ષ તરીકે ચૂંટ્યા અને સમાંતર રાષ્ટ્રીય નેતૃત્વ માળખાની જાહેરાત કરી છે. તેઓએ દલીલ કરી હતી કે, મમતા બેનરજીના નેતૃત્વ હેઠળના હાલના નેતૃત્વએ મોટાભાગના ચૂંટાયેલા પ્રતિનિધિઓનો વિશ્વાસ ગુમાવ્યો છે.

# કોલકાતામાં TMC સાંસદ અભિષેક બેનરજીના કાર્યાલયમાં તોડફોડ, ભાજપ પર આરોપ

(એજન્સી) તા.૩

કોલકાતામાં કામાક સ્ટ્રીટ પર તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના રાષ્ટ્રીય મહાસચિવ અને ડાયમંડ હાર્બરના સાંસદ અભિષેક બેનરજીના પાર્ટી કાર્યાલયમાં ગુરૂવાર, ૩ સપ્ટેમ્બરની વહેલી સવારે તોડફોડ અને લૂંટ કરવામાં આવી હતી. બેનરજીએ આરોપ લગાવ્યો છે કે, સશસ્ત્ર ભાજપ સમર્થકોએ પાર્ટી કાર્યાલય પર હુમલો કર્યો, ઉપસ્થિતો પર હુમલો કર્યો, મોબાઈલ ફોન છીનવી લીધા અને ફર્નિચર અને ઈલેક્ટ્રોનિક સાધનોને નુકસાન પહોંચાડ્યું. પોલીસે આ ઘટના સંદર્ભે છ લોકોની અટકાયત કરી છે અને તેમની પૂછપરછ શરૂ કરી છે. અભિષેક બેનરજીના જણાવ્યા અનુસાર આ ઘટના ગુરૂવારે સવારે ૪:૩૦ વાગ્યે બની હતી, જ્યારે તે દિલ્હીમાં હતા. તેમણે આ ઘટનાના વીડિયો અને સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. ફૂટેજમાં કથિત રીતે ઓફિસની અંદર હેલ્મેટ અને માસ્ક પહેરેલા લોકો ટીવી સ્ક્રીન અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જતા દેખાય છે. બીજા એક વીડિયોમાં ઓફિસની અંદર તૂટેલા ફર્નિચર, વેરવિખેર વસ્તુઓ અને ક્ષતિગ્રસ્ત ઈલેક્ટ્રોનિક ઉપકરણો દેખાય છે. અભિષેકે આરોપ લગાવ્યો કે હુમલાખોરોએ ઓફિસમાં હાજર લોકો પર હુમલો કર્યો, તેમના ફોન છીનવી લીધા અને ઓફિસમાં તોડફોડ કરી. તેમણે આ ઘટનાને 'કાયદાના શાસન પર શરમજનક હુમલો' ગણાવ્યો. TMC નેતાએ કોલકાતા પોલીસની કામગીરી પર પણ સવાલ ઉઠાવ્યા. તેમણે આરોપ લગાવ્યો કે પક્ષના કાર્યકરો અને વકીલોએ ફોન અને ઈ-મેઈલ દ્વારા પોલીસને વારંવાર ઘટના વિશે જાણ કરી પરંતુ લગભગ બે કલાક સુધી કોઈ જવાબ મળ્યો નહીં. અભિષેકે માંગ કરી કે હુમલામાં સામેલ તમામ લોકોની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને કથિત હુમલાનું આયોજન, આયોજન અને નિર્દેશન કોણે કર્યું તે નક્કી કરવા માટે તપાસ કરવામાં આવે.

# 'તમે દિલ્હીમાં રહો છો, પંજાબમાં નહીં' : SIRમાં નામ ગાયબ થવા બદલ AAPએ રાઘવ ચઢ્ઢા પર વળતો પ્રહાર કર્યો

(એજન્સી) તા.૩

આમ આદમી પાર્ટી (AAP)એ ગુરૂવારે ભાજપના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢા પર પંજાબમાં ડ્રાફ્ટ મતદાર યાદીમાં તેમનું નામ 'શિફ્ટ' તરીકે ચિહ્નિત કરવા બદલ વળતો પ્રહાર કર્યો અને તેમના પર આરોપ લગાવ્યો કે તેઓ તેમની મતદાર નોંધણીને જૂની તારીખની પ્રક્રિયા દ્વારા દિલ્હીમાં ટ્રાન્સફર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

X પર ચઢ્ઢાની પોસ્ટનો જવાબ આપતા AAPએ કહ્યું કે, મતદાર યાદીઓનું સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા હાથ ધરવામાં આવે છે અને પંજાબ સરકારની મતદાર યાદીમાંથી કયા નામો સામેલ કરવા અથવા કાઢી નાખવા તે નક્કી કરવામાં કોઈ ભૂમિકા નથી.

'રાઘવ ચઢ્ઢા એક રાષ્ટ્રીય દૈનિક અંગ્રેજી અખબાર દ્વારા પકડાયા છે, જે દિલ્હીમાં જૂની તારીખની પ્રક્રિયા દ્વારા તેમની મતદાર નોંધણી કરાવવાનો પ્રયાસ કરી રહ્યો છે અને હવે તે સંપૂર્ણ દોષ આમ આદમી પાર્ટી (AAP) અને પંજાબ સરકાર પર ઢોળવાનો પ્રયાસ કરી રહ્યો છે,' પાર્ટીએ કહ્યું.

AAPએ વધુમાં દાવો કર્યો હતો કે, ચઢ્ઢા દિલ્હીમાં રહે છે અને પ્રશ્ન કર્યો હતો કે, જો તેઓ હવે ત્યાં રહેતા નથી તો તેમણે પંજાબમાં મતદાર નોંધણી કેમ જાળવી રાખવી જોઈએ.

'તે જાહેર રેકોર્ડનો વિષય છે કે, રાઘવ ચઢ્ઢા દિલ્હીમાં રહે છે, પંજાબમાં નહીં. જો તેઓ હવે પંજાબમાં રહેતા નથી, તો તેમની મતદાર નોંધણી જાળવવી કે સ્થાળાંતરિત કરવી તેમની પોતાની જવાબદારી છે,' પાર્ટીએ જણાવ્યું હતું.

AAPએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે, તેમને ચૂંટણી પંચના સૂત્રો પાસેથી માહિતી મળી હતી કે, ચઢ્ઢા દિલ્હીના રાજિન્દર નગરમાં તેમની મતદાર નોંધણી કરાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જૂની પ્રક્રિયા દ્વારા. પાર્ટીએ એવી કોઈ પ્રક્રિયા થઈ હોય કે કેમ તેની તપાસ કરવાની માંગ કરી હતી.

'જો ભાજપ કે અન્ય કોઈએ આવી જૂની એન્ટ્રીમાં મદદ કરી હોય, તો અમે આ મામલાને તેના તાર્કિક નિષ્કર્ષ સુધી આગળ ધપાવીશું અને સત્યનો પર્દાફાશ કરીશું,' AAPએ કહ્યું.

# જાદવપુર યુનિવર્સિટીમાં રાષ્ટ્રવિરોધી નારાબાજી વચ્ચે ABVP દ્વારા 'વંદે માતરમ્' માર્ચનું આયોજન

**સંસ્થાએ યુનિવર્સિટી કેમ્પસની દીવાલોને એક દશ્યમાન વિરોધ-આલેખન (વિઝ્યુઅલ કાઉન્ટર-નેરેટિવ)માં બદલવાનો પણ પ્રયાસ કર્યો**

(એજન્સી) તા.૩

જાદવપુર યુનિવર્સિટી (JU) કેમ્પસમાં રાષ્ટ્રીય ધ્વજ લહેરાવીને અને મહાનુભાવોની તસવીરો પ્રદર્શિત કરીને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના સભ્યોએ ગુરૂવાર, ૩ સપ્ટેમ્બરના રોજ એક 'વંદે માતરમ' માર્ચ યોજી હતી. રાષ્ટ્રવાદના આ પ્રદર્શનથી યુનિવર્સિટીની આસપાસ ચાલી રહેલા રાજકીય વિવાદમાં એક નવો વળાંક આવ્યો છે. યુનિવર્સિટીના ત્રિગુણા સેન ઓડિટોરિયમ ખાતે આયોજિત રાષ્ટ્રવાદી સંમેલન પહેલા યોજાયેલી આ રેલીમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફે ભાગ લીધો હતો. 'વંદે માતરમ્' અને 'ભારત માતા કી જય'ના નારા લગાવતા ABVPના કાર્યકરોએ કેમ્પસમાં માર્ચ કરી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે, યુનિવર્સિટીમાં જેને તેઓ 'રાષ્ટ્રવિરોધી' નારા અને પ્રવૃત્તિઓ ગણાવે છે, તેને કોઈ પણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં. તાજેતરમાં જ વિવાદ સર્જનારા દીવાલ પરના લખાણોના જવાબરૂપે ABVPના કાર્યકરોએ ભારતની સાંસ્કૃતિક અને બંધારણીય વિરાસત સાથે જોડાયેલા મહાનુભાવોના પોટ્રેટ્સ લગાવ્યા હતા. આ અંતર્ગત યુનિવર્સિટીના મુખ્ય ગેટ પર રવીન્દ્રનાથ ટાગોરનું પોટ્રેટ મૂકવામાં આવ્યું હતું, જ્યારે કેમ્પસની દીવાલો પર કલાકાર નંદલાલ બોસ દ્વારા બંધારણ માટે દોરવામાં આવેલા ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. છેલ્લા બે અઠવાડિયા દરમિયાન જાદવપુર યુનિવર્સિટીમાં ABVP અને ડાબેરી વિદ્યાર્થી સંગઠનો વચ્ચે થયેલી હિંસક અશાંતિની પૃષ્ઠભૂમિમાં આ માર્ચ યોજાઈ હતી, જેણે યુનિવર્સિટીને પશ્ચિમ બંગાળના વ્યાપક રાજકીય સંઘર્ષના કેન્દ્રમાં લાવી દીધી છે. ABVPએ 'વંદે માતરમ' યાત્રાની અગાઉથી જાહેરાત કરી હતી અને તેમનું કહેવું હતું કે, કેમ્પસમાં રાષ્ટ્રીય ગીત મુક્તપણે ગાઈ શકવું જોઈએ અને દેશવિરોધી પ્રવૃત્તિઓ માટે કોઈ જગ્યા હોવી જોઈએ નહીં. આ કાર્યક્રમ હરિપદ ભારતી મેમોરિયલ પ્રોટેક્શન કમિટી દ્વારા ત્રિગુણા સેન ઓડિટોરિયમ ખાતે આયોજિત 'રાષ્ટ્રીય સંમેલન' પહેલાં આયોજિત કરાયો હતો. ગયા અઠવાડિયે જાદવપુર યુનિવર્સિટીમાં ABVPના વંદે માતરમ્ કાર્યક્રમમાં હજારો લોકોએ ભાગ લીધો હતો, જેણે પરંપરાગત રીતે ડાબેરી વિદ્યાર્થી રાજકારણના ગઢ ગણાતા આ કેમ્પસમાં રાષ્ટ્રીય ગીતને એક નવો રાજકીય મુદ્દો બનાવી દીધો છે.

# અમદાવાદમાં પુસ્તક વાંચન કાર્યક્રમમાં ટોળાના હુમલાના આક્ષેપો વચ્ચે યુથ કલેક્ટિવે ગૃહમંત્રી પાસે માફી અને કાર્યવાહી કરવાની માંગ કરી

## શાંતિપૂર્ણ વાંચન કાર્યક્રમ પર હુમલો, પોલીસની ભૂમિકા પર ગંભીર સવાલો; ૭૨ કલાકમાં આરોપીઓની ધરપકડ નહીં થાય તો આંદોલનની ચેતવણી

તા.૩

શું ગુજરાતમાં હવે જાહેર સ્થળે પુસ્તક વાંચવું પણ જોખમી બની ગયું છે ? અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં ૨૭ ઓગસ્ટે યોજાયેલા એક શાંતિપૂર્ણ પુસ્તક વાંચન કાર્યક્રમ પર થયેલા કથિત હુમલાએ આ સવાલ ફરી ઊભો કર્યો છે. સ્ટુડન્ટ એન્ડ યુથ કલેક્ટિવે આક્ષેપ કર્યો છે કે બજરંગ દળના કાર્યકરોએ ધોળા દિવસે લાઠીઓ અને અન્ય વસ્તુઓ સાથે વાંચન કાર્યક્રમમાં ઘૂસી જઈને યુવાનો અને વિદ્યાર્થીઓ સાથે મારપીટ કરી, પુસ્તકો ફાડી નાખ્યાં અને પોલીસની હાજરીમાં પણ હુમલો ચાલુ રાખ્યો હતો.





આ ઘટનાને લઈને અમદાવાદના વિદ્યાર્થીઓ અને યુવા કાર્યકરોએ રાજ્ય સરકાર તથા પોલીસ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. સંગઠને માગ કરી છે કે ઓળખાયેલા મુખ્ય આરોપીઓ હિરેન રબારી અને જિમિત રબારીની ૭૨ કલાકની અંદર ધરપકડ કરવામાં આવે. સાથે જ બજરંગ દળની જાહેર પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવાની માગ પણ કરવામાં આવી છે. સંગઠનના પ્રતિનિધિઓએ કહ્યું કે આ કોઈ રાજકીય સભા કે વિરોધ કાર્યક્રમ નહોતો. ૨૭ ઓગસ્ટે સાંજે ચાર વાગ્યે વસ્ત્રાપુરના ડીઈઓ કચેરી નજીક આવેલા ઔડા ગાર્ડનમાં માત્ર પુસ્તકો વાંચવા માટે લોકો ભેગા થયા હતા. સ્ટુડન્ટ એન્ડ યુથ કલેક્ટિવ અમદાવાદ અને ગુજરાત રીડ્સ એનીવે નામના સ્વયંસેવક જૂથોએ આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આયોજકોના જણાવ્યા પ્રમાણે, બંને જૂથોને કોઈ રાજકીય પક્ષ સાથે સંબંધ નથી.

આશરે ૪૦ લોકો કાર્યક્રમમાં જોડાયા હતા. તેમના હાથમાં એન ફ્રેન્કની 'ધ ડાયરી ઑફ અ યંગ ગર્લ', મલાલા યુસુફઝાઈની 'આઈ એમ મલાલા', ભગતસિંહ અને જવાહરલાલ નેહરૂ સહિતના વિવિધ લેખકો અને વિચારકોનાં પુસ્તકો હતાં. જાહેર જાહેરાતમાં પણ કાર્યક્રમનો હેતુ સ્પષ્ટ રીતે શાંતિપૂર્ણ વાંચન તરીકે દર્શાવવામાં આવ્યો હતો. પરંતુ આયોજકોના જણાવ્યા પ્રમાણે સાંજે સાડા પાંચ વાગ્યે હોકી સ્ટિક્સ લઈને કેટલાક લોકો બગીચાના દરવાજા પાસે આવ્યા. કાર્યક્રમ પૂર્ણ થવા લાગ્યો ત્યારે તેઓ વાંચકો પાસે આવ્યા અને કાર્યક્રમ શા માટે યોજાયો છે તેની પૂછપરછ કરવા લાગ્યા. નારંગી ઝંડા અને ખેસ સાથે આવેલા આ લોકોએ પોતાને બજરંગ દળના સભ્યો તરીકે ઓળખાવ્યા અને "જય શ્રી રામ"ના નારા લગાવ્યા હતા.

તેમના આક્ષેપ મુજબ, ત્યારબાદ વાતાવરણ ઝડપથી તંગ બન્યું. હુમલાખોરોએ કેટલાક લોકોને ધમકાવ્યા, વાંચકોને એક ખૂણામાં ધકેલી દીધા અને ખાસ કરીને મલાલા યુસુફઝાઈનું પુસ્તક કેમ વાંચવામાં આવી રહ્યું છે તે અંગે ઉગ્ર સવાલો કર્યા. સ્વયંસેવકોએ ચર્ચા દ્વારા મામલો શાંત કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ આરોપીઓએ વાતચીતનો ઈન્કાર કર્યો હતો. પરિસ્થિતિ વધુ ગંભીર બનતાં હાજર લોકોએ રાષ્ટ્રગીત ગાઈને વાતાવરણ શાંત કરવાનો પ્રયાસ કર્યો. ત્યારબાદ "ભારત માતા કી જય"ના નારા લગાવવામાં આવ્યા. તેમ છતાં, હુમલાખોરોએ એક વ્યક્તિના ખભાની હિલચાલને રાષ્ટ્રગીતના અપમાન તરીકે ગણાવી અને બીજા વ્યક્તિ પર નારો ન લગાવવાનો આરોપ મૂક્યો. ત્યારબાદ મારપીટ શરૂ થઈ અને ભગતસિંહ સહિતનાં પુસ્તકો ફાડી નાખવામાં આવ્યાં હતા.

આ પછી વધુ લોકો ટોળામાં જોડાયા અને લાઠીઓ તથા ભારે દંડાઓ સાથે હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે. સંગઠનના જણાવ્યા પ્રમાણે, કેટલાક લોકોને અલગ-અલગ સ્થળે લઈ જઈને માર મારવામાં આવ્યો. એક વ્યક્તિને બગીચાની બહાર ખેંચી જઈને તેના માથા, પીઠ, પગ અને શરીરના અન્ય ભાગોમાં લાઠીઓથી માર મારવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. બીજા વ્યક્તિને પણ માથા, હાથ, પગ, કોણી અને પીઠ પર માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. સૌથી ગંભીર સવાલ પોલીસની ભૂમિકાને લઈને છે. આયોજકોના કહેવા પ્રમાણે, પોલીસકર્મીઓ સ્થળ પર હાજર હોવા છતાં મારપીટ અટકાવવામાં આવી ન હતી. એક વ્યક્તિને પોલીસ વાહનમાં બેસાડવામાં આવતો હતો ત્યારે પણ તેના પર લાઠીથી હુમલો થયો હતો. અથડામણ દરમિયાન એક પોલીસકર્મીના હાથ પર પણ માર પડ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ભાગ લેનાર મહિલાઓ સાથે પણ ગેરવર્તન અને મારપીટ થયાના આક્ષેપો કરવામાં આવ્યા છે. એક મહિલાનો હાથ પકડીને તેના વાળ ખેંચવામાં આવ્યા હતા, જ્યારે બીજી મહિલાને પીઠ પર માર મારવામાં આવ્યા હોવાનું સંગઠનનું કહેવું છે.

ઘટનાને વધુ ચિંતાજનક બનાવતો બીજો આક્ષેપ એ છે કે એક મહિલા ઘટનાનું ચિત્રણ કરી રહી હતી ત્યારે તેને ગંભીર ધમકી આપવામાં આવી હતી. તેને રેકોર્ડિંગ બંધ નહીં કરે તો ગાયબ કરી દેવામાં આવશે અને કોઈ તેને શોધી નહીં શકે તેવી ધમકી અપાઈ છે. સંગઠનનું કહેવું છે કે આ ધમકી કેમેરામાં કેદ થઈ છે.

આ દરમિયાન બગીચાની બહાર હુમલાખોરો દ્વારા ખોટી માહિતી ફેલાવવામાં આવી હોવાનો પણ આક્ષેપ છે. વાંચન કાર્યક્રમમાં બેઠેલા લોકોને "રાષ્ટ્રવિરોધી અને આતંકવાદી" તરીકે રજૂ કરીને તેમની સામે કાર્યવાહી કરવાની વાતો કરવામાં આવી હોવાનું સંગઠને જણાવ્યું છે. આ સમગ્ર ઘટનામાં પોલીસની કાર્યવાહી સૌથી મોટો વિવાદ છે. સંગઠનના જણાવ્યા મુજબ, હુમલો થયો હોવા છતાં શરૂઆતમાં માત્ર વાંચકોને જ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા અને હુમલાખોરો સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી નહોતી. બાદમાં ઈજાગ્રસ્તોએ બજરંગ દળના સભ્યો સામે પ્રથમ માહિતી અહેવાલ નોંધાવ્યો હતો.

પરંતુ સંગઠનનો આક્ષેપ છે કે શરૂઆતના અહેવાલમાં ફરિયાદીઓ દ્વારા આપવામાં આવેલી ઘણી મહત્ત્વપૂર્ણ વિગતો સામેલ કરવામાં આવી નહોતી. હુમલાખોરોમાંથી કેટલાક લોકો પોલીસ સ્ટેશનમાં જ હાજર હોવાને કારણે અહેવાલને "નબળો" બનાવવામાં આવ્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. ત્રણ આરોપીઓને ટૂંક સમયમાં જામીન મળી જતાં આયોજકોએ પોલીસની કામગીરી સામે વધુ સવાલો ઉઠાવ્યા છે.

ફરિયાદીઓએ હવે નવરંગપુરા સ્થિત ઝોન-૧ના નાયબ પોલીસ કમિશનરને અરજી કરીને ઘટનાની સંપૂર્ણ ગંભીરતા સત્તાવાર નોંધમાં સામેલ કરવાની અને જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવાની માગ કરી છે. તેઓ રવિવારે ફરી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને વધારાનાં નિવેદનો પણ આપ્યાં હોવાનું જણાવાયું છે. સ્ટુડન્ટ એન્ડ યુથ કલેક્ટિવે ગૃહમંત્રી હર્ષ સંઘવીને પણ સીધો સવાલ કર્યો છેઃ શાંતિથી પુસ્તક વાંચી રહેલા નાગરિકોની સુરક્ષા કરવામાં પોલીસ કેમ નિષ્ફળ ગઈ ? હુમલાખોરો પોલીસની હાજરીમાં પણ હિંસા કરતા રહ્યા તો તેમને તરત કેમ રોકવામાં આવ્યા નહીં ? અને પ્રથમ માહિતી અહેવાલમાં મહત્વની વિગતો કેમ ગાયબ થઈ છે ? યુવા સંગઠને ગૃહમંત્રી પાસે જવાબદારી સ્વીકારવા અને નાગરિકોની સુરક્ષા કરવામાં રાજ્ય તથા પોલીસ તંત્રની નિષ્ફળતા બદલ જાહેર માફી માંગવા કહ્યું છે.

સંગઠનનું કહેવું છે કે આ માત્ર એક પુસ્તક વાંચન કાર્યક્રમ પર થયેલો હુમલો નથી. પ્રશ્ન એ છે કે લોકશાહી સમાજમાં કોઈ વ્યક્તિને પોતાની પસંદગીનું પુસ્તક વાંચવાનો, વિચારવાનો અને જાહેર સ્થળે શાંતિથી બેસવાનો અધિકાર નથી. આ માગણીઓ નહીં સંતોષાય તો વિદ્યાર્થીઓ, યુવાનો અને સામાન્ય નાગરિકોને સાથે લઈને ધરણાં તથા અન્ય લોકશાહી આંદોલનો શરૂ કરવાની ચેતવણી આપવામાં આવી છે.

હવે સૌની નજર પોલીસ અને રાજ્ય સરકારની આગામી કાર્યવાહી પર છે. કારણ કે આ કેસમાં મુદ્દો માત્ર બે આરોપીઓની ધરપકડ પૂરતો સીમિત નથી પણ તે જાહેર સ્થળે અભિવ્યક્તિની સ્વતંત્રતા, નાગરિકોની સુરક્ષા અને કાયદો સૌ માટે સમાન છે કે નહીં, તે ત્રણેય બાબતોનો મુદ્દો બની ગયો છે.

# 'સારા મકાનો'નું વચન આપી 'જર્જરિત' આવાસ ફાળવાયા : સુરતના ડિમોલિશન પીડિતોએ ગુજરાત હાઈકોર્ટમાં વ્યથા ઠાલવી

## પુનર્વસનના સ્થળમાં અચાનક ફેરફાર સામે વિરોધ : જહાંગીરપુરાના બદલે અડાજણ-ભેસ્તાનમાં સુવિધા વગરના મકાનો અપાતા હાઈકોર્ટમાં રજૂઆત, કેસ 'પાર્ટ-હર્ડ' રખાયો

સુરત, તા.૩

સુરતના નાસિરનગરમાં ગત જૂન મહિનામાં હાથ ધરવામાં આવેલી ડીમોલિશન ઝુંબેશથી અસરગ્રસ્ત થયેલા રહેવાસીઓએ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સરકારી વહીવટીતંત્ર સામે ગંભીર આરોપો લગાવ્યા છે. પીડિતોએ કોર્ટને જણાવ્યું હતું કે સરકારે તેમના પુનર્વસન માટે આપેલા વચન પ્રમાણે જહાંગીરપુરા વિસ્તારમાં મકાનો ફાળવવાને બદલે અચાનક સ્થળ બદલીને અડાજણ અને ભેસ્તાન ખાતે અત્યંત "જર્જરિત હાલત" ધરાવતા મકાનો ફાળવવાની દરખાસ્ત મૂકી છે. આ ડીમોલિશન કાર્યવાહી ગેરકાયદેસર રીતે કરવામાં આવી હોવાના આક્ષેપો વચ્ચે હાઈકોર્ટમાં ચાલી રહેલી અરજીની સુનાવણી દરમિયાન આ નવો વિવાદ સામે આવ્યો છે.

હાઈકોર્ટમાં ચાલેલી સુનાવણી દરમિયાન અરજદારોના વકીલે પીઠ સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, શરૂઆતમાં અસરગ્રસ્ત રહેવાસીઓને જહાંગીરપુરા ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બનેલા 1-BHK મકાનો બતાવવામાં આવ્યા હતા. રહેવાસીઓએ તે સ્થળની રૂબરૂ મુલાકાત લીધી હતી અને ત્યાં પુનર્વસન માટે સંમતિ પણ દર્શાવી હતી. પરંતુ ત્યારબાદ સરકારે અચાનક જ સ્થળ બદલી નાખ્યું અને તેમને અડાજણ તથા ભેસ્તાન ખાતેના મકાનો વિકલ્પ તરીકે બતાવ્યા. અરજદારોએ આ નવા મકાનોના ફોટોગ્રાફ્સ હાઈકોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા અને દાવો કર્યો હતો કે આ મકાનો માત્ર એક નાના રૂમ અને રસોડા ધરાવતા અત્યંત ક્ષતિગ્રસ્ત અને જર્જરિત અવસ્થામાં છે.

આ ઉપરાંત, મકાન ફાળવણી માટે યોજવામાં આવેલા લકી ડ્રો (લોટરી) પ્રક્રિયા અંગે સુરત મહાનગરપાલિકાના દાવા પર પણ અરજદારોએ સવાલો ઉઠાવ્યા હતા. મનપાએ દાવો કર્યો હતો કે ડ્રો વખતે અસરગ્રસ્ત લોકો ગેરહાજર રહ્યા હતા, જ્યારે અરજદારોના વકીલે કોર્ટને સ્પષ્ટ કર્યું કે તેમની પાસે વીડિયો પુરાવા છે જે દર્શાવે છે કે પીડિતો આ પ્રક્રિયા દરમિયાન રૂબરૂ હાજર હતા. તેની સામે સરકારી વકીલે દાવો કર્યો હતો કે તે પ્રક્રિયામાં અસરગ્રસ્તો સિવાયના અન્ય લોકો પણ સામેલ હતા. આ સાથે જ સરકારે અરજદારો દ્વારા દાખલ કરવામાં આવેલા એફિડેવિટનો જવાબ રજૂ કરવા માટે કોર્ટ પાસે સમય માંગ્યો હતો. અરજદારોએ વિનંતી કરી હતી કે આ સમગ્ર મામલાને 'પાર્ટ-હર્ડ' (અડધી સુનાવણી થયેલ) તરીકે રાખવામાં આવે જેથી વર્તમાન જજ સાહેબ જ આગળની સુનાવણી ચાલુ રાખીને આખરી નિર્ણય આપી શકે. હાઈકોર્ટે આ વિનંતી ગ્રાહ્ય રાખીને કેસને પાર્ટ-હર્ડ રાખ્યો છે, જેની વધુ સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે અગાઉ હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે જો નાસિરનગરમાં ડીમોલિશન ગેરકાયદેસર રીતે થયું હોવાનું સાબિત થશે, તો અસરગ્રસ્તોના પુનર્વસનની તમામ જવાબદારી અને ખર્ચ વહીવટીતંત્રે ભોગવવો પડશે અને તેનો કોઈ પણ ખર્ચ પીડિતો પાસેથી વસૂલ કરી શકાશે નહીં. હાઈકોર્ટે આ ડીમોલિશનની કામગીરી અને તે સમયે ઉપસ્થિત મહાનગરપાલિકા તથા પોલીસ અધિકારીઓની ભૂમિકા સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. સરકારી વકીલના જણાવ્યા અનુસાર, ડીમોલિશન દરમિયાન સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને પોલીસ અધિકારીઓની ભૂમિકાની તપાસ કરી રહેલી ઉચ્ચ સ્તરીય સમિતિ આગામી ૧૮ સપ્ટેમ્બર સુધીમાં પોતાનો અહેવાલ રજૂ કરે તેવી શક્યતા છે.

# આસારામના કેસમાં ગુજરાત હાઈકોર્ટે સુનાવણી સોમવાર સુધી લંબાવી, રાજસ્થાન હાઈકોર્ટે આપેલી પેરોલના મુદ્દે ચર્ચા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

બળાત્કારના એક કેસમાં ગાંધીનગર કોર્ટ દ્વારા આજીવન કેદની સજા પામેલા આસારામ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં હંગામી જામીન મેળવવા માટે અરજી દાખલ કરવામાં આવી છે. આ કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ ગીતા ગોપી અને જસ્ટિસ એલ.એસ. પીરઝાદાની ડિવિઝન બેંચ સમક્ષ આસારામના વરિષ્ઠ વકીલે દલીલ કરી હતી કે રાજસ્થાન હાઈકોર્ટે તાજેતરમાં જ અન્ય એક બળાત્કાર કેસમાં આસારામને પેરોલ મંજૂર કર્યા છે.

સુનાવણી દરમિયાન કોર્ટે મૌખિક ટિપ્પણી કરતા પૂછ્યું હતું કે, શું આ અદાલત આ તથ્યોને ધ્યાનમાં લેવા માટે પોતાની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી શકે છે કે નહીં. આસારામના વરિષ્ઠ વકીલે રજૂઆત કરી હતી કે અગાઉ પણ ગુજરાત હાઈકોર્ટ દ્વારા આસારામને હંગામી જામીન આપવામાં આવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, ભલે હાલ આસારામની કસ્ટડી રાજસ્થાનમાં હોય, પરંતુ તેમની કન્સ્ટ્રક્ટિવ કસ્ટડી ગુજરાતમાં પણ છે. જો રાજસ્થાનમાં તેમને નિર્દોષ જાહેર કરવામાં આવે તો પણ ગુજરાત પોલીસ જેલના દરવાજે ઊભી હશે, કારણ કે તેમની કન્સ્ટ્રક્ટિવ કસ્ટડી ગુજરાતને આધીન છે અને ટ્રાન્સફર કર્યા પછી તેમને રાજસ્થાન લઈ જવામાં આવ્યા હતા.

કોર્ટે આ અંગે મૌખિકમાં જણાવ્યું હતું કે, ફર્લો એ કોઈ કાનૂની અધિકાર નથી. તેના જવાબમાં વરિષ્ઠ વકીલે સ્પષ્ટ કર્યું કે, તેઓ ફર્લો નહીં પરંતુ હંગામી જામીન માટે માગણી કરી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે ગુજરાતની જેલ ઓથોરિટી તરફથી એવું સંચાર કરવામાં આવ્યું છે કે તેમને પેરોલ પર મુક્ત કરી શકાય નહીં કારણ કે તેઓ ગુજરાતની કસ્ટડીમાં નથી.

ઉલ્લેખનીય છે કે, રાજસ્થાન હાઈકોર્ટે ગત ઓગસ્ટ મહિનામાં આસારામની ઉંમર અને અલગ કેસમાં ૧૩ વર્ષથી વધુ સમયની જેલવાસની સજાને ધ્યાનમાં રાખીને એક સગીરા પર બળાત્કારના કેસમાં તેમની સજા સામેની અપીલ અને અન્ય પરિબળો વચ્ચે ૨૦ દિવસનો પેરોલ મંજૂર કર્યો હતો. વકીલે જણાવ્યું હતું કે, જો ગુજરાત હાઈકોર્ટ રાહત નહીં આપે તો રાજસ્થાન હાઈકોર્ટે આપેલા આદેશનો કોઈ અર્થ રહેશે નહીં અને તેઓ આ અરજી મેડિકલ ગ્રાઉન્ડ પર નહીં પરંતુ આ જ આધાર પર કરી રહ્યા છે. મેડિકલ બાબતો માટે તેમની સુપ્રીમ કોર્ટમાં અરજી પેન્ડિંગ છે.

સંદર્ભ માટે, ગત મહિને સુપ્રીમ કોર્ટે આસારામને તેમની પસંદગીના પ્રશિક્ષિત કેરગીવરની ચોવીસ કલાકની સેવાઓ મેળવવાની મંજૂરી આપી હતી. સર્વોચ્ચ અદાલતે સજાના નિલંબનની અરજી પેન્ડિંગ રાખીને આસારામને છૂટ આપી હતી કે જો તેમની તબિયત બગડે તો તેઓ ફરીથી કોર્ટનો સંપર્ક કરી શકે છે.

ગુજરાત હાઈકોર્ટમાં રાજ્યના સરકારી વકીલ તબિયત સારી ન હોવાના કારણે ઉપસ્થિત રહી શક્યા ન હતા અને તેમની વતી સમયની માગણી કરવામાં આવી હતી. આથી, કોર્ટે થોડા સમયની સુનાવણી બાદ આ મામલો આગામી સોમવાર એટલે કે ૭ સપ્ટેમ્બરના રોજ પર નિર્ધારિત કર્યો છે. અગાઉ જૂન મહિનામાં આસારામ દ્વારા તેમના અસ્થાયી જામીનની મુદત વધારવાની અરજી પાછી ખેંચી લેવામાં આવી હતી.

# સાતમ-આઠમના તહેવારોને પગલે સૌરાષ્ટ્રની તમામ એસટી અને ખાનગી બસો ચિક્કાર, લકઝરી બસોએ 'ભાડા લૂંટ' આદરી

અમદાવાદ, તા.૩

અમદાવાદમાં રોજીરોટી અને નોકરી-ધંધા અર્થે વસેલા સૌરાષ્ટ્રવાસીઓ માટે સાતમ-આઠમનો તહેવાર વતન જવાનો મોટો અવસર બની રહે છે. મિની વેકેશનનો શરૂ થતાં જ લોકો પરિવાર સાથે તહેવાર ઉજવવા માટે વતનની વાટ પકડી રહ્યા છે. વર્ષ દરમિયાન કામકાજના લીધે પરિવારથી દૂર રહેતા લોકો માટે દિવાળી અને સાતમ-આઠમ જેવા તહેવારો માતા-પિતા, ભાઈ-બહેન અને સગાં-સંબંધીઓ સાથે સમય વિતાવવાની ઉત્તમ તક પૂરી પાડે છે. હાલ ટ્રેનોમાં બુકિંગ ફૂલ હોવાથી અને વેટિંગ લિસ્ટ વધતાં મુસાફરોનો ભારે ધસારો બસ તરફ જોવા મળી રહ્યો છે. જેના કારણે અમદાવાદથી સૌરાષ્ટ્ર તરફ જતી આશરે ૮૦ ટકા એસટી (ST) અને ૭૦ ટકા ખાનગી ટ્રાવેલ્સની બસોની સીટો અત્યારથી જ ભરાઈ ગઈ છે. ખાસ કરીને રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, અમરેલી અને પોરબંદર જેવા પ્રમુખ રૂટ પરની મોટા ભાગની બસો હાઉસફૂલ થઈ ગઈ છે. સામાન્ય દિવસોમાં ખાનગી બસોમાં જે ટિકિટ રૂ.૫૦૦થી ૭૦૦માં મળતી હતી, તહેવારોના કારણે તેના ભાડા દોઢથી બે ગણા વધીને રૂ.૮૦૦થી ૧૨૦૦ સુધી પહોંચી ગયા છે. આમ છતાં વતન પહોંચવાની આતુરતાને કારણે મુસાફરો આ બમણું ભાડું પણ હોંશે હોંશે ચૂકવી રહ્યા છે. અગાઉથી એડવાન્સ બુકિંગ કરાવનારા લોકોની સંખ્યા વધુ હોવાથી છેલ્લી ઘડીએ બસ ટિકિટ મેળવવા ઈચ્છતા મુસાફરોને મનપસંદ સમય, સીટ કે ટિકિટ મળવી ખૂબ જ મુશ્કેલ બની ગઈ છે. રક્ષાબંધન અને સાતમ-આઠમના તહેવારોમાં મુસાફરોની વધારાની ભીડને પહોંચી વળવા માટે એસટી નિગમ દ્વારા અગાઉથી જ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વધારાની બસો મૂકીને આશરે ૯,૫૦૦ જેટલી વિશેષ ટ્રિપો દોડાવવામાં આવી રહી છે. છતાં પણ તહેવારના દિવસોમાં મુસાફરોનો ઉપાડ એટલો વધારે છે કે એસટી બસો પણ સંપૂર્ણ હાઉસફૂલ થઈ ગઈ છે અને સામાન્ય નાગરિકો માટે ટિકિટ મેળવવી લોઢાના ચણા ચાવવા સમાન બની ગયું છે.

# પત્નીની વયમર્યાદા વધુ હોવા છતાં દંપતીને IVF સારવાર મેળવવા ગુજરાત હાઈકોર્ટની મંજૂરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચૂકાદામાં સંતાનપ્રાપ્તિ માટે તરસતા દંપતીને આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેકનોલોજી (IVF) સારવાર મેળવવાની મંજૂરી આપી છે. આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેકનોલોજી (રેગ્યુલેશન) એક્ટ, ૨૦૨૧ હેઠળ પત્નીની ઉંમર નિર્ધારિત મર્યાદા કરતાં વધુ હોવાના કારણે સત્તાવાળાઓ દ્વારા તેમની અરજી ફગાવી દેવામાં આવી હતી, જેને હાઈકોર્ટે રદબાતલ ઠેરવી છે.

કેસની વિગત મુજબ, અરજદાર દંપતીના ૨૫ વર્ષીય પુત્રનું જયપુરમાં મેડિકલનો અભ્યાસ કરતી વખતે આત્મહત્યાને કારણે અકાળે અવસાન થયું હતું. આ આઘાતજનક ઘટના બાદ દંપતીએ ફરી સંતાનપ્રાપ્તિ કરવાનો નિર્ણય લીધો હતો. પત્ની રજોનિવૃત્તિ (મેનોપોઝ)ની સ્થિતિમાં હોવાથી કુદરતી રીતે ગર્ભધારણ કરવા માટે અસમર્થ હતી, જેના કારણે તેમણે મહેસાણાના ડોક્ટર પાસે IVF સારવાર માટે સંપર્ક કર્યો હતો. જોકે, ડોક્ટરે ART એક્ટની કલમ ૨૧(g)નો હવાલો આપી સારવાર આપવાનો ઈન્કાર કર્યો હતો. આ કલમ મુજબ IVF સારવાર માટે મહિલાની ઉંમર ૨૧થી ૫૦ વર્ષ અને પુરૂષની ઉંમર ૨૧ થી ૫૫ વર્ષ હોવી જરૂરી છે. અરજી સમયે પત્નીએ ૫૦ વર્ષની વયમર્યાદા વટાવી દીધી હતી, જ્યારે પતિની ઉંમર ૫૪ વર્ષ હતી. સત્તાવાળાઓ સમક્ષ કરાયેલી રજૂઆત ફગાવાતાં દંપતીએ હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. અરજદારે રજૂઆત કરી હતી કે કાયદાની કલમ ૨(e) હેઠળ "કમિશનિંગ કપ્પલ" (દંપતી) તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે, જેથી કાયદાકીય મર્યાદા કોઈ એક વ્યક્તિગત ભાગીદારને બદલે દંપતી તરીકે જોવી જોઈએ. જો દંપતીમાંથી કોઈ એક ભાગીદાર કાયદા મુજબ વયમર્યાદામાં આવતો હોય, તો તેમને સારવારથી વંચિત રાખી શકાય નહીં. તેમણે આ સંદર્ભમાં કલકત્તા હાઈકોર્ટના 'સંચિતા ઘોષ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા' કેસ તેમજ મધ્યપ્રદેશ હાઈકોર્ટના તાજેતરના ચૂકાદાઓ રજૂ કર્યા હતા. જસ્ટિસ નિરઝર એસ. દેસાઈની સિંગલ બેંચે આ મામલે સુનાવણી કરતા નોંધ્યું હતું કે વિવિધ હાઈકોર્ટ દ્વારા આ બાબતે એકસમાન દૃષ્ટિકોણ અપનાવવામાં આવ્યો છે, જેમાં દંપતીમાંથી એક પણ સભ્યો પાત્રતા ધરાવતો હોય તો IVF સારવારની મંજૂરી આપવામાં આવી છે. સામા પક્ષના વકીલો પણ આ કાનૂની સ્થિતિ સામે કોઈ વિરોધી ચૂકાદો રજૂ કરી શક્યા નહોતા. પરિણામે, હાઈકોર્ટે દંપતીની અરજી ગ્રાહ્ય રાખીને તેમને સંતાનપ્રાપ્તિ માટે IVF સારવાર મેળવવાની સત્તાવાર પરવાનગી આપી છે.

# મોટાગજાના ગુજરાતી સંગીતકાર ગૌરાંગ વ્યાસનું ૮૭ વર્ષની વયે નિધન

અમદાવાદ, તા.૩

ગુજરાતી સંગીત અને ફિલ્મ જગત માટે એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. જાણીતા સંગીતકાર અને ગાયક ગૌરાંગ વ્યાસનું અમદાવાદમાં ગત મોડી રાત્રે ૮૭ વર્ષની વયે અવસાન થયું છે. દાયકાઓ સુધી પોતાના સૂરોથી સંગીતપ્રેમીઓના હૃદય પર રાજ કરનારા ગૌરાંગભાઈની વિદાયથી ગુજરાતી સુગમ સંગીત અને લોક સંસ્કૃતિની એક સુવર્ણ પેઢીનો અંત આવ્યો છે. ૨૪ નવેમ્બર ૧૯૩૮ના રોજ જન્મેલા ગૌરાંગ વ્યાસને સંગીતકળા વારસામાં જ મળી હતી. તેઓ મહાન સંગીતકાર સ્વ. અવિનાશ વ્યાસના પુત્ર હતા. તેમણે માત્ર પાંચ વર્ષની વયે જ હાર્મોનિયમ પર 'વૈષ્ણવ જન' ભજન ગાઈને સંગીત યાત્રાનો પ્રારંભ કર્યો હતો. જો કે, તેમણે મિકેનિકલ એન્જિનિયરિંગનો



અભ્યાસ કર્યો હતો અને મુંબઈમાં નોકરી પણ શરૂ કરી હતી. પરંતુ સંગીત પ્રત્યેનો તેમનો અગાધ પ્રેમ તેમને ખેંચી લાવ્યો અને તેમણે નોકરી છોડીને સમગ્ર જીવન આ કળાને સમર્પિત કરી દીધું. ગૌરાંગ વ્યાસે પિતા અવિનાશ વ્યાસ સાથે પ્રસિદ્ધ ફિલ્મ 'જેસલ તોરલ'માં સહાયક તરીકે જોડાયા બાદ ફિલ્મ ક્ષેત્રે ઝંપલાવ્યું હતું. ત્યારબાદ તેમણે 'લાખો ફૂલણજી' ફિલ્મથી સ્વતંત્ર સંગીતકાર તરીકેની સફળ અને યાદગાર શરૂઆત કરી. સંગીત કારકિર્દીમાં તેમણે ૧૦૦થી વધુ ગુજરાતી ફિલ્મોમાં સંગીત આપ્યું હતું. જેમાં 'મણિયારો', 'નસીબની બલિહારી' અને ૧૯૮૧માં આવેલી આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ફિલ્મ 'ભવની ભવાઈ'માં પણ તેમણે ઉત્કૃષ્ટ સંગીત આપ્યું હતું. ગૌરાંગ વ્યાસે લોકસંગીત, ભજન, રાસ-ગરબા સહિતના વિવિધ ક્ષેત્રોમાં અપ્રતિમ યોગદાન આપ્યું છે. તેમણે ૫૦૦થી વધુ ગુજરાતી ગીત-ગઝલ સહિતની રચનાઓને પોતાના મધુર સૂરથી સંગીતબદ્ધ કરી હતી. તેમના ઘણાં સંગીત આલ્બમ્સ ખૂબ લોકપ્રિય થયા હતા. ગુજરાતી ફિલ્મ અને સંગીત જગતમાં આપેલા અદ્ભુત અને અવિસ્મરણીય યોગદાન બદલ ગૌરાંગ વ્યાસને GIFA (ગુજરાતી આઈકોનિક ફિલ્મ એવોર્ડ્સ) તરફથી ગોલ્ડન એવોર્ડ વડે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમની વિદાયથી સંગીત ક્ષેત્રે ક્યારેય ન પુરાય તેવી મોટી ખોટ પડી છે.

અશ્લીલતાથી દૂર, સંસ્કારોથી ભરપૂર
ગુજરાત ટુડે
આવતીકાલે શનિવાર
અંક ચાલુ રહેશે
નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક
સામાજિક-શૈક્ષણિક સેવાઓમાં સક્રિય લોકહિત મૂવમેન્ટનું વાહક અને સૌ કોઈએ ખાસ વાંચવા જેવું અખબાર
• આજે શુક્રવારે જન્માષ્ટમી પર્વ નિમિત્તે અન્ય દૈનિકોમાં રજા રહેશે માટે આવતીકાલે શનિવારનો આપનો દિવસ અખબાર વિના કેવી રીતે પસાર કરશો ? ના, મૂંઝાવાની જરૂર નથી.
'ગુજરાત ટુડે' દૈનિક આવતીકાલે શનિવારે સવારે આપ સમક્ષ જરૂર હાજર થઈ જશે
• ફક્ત આપ આપના વિતરકને આજે જ કહી દો કે, આવતીકાલે શનિવારનું 'ગુજરાત ટુડે' દૈનિક લઈને જ આવે.
• આપના મિત્રો-સગા-સંબંધીઓ સુધી પણ 'ગુજરાત ટુડે' પહોંચાડો.
વિજ્ઞાપનદાતાઓ અને વિજ્ઞાપન એજન્સીઓ તેમની જાહેર ખબર મોકલી બહોળી નકલોમાં પ્રસિધ્ધિનો લાભ લઈ શકશે
ગુજરાત ટુડે દૈનિક, ૩૩/૧, શાહઆલમ, અમદાવાદ.૩૮૦૦૨૮
સંપર્ક : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧
E-mail : gujarattodaydaily@gmail.com જાહેરખબર વિભાગ : gtadvt@yahoo.co.in



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com